લોકસાહિત્ય

[ધરતીનું ધાવણ]

: પુસ્તક પહેલું :

ઝવેરચંદ મેઘાણી

जरात विद्यापीठ ग्रंथालय

[गूजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૨૧૮૦૮ किमत ૪.૦૦

ग्रंथनाम ગોડ સાહિત્ય-૧

वर्गांक ४१:३५१::२३१६३

લોકસાહિત્ય

: પુસ્તક પહેલું :

ઝવેરચંદ મેઘાણી

ફુલછાબ કાર્યાલય
રાણપુર (કાઠિયાવાડ)

પ્રકાશક :
ઝવેરચંદ મેઘાણી
રાણપુર (કાઠિયાવાડ)

આવૃત્તિ પહેલી :: ઓક્ટોબર ૧૯૩૯

રૂપિયા બે

: મુદ્રક :
મનુભાઈ અમૃતલાલ શેઠ
સ્વાધીન મુદ્રણાલય
રાણપુર : કાઠિયાવાડ

અર્પણ

અભ્યાસી રસિકોને

લોકસાહિત્ય પર મંડા-
એલી શ્રી. મેઘાણીની
બે નવલકથાઓ :—

(૧) સમરાંગણ
(૨) રા' ગંગાજળિઓ

શ્રી. મેઘાણીનાં આધુ-
નિક શિષ્ટ સાહિત્ય
પરનાં વિવેચનો

: છપાય છે :

નિવેદન

સને ૧૯૨૪–૨૫ થી શરૂ થએલા મારા લોકસાહિત્ય સાથેના પરિચયનું તેમ જ તુલનાત્મક અભ્યાસનું મેં પ્રસંગોપાત મારા પુસ્તકોના પ્રવેશકોમાં તેમ જ મારાં વ્યાખ્યાનોમાં જે દોહન કરેલું તેને અહીં સુધારી, સંસ્કારી, મઠારીને ગ્રંથાકારે મૂકું છું. આ ફક્ત પહેલો ખંડ છે; આના જેટલી જ બાકી રહેલી સામગ્રીને ગ્રંથસ્થ કરીને બીજો ખંડ આપીશ ત્યારે જ હું માનીશ કે મારા પ્રિય વિષયનું ઠીક ઠીક માર્ગદર્શક અવગાહન હું અભ્યાસીઓને આપી શક્યો છું.

આજ સુધી મારાં લખાણો છૂટીછવાઈ ચોપડીઓમાં અને વેરણછેરણ લેખોવ્યાખ્યાનોમાં પડયાં હતાં. મારા સિવાય આ વિષય પર જૂજજાજ લખ્યું હતું સ્વ. રણજીતરામે, પ્રો. બ. ક. ઠાકોરે ને કાકા કાલેલકરે. પણ છેલ્લાં પંદરેક વર્ષોમાં લોકસાહિત્યના પ્રદેશને ગુજરાતી પ્રજાની રસવૃત્તિમાં તેમ જ અભ્યાસવૃત્તિમાં જે આગળ પડતું સ્થાન મળેલું છે, તે જોતાં રસિક તેમ જ અભ્યાસી ગુજરાતીઓની

સામે એક સમગ્ર દર્શન કરાવનાર સળંગસૂત્ર વિવરણસામગ્રીની જરૂર ઊભી થઇ ચુકી કહેવાય.

જરૂર તો બહુ વહેલી ઊભી થએલી. લોકગીતોનું શ્રવણ કરાવવામાં આ પંદર વર્ષો દરમ્યાન પ્રત્યેક વખતે જે રસ જન્માવી તેમ જ સ્થિર કરી શકાયો તે ઘણા મોટા ભાગે આ વિવરણોને આભારી છે એમ બધાનું કહેવું થયું છે. આમ કહેનારો વર્ગ આ તમામ વિવેચનોનો સંગ્રહ વર્ષોથી માગ્યા કરતો રહ્યો છે.

મજકૂર માગણીને હાથ ધરવા આડે વચગાળાનાં વર્ષોમાં અનેક અંતરાયો નડયા કર્યા હતા. તેમાંનો એક અંતરાય તો મારો પોતાનો આ સંદેહ હતો કે લોકસાહિત્યમાં પ્રકટાવી શકાએલો પ્રજારસ ક્ષણિક તો નહિ હોય ના! એક તો એ સંદેહ આજે ટળ્યો છે, તદુપરાંત યુનીવર્સીટીના અભ્યાસક્રમમાં ગુજરાતીના વિષયને જે બહોળું મેદાન મળ્યું છે તેની અંદર લોકસાહિત્યના વિષયે પણ પોતાનું ઘટિત સ્થાન મેળવી લેવું જોઇએ એવો આગ્રહ યુનીવર્સીટી સાથે સંબંધ ધરાવનારા કેટલાક ભાઇઓએ મારી પાસે દર્શાવ્યો છે.

હું મને પોતાને ધરતીનું ધાવણ ધાવેલો તેમજ યુનીવર્સીટીના ખોળામાં ઊછરી મોટો થયેલો માનું છું. કેમકે લોકસાહિત્ય પ્રત્યે મને અભિમુખ કરી લોકસાહિત્યનાં મુલ્યાંકન શીખવનાર પણ મને યુનીવર્સીટીમાંથી મળેલી કેળવણી છે એ મારી માન્યતા છે. તુલનાત્મક અભ્યાસદૃષ્ટિ

અને સત્યાન્વેષણની સાન આપણને વિદ્યાલયોમાંથી મળે છે; આપણી ઊર્મિ અને આસક્તિ ભલે જન્મગત હોય. ઊર્મિ અને આસક્તિ એકલાં નકામાં છે. એની વિદ્યુતચેતનાને જો વિદ્યાપીઠે દીધેલી વિવેકબુદ્ધિ સાથે જોડીએ તો જ સત્યની યાત્રા કરી શકાય છે.

આ દૃષ્ટિએ જોતાં આ લખાણો મોડાં પ્રકટ થાય છે તે મારા સુખની વાત છે. કેમકે લોકસાહિત્યનાં મારાં પ્રારંભિક ઊર્મિનાં મૂલ્યાંકનો સતત વધુ ને વધુ વાચનમનનના પ્રતાપે કસાયા કર્યાં છે ને એ બહાર પડે છે ત્યારે મારામાં શક્ય તેટલી બધી જ પરિપક્વતાના રંગે એ રંગાઈ શક્યાં છે.

મારા લોકસાહિત્યના ખેડાણમાં હું વિદ્યાપીઠે દીધેલ વિવેક ઉતારી શકયો છું તેવી મને શ્રદ્ધા કરાવનાર બે ત્રણ વાતોનો નિર્દેશ અસ્થાને નહિ ગણાય.

એક : પોતાના અભ્યાસીઓને ગૌરવદાન કરવાનું ગુજરાત પાસે જે એક જ માન છે, તે સ્વ. રણજીતરામ સુવર્ણચંદ્રકનું સૌપહેલું દાન લોકસાહિત્યના આ ખેડાણને થયું.

વિદ્યા–જગતના આભૂષણ સ્વ. ડૉ. સર જીવણજી મોદીના પ્રમુખપદે તેમની જ્ઞાનપ્રસારક મંડળીના આશ્રયે લોકગીતો પરનાં છ વ્યાખ્યાનોનું જે આખું સત્ર સને ૧૯૨૯માં મને સોંપાયું હતું તે છયે વ્યાખ્યાનોની માંડણી આ નિબંધોની અભ્યાસભૂમિ પર હતી.

લોકસાહિત્યમાંથી પ્રતિબિમ્બિત થતું, તત્કાલિન સમાજ-

જીવન : એ વિષય પરનો મુંબઈ યુનીવર્સીટીએ નોતરેલો ને યુનીવર્સીટીનું પારિતોષિક પામેલો જે નિબંધ શ્રી. શંકર કાલેલકરે લખેલો હતો, તેની માંડણી પણ આ પ્રવેશકો અને આ પુસ્તકો પર થઈ હતી એવો લેખકે નિબંધના પ્રવેશકમાં જ સૌજન્યભર્યો ઉદાર ઋણસ્વીકાર કર્યો છે.

વિદ્યાપીઠના ઉપાસક સમૂહ તરફ આવી સંતોષભરી મીટ માંડીને હું અભ્યાસપ્રેમી ગુજરાતને ખોળે મારા જીવનના આદ્ય ધ્યેય સમા લોકસાહિત્યના સંશોધનનો આ નિષ્કર્ષ મૂકું છું. તે પ્રસંગે મારા મનની ઊંડી વ્યથાભરી એક જ વાત કહી નાખું છું : યથાશક્તિ મેં મારા એક જ પ્રાંતની લોકવાણીનું આટલું સંશોધન ને દોહન કર્યું. મનોરથ તો ગુજરાતભરના જૂના વાણી–પોપડા ઉકેલવાનો હતો. પણ એ તો મનની મનમાં જ રહી. હવે હું યુનીવર્સીટીના મહાલયમાં વિચરનારા હજારો ગુજરાતી યુવાનોને આ સાદ પાડું છું : કે થોડાક તો નીકળો, કોઈક તો કમ્મર કસો! આપણાં રાનીપરજ ને કાળીપરજ, આપણા ભીલો ને ધારાળાઓ, આપણી સુવિશાળ રત્નાકર–પટ્ટીના કંઠાળવાસી નાવિકો અને નાખુદાઓ, તેમની પાસે હજુ ય સચવાઇ રહેલી લોકવાણીને વીણી લાવી, યુનીવર્સીટીને દ્વારે હાજર કરો. સાચો સુયશ તો જ ચડશે–આપણને ને આપણી વિદ્યાપીઠને.

રાણપુર
તા. ૪–૧૦–૩૯

ઝવેરચંદ મેઘાણી

માહિતી

લોકસાહિત્ય પરનાં મારાં પ્રકાશનો આટલાં:—

રઢિયાળી રાત, ત્રણ ભાગ, જેમાં ગરબા ને રાસ મુખ્ય છે.

ચૂંદડી, બે ખંડો, જેમાં લગ્નગીતો છે.

સૌરાષ્ટ્રની રસધાર, પાંચ ખંડ, જેમાં કાઠિયાવાડની જૂની પ્રેમશૌર્યની લોકકથાઓ છે. આ કથાઓની અંદર કંઠસ્થ દુહા સોરઠા તેમ જ ચારણી કાવ્યોના આધારો છે.

સોરઠી બહારવટીઆ, ત્રણ ભાગ, જેમાં બહારવટીઆની લોકકથાઓ છે.

કંકાવટી બે ભાગ, જેમાં લોકવ્રતોનું ગદ્ય તેમ જ પદ્ય કંઠસ્થ વાર્તાસાહિત્ય છે.

સોરઠી સંતો અને પુરાતન જ્યોત, જેમા સંતો વિષેની લોકકથાઓ છે તેમ જ ભજન–સાહિત્ય છે.

દાદાજીની વાતો, જેમાં બાળભોગ્ય પરીકથાઓ છે.

સોરઠને તીરે તીરે અને સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં, એ બેઉ પ્રવાસવર્ણનોનાં પુસ્તકોમાં લોકસાહિત્ય તેમજ એકંદર લોકવાણી (Folklore)ને લગતી પ્રચુર સામગ્રી છે.

સોરઠી ઋતુગીતો, એ લોકગીતો તેમજ ચારણી ઋતુ-ગીતોનો સંગ્રહ છે.

સોરઠી ગીતકથાઓ, એમાં દુહાવાળી લોકકથાઓ છે.

આ બાવીસે પુસ્તકોમાં પડેલું તમામ લેખન શુદ્ધ શાસ્ત્રીય ન કહેવાય. પણ લોકસાહિત્યના વિષય પર જેમને ઉદ્યમ કરવો હોય તેમના ખપની પુષ્કળ અસલ સામગ્રી મેં તેમાં એકઠી કરી મૂકી છે.

હજુ મારી પાસે ભજનસાહિત્ય અને ચારણી વાણી અણઉદ્ધરી પડેલી છે. તેનું સંપાદન કરી નાખવાની ઉત્સુક્તા ઘણી છે. હજુ પરીકથાઓ પણ બાકી રહી છે.

ઝવેરચંદ મેઘાણી

૨૧૯૦૮

અનુક્રમ

આ લેખોમાં ટુંકાવેલી સંજ્ઞાઓ

ર. રા. ... ... રઢિયાળી રાત

ચૂં. ... ... ચૂંદડી

આધારગ્રંથો

૧. English & Scottish Ballads–by prof. kitterige & Childe

૨. The popular Ballads–by prof. Francis Gummere

૩. Border Minstrelsy by sir W. Scott

૪. The Reliques of Ancient English Poetry–by Bishop Percy

૫. Folklore as an historical Science by George Lawrence

૬. Folksongs of Southern India–by Charles E. Govar

૭. Spanish folksongs–by S. De Madariaga.

૮. Folksongs of the upper Thames by Alfred Williams.

૯. Cradlesongs and Nursery Rhymes–by Grace Rhys.

૧૦. Marriage Customs in many Lands by H. N. Hutchinson.

૧૧. The Negro Spirituals.

૧૨. पंजाबी गीतों : संपादक, पंडित सन्तराम बी. ए.

૧૩. 'ગરતિયા હાડુ' નામનો કાન્હડી લોકગીતસંગ્રહ.

૧૪. साहित्यां चे मूलधन : ले. द. बा. कालेलकर आणि वामन चोरघडे

૧૫. લોકસંગીત : સં. શ્રી નારાયણ મોરેશ્વર ખરે

૧૬. લોકગીત : સં. સ્વ. રણજીતરામ વાવાભાઈ મહેતા

લોકસાહિત્ય

: પુસ્તક પહેલું :

પહેલો પરિચય

પ્રકૃતિનો પક્ષપાત

કુદરતે તો કૈં કૈં સમૃદ્ધિઓ આ ભરતખંડને પ્રાંતે પ્રાંતે છૂટે હાથે વેરી છે. કાશ્મીરને એણે સદાય લીલી અને લચકતી વનસ્પતિની ઓઢણી આપી; બંગાળાને એણે પાણી પાણી કરીને પલાળી દીધું; મહારાષ્ટ્રને ગગનચુમ્બી કરોડો પહાડો દીધા, અને રજપૂતાનાને પૂરેપૂરી નાજુકતાથી બાતલ રાખી, અધિક શૂરાતન એની નસોમાં ધરબી દીધું. એમ પ્રત્યેક પ્રાંતને તો એણે અકેકેક જાતની જ બક્ષીસ કરીને બીજી બધી વિભૂતિઓની ઊણપ આપી, ત્યારે લાડકવાયી ગુજરાતને તો કુદરતે બધુંય થોડું થોડું ને પ્રમાણસર બક્ષ્યું.

પ્રકૃતિ માતાએ ઓઢાડેલી એ નવરંગ ચૂંદડીમાંથી ગુજરાતનું લોકજીવન અલૌકિક રૂપે દીપી ઊઠ્યું. સૌરાષ્ટ્રની ખીણોએ અને ખળખળતી નાની ડુંગરીઆળ નદીઓએ પ્રેમશૌર્ય ખીલવ્યું, તો તાપી, નર્મદા અને મહી નદીના રસાળ પ્રદેશે લાલિત્ય અને નાજુકતા પોષ્યાં. એમ ગુજરાતના વદન પર કૈં કૈં રેખાઓ અંકાઈ ગઈ. કુદરતનો લાડકવાયો આ ગુજરાતી લોક-સમાજ ભાતભાતના રસથી ભીંજાઈને એવો ધન્ય બની ગયો કે એના કંઠમાંથી પંખીઓના કિલકિલાટ સરખું ગાન છૂટવા લાગ્યું.

આ ગાન કયું? ગુજરાતના પ્રેમાનંદ કે દયારામ, નર્મદ કે દલપતરામ અથવા તો નાનાલાલ કે નરસિંહરાવ નામના જે કવિઓએ કાગળ અને કલમ લઈને રચ્યું, તે ગાનની

લોક-ગીત

આજે વાત થતી નથી. ભલે એ આખુ કવિમંડળ ચાહે તેટલાં મધુર ગીત ગાઈ ગયું હોય. આજ તો એવા ગીતની વાત થાય છે કે જેનાં રચનારાંએ કદી કાગળ ને લેખણ પકડયાં નહિ હોય; . એ રચનારાં કોણ તેની જ કોઈને ખબર નહિ હોય; અને પ્રેમાનંદ કે નરસિંહ મહેતાની પૂર્વે કેટલો કાળ વીંધીને એ સ્વરો ચાલ્યા આવે છે તેની કોઈ ભાળ નહિ લઈ શકયું હોય. એનું નામ લોક-ગીત, ધરતીના કોઈ અગમ્ય અંધારાં પડોમાંથી વહ્યાં આવતાં ઝરણાંનું મૂળ જેમ કોઈ કદાપિ શોધી શક્યું નથી, તેમ આ લોકગીતોનાં ઉત્પત્તિસ્થાન પણ અણશોધ્યાં જ રહ્યાં છે, અને તેટલી વિશેષ તાજ્જુબીમાં શોધકે ગરક થઈ ગયા છે. જગતનાં ઉત્તમ ગણાતાં કાવ્યની આછી ઘેરી રેખાઓ ધારણ કરતી આ કંઠસ્થ કૃતિઓ ઉપર કયા અથવા તે એકસામટા કેટલા સર્જનહારોનો હાથ ફર્યો હશે તેની પણ ગમ આપણને પડતી નથી.

ગુજરાતનો લોક-સમાજ ગાવા માટે તલસી ઊઠયો. એની કુંજેમાં જેમ પંખીઓ ટૌકયા વિના ન રહી શકયાં, તેમ ગુજરાતનાં મનુષ્યો પણ ગાયા વગર ન જંપી શકયાં. એને

કોણે કોણે ગાયાં?

દરજીએ ને મોચીએ સીવતાં સીવતાં ગાયું ધોબીએ નદીની ભેખડોમાંથી પડછંદા જગાવી પોતાના વસ્ત્રને ધાયે ધાયે ગીતના તાલ બાંધ્યા; વણકરે શાળોના ખખડાટ સાથે પોતાના સ્વરો મેળવ્યા; ઘાંચીએ પોતાના બળદને પણ રાગે ચડાવી પરોણાનો પ્રહાર કે છુઅનો ડચકારો યે કર્યાં વિના

એ થાકેલા પશુને પ્રોત્સાહિત કર્યો; ટીપણી ટીપનારે ગાતાં ગાતાં એવા હુલ્લાસથી ટીપ્યું કે સો સો વરસ સુધી એ ધાબાઓની કાંકરીઓ નથી ખસી; ખાણ ખોદનારાએ ત્રીકમના ઘા દેતાં દેતાં ગીત લલકાર્યાં, મજૂરોએ સૂંડલા સારતાં સારતાં સૂરો છેડીને માથા પરનો ભાર હળવો કર્યો, ગાડાવાળાએ પૈડાંના કીચૂડ કીચૂડ અવાજ સાથે અવાજ મેળવ્યો. એ રીતે લોક-સમાજના ઉદ્યમો અને ધંધાઓ પણ સંગીતાલયો બની ગયાં. લોકોનું જીવન હળવું ફુલ થઈ ગયું. પોતાના સંતાપોમાંથી લોકોએ આ ગીતો વાટે રાહત મેળવી.

અને લોકોનાં ઘરઆંગણામાં એ ગીતો કેવી કેવી રીતે દાખલ થઈ ગયાં? ઘંટી દળતાં ને છાશ ઘુમાવતાં સ્ત્રીઓએ પ્રભાતિયાં છેડયાં; સોતાં ને ઝાટકતાં સૂરો લલકાર્યા. નાથબાવાઓ રાવણહથ્થા લઈ લઈને બટકું રોટલાથી રાજી થતા થતા, ઊંબરે ઊંબરે ઇતિહાસનાં, વૈરાગ્યનાં કે પ્રેમનાં ગીતો ગાતા ગયા; શરણાઈવાળાએ શરણાઈમાં, વાદીઓએ મોરલીમાં, ગોવાળોએ વાંસળીમાં અને ખેડુતોએ પાવામાં એ બધા સ્વરોને ઉતારી લીધા.

પરંતુ આજે તો એ વિશાળ ગીત-સૃષ્ટિના એક ખૂણાને જ આપણે તપાસી રહ્યા છીએ. એ ખૂણો ગુર્જરી સ્ત્રીઓને ગાવાના રાસડા નામે ઓળખાતાં ગીતોનો છે. ગુર્જર

સ્ત્રીઓનાં ગીતો

નારીએ કેટલું કેટલું ગાયું છે! એણે તો સીમન્તનાં ગીતોથી શરુ કરીને ગર્ભમાં બેઠેલા બાળકને ગીત-રસ પીવાડયો છે. પૃથ્વી પર પહેલવહેલા એ બાળકના કાન મંડાયા તે ક્ષણે જ તેમાં માતાના મુખનું જ ગીતામૃત રેડાયું છે. એને નીંદરની લ્હેરો પણ માતાના હાલરડામાંથી મળી છે. બાળક ન્હાતો ન્હાતો પણ માતાની સ્વરધારમાં ભીંજાતો ગયો છે, એની રમતોનાં જોડકણાં પણ કોઈ અજાણી માતાએ જ રચી દીધેલાં હોય

છે. એ નિશાળે બેસે, જનોઈ ધારણ કરે, વરે, પરણે અને જગતમાં સંતતિની ભેટ ધરે ત્યારે પણ જનેતાએ જ એના જીવનમાં ગીતોનાં અમૃત સિંચ્યાં છે આખર એના મૃત્યુ ઉપર માતાએ જે રૂદન કર્યું છે, તેમાં યે એણે વિલાપનું મર્મવેધક ગીત મૂકયું છે. જેને જગતે છાજિયાં, રાજિયા કે મરશીઆ કહીને નિંદ્યાં છે, તે મૂળ તો માતાના હૃદયનાં કરુણ વિરહ-ગાન નથી તો બીજું શું છે?

પરંતુ આ લેખની મર્યાદા તો એ બધા પ્રકારો સુધી યે પહોંચતી નથી. આજ તો ગુર્જરી મહિલાઓએ એક વખત પેટ ભરી

રાસડા

ભરીને માણેલી 'રઢિયાળી રાત'નો જ પરિચય કરાવવો છે. આજ ઘણુંખરું તો એ રાત ભૂતકાળની વસ્તુ બનીને સાંભરી રહી છે, આપણાં સામાજીક પરિવર્તનોએ અને જીવન-વિગ્રહે મળીને નારી જીવનનો લોપ કરી નાખ્યો છે. એટલે આજની રાત્રિઓને રઢિયાળી બનાવવા જેટલું ચૈતન્ય ગુર્જર રમણીઓમાં રહ્યું નથી.

કેવી હતી એ રઢિયાળી રાત્રિ? આકાશના ચોકમાં જ્યારે ચંદા રાણી પોતાની કોટિ કોટિ તારલા રૂપી સહિયરોને લઈને જાણે કે

રઢિયાળી રાત

રમવા નીકળતી, ત્યારે ગુજરાતની શેરીએ શેરીએ કુમારિકાઓનાં ને નવોઢાઓનાં વૃંદો વળતાં. પુરુષવર્ગ કાં પોઢી ગયો હોય ને કાં પોતાની મેડીએ બેસી કાન માંડતો હોય, તે ટાણે લજ્જાળુ ગુજરાતણ કે પ્રગલ્ભા કાઠિયાવાડણનો કંઠ ભેદાતાં ગગનમાં સ્વરોનો ગમારો ચડતો કે—

"રાધાજીનાં ઊંચાં મંદિર નીચા મો'લ,
  ઝરૂખડે દીવા બળે રે લોલ,"
"રાધા ગોરી ગરબે રમવા હાલો,
  સાહેલી સહુ ટોળે વળે રે લોલ."

કોણ કોણ સાહેલી? અને કેવી રૂપાળી એ સાહેલી?

"ત્યાં છે મારા રૂપસંગભાઇની ગોરી,
મુખડલે અમી ઝરે રે લોલ
"ત્યાં છે મારા માનસંગભાઈની ગોરી,
હાથડીએ હીરા જડ્યા રે લોલ
"ત્યાં છે મારા માવસંગભાઇની ગોરી,
પગડીએ પદમ જડ્યાં રે લોલ."

એ 'ગોરી' શબ્દ તો જાણે કોઈ રસિકાઓનું ચિત્ર ખડું કરતો. એ રસિકાઓનાં લાંબાં ચૌડાં તે વળી વર્ણન હોય? એના એકેક અંગની કાંતિ વર્ણવીને આખી કંકુવરણી કાયાનો ભાસ કરાવી દેવાય. અને પછી તો ન આવેલી હોય તેવી ગોરીઓને તેડાં મોકલાય. અવિભક્ત કુટુંબની એ ગોરી—

"હું ઊભી મારા ઓરડીઆને બાર જો,
સૈયરો આવે રે મુજને તેડવા રે લોલ."

એમ વાટ જ જોતી હોય છે. પરંતુ એમ કેમ અવાય? ઉમંગ તો ઉછળે છે, પણ પોઢેલાં વડીલોની આમન્યા કાંઈ લોપાય? સૈયરો એનાં સહુ વડીલોને જગાડીને એ શરમાળ સુંદરીને રજા અપાવે છે. અંતે સાયબાની રજા લેવાય છે. એ રજા આવા શબ્દોમાં અપાય છે—

ગોરી મોરી! આછા સાળુ પે'રો જો,
પરભાતડી બીડો તો હીસો પાતળાં રે લોલ.
ગોરી મોરી! હળવે કુદડી ફરજો જો,
ફેરડિયા ચડશે ને થાશો આકળાં રે લોલ.
ગોરી મોરી! હળવે તાળી પાડો જો,
હાથડિયા ચમચમશે, ખંભા દુઃખશે રે લોલ.

ગોરી મોરી ! હળવે રાગે ગાજો જો,
જશોદાનો જીવણ જોવા આવશે રે લોલ.

(ર. રા. ભા. ૧ : ગીત ૧)

ગોરીને એના ઝીણા સાળુની ગાતરી બાંધી લેવા, હળવે ફુદડી ફરવા, ધીમે તાળી પાડવા ને ઝીણે રાગે ગાવાની શિખામણ દેનારો સ્વામી કેવા લલિત હેતથી ઉભરાતો કલ્પ્યો છે ! અને ગોખમાંથી એ પાતળી લજ્જાવતીને રમતી દેખીને એનું જીવન કેવું ધન્ય બનતું અનુભવાયું હશે !

એવી એવી ગોરીઓ એકઠી થાય, ઓઢણાની ગાતરી વાળી છાતી પર અકેકેક કે બબ્બે ગાંઠો વાળે, પછી ભાન ભૂલે, ધરતીને ધ્રુજાવે, ગગનને ગજાવે. પચાસ પચાસ હાથના તાળોટા પડતા હોય પણ જાણે કે એક જ સુંદરી ગાઈ રહી હોયની, તેવો અચૂક તાલ જળવાય: નદીનાં વ્હેન જેવી સરલ મૃદુતાથી એનો કંઠ-સ્વર વહેવા માંડે, વ્હેન તૂટે જ નહિ, મીઠાશ ટપકતી જ રહે. ગળાના સાતપડા ગળણામાંથી ગળાઇને જાણે ગીતની ધારા રેલે. એ વખતે આકાશ અને ધરતીની સૃષ્ટિ શું એક નહોતી થઈ જતી ? ચંદ્ર અને તારાઓ શું એ રાસડાના મૂંગા પ્રેક્ષકો નહોતા લાગતા ! વાયરા થંભી જતા એ શું કેવળ કલ્પના જ હતી ? હતી તો કલ્પના, પણ રમણીય સત્ય લાગતું. સત્ય વસ્તુસ્થિતિને થોડીવાર મિથ્યા માની લેવાનું મન થતું. પ્રેક્ષકોનું મનરંજન કરવા કે સાહિત્યને સમૃદ્ધ કરવાની વાંછના માટે યોજાયેલા એ જલસાઓ નહોતા; પણ પોતાના ઉમળકા ઠાલવવાની, જીવનનાં સુખદુઃખો હસી કે રડી કાઢવાની, કલાને જીવનમાં ભરી લેવાની, એટલે કે નિજાનંદની એ રમતો હતી. માત્ર અજવાળી રાત્રિઓના જ એ આનંદો નહોતા; જે પ્રાંતની અંદર કૃષ્ણ જેવા પ્રેમાવતારે કાળી કુબજાને બીજી સોળ સો સુંદરીઓથી ય વધુ વ્હાલી

ગણી, તે પ્રાંતની નારીઓને તો શ્યામવરણાં મનુષ્યોમાં ય સુંદરતા જોવાની દૃષ્ટિ હતી, "કાળી કામણગારી" લાગતી, અને તેથી જ કૃષ્ણપક્ષની કાળી ઘોર રાત પણ ગુર્જર સુંદરીઓને તો રઢિયાળી જ થઈ પડી હતી. અંધકારમાં ચાંદરડાં અધિક તેજસ્વી જણાતાં. કુદરતના કાળા પછેડામાંથી રાત્રિનું મોં વધુ રહસ્યભર્યું ને રસભર્યું દીસતું. જગતની કદરૂપતાને પણ એ કાળાશ છુપાવી રાખતી. બાકી તો કાળાશની એ બધી ભયાનકતાને આ સુંદરીઓ પોતાના સૂરો વડે જ રઢિયાળી બનાવી દેતી.

એ રાસડા ક્યા ?

સાગર વલોવાયો તેમાંથી વિષ અને અમૃત જેવાં મિશ્ર રત્નો નીકળ્યાં. મહીડાં વલોવાય છે તેમાંથી માખણના પીંડા ઊતરે છે તેવી રીતે સ્ત્રીઓનાં હૈયામાં જ્યારે સુખ દુઃખ, આશા નિરાશા, ઉમંગ કે આઘાત જેવી કોઈ પણ બળવાન ઊર્મિ રવાઈને રૂપે ઘૂમવા માંડી, ત્યારે તેમાંથી આ રાસડા નીકળ્યા. નજીવા કે મહત્ત્વના, જેટલા મનોભાવો નારી-હૃદયે અનુભવ્યા હશે તેમાંનો એકેય મનોભાવ ગીતમાં ઊતર્યા વિનાનો નથી રહ્યો. કેમ રહી જાય? નિખાલસપણાના એ દિવસો હતા, હૈયું દબાવીને દંભ કરતાં આવડતો નહોતો. દરેક મનોભાવ જીવનમાંથી આપોઆપ ફૂટી નીકળેલો હતો અને એ expression–ઉચ્ચારણ શોધતો હતો. સ્વરોની અને શબ્દોની શી રમ્ય નકશીમાં એ અંકાઈ ગયો! ભરથારે ઘરની નારી સાથે રિસામણાં લીધાં હોય, મેણાં માર્યાં હોય, અબોલડા આદર્યાં હોય, એ વાતનું મહત્ત્વ દંપતીજીવનમાં કાંઈ જેવું તેવું નહોતું. એની બધી ક્ષુદ્રતા કવિતામાં ઊતરતાં મહાન બની ગઈ. કઠોરતા બધી કરુણ રસમાં ભીંજાઈને પ્રવાહી બની ગઈ. એવું સામર્થ્ય આ સ્ત્રીઓના કવિત્વમાં દેખાય છે. પુરુષોની સ્ત્રીઓ પ્રત્યેની ઈર્ષ્યા, આશંકા અથવા પ્રીતિ, જે કંઈ હોય તેણે રાસડા વાટે પલળવા માંડ્યું. સૂક્ષ્મમાં સૂક્ષ્મ કે જાડામાં જાડો ભાવ પણ જોરદાર

કાવ્યમાં આ સ્ત્રીઓ ઉતારી શકી છે. વ્હાલાંઓના વિજોગ અને અવસાન ગાઈને તો સ્ત્રીઓએ હાથ ધોઈ નાખ્યા છે. બાર બાર વરસે ઘેર આવનારો રજપૂત ઘરમાં પોતાની પરણેતરને શોધે છે. પણ એ 'પાતળી પરમાર' જડતી નથી. પાપણી માતાએ એની હત્યા કરીને લોહીભીની એની ચૂંદડી નેવે લટકાવી છે. પુરુષનો સંયમી પ્રેમ એ જમાનાની બધી ય આમન્યાને લોપવા જેટલો ઉગ્ર બને છે. લાગણી શમાવી શકાતી નથી. માતાએ વારે વારે બહાનાં બતાવ્યાં: બેટા, હેઠો બેસીને હથિયાર છોડ : હમણાં દળીને આવશે : ખાંડવા ગઈ છે : ધોવા ગઈ છે : અરે માડી ! એમ તે કેમ હથિયાર છૂટે ? નદીએ અને નહેરે, ઘંટીએ અને રથડે, અરે, બારણીએ બારણીએ રજપૂત ફરી વળ્યો. પણ ક્યાંયે

"નો દીઠી પાતળી પરમાર રે જાડેજી મા !
મો'લુંમાં દીવો શગ બળે રે"

(ર. રા. ભા. ૧ : ગીત ૧૮)

આખરે એ 'નેવે તે નવરંગ ચૂંદડી'નો ભેદ ફુટી ગયો. એ પતિની વેદનાને શબ્દો આપનાર કોઈ નારી હશે. એને ખબર હશે કે વહાલું મરે ત્યારે સાચા પ્રેમીને શી લાગણી થાય. મરનારનાં વસ્ત્રો વીંખવાનું મન થાય. વસ્ત્રો જોઈ જોઈ વેદના વધે. એનાં બચકાં વીંખાય. કદાચ એ બચકામાં કંઈક કાગળ ચિઠ્ઠી પડેલ હશે ! 'પાતળી પરમાર'ના બચકામાં શું હતું ? કાગળની કટકીયે નહોતી, પણ કાગળોનાં પાનાં ને પાનાં પણ કદી ન દાખવી શકે તેવો પ્રેમ દાખવનારી 'કોરી' ટીલડી અને 'કોરી' ઓઢણી હતી. લોક–ગીતની રચનારીએ માત્ર 'કોરી' શબ્દમાં જ એ બાર વર્ષો સુધી ધારણ કરેલા શણગારહીન શિયળવ્રતનું ને એ વિયોગ–વેદનાનું માપ બતાવ્યું. પાતળી પરમાર કોને માટે શણગારો સજે ? સ્ત્રીઓનાં વસ્ત્રાભૂષણો

તો પતિમિલનનાં રસભરપૂર જીવનસાધનો છે.* એ 'કોરાં' કપડાંએ પોતાની મૂંગી વાણીમાં બધું ય કહી દીધું; અને એવી વાણીને સમજનાર ભરથારે બધું ય સમજી લીધું.

એમ હરકોઈ સારો રાસડો તપાસીએ તો તેના શબ્દોમાં ધ્વનિ છે. ઉમળકાનાં અલ્પભાષી દબાણ છે. અને જેટલાં વધુ દબાણ છે, તેટલી જ વધુ એની ઘાયલ કરવાની તાકાત છે, ધનુષની કમાન જેટલા વધુ જોરથી ખેંચાય છે તેટલા વધુ વેગથી એનું તીર છૂટે ને મર્મનાં મધ્યબિન્દુ વીંધે. તેવી જુક્તિ આ ગીતોમાં ઠેરઠેર જોવાય છે.

એક જ ગામમાં સાસરિયું ને પીયરિયું : ઘણે દિવસે દીકરી મા પાસે ગઈ. માએ સુખ દુઃખના સમાચાર પૂછ્યા. દીકરી વધુ કાંઈ ન બોલી, માત્ર એક જ નિસાસો મૂકયો કે—

"સુખના વારા તે માડી ! વહી ગયા રે લોલ,
"દુ:ખનાં ઊગ્યાં છે ઝીણાં ઝાડ જો,
"કવળા સાસરિયામાં જીવવું રે લોલ."
(ગીત ૩૭ : પૃષ્ઠ ૬૪)

*આવો જ ભાવ પુરૂષ પરત્વે પણ લોકસાહિત્યમાં સબળ શબ્દોમાં આલેખાયો છે. દુહાબદ્ધ પ્રેમકથાઓ માંહેલી "કમા–વિકોઇ"ની કથામાં એક વિયોગી સોરઠીઆ પતિને પનિહારીઓ પ્રશ્ન પૂછે છે—

નહિ સાબુનો સંઘરો ?
નહિ નીર તમારે દેશ ?
કમા મેલે લૂગડે
કેમ ફરો જી વિદેશ ?

પ્રશ્ન કરનારને એ મેલાઘેલો ઉત્તર આપે છે કે—

સાબુ ઘણો અમ લૂગડે
નીર ઘણાં અમ દેશ;
(પણ) પેરીને દેખાડિયેં
(મારી) વિકોઇ ગઇ વિદેસ !

ત્રીજું એક માનવી સંતાઇને ઊભું હતું તે આ સાંભળી ગયું. બીજું તે કોણ હોય? ચુગલીખોર નણંદ. અરર! આપણાં 'મોટાં ખોરડાં'ને વહુએ વગોવ્યાં! આખા કુટુંબમાં વાત વિસ્તરી ગઈ. ઘણા દિવસથી બળીઝળી રહેલા 'પરણ્યાજી'ના કાન ભંભેરાયા. કંકાસ જોઈ જોઈને હારી ગયેલા એ યુવાન પુરુષે અફીણ ઘોળ્યું. પોતાની ને પત્નીની વચ્ચે છલકતી વાટકી ધરી. જડબાં ઝાલીને પાઈ કાં ન દીધું? પછાડીને છાતીએ કાં ન ચડી બેઠો? ગળું દાબી દેતાં ન આવડયું? ના, ના. એ તો સમદુઃખી હતો, દૈત્ય નહોતો. એ તો બલિદાન દેતો હતો, ભક્ષતો નહોતો. એણે કહ્યું:

"પીવો ગોરી, નીકર હું પી જઉં જો"

અને એવું કહેનાર ભરથારની 'ગોરી' કેટલી વાર લગાડે? શી દલીલ, શી આજીજી કરવા બેસે? લાગણીઓના બળવાન પડઘા પડતા!

"ઘટક દઇને ગોરાંદે પી ગયાં રે લોલ."

અને લગ્ન વખતનું ઘરચોળું લઇને ગોરીએ સોડય તાણી. મરતાં મરતાં એ પરણતી ગઈ. એના મૌનમાં જ આ રાસડાની રચનારીએ ઊંડાં કાવ્યો રેડી દીધાં છે. અને પ્રત્યેક કડીને અંતે આવતી

"વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ!"

એ પંક્તિને ટેક-પંક્તિ તરીકે પસંદ કરવામાં લોક-કવિએ તીવ્ર, વેદનાભરપૂર કટાક્ષની અવધિ આણી છે. કહેવાતી કુલીનતાના જુલમની દારુણતા પૂરા સ્વરૂપમાં પ્રગટ કરેલી છે. ટેકની પસંદગીમાં દાખવેલું આ ઊંડાણ આવાં અનેક ગીતોમાં દષ્ટિએ પડે છે.

એવી ઘટનાઓ તે દિવસમાં બહુ બનતી. પણ બનીને રાસડામાં ઊતરી જતી. એ વખતના સમાજનો ઇતિહાસ

નીતરેલાં દુઃખો પ્રત્યેક રાતે સજીવન બનતો. આજ સુધી એવી ઘટનાઓ ચાલુ છે. પણ આજ એનાં કાવ્યો નથી રચાતાં. રચાય છે તો તેની રેખાઓ ફૂટતી નથી. કેમકે માનવીએ પોતાના અંતર્યામી કલાકારને મૂંઝવી માર્યો છે.

એજ પ્રમાણે કુટુંબ–સંસારના જૂદા જૂદા સંબંધો આવાં સુરેખ ગીતોમાં ચિતરાઈ ચૂકયા છે. નણંદ અને ભોજાઈ વચ્ચેની કુદરતી ઈર્ષ્યાખોરી, સાસુ અને વહુ વચ્ચેની ધડાપીટ, ભાઈ અને બહેન વચ્ચેનાં હેતપ્રીત, બહેનનું સહજ સહજમાં દુભાય તેવું આળું બનેલું હૈયું, દેરાણીજેઠાણી વચ્ચેના વાદવિવાદ, સંતતિ વગરની નારી પર વરસતાં વાંઝીઆ–મેણાં, દીકરાની અબળખા, વસ્ત્રાલંકારોના કોડ વગેરે સેંકડો વાતો તે વખતના સારા અને માઠા કુટુંબ–ચિત્રની રેખાઓ બનીને રાસડામાં ઊતરી પડી. ચિત્રો જ આલેખાઈ ગયાં. દિવસભર ભોગવેલાં જે કઠોર દુઃખો તે રાત્રિએ રાસડાઓમાં નીતરીને મધુર સંવેદનો બની ગયાં. અને આ ગીતોએ માત્ર વિલાપો જ નથી કર્યા. માર્મિક વિનોદ કરવામાં પણ આ રાસડાની રચનારીઓએ અનેક ઠેકાણે આછી ને જાડી, સુરૂચિવંત નર્મ–શક્તિ દાખવી છે.

એમ દંપતી–જીવન ગવાયું, કૌટુમ્બિક જીવન કવિતામાં ઊતર્યું, સ્નેહ–જીવનનો શૃંગાર રસ પણ એટલી જ તીવ્રતાથી ગવાયો. એ શૃંગાર ગવાયો પોતાના જીવનને વિષે,

તીવ્ર શૃંગાર પણ ચડી ગયો રાધા–કૃષ્ણને નામે. વિયોગના મહિનાઓ ગવાયા, સૂની સેજલડીની વેદનાઓ ગવાઈ, ગોપીઓને નામે અભિસાર ગવાયા, રિસામણાં અને મનામણાં પણ એ પ્રભુને આરોપાઈને ગવાયાં. એનો આખો

વિભાગ જ નિરાળો અને અહોળો છે. એમાં આપણા અસલી લોક–સંસારની નબળી સબળી ચારિત્ર્ય-નીતિની તસ્વીર ઉઠી છે. પણ એવો અમર્યાદ શૃંગાર એની પરાકાષ્ટાએ પહોંચેલો છતાં સ્ત્રીઓને મોંએ ગવાઈને આવું રૂપ ધરે છે—

બે સખીઓ : એક સખી પોતાના પ્રેમિકની સાથે રમણ ખેલી આવી છે. શણગાર ચોળાઈ ગયા છે. બીજી સખી એના મોંમાંથી એ વાત કઢાવવા ચાહે છે. ચતુર તરુણી પોતાના હાલહવાલના તદ્દન જૂદા, ઉડાઉ, છતાં સચોટ સ્વાભાવિક ખુલાસા આપે છે. બેઉ વચ્ચેનો આ સંવાદ છે.

સાંભળ રે મારી સજની નાર, રજની ક્યાં રમી આવ્યાં જી;
હમણાં ચીર પેર્યાં'તાં ને ચીર ક્યાં ચોળાણાં જી!

વનરાવનને મારગ જાતાં સામી મળી ચાર સૈયરૂં જી;
સૈયરૂં દેખીને હમચી ખુંદી, ચીર ત્યાં ચોળાણાં જી.

સાંભળ રે મારી સજની નાર, રજની ક્યાં રમી આવ્યાં જી;
હમણાં કાજળ આંજ્યાં'તાં ને કાજળ ક્યાં રેળાણાં જી!

વનરાવનને મારગ જાતાં સામાં મળ્યાં માબાપ જી;
માબાપ દેખી આંસુ આવ્યાં કાજળ ત્યાં રેળાણાં જી.

સાંભળ રે મારી સજની નાર, રજની ક્યાં રમી આવ્યાં જી;
હમણાં વેણી વાળી'તી ને વેણી ક્યાં વીંખાણી જી!

વનરાવનને મારગ જાતાં સામો મળ્યો વનભમરો જી;
ભમરો મારી વેણીએ બેઠો, વેણી ત્યાં વીંખાણી જી.

સાંભળ રે મારી સજની નાર, રજની ક્યાં રમી આવ્યાં જી;
હમણાં ટીલી ચોડી'તી ને ટીલી ક્યાં ખોવાણી જી!

વનરાવનને મારગ જાતાં સામા મળ્યા મા'દેવ જી;
મા'દેવ દેખી પગે પડી ને ટીલી ત્યાં ખોવાણી જી.

સાંભળ રે મારી સજની નાર રજની ક્યાં રમી આવ્યાં જી;
હમણાં ચૂડી પેરી'તી ને ચૂડી ક્યાં નંદવાણી જી !

વનરાવનને મારગ જાતાં સામા મળ્યાં ગૌધેન જી;
ગૌધેન દેખી દોવા બેઠી, ચૂડી ત્યાં નંદવાણી જી.

ગામ અને દેશનો ઇતિહાસ પણ ગીતોમાં ગૂંથાઈ ગયો. પુરાણોની સુંદર કથાઓને પણ માણભટ્ટોને મુખેથી સાંભળી સાંભળીને સ્ત્રીઓએ પોતાના રાસોમાં તેનું દોહન કરી લીધું. ગામના અને દેશના શૂરવીરોનાં એણે ગીતો વડે શ્રાદ્ધ સાર્યાં, અણલખ્યા ઇતિહાસને કંઠસ્થ કરીને સજીવન રાખ્યો. બહારવટીઆઓનાં પરાક્રમો અને સિતમો એવી જ બહાદુરીભરી ભાષામાં ઊતરી ગયાં. કેવી એ ભાષા ?

"ડુંગરે ડુંગરે કાદુ તારા ડાયરા,
"દારૂ ગોળાની વાગે ઠારમઠોર રે મકરાણી કાદુ !
"જૂની વસતી જમાદાર માર્ય મા."

(ર. રા. ભાગ ર)

તે વખતે વર્તમાનપત્રો નહોતાં. પુસ્તકો વાંચનારો તો એ વર્ગ નહોતો. લેખકોની જરૂર નહોતી પડી. એ બધી ગરજ આ રાસડાથી જ સરી જતી. સમાજના જીવનમાં જે જે હાંસીજનક કે તિરસ્કરણીય વાતો બનતી તેનાં ટોળચિત્રો–કાર્ટૂનો પણ રાસડામાં જ અંકાયે જતાં. દિવાનોના જુલમ, રાજાઓની કુદૃષ્ટિ, અધિકારીઓની રૂશ્વતખોરી, અદાલતોનાં ન્યાયનખરાં; એ બધાં ટપોટપ રાસડાનું રૂપ ધરતાં. આખા સમુદાયમાં ગામડે ગામડે એ રાસડા પ્રવાસ કરતા, લોકમત કેળવાતો અને મોટા ચમરબંધીઓની પણ આબરૂ ધૂળ મળતી. મોરબીની વાણીઆણે જીવાજી ઠાકોરને સંભળાવેલા જવાબો (ર. રા. ભા. ૧ : ગીત ૫૪ :) એના નમૂના જેવા છે. 'મધ્યમ બહેનને કાપડું' આપણી અદાલતોની ભવાઈ ખુલ્લી પાડીને વર્તમાનપત્રોના જન્મ

પહેલાંનો કોણ જાણે ક્યારનો યે આપણા લોક-સમાજને શિક્ષણ આપી રહ્યો છે! [ર. રા. ભા. ૧ : ગીત ૫૮ :]

લોક-જીવનમાં તો જે જે નવા પ્રવાહનો ખળકો આવતો તેની નોંધ રાસડા રૂપે તાબડતોબ લેવાઈ જતી. મુસલમાનોનું આક્રમણ અને તેની સંસ્કૃતિની છાપ પણ રાસડાઓમાં પડી છે. (ર. રા. ભા. ૧ : ગીત ૫૫-૫૬-૫૭)

એક જ વાક્યમાં સમેટીએ તો આ 'રઢિયાળી રાત'ના રાસડાઓ લોક-સમુદાયના જીવનની સાંગોપાંગ તસ્વીરો છે. એ પ્રત્યેક રાસડામાં લોક-લાગણીઓના સચોટ ધબકારના પડઘા છે. એમાં એ સમયનાં પશુપંખીઓ જાણે કે માનવ સુખદુઃખનાં સમભાગી થઈને વિચરતાં દેખાય છે. વનસ્પતિ પણ માનવાત્મા સાથે અનુકમ્પા બતાવતી ઊભી છે. એ વૃક્ષો ને પશુપંખીઓ કોઈ અણદીઠ સૃષ્ટિમાંથી કેવળ કવિતાની શોભા માટે, કેવળ પ્રથાના પાલન ખાતર જ નહોતાં આણવામાં આવતાં. એ બધાં તો મનુષ્યોનાં નિત્યનાં સહચરો હતાં. કેવળ સુંદર સુંદર વસ્તુઓનું જ સ્થાન સાહિત્યની અંદર હોઈ શકે એમ પણ નહોતું. કારેલી, તૂંબડી અને તાંદળીઓ : મીની, કૂત્તા અને કાગડા : એવાં પ્રાણીઓ ઊલટું વધુ સ્વાભાવિક સ્થાન આ સાચાં સંસારચિત્રોમાં પામતાં અને એ ચિત્રોની અપૂર્ણતા પૂરતાં. દેવ અને દેવીઓ પણ આ દુઃખિયારી દીકરીઓના સંસારમાં સાંત્વન દેતી, દાદફરિયાદો સાંભળતી ને પ્રાર્થના પૂરી કરતી દેખાય છે.

ચગાચણ પહેરવેશ

એવા રસભરપૂર રાસડાને ગાવા માટે જેમ સુંદરીઓનાં ગળાં મીઠાં હતાં, ધારેલી અસર ઉપજાવનારા ઢાળ જેમ એ ગળામાંથી જન્મતા, તેમ એના હાથ પગની અંદર પણ એ ઢાળો અને તાલોની સાથે ઐક્ય સાધવાની કળા હતી. લોહીનું દરેક બિન્દુ તાલને અનુ-

સરતું હોય ત્યાં હાથપગની તો વાત જ ક્યાં કરવાની રહી? અને એ અંગેઅંગોના આવા સુંદર ઐક્યમાં બીજું ઐક્ય પહેરવેશનું ભળી જતું. લોક–સમુદાયની નારીઓ હજુ ય જે ચણીયા પહેરે છે તેના ઘેર જોઈને આપણે વિસ્મય પામીએ છીએ; એમાં કાપડની ઉડાઉગીરી માની લઈએ છીએ. વસ્તુતઃ એ ઉડાઉગીરી નહોતી. રાસડા ગાતી વખતે સુંદરીઓનાં શરીર હિલોળે ચડતાં તે સાથે એ ઘેરદાર ઘાઘરા પણ ઝુલી ઊઠતા. પગ અને કમર ઉપર એ બંધનોરૂપ ન બનતાં ઊલટા નૃત્યને વધુ બહલાવતા, વહાણને એના શઢ જેમ વધુ વેગ આપે તેમ આ ઘેરદાર પહેરવેશ પણ રાસડાઓને ગતિ આપતો. છતાં અંગોની એબ તો પૂરેપૂરી ઢાંકતો. કમરથી નીચે જેમ આવો ઝુલતો પોશાક જરૂરનો હતો, તેમ કમરની ઉપર પાછું કસકસતું વસ્ત્ર જોઈએ, કે જેથી હાથને મોકળાશ મળે અને છાતી ટટ્ટાર રહે; માટે જ ચારે છૂટે છેડે ઝુલતાં ઓઢણાંને તેઓ છાતી ઉપર બાંધી લેતાં. છેડા સિવાયનો બધો ભાગ બન્ને બાજુએ ઝુલી પડીને પીઠ ઊપર કમાનવાળા પડદાનો આકાર ધારણ કરતો. એ બધામાં કેવળ સગવડ જ નહિ, પણ કળા હતી, જુક્તિ-દાર ગોઠવણ હતી.

હાથમાં ઝીણી, કેવળ નાજુકતાનો દેખાવ કરનારી બંગડીઓ નહોતી, પણ રાસડાના સ્વરો સાથે રણઝણી ઊઠે તેવાં તાકાતદાર ઘુઘરી–જડિત ઘરેણાં હતાં, પગમાં રૂપાનાં કડલાં અને કાંબીઓ હતાં તે પ્રત્યેક ઠમકાની સાથે પરસ્પર અથડાઈને રણકતો સ્વર પૂરાવતાં. આંગળીમાં અણુવટ અને વીંછીઆ હતા તેનો અવાજ પણ જાણે કે અલંકારોનાં 'સા રે ગ મ પ ધ ની સા'માં એક રૂપ બની જતો. માથે પહેરાતી ડામણી, કાને હીંચકતી પાંદડીઓ અને કંઠમાં હીંડળતા વિધવિધ હારોની કરામત પાછળ પણ જીવનના આ નૃત્યની–આ 'રઢિયાળી રાત'ની દૃષ્ટિ હતી.

આજ એ લોક—સમુદાયના પુરુષવર્ગના ઘેરદાર કેડિયામાં પણ જુક્તિ રહેલી છે, કૃષ્ણના વાઘાનો જ એ અરધો રહેલો અવશેષ છે. ગરબી લેતી વખતે એ કેડિયાં પણ ઝુલતાં જાય છે. પાઘડીનાં છૂટાં છોગાં અને નાડીનાં, ઘુંટણ નીચે ઢળકતાં, નવરંગી હીરનાં ફુમકાં પણ એ રાસક્રીડાના રૂપાળાં અંગો હતાં.

નવરાત્રિના ગરબાની કલ્પના કોઈએ તપાસી છે? કેટલી મસ્ત છે એ કલ્પના! આપણે ક્ષુદ્ર ગણી કાઢેલી સ્ત્રીઓએ કરેલી એ કલ્પના

ગરબો

છે. 'ગરબો' બીજે કયાંય, કોઈ પણ દેશમાં કે ગુજરાત સિવાય કોઈ પણ પ્રાંતમાં સરજાયો નથી.* માટીના એક નાનકડા ને નજીવા વાસણમાં દીવાના પ્રકાશને પૂરી દેવો, અને પછી સો સો છિદ્રો વાટે એનાં કિરણોને રમતાં મેલવાં: ચોમેર ફરતી તેજ અને છાયાની જાળીઓ છવાઈ જાય. પ્રકાશનાં જાણે મોતી પરોવીને ગાલીચા ચંદરવા પાથર્યા હોયની! કિરણોની કેવી રમણીય ફૂલગૂંથણી! અને એ ગરબો પોતાને માથે મૂકીને કન્યાઓ જ્યારે ચાલે ત્યારે તો પ્રત્યેક માથા ઉપર અકેકેક આકાશ ખડું થાય. કેટલાંય આકાશો જાણે કે નાનકડાં રૂપ ધરી ધરીને ધરતી ઉપર રમવા ઊતરી પડયાં હોય એવું લાગે.

પણ ગુર્જર સ્ત્રીઓની કલ્પના તો એથી યે વિશેષ મસ્તી ખેલી શકે છે કે

" પ્રથમીથી પાવાગઢ મોટો રે,
" મા તમે શાના લીધા વાદ
"વીંઝણો રમણે ચડયો રે લોલ."

* ગરબાનો અસલ સંસ્કૃત શબ્દ ગર્ભદીપ હોવાનું કલ્પાય છે: જેના ગર્ભમાં (ભીતરમાં) દીપક હોય તે વાસણ: આ પરથી અનુમાન થઈ શકે કે 'ગરબો' ઘણી પ્રાચીન કલ્પના હોય. પણ અન્ય કોઈ પ્રાંતમાં અત્યારે ગરબો જીવન્ત નથી.

અથવા

*   *   *

"માજી તમે ગરબે રમવા આવો
ભવાની મા કાળકા રે લોલ."
"માજીએ સોળ સજ્યા શણગાર કે,
સેંથલે સિંદૂર પૂર્યા રે લોલ."

પહાડનાં શિખરો પરથી દેવીઓ જ્યારે સોળે શણગાર સજી, સેંથલે સિંદૂર પૂરી અને માથા ઉપર ગંજાવર ગરબા માંડી માંડી રાસડા રમવા ઊતરી હશે, ત્યારે એ કાળી રાત્રિઓમાં કેવાં ઝોકાર અજવાળાં છવાતાં હશે, જોગમાયાઓનાં વિરાટ વસ્ત્રાલંકાર ઝળહળ ઝળહળ થતાં હશે અને પહાડોનાં હૈયાં ભરે તેવા સૂર છૂટતા હશે. એમાં ય પવન પોતે વીંઝણો બનીને ફરફરતો હશે એ ભવ્ય કલ્પના આપણી બહેનોની હથેળીમાં તો રમકડાની પેઠે અહોનિશ રમતી હતી. એ કલ્પનાની બાથમાં વિરાટ સ્વરૂપો પણ સમાઈ જતાં અને નાજુક ભાવો પણ નાચતા. ગરબો વિરાટ છે અને નાજુક પણ છે. ગરબાની કલ્પના અજોડ છે.

રઢિયાળી રાત્રિનાં જાગરણોમાં આ ગરબાનું સ્થાન દેહમાં આત્માના સ્થાન જેવું મહત્ત્વનું છે. સુંદરીઓનો અંતર્યામી પોતે જ જાણે ગરબાનું રૂપ લઈને આખા વૃંદની વચ્ચે બેસતો અને એના ઉલ્લાસ તેમજ આક્રંદનો અબોલ સાક્ષી બનતો.

સ્ત્રીઓની આ સામૂહિક સર્જનશક્તિનો હજુ યે છેક તો લોપ નથી થઈ ગયો. એટલું ખરું કે હવે એના છિન્નભિન્ન જીવનમાં, લાગણીઓના પડઘા અગાઉના જેવા સ્પષ્ટ સર્જનશક્તિના અવશેષ પડતા નથી. ઊર્મિનાં એવાં બળ તો આ યુગમાંથી જ ઓસરી ગયાં છે. આકાંક્ષાની એકાગ્ર તીવ્રતા અને વેદનાની સચોટતા હણાઈ ગઈ છે. એટલે લોકસાહિ-

ત્યને તો યુગ પોતે જ કવિત્વહીન બન્યો છે. છતાં કવિતાના કોઈ કોઈ ચમકારા ક્યારેક ક્યારેક દેખાઈ જાય છે. આ સંગ્રહમાં જ એવી ઐતિહાસિક કૃતિઓ શામિલ છે, કે જેને રચાયાં બહુ સમય નથી થયો. એના ઉપર નૈસર્ગિકતાની છાપ છે. ઉપરાંત, કુંડલાની નાવલી નદી થોડા વર્ષો પર રેલી હતી તેનો કોઈ રમણીએ રાસડો જોડ્યો છે. તેમાં એક કલ્પના આવે છેઃ—

'ઝડસ્તા દીવડા બળે મો'લમાં રે લોલ,
'મો'લમાં બેઠી મેમણીઆણી જાય બે
"નાવલી રેલી ને તાણ્યા કુંડલા રે લોલ."

બળતા દીવા સાથે મેડીઓ તણાતી જતી હશે, અને એમાં બેઠી બેઠી મેમણની સ્ત્રીઓ કળેળાટ કરતી હશે. એ અધરાતના જળપ્રલય વખતનું કેવું કરુણ અને રમ્ય-ઘોર દૃશ્ય હશે! સ્ત્રીઓની કલ્પના એટલે સુધી આ યુગમાં યે દોડી ઉઠી.

૧૯૧૬ના વર્ષમાં શામળદાસ કોલેજના છાત્રાલયની પાછળ એક રાત્રિએ રાસડા ગવાતા હતા. તે દિવસનો એક સ્વર મગજમાં હજુ ગુંજી રહ્યો છે—

"જોરૂભા સાહેબ,
"જરમર જીતી વેલેરા આવજો !"

એ પંક્તિમાં વીર-પૂજાનો પ્રાણ ઠલવાયેલો લાગતો હતો. કેપ્ટન (હવે કર્નલ) જોરાવરસિંહજી મહાયુદ્ધમાં સીધાવેલા તે પ્રસંગ એ રાસડામાં તદ્દન સાદી રીતે મૂકાયો છે. (જરમર=જર્મન) તેમાં

"લીધા ઘુંસા ને લીધા ધામળા,
"લીધા છે કાંઇ લડાઇના દરેસ રે
જોરૂભા સાહેબ-જરમર૦

"લીધી કોટલી, ને લીધી કેશળી,
"લીધાં છે કાંઇ લડાઇનાં હથિયાર રે
જોરૂભા સાહેબ—જરમર૦

"લીધા ચાંદલા ને ચોડયા ચોખલા,
"લીધાં છે કાંઇ સરીફળનાં માન રે
જોરૂભા સાહેબ—જરમર૦

અને ત્યાર પછી તો યોદ્ધાની માતાએ અને બહેને રણમેદાન ઉપર આશિષોના ને પ્રોત્સાહનના કેવા કાગળો બીડેલા હતા, તેનું બયાન આવે છે. બલિહારી તો એ છે કે આખા રાસડામાં ક્યાંયે જુદાં પડતાં સ્વજનોના નિઃશ્વાસ, વિલાપ કે તલસાટનો ઉલ્લેખ જ નથી થયો. સાંપ્રત કાળના કોઈ નાટયકારને હાથે આવી ઘટના પડે તો એ વિદાય લેતા લડવૈયાની છાતી ઉપર એના આખા કુળ-પરિવારને માથાં ઢાળીને હીબકા ભરતાં ને ઝાલી રાખતાં વર્ણવવાનો લોભ એ નાટયકાર ન છોડી શકે. પરંતુ લોક—ગીતોનાં રચનારાંને તો શરૂઆતની પ્રમાણભરી વિવેકદૃષ્ટિ હતી. એ વિવેકદૃષ્ટિએ એમની કલ્પનાઓને લગભગ કાબૂમાં રાખેલી દેખાઈ આવે છે, રસનો કે લાગણીનો અતિરેક એમણે આલેખ્યો નથી.

કોઈ એક ગામના કોઈ દરબાર માધુભાએ કોઈક દિવસ દીપડો માર્યો હશે. એટલામાં તો વીરપૂજાના સંસ્કાર જાગી ઉઠયા. પ્રજાની માતાબહેનોએ મધુર સ્વરનું પદ જોડી કાઢયું :

"વા રે માધુભા વાંકડલી ફોજવાળા !
"માતા નાનીબા પૂછે માધુભા !
"કેમ કરી દીપડાને માર્યો માધુભા,
વાંકડલી ફોજવાળા !

"ગેંડાની ઢાલે ને સોનાની છરીએ,
"રૂપાળી ગેડીએ માર્યો માધુભા,
વાંકડલી ફોજવાળા !"

આમ હજુ યે નાનો મોટો ઇતિહાસ આલેખાય છે. પણ બીજી સર્જનશક્તિ તો મૂર્છાવશ થઈ છે.

ગુજરાતના શિષ્ટ સાહિત્ય પર આ કંઠસ્થ રાસડા અને ગરબા ગરબીની ઘણી ઘાટી છાપ પડી છે. નરસૈયા, પ્રેમાનંદ, દયારામ અને નર્મદની કવિતામાં એનાં ટીપાં ટપક્યાં છે. ત્યાર પછી

લોકગીતનાં સીંચન

લોકોના શ્રમજીવી સંસારમાં એ રોજ રોજ આવતી 'રઢિયાળી રાત' આ નવા યુગમાં આસ્તે આસ્તે અનિયમિત અને પછી તો વિરલ બનતી ગઈ. એનાં કારણો જાણીતાં છે. લોક-ગીતોનો લોપ ઝડપભેર થતો હતો, જીવન બદલાતું જતું એટલે ભણેલા સમાજને નવા નવા રસ રૂચવા લાગ્યા. આજ એ જીવન અને એ રસસામગ્રીની મીમાંસા કરવાનો અવકાશ નથી. લોક-જીવનના ને લોક-ગીતોના એ સ્વાભાવિક ધ્વંસ વચ્ચે એક મનુષ્ય ઊભો હતો, જે એ ધ્વંસની નુકશાની માપતો હતો. માતા છેલ્લાં ડચકાં લેતી હોય અને જેમ કોઈ માયેલું બાળક એનાં સ્તનો ચૂસી લેતું હોય, તેમ કવિ ન્હાનાલાલે એ લોક-ગીત રૂપી માતૃ-સ્તનોમાંથી છેલ્લા ઘૂંટડા લીધા. અસલી ઢાળોને એણે નવીન શૈલીની કવિતામાં મૂકી દીધા. એની બીજી બધી કવિતાનો જ્યારે લોપ થયો હશે ત્યારે એના રાસડા જીવશે અને એ રાસડા પણ મુખ્ય જીવન એના લૌકિક ઢાળોમાંથી મેળવશે. એની નવી જાતની કવિતાની નબળાઈઓ અને કૃત્રિમતાઓ વચ્ચે પણ એણે જૂના ઢાળોને જુક્તિથી જાળવ્યા છે. જાણે કે ઢાળોના સરજનહાર જ પોતે હોય એવું તાદાત્મ્ય એણે સાધ્યું છે. નાટકોમાં ડાહ્યાભાઈ અને વાઘજીભાઈના ગયા પછી એ

લોક–પ્રાણને ભાવનારું તત્ત્વ ગુમ થયું. ત્યાર પછી લોક–કાવ્યમાંથી આજ બીજા થોડાએક કવિઓ ખરી પ્રેરણા પામી રહ્યા છે. ઓટાદકરે એ પ્યાલો પીધેલો, પણ એ ગયા. જીવ્યા હોત તો એ લોક–પ્રાણને ડોલાવી શકત. આજે શ્રી. ત્રિભુવન વ્યાસે આ ઝરણામાં એના હાથ બોળ્યા છે, મોં પલાળ્યું છે. પીએ તેટલી જ વાર છે. 'રતનબા'ના રચનારમાં લોક–પ્રાણ તલસી રહ્યો છે.*

* આ લેખ છેક ૧૯૨૫માં લખાએલો. શ્રી. ત્રિભુવન વ્યાસનું કાવ્ય-ઝરણું અત્યારે ક્ષીણ બની ગયું છે.—લે.

લોક-સૃષ્ટિ

અંદર પ્રવેશ કરીએ ત્યાં જ જો સુગંધ ન આવે તો એ ફુલવાડી શાની? એમ સાચું લોક સાહિત્ય તો એ જ, જેમાં દાખલ થતાં જ લોક-જીવન અને તેની ચોગમ પથરાયલી કુદરત આપણને એની સુવાસ વડે ઘેરી લે. આ ગીતોની અંદર સમસ્ત લોક-સૃષ્ટિ

કુદરત

જેવી ને તેવી સજીવન ઊભી છે. શબ્દો વાંચવાની સાથે જ એ વસ્તુઓ પોતે વાચકની આંખોને ભેટી પડે છે. લોક-ગીતોમાં પ્રવેશ કરનારો વાચક જાણે કે ગ્રામ્ય-જગતનો પ્રવાસી બની જાય છે. એની આસપાસ છેક ગામની 'સીમડી'થી માંડીને ગ્રામ્ય કુદરતનું તથા લોક-નિવાસ સમસ્તનું વાતાવરણ બંધાતું આવે છે. આજે તો અગ્નિ, વાયુ કે વીજળીનાં વેગવંત વાહનો આપણને ગ્રામ્ય-જગતનો ધીરે ધીરે પરિચય થવા દીધા વગર સીધે સીધા સડેડાટ લોક-સમુદાયની વચ્ચે ઉતારી મૂકે છે. જાણે આપણે અદ્ધરથી અચાનક ધબ દઈને નીચે પછડાયા હોઈએ તેવું અનુભવાય છે; પરંતુ પૂર્વે તો પ્રવાસી ધીરે ધીરે આવતો, જંગલનાં ઝાડથી લઈને એક પછી એક વસ્તુની ઓળખાણ કરતો આવતો, અને સૌથી પ્રથમ એને ગામડાની સીમડી ભેટી લેતી. ગામની સરહદ શરૂ થાય ત્યાં કોણ માનવી એની સામે ટહુકો કરવા ઊભું હોય? ગાય ભેંસોને ચારતો ગોવાળીઓ: સીમાડા ઉપરનો જાણે કે અધિષ્ઠાતા

માનવ-દેવ. પ્રવાસીનું અજાણ્યાપણું ત્યાંથી જ તૂટી જતું. પછી આગળ ચાલતાં ખેતરો આવે, જેની વચ્ચે,

"કેડ કેડ સામી રે સેંજળ ડુંગરી
"હૈયા સામેલા બેડા જો"

એવી નાનકડી ટેકરીઓ, છાતી સુધી ઊંચા બેખડો, અને

"ડુંગરે ચડીને ગોફણુ ફેરવી
સેંજલ નાર ! ઢોરું પાછાં વાળજો !"

એવી ગોફણો ફેરવી ફેરવી પથ્થરો વડે પોતાના ખેતરના ઊભા મોલમાંથી પશુઓને હાંકતો ખેડુ નજરે પડે; પતિની સાથે સાચી સહચરી બની રહેલી, પતિના બોલ ઝીલતી, કદી કદી વળી મસ્તીએ ચડીને સ્વામીને સામા જવાબ દેતી, પતિને જમાડવાનું ભોજન (ભાત) લઈને ગામમાંથી આવતી, આજ્ઞા-ભંગને માટે કદી સોટા ખાતી, રડતી રડતી ઘેર જતી, મિષ્ટાન્ન રાંધીને પાછી પતિને રીઝવવા આવતી, રીઝાએલા પતિને મારીને મીઠું વેર વાળતી અથવા માર ખાઈને મહિયરને માર્ગે વિચરતી ખેડુ-પત્નીનાં દર્શન થતાં. એવાં એવાં ખેતરો વટાવીને પછી અતિથિ 'આલી લીલી' વાડીઓનાં વૃંદ વચ્ચે દાખલ થતો. વાડીઓ ઘણે ભાગે ગામની નજીકમાં હોય છે. ત્યાં યે લોક-જીવનની શાંત ગડમથલ મચી હોય છે. અને ફુલવાડીનાં ફૂલો સંભાળતો માળી ત્યાં રાજ કરી રહ્યો છે. પછી આવે છે સરોવરની પાળ્ય, જ્યાં વટેમાર્ગુને વાટ બતાવતી, તૃષાતુર પ્રવાસીને પાણી પાતી, ઠઠ્ઠા મશ્કરી પણ કરી લેતી પનિહારીઓ કુદરતનું પડ ગજાવી રહી હોય છે.

જળાશયો તો લોક-જીવનની સમૃદ્ધ દશાનાં પ્રતિબિમ્બો પાડતાં ઊભાં હોય છે. એ નદીઓ, જ્યાં ચોમાસે—

'ચારે ને કાંઠે રે માતા મોરી છલી વળ્યાં'

અથવા,

ભાદરવો ભલ ગાજીયો ને નદીએ બાજે નીર'

એવી રમ્યતા જામી હોય છે, જ્યાં મસ્ત પનિહારીઓ

"ચલ ગાગર ચલ ગાગર જમનાને જાયેં
"જમનાનાં ઓળાં નીર રે...ગાગર ઘૂમે છે"

એ રીતે બેડલાંને ઘુમાવતી વિચરતી હોય છે; 'સેંજળિયાળી સર' નામે ઓળખાતાં અખંડિત ઝરણાંનાં પાણી ભરવા પણ રમણીઓ સંચરે છે. વળી 'મોતીડે બાંધેલી પાળ' વાળી નાની શી, નિર્મળાં નીરની ચંદણ તળાવડી; આછુડા કૂવા; એ કૂવાને કાંઠે મહેકતો કેવડો કે સપાટી પર છવાયેલો, લીલુડો શેવાળ; વાવમાં હિલોળા લેતાં નીર; વગેરે બધાં દૃશ્યો લોક–કવિતાની પ્રેરણાનાં ધામો છે. પાદરથી નીકળતો પ્રવાસી એક પલકમાં જ ત્યાં

જળાશય

"સો સો બેડલિયાંની હેલ્યું ચડે"

એ નિહાળતાં જ–સો સો બેડલાં ભરી ભરીને શિર પર ચડાવી ચાલી જતી પનિહારીઓને જોતાં જ–ગામની આબાદાનીનાં માપ તે સમયની કાઢી લેતો. અને

"ઝળકાતું આવે બેડલું, મલકાતી આવે નાર રે
મારી સાહેલીનું બેડલું"

એવું પનિહારી–દૃશ્ય શ્રમજીવનની સાથે ઓતપ્રોત રહેલી સૌંદર્યદૃષ્ટિ સૂચવી આપે છે.

"રાણકદેવડી રે કાંઇ વધે ની' ને રાત રે
પાંચ વરસની પાણી ભરે"

એવી પંક્તિઓ શું સૂચવે છે? વહેલી વહેલી વયે પાણી સીંચવામાં તો સ્ત્રીજીવનની ચતુરાઈ સમજાતી. કોઈ કોઈ જળાશય તો વળી

"આલુભાના ભાગમાં રતન-કૂવો
ત્યાં સો સો બેડલિયાંની હેલ્યું ચડે
રે જળવાદળીનાં નીર મારે મારે કોણ ભરે !"

એટલે કે ગામના દરબારોની ફુલવાડીઓમાં હોય; અને ત્યાં જ્યારે "સો સો બેડલિયાંની હેલ્યું" ચડતી જોવામાં આવે, ત્યારે તો તેવા ગામના રાજાઓની પવિત્ર નીતિ અને ગામ-જનોની નિર્ભય વિશ્વાસ-ભાવના સ્મરણમાં ચડે છે. આમ આ જળાશયો કેવળ વૈભવ, જીવન-કોડ કે રાજા પ્રજાની નિર્મળ હેતપ્રીતનાં જ માપકો બનીને નહોતાં અટકી જતાં. એ તો સંવનનનાં—પ્યાર કરવાનાં પણ ધામો હતાં. લોક-કલ્પનામાંથી સરજાયલો કોઈ રામચંદ્રજી, મૃગયા ખેલતો ખેલતો તરસ્યો બનીને વગડામાં દૂરથી તબકતા તળાવ પર જઈ પહોંચે, ત્યાં બાળ-કુંવારી સીતાને પાણી ભરતી ભાળે, ભર્યો ઘડો રામ ગટગટાવી જાય, બન્ને વચ્ચે તારામૈત્રક રચાય,

"પરણી છો કે બાળ કુંવાર રે રામૈયા રામ"

એમ પૂછપરછ થાય અને અવિવાહિતા સીતાની સાથે ત્યાં ને ત્યાં લગ્ન ઉજવાય. કોઈ શિકારે ચડેલો રા'ખેંગાર મજેવડીના પાદરમાં નીકળે છે અને ઉબેણ નદીના આરે જુક્તિપૂર્વક એક સૌંદર્ય-દર્શન કરે છે—

"રાણકદેવડી રે કાંઈ પાણીડાંની હાર્યે રે
રાય રે ખેંગાર ઘોડા ખેલવે.

"વાયા વાયા રે કાંઈ ઓતર દખણા વાય રે
ચૂંદડીના છેડા ફરકીઆ.

"જોયો જોયો રે એની કડ્ય કેરો લાંક રે
બીજો જોયો સવા ગજ ચોટલો"

એવાં કુદરતે દેખાડેલાં નિર્વ્યાજ રૂપ નિહાળીને પ્રેમિક વીર એ કન્યાના પિતા કને માગું નાખે છે ગામડાંના પાણીઘાટને આરે એવી પ્રેમ–ઘટનાઓ અંકાયેલી છે. અને

"જળ ભરું તો ભરવા નો દીયે.
"વા'લો ખોબે ઉડાડે નીર, જીવણ જાવા દે"

અથવા તો

"હું રે ભરૂં ને મારી ભાભી ભરે,
ત્યાં ભાભીનો સાયબો આડો ફરે,
રે જળ–વાદળીનાં નીર મારે કોણ ભરે"

એવી પ્રીતિની મસ્તીઓ ત્યાં એક દિવસ મચતી હતી. વળી

"કાન તારે તળાવ
રૂમઝુમતી રમવા નીસરી"

એવી રૂમઝુમ કરતી ગ્રામ્ય રાધિકાઓએ જળાશયોની પાળ પર ઊભીને જ કાંઠે ઘોડા ખેલવતા પોતાના પ્રિયતમોને

"નાગર ઉભા રો' રંગરસીઆ"

એવા લાંબા મીઠા સ્વરે પોકારો પાડયા છે. કૈક રસિકાઓએ

હું તો દાતણિયાં લઇને ઊભી રહી રે,
"દાતણ ન્યાં કરજો મારી સગી નણંદના વીર જો
"આઘુડામાં જાશું જીવણ ઝીલવા રે."

એવી આજીજીઓ ગાઈ ગાઈ ને જળ–ઝીલણ રમવા પોતાના કંથને નોતરાં દીધાં હશે. પાણી સીંચતાં સીંચતાં, પગથિયે જેના પગ લપસ્યા હોય તેવી કોઈક રસ–ઘેલડીઓના નવસરા હાર પણ તૂટીને, નવરંગી મોતીડાં વેરાયાં હશે, અને મોતીડાં વિખરાય એ બીનાને તે કાંઈ કવિતામાં ઉતાર્યા વગર રહેવાય ? માટે ગવાયું કે—

"રાજ આઠ કૂવા ને નવ પાવઠાં,
રે મારે પાવઠડે લપટયો છે પગ રાજ
મોતી વેરાયલ ચોકમાં"

અને પહેલા ખોળાનો 'બાવલ બેટડો' ધવરાવતી ધવરાવતી, પોતાને મહિયરેથી વેલ્યમાં બેસી સાસરે જતી કૈંક તરૂણ જનેતાઓએ રસ્તામાં પોતાના એ બેટડાને ક્ષીર સરખાં મીઠાં નીરમાં સ્નાન કરાવ્યાં હશે તેનું

·· 'દૂધે ભરી તળાવડી.........નવરાવતી આવે'

એવું મધુર ચિત્ર આલેખાયું છે. ઘૂમતી ગાગર માથે લઈને પાણી ભરતી કૈંક નવ-વધૂઓએ 'માથડાં દુઃખે' 'પગમાં કાંકરી વાગે' એવી વિનોદભરી ફરિયાદો નોંધાવીને પતિની પાસે લાડ કર્યાં હશે.

જળાશયની આવી રસમસ્ત તસ્વીરની બીજી કરૂણ બાજુ પણ લોક-ગીતોમાં બતાવેલી છે. વઢીઆરની સાસુના સિતમો સહેનારી દુઃખીઆરી વહુ કૂવાને કાંઠે ઊભીને પોતાના દાદાને ઊડતા પંખીની સાથે સંદેશો કહાવે છે—

"દાદા તે દીકરી વઢીઆરે નો દેજો જો,
"વઢીઆરી સાસુ રે દાદા દોહ્યલી.

"દી'એ દળાવે મને રાતડીએ કંતાવે જો,
"પાછલે ને પરોડીએ પાણીડાં મોકલે.

"ઓશીકે ઈંઢોણી વહુ પાંગતે સીંચણિયું જો,
"સામે ને ઓરડીએ વહુ તમારૂં બેડલું.

"ઘડો બૂડે ને મારૂં સીંચણિયું નવ પૂગે જો,
"ઉગીને આથમીઓ કૂવા કાંઠડે.

"ઉડતા પંખીડા મારો સંદેશો લઈ જાજે જો.
દાદાને કે'જે કે દીકરી કૂવે પડે."

એવી કૈક ગરીબડી દીકરીઓએ પોતાનો છેલ્લો વિસામો કૂવાનાં કાળાં નીરમાં શોધ્યો હશે તેમ જ કોઈ કોઈ રણચંડી બનેલી સ્ત્રીઓએ

"આઘેરાં રહી વહુએ ધક્કો રે દીધો,
બાઈજી કૂવામાં બૂડયાં રે...મારી સૈયર સમાણી."
"બાઈજી બૂડયાં ને સાડલો તરે,
રખે ને પાછાં વળે રે મારી સૈયર સમાણી."

એવી વિધિ કરીને સાસુઓને જળસમાધિ લેવરાવી હશે. ગામડાનું જળાશય, એટલે આવી કાળી અને ઊજળી સ્મૃતિઓનું કેન્દ્ર: સ્નેહ, મસ્તી અને શોકની કૈક ઘટનાઓનું ધામ. એની ઉપર તો કોઈ જીવંત દૈવી શક્તિની આણ વર્તતી હોવાનું મનાય છે. કોઈ કોઈ વાર એ જળદેવતા ગામલોકો પાસે ભોગ માગે. બાર બાર વર્ષો સુધી ગાળેલું નવાણ છાંટો યે નીર નથી આપતું. ગામના ઠાકોરે જોશીડાને જોશ જોવા માટે બોલાવ્યા. જોશીડાએ ભાખ્યું કે જળદેવ જીવતાં માનવીનો ભોગ માગે છે. માટે

'દીકરો ને વહુ પધરાવો જી રે.'

ઘોડી ખેલવતો કનૈયો કુંવર અને બેટડો ધવરાવતી ભરજોબનવંતી વહુ ગામના સુખ સારૂ બલિ બનવાની તત્કાળ હા પાડે છે. છેલ્લીવાર માવતરને મળી લેવા વહુ મહિયર ચાલે છે. લોકો સામા મળે છે. તેમણે મેણાં દીધાં છે કે

"મરવાનાં હોય તો ભલે રે મરજો
એનાં વખાણ નવ હોયે જી રે"

બલિદાનની સાચી ભાવના પ્રસિદ્ધિના આ આક્ષેપને સાંખી શકે નહિ. બાઈ પાછી વળે છે. ગોરની સાથે સંદેશા મોકલાવે છે કે

મારી માતાને એટલું રે કે'જે
મોડિયો ને ચૂંદડી લાવે જી રે.

જેઠાણીનાં ગરમ કરેલાં પાણીએ સ્નાન કીધું, નણંદબા પાસે માથું ગૂંથાવ્યું અને

> પુતર જઇને પારણે પોઢાડ્યો,
> નયણે આંસુની ધાર જી રે.

વાત્સલ્ય, દાંપત્ય અને લોક–સેવાની લાગણીનાં કેવાં તુમુલ તોફાન! ગાજતે વાજતે લોક–સમુદાયની વચ્ચે જાણે કે વરઘોડીઆં ફરી વાર ચોરીએ ચડવા ચાલ્યાં. નવાણુને પગથિયે પગ દેતાં જેમ ઊતરતાં જાય છે તેમ તેમ એ સૂકી વાવનાં પાતાળી નીર ઊભરાતાં આવે છે. કાંડાં ડુબ્યાં, ગોઠણ ડૂબ્યા, કમ્મર, છાતી અને છેવટે માથા ઉપર પાણી ફરી વળ્યાં. જળાશય છલોછલ ભરાઈ ગયું. ભોગ પહોંચી ગયો. બાર બાર વર્ષથી પાણી વિના તરફડતાં પશુ પંખી અને માનવીઓને જીવન મળ્યું. પણ જળાશયને તીરે ઊભેલાં બુઢ્ઢાં માવતર શું પોકારે છે?

> "એક હોંકારો દોને વસરામભાઇ,
> ગોઝારાં પાણી કોણ પીશે જી રે.
> "એક હોંકારો દોને વાલેલી વહુ
> ગોઝારાં પાણી કોણ પીશે જી રે!"

જળાશયના જતનની આટલી ઉગ્ર ત્યાગ–ભાવના આલેખતું આ મશહૂર ગીત લોકોના પ્રાણમાં જોરથી રેડાઈ ગયું છે. કોઈએ એ કથા માધાવાવ સાથે સંધાડી, કોઈએ બીમોરાની વાવ સાથે જોડી, તો કોઈએ વાળુભા ગામ સાથે. એમ સહુએ એને પોતપોતાનું બલિદાન–કાવ્ય સમજી લીધું. એમાં લોક–જીવનની civics અને politics સમાઈ જાય છે. સમસ્ત કુટુંબની રક્ષાને ખાતર જેમ વ્યક્તિ પોતાનું વહાલું સુખ હોમી દે (મોટાં ખોરડાં ર. રા. ભાગ ૧) તેમ સમસ્ત લોકહિતને માટે આગેવાન કુટુંબોનાં બલિદાન ચડી જાય, તે આ ગીતનો મર્મ છે. આવાં બલિદાનની અંદરથી કેટકેટલી નોખનોખી

લાગણીઓ ઉછાળા મારે છે? વાત્સલ્ય, દાંપત્ય, કુટુંબ-સ્નેહ, નિર્દોષ મૃત્યુની પારાવાર કરૂણતા વગેરે તમામ ઊર્મિઓના હૃદયવેધી સ્વરોની વચ્ચેથી લોકહિત-લોકરક્ષાનો મંગળ ઘંટારવ સંભળાય છે. છતાં યે એ સ્વર બીજા સ્વરોને રૂંધી નથી મારતો. ગ્રામાભિમાન કે દેશાભિમાન મનુષ્યનું મનુષ્યત્વ ઝુંટવી નથી લેતું. જળાશયના કિનારાઓ આવી આવી લોકજીવનની સમસ્યાઓના મૂંગા સાક્ષીઓ છે. જળાશય તો ગામડાંનો સુખસ્વર છે તેમજ આર્તનાદ છે.

વડલો

લોક-જીવનમાં જેવું સ્થાન જળાશયનું, તેવું જ સ્થાન ગામને પાદર લુંબઝુંબ ઊભેલા વડલાનું હોય છે. લગભગ પ્રત્યેક ગામડાને આંગણે આ જટાજૂટધારી ઋષિ-વૃક્ષ કૈં કૈં જમાનાઓના પલટાઓ જોતું જોતું અડગ ઊભું હોય છે. અને એવા ઘેરગંભીર ઘટાદાર તરૂવરને આશરે એટલાં એટલાં પશુપંખીઓ મહાલતાં હોય છે કે લોક-પ્રજાએ એના રક્ષણાર્થે એને કોઈ દેવ-દેવીનું થાનક બનાવી દીધેલ હોય છે. એને પાંદડે પાંદડે માતા ચામુંડાના દીવા બળે, એની ડાળીએ ડાળીએ દેવી રાસડા લે, અને એને કાપનાર મનુષ્યનું સત્યાનાશ નીકળી જાય, તેવી રમ્ય-ભીષણ ઘટનાઓ જોડાતી જાય છે. વળી

"જોગીડો ઊતર્યો...સેજ વડલા તળે રે લોલ"

એવા કૈંક અવધૂત અતિથિઓની ધૂણીઓ ગામના વડલાની છાંયડીમાં ધખતી હોય છે. પતિ-પત્નીના વિજોગની ઘડીનો સાક્ષી પણ એ નિર્મોહી વડલો જ હોય છે; વરસતે આષાઢ મહિને

"વાલમ વળાવાને હું રે ગઈ'તી
"ઊભી રહી વડલા હેઠ...વા'લા!
"વડલો વરસે સાચે મોતીડે રે
"તેનો પરોવ્યો હાર...વા'લા!"

એવાં કેટલાં યે વિરહાશ્રુઓ એ વડની નીચે ઝરેલાં હશે. એ વડલા, ગાયોના ગોંદરા, નાની એવી ડુંગરી અને તે ઉપર નાજુક દેરડી, વગેરે બધાં સ્થળો માત્ર સ્થળો જ નહોતાં, પણ લોક-જીવનની ચિરંજીવ સંસ્થાઓ હતી. ગામનો ઝાંપો (દરવાજો) એ વડે રળીઆમણો લાગતો.

ઝાંપો

એ ઝાંપો—કે જ્યાં સુધી સાસરે જતી કન્યાને એની સૈયરો વળાવવા આવતી, જ્યાં 'મોટાં ખોરડાં' વગોવનારી નિર્દોષ વહુની નનામીઓને સ્મશાનની વાટે લઈ જતાં બીજો વિસામો દેવાતો, અને જ્યાં શત્રુઓને રોકતાં રોકતાં રણે ઝુઝીને સુરાપુરાઓએ દેહ પાડેલા તે ઉપર સિંદુરિયા રંગની ખાંભીઓ ખડી થાતીઃ ગામનો ઝાંપો તો સ્નેહ, વીરત્વ અને મૃત્યુની પુનિત ભાવનાઓનો સ્મરણ-સ્તૂપ લેખાતો.

આકાશ

પગ નીચે આવી રમ્ય ધરતી અને માથા પર નવલખ તારાથી જડેલું આભામંડળ : નવ લાખ તારાઓ તો જાણે માનવીની જોડાજોડ રહેતા હોય તેવી ગાઢ પરિચિતતા લોક-ગીતોમાં જ્યાં ને ત્યાં આલેખાએલી પડી છે. કૃષ્ણ પ્રભુને માટે ગવાયું છે કે-

ચાંદો તે તળાખે ને સૂરજ તળાખે,
"તળાખે નવલખ તારા ગોકુળ રેવાળા"

રામચંદ્રજીનાં લગ્નમાં જાણે ગગન-નિવાસી સાજન મંડળ મળ્યું-

"નવલખ તારા જોઇ રીયા રામૈયા રામ.
આભનો તે કીધો માંડવો રામૈયા રામ
વીજળીની કીધી વરમાળ રે રામૈયા રામ"

આટઆટલી વસ્તુઓથી પરિચિત બન્યા પછી તેની વચ્ચે વસતો

લોક-સંઘ જાણે કે આપણને અતિ જૂની ઓળખાણ વાળો લાગે છે. ગામનો કારીગર વર્ગ, વેપારી વર્ગ, વસવાયાંઓ અને અસ્પૃશ્યો પણ આ રાસડાઓની પારંપાર ભાવભીની સંસારગાથાઓમાં સ્થાન પામી રહ્યાં છે. માળીડા રાજાજીના ગજરા અને રાણીજીના હાર ગૂંથે, વાંઝા રાજાજીનાં મોળીઆં (પાઘડી) અને રાણીજીનાં ચીર વણે, સોનીડા વાંકિયા અને ઝાલ બનાવે, સુતાર ઢોલિયા અને હીંડોળાના ઘાટ ઉતારે, લુહાર દીવડા અને બપ્પરની સાંકળી ઘડે; એટલું વર્ણન હરકોઈ રંગીઆમણા ગામની રિદ્ધિ બતાવવા બસ થાય છે. ગામની નારીઓ કસૂંબીઓની દુકાને ચૂંદડી વોરવા, મણીઆરની દુકાને ચૂડલા વોરવા, કંસારાની દુકાને તાંબડી વોરવા હર્ષભેર નીકળી પડે છે તેનું મસ્તીભર્યું ચિત્ર કેટલાં યે ગીતોમાં અંકાયલું છે. વસ્ત્રાભૂષણો ઓઢી પહેરીને તો સદાય પાણી ભરવા સંચરવાના કોડ જાગે છે. જીવનના અલંકાર પોશાકમાં તેમ જ ઘરના રાચરચીલામાં જનસમૂહને જે રસ હતો તે જ રસ કાવ્ય વાટે ઢળીને આ કારીગર કોમોને પણ ભીંજવતો હતો. સ્ત્રીઓના રાસડામાંથી ઢોલ બજાવનાર ભંગી પણ બાતલ નથી રહ્યા. મૈયારણ તો રસમૂર્તિ જ છે, પરંતુ વાઘરણ જેવી સ્ત્રીને પણ ખાસ વિનોદાત્મક ગીતમાં ઉતારી લેવામાં આવી છે.

પ્રવાસ-વર્ણન

લોક—સમુદાયના મહીસાગર—મેળાઓ મળે છે. પોઠયો લઇ લઇને વણઝારાઓ નીસરે છે. માર્ગો ઉપર આઘે આઘે ઝીણી ઝીણી ખેપ (ધૂળ) ઊડતી આવે છે. દેશ પરદેશથી હાથી, ઘોડા, બળદો, વેલડી, ચૂંદડી વગેરે મોહક સામગ્રીઓ આવે છે. પરંતુ રમણીઓ નિઃશ્વાસ મૂકીને ગાય છે—

> "છેલ છોગાળો હોય તો મૂલવે,
> ડોલરિયો દરિયાપાર......મોરલી વાગે છે."

એવા રસિક સ્વામી વિના આવી વસ્તુઓ બીજું કોણ લઈ આપે ? વિદેશ બેઠેલો કંથ સાંભરી આવે છે. અને

'વા વાયા ને વાદળ ઊમટ્યાં,
મધ દરિયે ડૂબેલાં વ્હાણ......મોરલી વાગે છે'

એવી વર્ષાઋતુમાં કુંજડીઓની સાથે સંદેશા છૂટે છે. આમ પ્રવાસનાં પ્રેમભીનાં વર્ણનો વારંવાર આ ગીતોમાં ડોકિયાં કરે છે. વિદાય વખતના પ્રસંગોમાં, પતિના પ્રવાસની ત્રણે ઋતુઓની ફિકર કરનારી સ્ત્રીને પતિ જવાબ આપી રહ્યા હોય છે કે,

"ભેળાં રેશમી ગાદલાં લેશું, શિયાળો શું કરે રે લોલ.

* * *

ભેળી ચમ્મર છતરી લેશું, ઉનાળો શું કરે રે લોલ,

* * *

ભેળા ભીણીઆ બાફા લેશું, ચોમાસું શું કરે રે લોલ"

એ સૂચવે છે કે તે કાળના પ્રવાસો વર્ષોનાં વર્ષો સુધી લંબાતા હતા, વિયોગની પ્રબળ વેદનાના એ પ્રેરક હતા, અને પુનર્મિલનના આનંદો

"ચારણ ઘેરે આયો રે
"જુંબે ચારણ ઘેરે આયો,
"લીલુડા નેસવાળો રે
"જુંબે ચારણ ઘેરે આયો."

એવી આવેશભરી પંક્તિ વાટે ધસમસતા હતા. આપણાં બાર-માસી ગીતો પણ એ જ લાંબા વિરહો અને પ્રવાસોમાંથી નિર્ઝરતાં હતાં.

"ઊંચી મેડી તે મારા સાયબની રે લોલ,
"નીચી નીચી ફૂલવાડી ઝુકાઝુક,
"હું તો રમવા ગઈ'તી રે મોતી બાગમાં રે લોલ."

એવી ઊંચી ઊંચી પોતાના પિયુની મેડી, અને નીચે ઝુકાઝુક જામેલી ફુલવાડી, તેમાં પ્રેમિકની દૃષ્ટિ પડે તેવી રીતે રાસડે રમવા જવું, એ સ્ત્રી-હૃદયની ભૂખ હતી.

લોક-જીવનના આનંદો

આતિથ્યની ભાવના તો એટલી પ્રબળ હતી કે,

"કે'દુની જોતી'તી વાટ, મે'માન આવ્યા"

*　　　*　　　*

જોગીડો ઊતર્યો, સેજ વડલા તળે રે લોલ.

એવાં અનેક ગીતોમાં અતિથિ-સત્કારના કોડ અંકિત થયા છે. પોતાનાં પ્રિયજનોને સાદ કરતી નારીઓ આતિથ્યની અટપટી વિધિઓમાં નથી સમજતી. સમજે છે માત્ર એટલું જ કે,

"શેરી વળાવી સજ કરું ઘેરે આવોને,
"આંગણીએ વેરું ફૂલ, મારે ઘેરે આવોને."

દાતણ કરવા સોનાની ઝારી, નાવણ કરવા ત્રાંબાકૂંડી, ભોજનમાં કંસાર, ત્રાંબાના ત્રાંસમાં ઠારેલો શીરો, પોઢણમાં સાગ સીસમના ઢોલીઆ, હીંડોળા ખાટ, રેશમી ગાદલાં, ભેરવના ઓછાડ, અટલસનાં ઓશીકાં, ગલવટ ગાલમસૂરિયાં, વીંઝણા, સાંગામાચી, પારણાં, ચમ્મર છતરી, ચાખડી, રૂમાલ, ચોખા અને કંકાવટી, ધુપેલ તેલ, પાણી ભરવાનાં બેડાં અને ઓસરીઆળા ઓરડા: એ બધી જીવતરની રસ-સામગ્રી લેખાતી. એમાંથી કવિતાની છોળો ઊછળી છે. એટલું જ બસ નથી. ગેડી દડાની રમતો, ઠેર ઠેર વાગતી ઝૂલણ મોરલીઓ, પિતળિયાં પલાણવાળા હંસલા ઘોડા ઉપર કે રોઝડી ઘોડી ઉપરની સવારીઓ, ઘર પછવાડેની ફુલવાડીઓ, એનાં મહેકતાં અને વાલમ વિના કરમાતાં ફૂલો, વનમાં બંધાતા હીંડોળા અને હીંડોળાની નીચે હિલોળા લેતાં

સરોવરો, આસોપાલવની અને કદંબનો છાંયડીઓ, પારસ પીપળાઓઃ એ બધાં પણ પ્રજા–પ્રાણની કોઈ અનંત ક્ષુધાને સંતોષતાં તેમજ અતૃપ્તિનો અગ્નિ સળગાવતાં, આ રાસડાઓમાં રજૂ થાય છે. વનવાસી જીવનનો આ બધો રાજ–વૈભવ આજ કેવળ ગીતોમાં જ રહી ગયો છે. આજે નવા રાસ રચાય છે તેમાં યે આ તળાવડી, સરોવર, સોના ઇંઢાણી ને રૂપા બેડલાં, સરિતાના આરા, આસોપાલવ વગેરે ગ્રામ્ય–જીવનની સામગ્રીઓ જ સ્થાન પામે છે. પાણીનો એક લોટો પણ માથે ઉપાડી ન જાણનારી કે સરિતાના કિનારાથી સદા છેટે જ નાસનારી નવા યુગની નારીઓને પણ આખરે અસલી જીવનની જ ગાથાઓ ગાવી પડે છે. કારણ કે કાવ્ય તો ખુદ વસ્તુઓની અંદર જ રહેલું છે. કૃત્રિમતાને સાચા કાવ્યમાં નહિ ઉતારી શકાય.

લોક-જીવનના વહેમો

નદીનાં નીરમાં નહાતી વેળા કોઈ કમળ ફૂલ તરતું આવે અને તરૂણ કુમારિકા એને સૂંધતાં જ ગર્ભ ધારણ કરે, એવી અજાયબ બીનાને લોક–જીવનમાં અને લોક–કવિતામાં સ્થાન હતું. સંતતિને કારણે રાજાઓ દેવતાઓને પ્રસન્ન કરવા જનહિતકારી જળાશયો બંધાવતા અને જળાશયને પગથિયે પગથિયે દીપમાલા પ્રગટાવતા. પાણી ખાતર જળાશયને જીવતાં માનવીઓના બત્રીસા ચડતા. સંતાન ખાતર રાંદલ દેવીને અને જમિયલ પીરને નૈવેદ્ય ધરાતાં. દયાળુ પીર ગાય જેવા પૂજનીય પ્રાણીનું બલિદાન સ્વીકારવા ના પાડતો અને એની સાક્ષી રૂપે, ગાયની ખરીઓ પથ્થરમાં છપાઈ જતી. દેવીઓ આવીને વડલા વાવી વાવી ઊછેરતી. એને પાંદડે પાંદડે દેવીઓના દીવા બળતા ને ડાળીએ ડાળીએ દેવીઓ નૃત્ય કરતી. યુદ્ધે ચડનારા વીરને શંકર ભગવાન્ હોંકારો દઈ સાવધાન કરતા કે ભરી પીઠીએ અને બાંધ્યે મીંઢાળે જતો નહિ. યુદ્ધમાં મરવા જ સરજાયલો યોદ્ધો પોતાની વિદાયને સમયે અમંગળ

ચિહ્નો જોતો; ઊંબરમાં એનો પગ લપસતો; બારણામાં એની પાઘડી ભરાતી; ખીંતીએ એનું ભાલું અટવાઈ જતું; ઘોડી છોડતાં છીંક થાતી; લાકડાંની ભારી અને કાળે બેડે કુંભારણ સામે મળતી. આડો સર્પ ઊતરતો. ગામલોકો એને રોકવા મથતા. આવી રીતે માનવીના ભાગ્ય-વિધાનમાં જગતની અદૃશ્ય શક્તિઓ આટલો ઉઘાડો ભાગ લેતી. લોક-કલ્પનાને આવા ચમત્કારોમાંથી જબ્બર બળ પ્રાપ્ત થતું. દેવ દેવીઓ જાણે કે માનવ-સૃષ્ટિની અંદર, માનવોને દુઃખે દુઃખી અને માનવોને સુખે સુખી થતાં આંટા મારતાં. આવી માન્યતાઓએ લોક-જીવનને રમ્યતા અને ભીષણતા એવા બન્ને રંગે રંગી દીધેલ હતું.

લોક-ગીતોમાં ગવાયલા દામ્પત્યમાંથી તો

'ઓશીકે નાગરવેલ્ય પાંગતે કેવડો રે'

એવી સોડમ ઊઠે છે. પરણીને આવતી નવવધૂ શું લાવે છે?

'લાવશે તેલ ધુપેલ કે ફૂલ ભરી છાબડી રે.'

પત્નીની દૃષ્ટિએ ભરથાર તો 'ગુલાબી ગોટો' બનીને ગવાયો છે. અને એવા ગુલાબની સાથે વસનારી નારી પોતાના માટે કેવી કલ્પના કરે

"ફુલડિયાંની ફોર્યું સાહેલી મારી ચૂંદડીમાં રે"

× × ×

"તારી સેજડીમાં ફૂલ રે રંગ રસિયા"

એવો ઉગ્રમાં ઉગ્ર શૃંગાર લોક-બેલડીના જીવનમાંથી મઘમઘી ઊઠે છે. દંપતીને હીંચકવાના હીંડોળાઓ જાણે કે આસોપાલવની કે પારસ

દામ્પત્યના રંગો

પીપળાની ડાળે ઝૂલી રહ્યા છે. રૂમાલો સામસામી અદલાબદલી થઈ રહી છે. હીંચકે પડતાં પડતાં પતિને માથે 'ખમા' 'ખમા' આશિષો જાણે કે વરસતી સંભળાય છે. પતિને ફરીવાર પરણાવવાન

રમૂજી લાડકોડ થઈ રહ્યા છે. એમ જીવનનો ઉલ્લાસ લોકભોગ્ય સ્વરૂપે ગવાયો છે, હજુ યે ગવાતો આવે છે. અને ઉલ્લાસને બીજે પડખે સંતાપ જો ન હોત તો જગતમાં કરૂણાની કાવ્ય-સરિતાઓ ક્યાંથી ચાલત?

"અસતરી નો મારીએ રે,
ઊંબરાની રખવાળ મારા વા'લા."

એવી અનુકમ્પાભરી પંક્તિઓ ક્યાંથી અવતરી હોત? ચંદનની ડાળ સરખી ગુજરાતણ પુરુષના વિકાર, વિદ્વેષ અને કોપની જ્વાળાઓમાં સળગતી સળગતી આ સુગંધ-ગીતો પ્રસરાવતી ગઈ છે. પતિએ એના ઉપર શોકયો આણી છે, અને ખારે બળતી નારીઓએ શોકયના સંતાપમાંથી પણ ટોળ-ગીતો ને મર્મ-ગીતો ખેંચ્યાં છે. 'સાયબાનાં લગ્ન' અને 'ઝેરી કાંટો' એ બન્ને ગીતોમાં શોકય પ્રતિની ખીજ વિનોદનું રૂપ ધરીને તંગ લાગણીઓને વહાવી નાખે છે. પોતાના એવડા કંથનું બૂરું થજો, એવું એ દાઝે બળતી બોલતી હોય, પણ એના મનમાં તો 'ધણી ખમા'ની જ લાગણી ગૂંજે છે. વાલમના પ્રવાસો; રોકવાની આજીજીઓ : વિયોગના બાર બાર મહિનાની બદલાતી ઋતુઓ દેખી દેખીને એના હૈયામાંથી નીકળતા પોકારો : પતિની ગેરહાજરીમાં તેલ, ફૂલ અને મેંદી જેવા વૈભવનો અણગમો : ખાતાં પીતાં ને સૂતાં બેસતાં પતિનાં સ્મરણો: ઢળી જતી ઝારીઓ, ઝરી જતા કોળીઆ અને લળી જતી સેજડીઓમાં

"મોર બોલે મધુરી રાત રે
નીંદરા નાવે રે.
હું તો સૂતી'તી સેજ પલંગ રે
ઝબકીને જાગી રે."

એવી વિરહાકૂલ દશા : સૂની સેજલડી : અને કુંજલડીની સાથે છૂટતા સંદેશાઓ : એ બધાં નારી-હૃદયનાં દર્શન છે. તેની

સામે, કદી કદી છોગલે આંસુ લહોતો તો કદી કદી અવળા સવળી ઠોંટ અને ડાબા પગની મોજડી મારતો, કદીક હેતે હેતે પત્નીના હાથના પથ્થરો ખમી લેતો અને વધુ કોપે ભરાય તો વહુનાં 'માથડાં' પણ વાઢતો ભરથાર આ લોક–ગીતોમાં તરવરે છે.

સાસરિયું

સાસસ્વાસની જિંદગીએ ઘણી કરુણ ઘટનાઓ જન્માવી છે તેની છાપ લોક–ગીતો ઉપર ઊંડી પડી છે. સાસરી–જીવન સામેની નારી–હૃદયની ચીસ સાદામાં સાદી રીતે કેવી તીક્ષ્ણ વાણીમાં ને કેવા જલદ ઢાળમાં નીકળી પડી છે?

'પિયરિયું અત વા'લું રે ના મા,
ને જાઉં સાસરીએ રે'

'વઢીઆરી સાસુ' ના સંતાપ પણ એવી જ ભેદક ભાષામાં ગવાયા તે આગળ જોઇ ગયા છીએ. લાજ કાઢવી, પાણી ભરવાં, દળણાં દળવાં, અરે 'વહુ' એવું અળખામણું સંબોધન સાંભળવું, તે પિયરના મુક્ત જીવનમાં મહાલતી દીકરીને ઝેરના ઘૂંટડા જેવું વસમું લાગે છે. તેમ બીજી બાજુ કોઈ 'રંગભર રસિયા'ની રસિકા 'રાણી રાજવણ'ને સુખ સાંપડયાં હશે એટલે એણે તો 'તને વા'લું કોણ ?' પ્રશ્નના ઉત્તરમાં સાસરા ને પિયર બન્ને ઉપર સરખી જ વહાલપની સરિતા વહાવી. પણ એવાં દૃષ્ટાંત દેનારાં ગીતો તો વિરલ છે. સાસરિયાના કાળા ધોળા રંગોની છાપ જોવી હોય તો લોક–ગીતોમાં પ્રત્યેક સ્વજનને માટે કેવાં વિશેષણો યોજાયાં છે તે વાંચીએ :—

સાસરો : એટલે તો ડોલતો ડુંગર : રણમલ રાજીઓ : ગામનો ગરાસીઓ : ચોરાનો ચોવટીઓ : અરજણ ભીમ : એની લાજ કાઢયાની હામ થાય. એ બધાં તો મહત્તા સૂચવનારાં સંબોધનો. પણ

કોઈ કોઈવાર સસરાજી 'સૂળીનું ફૂલ' પણ બની જાય છે. દાઝ ચડે ત્યારે 'સસરા માથે શિલા ઢળી' પણ કહેવાય છે.

સાસુ : સાંગામાચીએ બેસનારાં : ખળખળતી નદીએ નહાનારાં : સમદર લે'ર : (સમુદ્રની લહરી) : દેવ–દર્શને જનારાં : એમને પાયે પડયાની હોંશ થાય, એટલી એમની મોટપ : એટલી એમની પૂજ્યભાવ પ્રેરનારી વૃદ્ધાવસ્થા : ત્યારે બીજી બાજુ એમના સ્વભાવનું કેવું દુઃખદ દર્શન અકેકેક વિશેષણમાં થઈ રહે છે ! એ તો નુરજણ નાગણી : દળણાં દળાવનારી, વહુને ઓશીકે ઈંઢોણી અને પાંગતે સીંચણિયું મેલી પાછલે પરોડિયે પાણી ખેંચાવનારી : ઝઘડો માંડનારી : પુણીએ પુણીનો હિસાબ માગનારી : એને તો નાગણી ડસે ! એવી વધૂ–હૃદયની જ્વાળાઓ કાવ્યોમાં સળગે છે.

જેઠ : ઘોડાંનો ખેલવનારો, અષાઢીલો મેહૂલો, એની હાજરીમાં તો કુલીન વધૂને

'ઝીણું બોલ્યાની ઘણી હામ રે'

પણ એની વસમી બાજુ યે ખરી. એટલે જ

" સાસરિયામાં મારા જેઠજી ભૂંડા,
"લાજડિયું કઢાવે રે, ના મા, નૈ જાઉં સાસરીએ રે"

જેઠાણી : મારી જોડીદાર : સદાય બેટડો ધવરાવતી : વાદળની વીજળી શી : પણ જેઠાણી એટલે તો વાદડિયાં વદનારી પણ ખરી.

દેર : તો હસ્યા બોલ્યાનું ઠેકાણું : દડૂલા દોટાવતો હોય : દરિયા ગ્રાંયલો દેડકો : દેવળસંગના દેરા જેવો : નાનો દેરીડો એ તો લાડકો: વાટી ઘૂંટીને મેંદીના વાટકા લાવે : લવીંગની લાકડી જેવો : તરવારના ઘા જેવો.

દેરાણી : ઢીંગલે ને પોતીએ રમતી; નાનેરૂં બાળઃ દેરા માયલી પૂતળી જેવી: મારી જોડય. દેરાણીનું ચિત્ર સર્વત્ર નિર્દોષ, મધુર ને દયાપ્રેરક છે.

નણંદ: ઊડણ ચરકલી–એ તો આખરે

"ઊડી જશે પરદેશ વા'લા."

સોનાની થાળીમાં જમનારી: લાડકવાયી : પિયરમાં રાડ કરામણ પણ ખરી: કટકડાના ઘોડા જેવી: કુટુંબમાં એનું સ્થાન, વહુ પાછળ નીમેલા જાસૂસનું છે.

નણદોઇ : વાડી માયલો વાંદરો : જટાળો જોગી : નણદોઈ બાવો બને અને નણંદ રઝળી પડે, એ તો ઘણીયે ભોજાઈઓની વાંછના હોય !

ભાઈ–બહેન

પરંતુ કુટુંબ સંસારનાં આ નવરંગી ચિત્રોમાંથી સર્વોપરિ ચિત્ર તો ભાઈ–બહેનના સ્નેહનું છે. પતિનો માર ખાઇને લોહીલોહાણ થયેલી પત્ની પિયર ચાલી આવે ત્યારે ચોરે બેઠેલો દાદોજી, સાંગામાચીએ બેઠેલાં માતાજી અને બેટડો ધવરાવતાં ભોજાઈ તો પાધરો એવો જ પ્રશ્ન કરે છે કે—

"કાં રે દીકરી વગર તેડયાં આવ્યાં જો"

દીકરીને પૂરો શ્વાસ પણ લેવા દીધા વગર, એને સુખદુ:ખના સમાચાર પણ પૂછ્યા વગર સીધેસીધો આવા પ્રશ્નનો હુમલો શા માટે થાય છે? એટલા માટે કે માવતરને તો પોતાની આબરૂ વહાલી છે. મૃગલી જેમ શિકારીઓથી ઘેરાય તેમ આવા આક્રમણ વચ્ચે વીંટળાયેલી દીકરી આખરે જ્યારે ભાઈની પાસે જાય છે, ત્યારે ભાઈ બોલી ઊઠે છે કે

"ભલે રે બેની વગર તેડ્યાં આવ્યાં જો.

"ઊંડા વહુજી ઊનાં પાણી મેલો ને
સેંજલને ચોળીને નવરાવો જો."

એ જ રીતે ભોજાઈએ દુભવેલી બહેનને પાછી વાળીને માડીજાયો બોલી ઊઠે છે

"તારી ભાભીને પિયર વળાવું, તમે જન્મારો રિયો
મોહનરાયનું ઝૂમખડું રે."

બાર બાર વરસ થયાં સાસરિમાં રિબાતી બહેનને મળવા માનો જણ્યો વેલ્ય જોડીને જાય છે અને પાણી ભરતી બહેન એ વિસરાયલા વીરને કેવી રીતે ઓળખી કાઢે છે!

"ઓળખ્યો ઓળખ્યો રે માની આંખ્યુંની અણુસાર,
બાપની બોલાશે વીરને ઓળખ્યો રે."

અને પછી તો ભાઈનાં સ્વાગત: ભાઈની પથારી: આખી રાત એ પથારી પાસે બેસીને અંતરની કોથળી ઉઘાડી કરેલી સુખદુ:ખની વાતો: વેદનાભર્યા વીરે બહેનને પોતાનાં સાસરિયાં છોડીને પોતાની સાથે ચાલવા કરેલી વિનવણી: ભોજાઈના ભયથી બહેને પાડેલી ના : વીરાને ભેટીને પછી દુ:ખિયારી બહેને ભાદર નદીમાં કરેલો આપઘાત: કોઈ કાવ્યની અંદર વળી સાસુડીએ કે 'નણદી જહોદણી'એ વીર બાંધવને કરાવેલાં વિષપાન: બહેનીભાઈનાં ધ્રુસકે ધ્રુસકે રૂદન: વગેરે આખો ઇતિહાસ અશ્રુભીંજયો છે. એમાંથી જ સ્વ. બોટાદકરનું "ભાઈબીજ" સરી પડ્યું ભાસે છે. ભાઈ-બહેનની સ્નેહ-કથાએ તો લોક-ગીતોમાં આડો આંક વાળ્યો છે. બહેનને માથે સાસરિયામાં સિતમ થાય, તો તુરત જ બહેન સંદેશા મોકલાવે કે—

"મારા વીરાને જઇને કે'જે રે,
વીરા બેનીજી દુઃખિયારાં રે શામળિયાજી."

એટલી જાણ થતાં તો

"વીરે સો રે ઘોડે સો હાથીએ
વીરે પાદર ડેરા તાણ્યા રે શામળિયાજી."

વીરો સૈન્ય લઈને ઊભો જ છે ને! સમર્થ ભાઈ હોય તો શસ્ત્રો બાંધીને બહેનને ઉગારવા આવે, અને ગરીબ હોય તો ? તો વેલ્ય લઈને તેડવા આવે. આડી ઊંડી નદી હોય તો,

"વીર કેડે લઇ તૂંબડાં બાંધો
"વીર કેડે લઇ તૂંબડાં બાંધો રે
"તૂંબડલે તરતા આવો."

એ રીતે સંકટ વેઠીને પણ આવે, અને બહેનને આંગણે કમોતે મરે.

બાળક

લોક–જીવનમાં બાળકનું સ્થાન કેવું હતું ? એ બતાવવા માટે વાંઝણી માતા 'વાંઝિયાં મેણાં' (ર. રા. ભા. ૧) સહન ન થવાથી રાંદલ દેવીને મંદિરે જે ગદ્‌ગદિત પ્રાર્થના કરે છે તેને યાદ કરીએ. લીંપેલા ગુંપેલા આંગણા ઉપર નાજૂક પગલીઓ પાડનારો, ઘંટીના થાળામાં લોટની શગ ચડેલી હોય તે પાડી નાખનારો, રસોઈ કરતી માતા પાસે નાનકડી ચાનકી માગનારો અને માતાના ધોયા ધફોયા સાડલાને ખૂંદી ખરાબ કરનારો એક બાળક મળે ! એ માતૃ–હૃદયની અમર ઝંખના છે. એને તો જોઈએ છે કોઈ, પોતાની સુંદરતાને બગાડનારૂં, કોઈ પોતાના કામમાં વિક્ષેપ પાડનારૂં ! તલસાટનું એ ચિત્રણ કેવા વૈચિત્ર્યમાંથી સરજાવાય છે ! 'કિનખાપનાં ઘોડિયાં અને હીરની દોરી' જે ઘરમાં ન બંધાય તે ઘર લોકોને મન સ્મશાન હતું.

સીમન્તનો મહિમા અને જન્મ–સમયની મંગળ વિધિઓ (જનેતાના હૈયામાં: પૃષ્ઠ ૫૬) સબળ ભાવે ગવાયેલ છે. પહેલા ખોળાનો બેટડો લઈને પિયરથી સાસરે ચાલી આવતી નારીનું આવું ચિત્ર મળે છે—

"ઝીંઝવે ચડી જોઉં ત્યાં કોઇ માનવી આવે
ઘૂઘરિયાળી વેલ્યમાં નાની વહુ આવે
ખોળામાં બાવલ બેટડો ધવરાવતી આવે
દૂધે ભરી તલાવડી નવરાવતી આવે
ખોળામાં ખારેક ટોપરાં ચવરાવતી આવે
થાળ ભર્યો શગ મોતીએ વધાવતી આવે"

અને ત્યાર પછી તો એ બાલકનો મહિમા બતાવનારાં કેટલાંક હાલરડાં છે. એ તો કોઈ વિકારજન્ય વસ્તુ નથી, પણ દેવની દીધેલી અણમૂલ ભેટ છે, જીવનની લક્ષ્મી છે, એનું ગૂંજન આ હાલરડાંમાંથી ઊઠે છે. એને નવરાવવો, ધોવરાવવો, શણગારવો, સુવાડવો, જગાડવો, જમાડવો: એવી પ્રત્યેક ક્રિયાઓને આ ગીતોમાં ઉતારેલી છે. એને પોઢાડતી વેળા બાળ ગોપાળ શ્રી કૃષ્ણ પ્રભુનાં બાલ-ચરિત્ર ગવાયાં છે. એનાં રિસામણાં મનામણાં પણ કવિતાની સામગ્રી થઈ પડી છે. સહેલાઈથી ન સૂવે તેવા શિશુને પોઢાડતાં પોઢાડતાં એની માયાળુ જનેતા થાકતી નથી. એ તો–

"હાલ્ય વાલ્ય ને હાંસી
લાડવા લાવશે ભાઇની માસી,
હાલ્ય વાલ્ય ને હડકલી
ભાઇને ઓઢવા જોવે રે ધડકલી,
ભાઇ મારો છે સાગનો સોટો
આવતી વહુનો ચોટલો મોટો."

ઇત્યાદિ સો પચાસ અર્થશૂન્ય જોડકણાં શીઘ્રતાથી જોડયે જ જાય છે. પરંતુ એ દેખીતી અર્થશૂન્યતામાં લાલન પાલનનો અત્યંત મૃદુ,

રેશમી દોરો પરોવાતો જ આવે છે. બાળકને મારવા સામે તો લોક-હૃદયમાંથી સાદામાં સાદી રીતે મર્મવેધી મા-કાર થયો છે કે

"બાળકડું નવ મારીએ રે
ઊમરાનો રખેવાળ મારા વા'લા"

જો પશ્ચિમના મુલકોની વન-કવિતા-Pastoral Poetry-ને રસસાહિત્યના લતામંડપમાં તેમજ આપણા શિક્ષણ-ક્રમમાં માનવંત આસન છે, તો આ ગુર્જર ગોપ-ગીતો

લોકગીતોનું કાવ્યત્વ પણ એને પડખે બેસવા લાયક છે કે નહિ તેનો નિર્ણય ગુજરાતે કરવો ઘટે. પાશ્ચાત્ય ગોપ-ગીતોની સાથોસાથ આ ગુર્જરી ગોપ-ગીતોનો comparative study-તુલનાત્મક અભ્યાસ કૉલેજનાં યુવક યુવતીઓમાં યત્કિંચિત મંડાયો હોવાનું જાણ્યા પછી તો અત્રે એટલું ચીંધાડવાનો લોભ થઇ જાય છે કે

૧ Lyrical element-ઊર્મિગીતનું તત્ત્વ તો આ સંગ્રહમાં લૂંબી ઝૂંબી રહ્યું જ છે.

૨ Longer narrative poetry-લાંબા વર્ણનાત્મક ચિત્ર-કાવ્યનાં પરમાણુઓ પણ 'રાણકદેવડી' જેવાં ઐતિહાસિક કાવ્યોમાં બંધાયાં ભાસે છે. ઊર્મિઓને સંયમમાં રાખીને લોક જનતાએ ધીરજ ભર્યું કસબકામ કે કોતરકામ કરવાની પોતાની કલાધરતા એવાં ઘટનાઓથી ભરપૂર લાંબાં કાવ્યોમાં પુરવાર કરી આપી છે. વાસ્તવિક તો, જે આંગળીઓ નાજૂકમાં નાજૂક ભરત ગૂંથણ કરીને કૈં કૈં રંગોનું કે ચિત્રોનું ધીરું સંવાદિત્વ કૅનવાસ ઉપર કે મોતીનાં તોરણો ઉપર ઉઠાવતી હતી, અને જે કંઠ-સ્વરો આટલા વિગતભર્યાં, સુવિકસિત અને સાંગોપાંગ મેળવાળાં શબ્દ-શિલ્પ કરી ગઈ છે, તે આંગળીઓ

અને તે સ્વરો, બન્નેની પાછળ એકનો એક જ કલાવિધાની આત્મા ખડો હતો. બન્ને કલા–પ્રદેશોમાં એ જ કલાધરની કલા ગુંજતી હતી. એ બધી તો Unconscious art–સ્વયંભૂ અને નૈસર્ગિક કલા હતી. કલાયુક્ત જીવનનું જ એ આવિષ્કરણ હતું. એટલે જ 'નગર સાસરે' (ર. રા. ભા. ૧) નો મર્મવેધી રાસડો

"નગરથી બાનાં નાળીએર આવિયાં"

એવા લગ્નના ઉલ્લાસ સાથે આરંભાય છે: કરિયાવરની મહામૂલી તૈયારીઓ કરાવતી વિધવા રાજમાતા દેખાય છે: આખા નગરનું લોક જોવા મળે છે: કાકાબાપુ કરિયાવરમાં કાંઈ ઊણપ રહી હોય તો તે પૂછવા આવે છે: ઓશિયાળી રાજકુમારીને હૈયે એ છલકાતા સુખ વચ્ચે વિદેહી પિતા અને માડીજાયા ભાઈનો અભાવ સાલે છે. માથું ગૂંથીને માતા મીઠડાં લે છે: 'દાજીરાજનો દીવડો' સાસરે સિધાવે છે: નવાનગરની બજારે ભાવનગરના રાજમાંથી પુત્રવધૂ આટઆટલી પહેરામણી સાથે ચાલી આવે છે ત્યારે એના સાસરિયાના રાજમહેલમાં શો શો ઉછરંગ મચી રહ્યો છે? અંતરીનાં પ્રત્યેક સ્વજનો કેવી કેવી ઊર્મિઓ અનુભવે છે–

"ઓરડેથી બાની સાસુ જોઈ રહ્યાં,
"ક્યારે આવે ભાણેણાંનાં રાજ રે"

સાસુને તો બીજું કશું ય જોવાનાં નેત્રો નથી. એની આંખો, સ્ત્રી–પ્રકૃતિને સહજ એવી રીતે કેવળ 'રાજ'ને–સમૃદ્ધિને, કરીઆવરને જ ઝંખે છે; જ્યારે સસરો

'ક્યારે આવે ભાણેણાંનાં તેજ રે'

પોતાની પુત્રવધૂને ભાવનગરનું 'તેજ' કહી, કુળલાજની ઉજ્જ્વલતા માગી રહ્યો છે. પરંતુ રાજકુમારીનો સાયબો પેલો કુમાર પોતાની

અટારીમાંથી ડોકાઈને શાની વાટ જોઈ રહ્યો છે! એને નથી જોઈતું 'રાજ' કે નથી પરવા 'તેજ'ની. એ બે આંખો તલસે છે કે

'ક્યારે આવે ભાવેણાનાં રૂપ રે'

એમ અકેક શબ્દમાં ઊંડા ઊંડા મનોભાવોનો, ભિન્ન પ્રકૃતિઓનો ધ્વનિ ઉતારી દીધો છે. અને ત્યાર પછી જ્યારે પુત્ર-વધૂ આવી પહોંચે છે : રાજ તેજ અને રૂપના હિલોળા છૂટયા છે : સુખનો મેરામણ હેલે ચડયો છે : શયનગૃહમાં પળે પળે વાટ જોઈ બેઠેલા સાયબાનું અંતર ધબકારા મારી રહ્યું છે : હમણાં જાણે ભોજનથાળ લઈને આવતી સુંદરી મેડીના પગથિયાંને સળવળાવશે ; ત્યારે બીજી બાજુ શી ઘટના બની જાય છે. :-

"સાતે શોકયુંની આપેલ ચૂંદડી'
"ઓઢાડી ને કાળી પાડી ચીસ રે"

એ ચીસ છેલ્લી હતી. કેમકે ચૂંદડીમાં જીવલેણ ઝેર ભેળવાયું હતું. પછી તો સોનલાવરણી બાની ચેહ બળે છે : અને રૂપલાવરણી બાની રાખ ઊડે છે : સચોટ Dramatic irony : તદ્દન યત્ન વિનાનું એ કલાવિધાન છે. ૪૦-૫૦ વર્ષ પૂર્વે ભાવનગરની સડક ઉપર ટીપણી ટીપનારી કોઈ વિસરાયલી મજૂરણના કંઠમાંથી અજરામર દેહ ધારણ કરીને બહાર પડેલી આ કૃતિ એ unconscious art નો આબાદ નમૂનો છે.

૩. ધ્વનિ-કાવ્ય, એ જો ઉચ્ચમાં ઉચ્ચ કોટિનું કાવ્ય ગણાતું હોય તો તેની કસોટી પર પણ ચડાવી શકાય તેવી વ્યંજનાત્મક કૃતિઓ આ પ્રદેશમાં વેરાયલી પડી છે.

૪. થોડામાં થોડે શબ્દે જે સચોટ ચિત્રો જન્માવે, જેનો રણકાર કાનમાંથી ખસે નહિ, જેમાં શબ્દની વધ કે ઘટ સહન કરી શકાય

નહિ, તે કાવ્યને સંસ્કારી કાવ્યવિવેચનાએ ઉત્કૃષ્ટ મનાવ્યું છે. જાપાની કવિતા પોતાની મિતભાષિતાને માટે કાવ્ય-સાહિત્યમાં પંકાય છે. તો લોક-ગીતોની અંદર 'રમકડાં'નું સ્થાન પણ ઉત્કૃષ્ટ જ ગણાય. એ મદભરી કે દર્દભરી મલપતી કે નૃત્ય કરતી અકેકે અને બબ્બે પંક્તિઓએ અનેક અજરામર ચિત્રો આલેખ્યાં છે. જેમ કે

"રમવા નીસરી, ચૂંદડી વીસરી રે
કાન તારે તળાવ, રૂમઝુમતી રમવા નીસરી."

એમાં મસ્તીખોર પુષ્પધન્વાના પગની ઝાંઝરીના રૂમઝુમાટ મચેલા છે. અને ચૂંદડી વગેરે આભરણોનું વિસ્મરણ તો તાદાત્મ્યનો મસ્ત ધ્વનિ કાઢે છે ! અથવા તો

"નીંદરભરી રે ગુલાલે ભરી
"આજ મોરી અંખિયાં નીંદરભરી રે"

અને

"લાલ લાલ જોગી ભભૂત લાલ જોગી રે
ભભૂત ભરાવું તારી આંખ લાલ જોગી રે"

એમાં પ્રીતિની મદવિહ્‌વળ અને ઘેનઘેરી બેભાન દશા સબળતાથી અંકાઈ ગઈ છે. અને હવે—

"વનમાં હીંડોળો બાંધીઓ, સખી શ્યામ બોલાવે,
બાંધ્યો છે વડલાની ડાળ, ગિરધરલાલ બોલાવે"

અથવા

"શેના લીધા મારા શ્યામ
અબોલડા શેના લીધા રે"

કે એથી યે વધુ દીનતાભર્યું

"હું તો દાતણિયાં લઇને ઊભી રહી રે
"દાતણ ન્યાં કરજો મારી સગી નણંદના વીર જો,
"આછુડામાં જાશું જીવણ ઝીલવા રે"

એ ગીતોમાં છલોછલ આજીજી ને શરણાગતી ભરી દીધી છે. એ નાનકડાં ગીતોને હવે વિશેષ કેટલાંક ટુંકાવી શકાશે? અથવા તો

"ઓલ્યા પાંદડાને ઉડાડી મેલો હો
પાંદડું પરદેશી."

એમાં પિયર રૂપી તરુવરની ડાળે મહાલતું દીકરી રૂપી પાંદડું : પવનના સુસવાટની માફક એને ઉપાડી જવા આવતાં સાસરિયાં : અને પરણ્યા પછી તો પરદેશણ જ બની ગયેલી એ કન્યાને ઝટપટ વિદાય કરી દેવા માટે, જુદાઇની કરુણતાને વિનોદના રૂપમાં પલટી નાખવા મથી રહેલાં પીયરિયાં : એ બધાં ચિત્રો આપણી આંખો સામે તરવરી રહે છે. અથવા તો—

"સામે કાંઠે વેલડી આવે રે
આવતાં દીઠી વાલમીઆ!
ઘડીક ઉભલા રો' તો રે
ચૂંદડી લાવું વાલમીઆ!"

એમાં આઘેથી આવતા રથના વેગીલા ઘરઘરાટ ઝિલાયા છે. અને

"કાળી કાળી વાદળીમાં વીજળી ઝબૂકે,
કાનુડો ઘનઘોર
જોને કળાયલ બોલે છે મોર"

એનું વર્ષા–વર્ણન અને

"ઝીણા મોર બોલે આ નીલી નાઘેરમાં
"નીલી નાઘેરમાં આ લીલી વનરાઇમાં"

માંહેલું લીલી નવપલ્લવ નાઘેર ભૂમિનું સમૃદ્ધિ વર્ણન અત્યંત ટુંક છતાં તેટલું જ સજીવ છે.

આવાં મૃદુ પગલાં માંડતી એની એજ લોક-કલ્પના કોઈ કોઈવાર ભવ્યતાના ભુવનમાં સંચરી છે, અને પ્રકૃતિના મહિમાવંત સ્વરૂપને પણ એણે પોતાની હથેળીમાં એક નાનો ગોટો ઝીલાય તેટલી સરલતાથી ઝીલેલું છે:-

"વનમાં ચોરી ચીતરી રામૈયા રામ,
"ધરતીના કીધા બાજોઠ રે રામૈયા રામ"
"આભમાં નાખ્યો માંડવો રામૈયા રામ,
"વીજળીની કીધી વરમાળ રે રામૈયા રામ,
"નવલખ તારા જોઇ રીયા રામૈયા રામ,
"પરણે પરણે સીતા ને શ્રી રામ રે રામૈયા રામ."

૪

લોકગીતોની બાંધણી

લોકગીતોના પ્રદેશનો સીમાવિસ્તાર કેટલો? એ વડલાની અનેક શાખાઓ : રાસડા, કીર્તનો, ધોળ, સળુકા, રામાવળા, કૃષ્ણાવળા ભજનો, દુહાઓ ઇત્યાદિ.

રાસડાની પણ જૂજવી જાતો:

૧. કથાગીતો : Ballads

૨. ઊર્મિગીતો

૩. ઋતુગીતો

૪. બાલગીતો.

૫. સંસાર–ચિત્રો

૬. મર્મ–ગીતો

કથાગીતો ક્યાં ક્યાં ?

ઐતિહાસિક કથાગીતો : જસમાનો રાસડો, રાણકદેવીનો રાસડો, દાદુભા, દાજીરાજની કુંવર, સોનલ ગરાસણી, વેલો રાવળ, બાલુડો જોગી ગોપીચંદ વગેરે, જેમાં ગ્રામ્ય ઇતિહાસના, વીરત્વના, સતીત્વના, વિષ-પ્રદાનના, અપહરણના આદિ કરુણ બનાવો ગવાયા છે.

કૌટુમ્બિક કથાગીતો : જેવાં કે મોટાં ખોરડાં, પાતળી પરમાર, વીરને વખડાં, વાંઝિયાં આદિ કુટુમ્બ-જીવનના કલેશોમાંથી જન્મતી, પણ અબોલ આત્મસમર્પણની અથવા અનુકમ્પાજનક જીવન-અંતની ઘટનાઓ.

૩. ઇતિહાસ-યુગ પૂર્વેની એટલે કે Pre-historic કાળની કથાઓ કહેતાં ગીતો : જેવાં કે હરચંદ રાજા, રામનાં લગ્ન, સીતા વનવાસ વગેરે. એને આપણે Legendary ballads કહી શકીશું.

આ ત્રણે ભાતનાં કથાગીતો યુરોપના લોકગીતોમાંથી સરખા-સરખી બહેનો મળી આવે છે. બન્નેના ઉદ્ભવ, વિકાસ અને મૃત્યુનાં પગલાં એક જ માર્ગ પર પડતાં આવ્યાં છે. બન્નેમાં સમાન લક્ષણો વિલસે છે. પરન્તુ યુરોપી વિવેચનસાહિત્યમાં ત્યાંના 'બૅલેડો'નાં મૂલ મૂલવાયાં છે, સારાં માઠાં બૅલેડને કસવાના નિયમો નક્કી થયા છે. આપણે ઘેરે આપણાં લોકગીતો હજુ વિવેચનના અધિકારને પામ્યાં નથી. તેથી આપણે આપણાં ગીતોને યુરોપી વિવેચનાની સરાણે જ ચડાવવાં રહે છે.

યુરોપી Ballad એ આપણા રાસડાની જ પાશ્ચાત્ય પ્રતિકૃતિ છે. એનસાઇક્લોપીડીઆ બ્રિટાનીકા નીચે મુજબ એનું વર્ણન આપે છે:-

ઇંગ્લાંડના રાસડા

"અસલ ફ્રેંચ ક્રિયાપદ baller: to dance પરથી જ એ Ballad શબ્દ રચાયો છે. ગોળ કુંડાળે નૃત્ય કરતી મંડળીની ગતિના તાલ સાથે એકતાલ બનીને ગવાતું લોક-ગીત એટલે ballad: લોકોએ રચેલું, લોકોને માટે જ રચેલું અને લોકોની જ મુખ-પરંપરાએ ચાલ્યું આવતું એ ગીત એની શૈલી, રસ અને ઘટનાઓ પરત્વે તો આખા યુરોપના તમામ મુલકોમાં સર્વ સામાન્ય જ હોય છે. આ લોક-ગીતોની

સુંદરતાની —એની સચોટતાની અને નિત્ય–નવપલ્લવિતતાની તો, અંગ્રેજી સાહિત્યના નરી કૃત્રિમતાના યુગમાં પણ તારીફ થયેલી છે. સર ફીલીપ સીડનીએ પણ એકરાર કર્યો છે કે " જ્યારે એક સુરદાસને મોંયેથી મેં ...ગીત ગવાતું સાંભળ્યું ત્યારે તો એ ગીતે, કોઈ રણશિંગાના યુદ્ધનાદની માફક જ મારૂં રુધિર તપાવી દીધું હતું."

* * *

"ગોવાળીઆ અને ગોવાળણોએ બીજાં ઘણાંયે મીઠાં ગીતો ગાયાં, અને આ ગીતોની સ્વર્ગીય સુમિષ્ટ જમાવટ કર્યા પછી તેઓએ ગોળ કુંડાળે નૃત્ય આરંભ્યું. " * * *

અને કેમ જાણે આપણાં જ લોક–ગીતોની ઉત્તમતા વર્ણવતો હોય તેમ આ વિવેચક લખી ગયો છે કે:–

"Ballads sprang from the very heart of the people, and flit from age to age, from lip to lip of shepherds, peasants, nurses, of all class that continues nearest to the state of natural man They make music with the plash of the fisherman's oars and the hum of the spinning–wheel, and keep time with the step of the ploughman as he drives his team. The country seems to have aided men in their making; the bird's note rings in them, the tree has lent her whispers, the stream its murmer, the village-bell its tinkling tune. The whole soul of the peasant class breathes in their burdens as the great sea resounds in the shells cast up on the shores. Ballads are a voice from secret places, from silent peoples and old times long dead;

and as such they stir us in a strangely intimate fashion to which artistic verse can never attain."

[કથાગીતો લોકોના છેક કલેજામાંથી જન્મ્યાં અને ગોવાળો, ભરવાડો તેમ જ આયાઓ જેવાં પ્રકૃતિ-જીવનની નજીકમાં નજીક આવેલા વર્ગોના કંઠોપકંઠ પેઢી દર પેઢી પ્રવાસે ચડ્યાં. નાવિકનાં હલેસાંમાં અને રેંટિયાના ગુંજારવમાં સંગીત પૂરે છે અને હળ હાંકતા ખેડુના કદમે કદમે તાલ પૂરે છે. એ ગીતોના સર્જનમાં ગ્રામ્ય સૃષ્ટિ લોકોને સહાય દેતી હોય છે; તેમાં પંખીઓએ પોતાના ટૌકા, વૃક્ષોએ પોતાના મર્મર-ધ્વનિ, ઝરણાંએ પોતાના કલકલ સૂર, અને ઠાકુરદ્વારાની ટોકરીઓએ પોતાના ટનટનાટ પૂર્યા દેખાય છે. કિનારે પડેલા શંખો કોડાઓમાં જે રીતે મહાસાગરનાં ગર્જન ગાજે છે, તેવી જ રીતે આ ગીતોની અંદર ખેડુ સમૂહનો ખુદ પ્રાણ પડઘા પૂરતો હોય છે. કથાગીતો તો ગુપ્ત નિર્જનતાના, અબોલ જનતાના અને લાંબા કાળથી વિલય પામેલા ભૂતકાળના ભણકારા છે; ને એથી કરીને જ એ આપણાં દિલોને એવી અદ્ભૂત આત્મીયતાથી ઝણઝણાવે છે, કે જે આત્મીયતાને કલાત્મક કાવ્યરચના પહોંચી શકતી જ નથી.]

Edmund Chambers નામનો અંગ્રેજ ગ્રંથકાર લખે છે કેઃ-

ગ્રીસ દેશના રાસડા

"From the beginning, it would appear, the Aryan shepherds who dwelt in the pastoral districts of Greece shared in some humble measure the gift of song which became such a wonderful thing amongst their more highly favoured kinsmen of Attica. Even to-day the folk-song of those regions is full of delicate

fancies and honeyed cadences which are unfamiliar to the peasantry of other lands. The most complete development of this native popular poetry was reached by that branch of the nation which had migrated across the sea to the sunny shores of Sicily. There was the ideal country for the shepherd life; no chill turnip-fields or desolate downs, such as are our English pastures, but patches of rich meadow hollowed in the hills, with an outlook over the blue and laughing Mediterranean; cool caves overgrown with tangles of tendrilled vine; soft beds of yellow cytisus and fragrant violet; clear springs bubbling up among tufts of myrtle and narcissus. There the cicala chirped at noonday and the languid brown-limbed men and maidens kept watch over their little flocks of oxen or sheep or goats monotonously from dawn to eve. A land of immanent haunting deities. At the yearly festivals of these deities the shepherds gathered themselves together to make merry, and extemporized chant after chant, now filled with rough but good-humoured satire, now telling sweetly the old legends of the country-side or of rustic love making, or the simple incidents of the pastoral life."

યુરોપી વિવેચનકારો ઠરાવે છે કે :

They are the stories of—

1. Heroism in danger
2. Gallantry in war
3. Constance in Love
4. The Conflict of the treacherous against the brave in battles

"ભય સામે ઝૂઝતા વીરત્વની, યુદ્ધમાં પ્રગટતા પરાક્રમની, પ્રણયમાં બતાવાતી વફાઇની અને વીરનરો સામે રચાતા વિશ્વાસઘાતની એ વાતો છે." અને "taken as a whole, they represent life in its somber (dark) rather than joyful aspect : એકંદરે જોઈએ તો એ જિંદગીની ઉલ્લાસભરી દિશા કરતાં ઉદાસીભરી દિશાને વધુ પ્રમાણમાં રજૂ કરે છે."

કંકાસ કે કરુણતા ?

કૌટુમ્બિક કંકાસ અને તેમાંથી નીપજતી નિર્દોષ વહુવારુઓની અથવા બહેન ભાઇઓની હત્યા આપણાં લોકગીતોમાં ભેદક સ્વરે વર્ણવાયલી છે. લોકગીતોને તિરસ્કારનારાઓ આવા ગીતોને પોતાના તિરસ્કારના સમર્થનમાં ટાંકી બતાવે છે અને પ્રશ્ન કરે છે કે આ જ તમારું લોક–સાહિત્ય ને ?

સાહિત્યનાં મૂલ મૂલવવામાં આવો વિચાર-ગોટાળો અત્યંત અંતરાય જન્માવે છે. યુરોપી સાહિત્યે Tragedy–કરુણરસ વિષેનું જે આખું ઉદધિમંથન કરી જગતને રત્નો ધર્યાં છે, તેનું દુઃખદ અજ્ઞાન આ દલીલની પાછળ ડોકિયાં કરે છે. એ દલીલને જોરે તો જગતમાંથી શેકસ્પીઅરનાં નાટકોનો પોણો ભાગ દેશવટે જાય અને દાન્તે, મીલ્ટન

અથવા ઇબ્સિન સમા વિશ્વમણિઓની ગરદનો છેદાય. પરંતુ જે ઘડીએ આર્યાવર્તના આદ્ય નાટયગુરૂ ભરતમુનિનું ધાર્મિક ફરમાન પણ ઉથાપીને આપણે આપણાં નાટકોને કરુણાન્તમય કરતા થઈ ગયા છીએ, તે ઘડીએ કરુણાન્તભીનાં લોક-ગીતોની કતલ ચલાવવી સહેલ નથી.

વિશ્વ-સાહિત્યનાં હોય તેટલાં ભુવનોમાં ફરી વળો : ને પછી કહો, કરુણતાનું સ્થાન કેટલું છે? અને વિનોદનાં, પ્રફુલ્લિત કથા-અંતનાં મૂલ કેટલાં અંકાય છે? શેકસ્પીઅરનું ઑથેલો, ટાગોરની નવલિકા, શરદબાબુની નવલકથા કે દ્વિજેન્દ્રનું નાટક : એમાં શું કલહ નથી? અંતરના વલોપાત નથી? મૃત્યુ નથી? મૂંઝવણો નથી? રક્તપાત નથી? ભીષણતાના પંજામાં ચંપાતું નિરપરાધી માનવ-પારેવું નથી? લોકગીતોમાં શું છે, કે જે ઉત્કૃષ્ટ સાહિત્ય-કૃતિઓમાં નથી?

હા, તમે એમ આરોપ મૂકતા હો, કે લોકગીતોમાં ક્રૂરતા અથવા કંકાસ અથવા વૈરવૃત્તિને ઉશ્કેરનારૂં, એ વૃત્તિમાં રાચનારૂં કે એનો બચાવ કરનારું લક્ષણ છે, તો તેની સાબિતી પર આપણે એ ગીતોનો પરિત્યાગ કરીએ. 'બાર બાર વરસે નાવણ્ી ગળાવી' એ કથામાં પોતાનાં પુત્ર-દંપતીનું બલિદાન ચડાવતાં માતપિતા રાચે છે ખરાં? 'દાજીરાજની કુંવરી'ના રાસડાને અંતે શું શ્રોતાજન શોકયોનાં વેરઝેર વિષેની કટુ-વૃત્તિ વા કાળી ઈર્ષ્યા-વેદના લઈ ઊઠે છે? કે નિરપરાધી કુંવરીના કોડભર્યા જીવતરના અણધાર્યા ક્રૂર અંતમાંથી પ્રેમ, કરુણા, આત્મ-મંથન અને નિગૂઢ સંસાર-ઘટનાનું ઊંડું નિમજ્જન અનુભવીને ચાલ્યો જાય છે? 'મોટાં ખોરડાં' વગોવનાર વહુના વિષ-પાનને નીરખી કયો ભાવ આપણા અંતઃકરણનો કબજો લઈ બેસે છે? "પાતળી પરમાર"ની વાર્તા આપણા કાનમાં વેર, ધિક્કાર વા ઘાતકીપણાની વાત કહી જાય છે, કે દાંપત્યના અબોલ બલિદાનની? એટલેથી જ ન અટકતાં, આપણે તો 'કડવલી' કણબણની ઘટના પણ તપાસીએ : પોતાના ખેડુ પતિ સાથેની

સરલ જીવન-યાત્રામાંથી 'કડવલી'ને કોઈ લંપટ પ્રેમિકે આકર્ષી લઈ વિલાસી જીવનના ફાંસલા નાખ્યા. બાવાની વાંસળી પર મોહ પામનાર કડવલીએ પોતાના સ્વામીને ઝેર પાયું. પોતે નવા પ્રેમિકની સાથે નહાસી ગઈ. લોકગીતના રચનારે આ બધી પતન-ઘટનાને બે ત્રણ ગીતોમાં વર્ણવી. એ વર્ણન શું કડવલીની 'હિમ્મત'ને વંદન કરે છે? એ શું વિલાસના આવાં દારુણ સ્વરૂપ પર કાવ્યનાં પુષ્પો ચડાવે છે? અથવા કંઈ નહિ તો શું એ 'કડવલી'ના elopment-પલાયનને વિનોદ-સ્વરે ગાઈ ગ્રામજનતાને લહેર ચડાવે છે? ના. કડવલીનાં ગીતો-ત્રણે ગીતો એ ભોળી ગામડિયણ યુવતીના દારૂણ અધઃપાતને આલેખી તે જીવન-વિનાશ પર ટપકાવેલ ત્રણ આંસુ સરખાં છે. જુઓ :

"ઉગમણા ઓરડા કડવી! નવ ગમ્યા રે,
ખપેડાબંધ ઓરડે મન મોહ્યાં રે
રણમાં રોળી રે કણબણ કડવલી રે!
કાચાળાં કાપડાં કડવીને નવ ગમ્યાં રે!
કોણી ઉતાર કાપડે મનડાં મોહ્યાં રે
રણમાં રોળી રે કણબણ કડવલી રે!"

એમ રણછોડ પરણ્યો ન ગમ્યો, હનુભાઈ ગરાસીએ મન મોહ્યાં : જાડા સાડલા ન ગમ્યા, ઝીણી પહેડીએ મન મોહ્યાં : ભરેલા ઘાઘરા ન ગમ્યા, ઘેરદાર ઘાઘરે મન મોહ્યાં : એ બધા વર્ણનમાંથી કયો સૂર ઊઠે છે? ગોલ્ડસ્મીથનું Deserted Village : હેનરીવુડનું East Lyne : ધૂમકેતુની અનેક વાર્તાઓ : એ બધા સૂરો શું એક જ વાજિંત્રના તાર પરથી નથી ઊઠતા?

આપણે આ અધમ કહેવાતું લોકગીત લીધું છે. અને તેની તુલના કરવા બેઠા છીએ. 'કડવલી'ના બીજા ગીતમાંથી થોડી પંક્તિઓ ટાંકીએ:-

"કડવીની બાઇજી રેંટિયો કાંતે જો
કડવી બેઠી સોમલ વાટે જો કડવલી!

સાંજ પડી ને રણછોડ વાળુ કરવા આવ્યો જો
માડી મને વાળુડાં દેજે કડવલી !
માડી રે માડી ધાન કડવાં લાગે જો
તાંબડીમાંથી દૂધડિયાં દેજો રે કડવલી !
વાળુ કરીને રણછોડ વાડીએ ચાલ્યો જો
અડધે જઇને વમન થીયાં રે કડવલી !
ત્યાંથી તે રણછોડ દોડાદોડ આવ્યો જો
માડી માડી કમાડ ઉઘાડો રે કડવલી !

* * *

પાછલી પછીતે ઢોલીઆ ઢાળ્યા રે કડવલી !

* * *

રણછોડની માડી બોલવા લાગી જો
એકવાર હોંકારો દેજે રે જલમિયા"

હવે આ પંક્તિઓની પાસોપાસ મૂકીએ અંગ્રેજી બૅલેડ 'Earl Rendal'–

1. "*O Where have you been,
Lord Rendal, my son ?
and where have you been,
my handsome young man ?
I have been at Green wood
mother make my bed soon;
for I'm wearied with hunting,
and fain would lie down.

૧. ઓ ! તું ક્યાં ગયો હતો અમીર રેન્ડાલ, મારા દીકરા ? તું ક્યાં રોકાયો હતો મારા રૂપાળા યુવાન ?

હું ગ્રીનવુડ જંગલમાં ગયો હતો માડી ! પણ હવે જલદી મારી પથારી પાથરો. હું શિકારથી થાકી ગયો છું. સૂવાનું મન થાય છે.

2. And who met you there,
Lord Rendal my son?
and who met you there,
my handsome young man?
O I met with my true-love:
mother make my bed soon,
for I'm wearied with hunting,
and fain would lie down?

3. And what did she give you,
Lord Rendal my son?
And what did she give you,
my handsome young man?
"Eels fried in a pan;
mother make my bed soon,
for Im wearied with hunting
and fain would lie down."

કથાનો ભેદ ફૂટે છે; એ ઠાકોરને એની પ્રિયતમાએ વિષ દીધું છે. આ સોરઠી અને સ્કૉટલાંડી બન્ને ગીતકથાઓ દારુણ· વિપદાનની છે, બન્નેમાંથી Tragedyના કરુણ સૂરો રણઝણે છે. બેમાંથી એક પણ કવિ પાપમાં પ્રસન્નતા અનુભવતો નથી.

---

૨. અને ત્યાં તને કોણ મળ્યું હતું મારા બેટા?
મને મારી સાચી પ્રિયતમા મળી હતી માડી! પણ મારી પથારી જલદી કરો!......

૩. એણે તને શું જમવાનું પીરસ્યું હતું બેટા?
માડી! એણે મને તાવડામાં તળેલી માછલી પિરસી હતી. પણ હવે મારી પથારી જલદી પાથરો ને!......

આપણી સો બસો ગીતકથાઓ સામે યુરોપીય બૅલેડ ત્રણસો જેટલી સંખ્યામાં પડયાં છે. એમાંના પ્રત્યેક ગીતનાં પણ પાંચ પાંચ, દસ દસ અને પચીસ પચીસ જેટલાં તો પાઠાન્તરો છે. એનો આખો સંગ્રહ તો 'English and Scottish Ballads'ને નામે છેક ઈ. સ. ૧૮૮૨થી, દસ વિભાગમાં વહેંચીને પ્રો. ફ્રાન્સીસ જેમ્મ ચાઈલ્ડે પ્રગટ કર્યો હતો. એના ઉપર એ વિદ્વાન સંશોધકે પોતે, હેલન ચાઈલ્ડ સારજંટ અને જ્યોર્જ લીમન કિટરીજ નામના બે જોડીદાર પ્રોફેસરોએ, હાવરફોર્ડ કોલેજના પ્રોફેસર ફ્રાન્સીસ ગમીઅરે, એવા આશરે પચીશ આંતર-રાષ્ટ્રીય પ્રતિષ્ઠાવાળા સાહિત્યકારોએ પોતાની વિવેચના પ્રગટ કરી છે. એ પ્રાચીન બૅલેડની રચના પસંદ કરી, સ્કૉટથી માંડી કૈક કવિઓએ રચેલાં નવી શૈલીનાં બૅલેડ આજ પણ યુરોપની તેમ જ હિન્દની વિદ્યાપીઠોના અભ્યાસની અંદર મહત્ત્વનું સ્થાન રોકી બેઠાં છે. એટલે લોકસાહિત્યની વિવેચનાના સિદ્ધાંતો આપણે ત્યાં હજુ નક્કી ન થયા હોવાથી એ પાશ્ચાત્ય લોકગીતોના કાવ્યરસિકોએ મહાપ્રયત્ને રચેલી સુવર્ણ-તુલાને જ આપણે વાપરવી જોશે અને એ પાશ્ચાત્ય ગીતોનું અધ્યયન કરવું પડશે. એટલે હવે આપણને ખટકતું જે કરુણા રસનું તત્ત્વ, તેની જ ચર્ચા પ્રો. ગમી-અર પાસેથી પ્રથમ સાંભળીએ.

લોકગીતોનો કરુણ રસ

"Ballad : એટલે ગીતકથા : a tale telling itself in verse : ગીત વાટે પોતાને વર્ણવતી કોઈ લોકકથા. કવિ સીડનીએ શિષ્ટ કવિને ઉદ્દેશીને ઉચ્ચારેલાં વચનો આ આંગ્લ અને સ્કૉટલેન્ડની ગીતકથાઓમાં વિરાજેલી નાની શી કાવ્યદેવીને પણ લાગુ પડે છે: એ પણ "સુમધુર પ્રમાણમાં ગોઠવેલા શબ્દો અને જાદુભરી સંગીત-કલાની સંગાથે તમારી સન્મુખ આવે

છે: અને એ તમારી પાસે કોઈ એક કથા લઈને આવે છે: બચ્ચાંને રમતમાંથી રોકી રાખે તથા વૃદ્ધોને શગડી પરથી ખડા કરી મૂકે એવી કથા લઈને એ આવે છે.”

“અને એ કથા શાની હોય છે? કઈ કઈ ભાતની? એમાં સાચેસાચ કયો ભાવ તરવરે છે? સાંભળવાને અયોગ્ય તો એ ભાગ્યે જ હોય છે. ગીતકથાનું કાવ્ય નિર્મલ જ હોય છે. ત્રણસો જેટલી ગીતકથાઓમાંથી માત્ર વીસ જ એવાં નીકળશે કે જેને સુખદ અંતવાળાં–happy ending વાળાં કહી શકાય: વળી એ વીસની અંદર પણ કથાને તો કેવળ કરુણ અંતમાંથી ઉગારી જ લેવાઈ છે. બાકી ઘણાંખરાં ગીતોની અંદર તો પહેલીથી છેલ્લી કડી સુધી આપણા હૃદય પર જે વેદનાની અસર ચાલુ રહે છે, તેને ખસેડવામાં એ સુખદ અંત–happy ending કશા કામમાં આવતું નથી. આ થોડીએક સુખપર્યવસાયી કથાઓને વટાવતાંની વાર જ, તેની લગોલગ એક જ્વાલામય દ્વાર ઊભું છે, અને એ દ્વાર વાટે જઈને જ વાચક ભીતરના ખરા કિલ્લામાં દાખલ થઈ શકે છે. તમામ ગીતકથાઓને જોઈ વળો, તો કરુણાન્ત જ મોખરે ઊભેલો દીસે છે. એ કરુણાન્ત ગીતો જ સહુથી વધુ લાક્ષણિક, પુરાતન, મનોહર અને ઉત્કૃષ્ટ છે. એ બધાં કાવ્યો, કવિતા વિષેની કવિ વર્ડ્ઝવર્થની વ્યાખ્યાને–એટલે કે કવિતા તો “શાંત મનોદશામાં સાંભરેલી ઊર્મિ–emotion recalled in tranquillity છે”–એ વ્યાખ્યાને સૂચવનારાં નથી. એ તો–

“Like the Volcano's tongue of flame
“Up from the burning core below
“The canticles of love and woe.”

“ભીતરમાં સળગતા, હૃદયમાંથી ઊછળતા, જ્વાલામુખીની જ્વાલ–

જીહુવાઓ જેવાં એ પ્યાર અને વેદનાનાં ગીતો છે" એ એમરસનની વ્યાખ્યાને જ વધુ બંધબેસતાં છે.

"કશી ચર્ચા કર્યા વિના એ ગીતકથાઓ માનવી અને કિસ્મત વચ્ચેની અથડાઅથડીનો પડઘો પાડે છે. જો એમાંથી કાંઈ સાર લેવો હોય તો તે આડકતરી રીતે જ લેવાય છે. અને એ પુરાતન સાર શો છે ? એ જ કે કિસ્મતના પંથ અનિવાર્ય છે, છતાં એના ભોગ થઈ પડતા માનવીએ તો પોતાની દુર્દશા પર રડવાનું વા હસવાનું નથી, પણ કેવળ મર્દની રીતે વર્તવાનું જ છે. એનો અંતિમ ઉચ્ચાર છે કરુણાજનકતા: Tragedy: નિરાશાવાદ–Pessimism નહિ.

"એનું ઉત્કૃષ્ટ મૂલ્ય જ એ છે કે અન્ય કોઈ કવિની પાસે ન હોય તેવાં સાધનો વડે એ જૂનાં સ્મરણોને જગાડી શકે છે. એ જંગલી કાવ્ય નથી, primitive verse જીવન પરનું ચિંતન નથી–લવલેશ નથી. એમાં તો કાવ્ય-કલાનું ગૂંથણ છે. આજ પણ એ પ્રાચીનતાના સૂર કાઢી યુગયુગની પરંપરાનાં સ્મરણો જગાડે છે. એ જ એનાં મૂલ્ય છે. એ કાંઈ કેવળ જૂના સાહિત્યના સંરક્ષણનું–survival નું મૂલ્ય નથી. ના, એ તો આધુનિક નરનારીઓની અવસ્થાઓને પણ આલેખે છે. 'અને એ તો આપણી પ્રજાની શાશ્વત સંપત્તિ ગણાય તેવાં છે, આજે 'Bobylon'નું જંગલી ગીત અને 'Hamlet'નું આધુનિક નાટય-ધન, બન્ને વચ્ચે સામાન્ય કાવ્ય-લક્ષણ હોવું જ જોઈએ. ઉત્કૃષ્ટ ગીતકથા અને જગતનાં મહાન કાવ્યો, બન્ને ઘણી બાબતોમાં સરખાં છે ને એક જ પંથે પ્રયાણ કરે છે. એ ઉભયને આપણે ગઈ કાલની, આજની, પુસ્તકાલયમાં પઢતા માનવીની કે કોઈ એક ઉત્સવ ઊજવતા લોકવૃંદની લાગણીનાં ઉચ્ચારણ તરીકે મૂલવવાનાં નથી, પણ પ્રત્યેક વ્યક્તિથી લઈ સમુદાય સુધી સહુમાં ધબકતા ઊર્મિધબકારાના

આવિષ્કરણ તરીકે કસવાનાં છે. બન્નેની અંદર જીવનનાં ઊંડામાં ઊંડાં અને સબળમાં સબળ તત્ત્વોનું સાચું વૃત્તાંત રજૂ થાય છે. વેદનાના, વિપત્તિના, શોકના ને શ્રમના સ્વરોને યુદ્ધના, વિજયના, અને પરાજયના સ્વરોથી અળગા પાડવા અને સાહિત્યને એ રીતે જીવન ઉપરના ચિંતન રૂપ–reflection રૂપ બનાવી દેવું, એજ સંસ્કૃતિનું મુખ્ય કાર્ય છે. એ reflection નો–ચિંતનનો ધ્વનિ જૂની ગીતકથાઓમાં સભર ભર્યો છે. અને જેમ આ ગીત–કથાઓમાં તેમજ દરેક મહાન કાવ્યમાં અંતિમ સૂર એક જ છે : કરુણામયતા વાટે જ એ જીવનને વ્યક્ત કરે છે. અને જે કરુણામય છે તે જ આખરે સાચું હોઈ શકે: only the tragic can be finally true.

"કરુણાન્તક વસ્તુ પરના આપણા પ્યારનું કારણ વારંવાર ચર્ચાયું છે. પરંતુ આનો ખુલાસો તો ચોખ્ખો ચટ છે કે 'આપણને સત્ય જોવાની તાલાવેલી થાય છે. દિન પ્રતિદિન આપણી સન્મુખ come-dyના–હાસ્ય રસના પડદાને લટકાવી રાખી, એ પડદાને જ નાટક માની લેવું આપણને મધુર લાગે છે. પરંતુ પ્રત્યેક માનવીને એક દિવસ તો એવો આવે છે કે જ્યારે એ જેવી હોય તેવી વસ્તુસ્થિતિ જોવા તલખે છે, અને તે વખતે એ જે નીરખે છે, તે જ tragedy છે. બાકી તો સુખમય સમાપ્તિ (happy end) એ આખરે એના અંતરતમ ભાવમાં તો કોઈ દારૂડિયાનું સ્વપ્ન–સ્વર્ગ નથી તો બીજું શું છે?

"અસલી ગીતકથાઓ, ભલે અત્યારની આપણી કાવ્ય–પિપાસાને તૃપ્ત કરવામાં ચાહે તેટલી ઊણપભરી ભાસતી હોય, છતાં તે એવા માનવીઓની પાસેથી આપણને મળી છે કે જેઓએ જીવનનું કઠોરમાં કઠોર સ્વરૂપ જાણ્યું હતું, પડકાર્યું હતું અને સ્વીકાર્યું હતું. તેઓ બરાબર જાણતા હતા કે પ્રત્યેક પ્રયત્નની સમાપ્તિ વેળા તેઓને તો હારવાનું જ છે.

"અલબત્ત આ ગીતકથાઓને માટે કોઈએ હદ બહારનો દાવો કરવાનો જ નથી. એમાંનાં ઘણાં ખરાં તો નિઃશંક ઊતરતી કોટિનાં કાવ્યો છે. એમાંનું સર્વોત્કૃષ્ટ ગીત પણ મહાન શિષ્ટ કાવ્યની બરોબરીએ બેસી નહિ શકે. તેમ છતાં જીવન પ્રત્યેની તેઓની દૃષ્ટિ એ જ તેઓની પોતાની એક વિશિષ્ટ મહત્તા છે. તેના રચનારાઓ શેકસ્પીઅરની માફક જ જાણતા હતા કે જીવનના મહાન ઘમસાણમાંથી ટપકતી વેદના જ ખરા ઉપયોગની છે. અને તેઓ આત્મસ્ફુરણાથી જ સમજતા હતા કે કરુણાન્ત ઘટનાનો કોયડો અગમ્ય જ છે છતાં તે એની નિગૂઢ અગમ્યતાની અંદર જ કંઈક ઉચ્ચ આંટી-ઉકેલ ધારણ કરી રહેલ છે, અને જીવનનો સાચો અર્થ માત્ર મૃત્યુમાંથી જ નીકળે છે.

"ગીતકથાઓ આવી બધી વાતો બોલતી નથી. ના, લવલેશ નહિ. એના રચનારાઓ અને ગાનારાઓ તો 'Tragedy'ના નામ માત્રથી જ ચમકશે અને 'Tragedy'ની વ્યાખ્યા સમજવા પણ શકત નહિ હોય. પરંતુ તે છતાં, પોતાનાં સરલ ગીતોની અંદર જ તેઓએ એ ભય અને પરાજયની જીવન-વાટ દર્શાવી દીધી છે. જીવન-સંગ્રામનું વૃત્તાંત તેઓએ સેનાપતિઓ તરીકે નહિ પણ સાદા સૈનિકો બનીને રજૂ કર્યું છેઃ કેવળ એ સમરાંગણના ઘમસાણ ઉપર જ તેઓએ દૃષ્ટિ ઠેરવી છે. બાકી યુદ્ધરચનાનો, યુદ્ધના ઘેરાનો, સમરના સાથીઓનો તથા શત્રુસૈન્યના અણદીઠ સરદારનો તો તેઓને વિચાર સરખો યે નથી આવ્યો."
[The Popular Ballad–by Francis B. Gummere]

યુરોપી બૅલેડના રચનારા

આ વિષય પર અંગ્રેજી સાહિત્યના ધુરંધરોએ સાગર-મંથન સમી મહેનત લીધી છે. નિરનિરાળી માન્યતાઓ અને નોખનોખાં અનુમાનો એ મંથનમાંથી વલોવાયાં છે. એ પ્રત્યેક અનુમાનની જટિલતા જ આ વિષયને અપાયેલી ગંભીર મહત્તાનો પુરાવો આપે છે. એ અનુમાનો આટલાં બધાં છેઃ—

૧. ધંધાદારી ચારણોએ, ગાયકોએ રચ્યાં; રચીને દેશદેશાન્તરમાં તેનો પ્રચાર કર્યો. [બીશપ પર્સી]

૨. Collective composition or the creative authorship of an aggregate folk : એટલે કે સહુથી પ્રથમ કોઈ લોકવૃંદે એની રચના કરી જનસમૂહને સુપરત કર્યું. પછી એ એક પછી એક ગાયકના હાથમાં રમતું થયું, તે તમામે એમાં ઘટાડા ને ઉમેરા કર્યાં, એના પ્રાસાનુપ્રાસ પણ બદલ્યા, પાત્રો પણ પલટાવ્યાં. એમ બે ત્રણ શતકોના પલટા અનુભવ્યા બાદ એ ગીતોની શિકલ એવી તો બદલી ગઈ કે અસલ રચનાર એને દેખે તો એને પોતાની કૃતિ જ ન કહે.

૩. People as a whole composes poetry, without the agency of the individual author: એટલે કે કોઈ કવિ નામની ચોક્સ વ્યક્તિની સહાય વગર, લોકવૃંદે જ એકત્રિત બનીને આ ગીતો રચ્યાં એવો પ્રો. કિટરીજનો સબલ મત છે. "કલ્પના કરો કે નાની શી એક લોક-મંડળી, દૂર દૂરના કોઈ ભૂતકાળમાં, અથવા તો જીવનની અત્યંત સરલ અવસ્થા વચ્ચે, કોઈ સામુદાયિક રસનો અવસર ઊજવવા એકઠી મળી છે : એ અવસર કોઇ ધાન્યની લ્હાણીની સમૃદ્ધિભરી સમાપ્તિનો હોય, અથવા તો ખૂની લૂંટારાઓ સાથેના વિજયશાળી યુદ્ધનો હોય; એ રીતે એકત્ર મળવાનો આશય સહુને માલૂમ હોય; જે શૌર્ય—ઘટના ગાવાની છે તે અને જે નૃત્ય તેની સાથે ચાલવાનું છે તે પણ આખા વૃંદને સુપરિચિત હોય. સાથેસાથ લાગણીની-મનોભાવની એકાત્મતા હોય. સુધરેલા સમાજની નાની શી મંડળીમાં જે રસની કે વિચારની ભિન્નતા રહે છે તેવી લગીરે ભિન્નતા આ લોક—વૃંદમાં ન હોય; એવાં લોક—વૃંદનું નામ જ "the folk" અર્થાત એક ગાતું, નાચતું અને કવિતા

સૃજવાને માટે અનિવાર્ય એવી માનસિક તેમ જ હાર્દિક ઉત્તેજના વડે રોમાંચિત થયેલું—અનેકમાંથી એક જ પ્રાણરૂપે ધબકતું માનવમંડલ : એવી એકત્રિત ઊર્મિવશતા અને એકસમાન માનસિક વિચારણા ગીતોના શીઘ્ર સર્જનને માટે અત્યંત અનુકૂળ છે, એટલું જ નહિ, પણ એવી અવસ્થામાં કાવ્યનું સર્જન થયા વિના રહેતું જ નથી. આ કાંઈ કાલ્પનિક ચિત્ર નથી. આ તો ગંભીરમાં ગંભીર જાતનું વિજ્ઞાન છે. આવો સમુદાય હોઈ શકે, તેનાં અનેક પ્રમાણો મોજૂદ છે.

"હવે વિચારીએ કે એવી મંડળીની અંદર કવિતા કેમ સરજાતી હશે. વૃંદના વિવિધ માણસો, એક પછી એક પોતાને તાત્કાલિક સ્ફુરેલી કડીઓ નૃત્ય કરતા કરતા ગાતા જાય, અને એ પ્રત્યેક વ્યક્તિની રચેલ કડીઓનું અખંડ આખું એક ગાન બંધાય. આ રીતે રચાયલું ગીત કોઈ એક માનવીની રચના નથી; "the folk is its author."

આવું ગીતસર્જન સુલભ હતું તેના પુરાવા રૂપે પ્રોફેસર કિટરીજ ફૅરો નામના ટાપુઓ (Faroe Islands)ની જંગલી પ્રજાના આવા આધુનિક રિવાજનો કિસ્સો ટાંકે છે. અને બીજા દૃષ્ટાંત રૂપે, રૂશીઆના કારખાનામાં સિગારેટો વાળતી મજૂર કુમારિકાઓ કામ કરતી કરતી જે પરસ્પર વિનોદ-ગીતો જોડે છે તેનો ઉલ્લેખ કરે છે. આવી સામુદાયિક રચનાના ત્રણ આધારો—ત્રણ આંતરિક પુરાવાઓ અપાય છે:—

(૧) Refrains : ગીતનો ટેક : ટેકવાળી પંક્તિ : આ પંક્તિ કોઈ એકાંતમાં બેસીને ગીત જોડતા એકલવાયા કવિને સૂઝે જ નહિ. એ તો વારંવાર સમુદાયને જ ગાવાની પંક્તિ છે. એ સૂચવે છે કે ગીતની રચનામાં ગાન ને નર્તન આદરતું લોક-વૃંદ તો હાજર હોવું જ જોઈએ.

(૨) * Recurrent passages : જુદાં જુદાં ગાનોમાં ાલાતી–પુનરુક્તિ પામતી એકની એક કડીઓ; કે જે આપણી લ્પનાને કોઈ એકાન્તવાસી કર્તાને બદલે સામુદાયિક કર્તૃત્વના નુમાન ઉપર દોરી જાય છે.

(૩) × Incremental repetition : એની એ કડીનું થોડા વા ફેરફાર સાથે પુનરાવર્તન થાય, જે ફેરફારથી વાર્તા આગળ વધે. ષ્ટાંત તરીકે :

---

* Recurrent passagesનાં દૃષ્ટાંત આપણી ગીતકથાઓમાંથી નીચે જબ ટાંકી શકાય.

૧. આવશે રે કાંઇ ચોમાસાના દા'ડા
રે મેહુલા તમને ભીંજવે રે લોલ !
સાથે લેશું મીણીઆ ને કાંઇ માફા
રે મેહુલા અમને શું કરે રે લોલ !

આવશે રે કાંઈ શિયાળાના દા'ડા
રે ટાઢડિયું તમને લાગશે રે લોલ
ભેળા લેશું ધડકી ને કાંઈ ધુંસા
રે શિયાળો અમને શું કરે રે લોલ.

આવશે રે કાંઇ ઉનાળાના દા'ડા
રે ઉનાળો તમને બાળશે રે લોલ
ભેળા લેશું છતરી ને કાંઈ છાંયા રે
ઉનાળો અમને શું કરે રે લોલ.

[ર. રા. ભા. ૩. પૃષ્ટ ૨૪]

× Incremental repetitionનું આપણા લોકગીતોમાંનું દૃષ્ટાંત—
આડો આવ્યો રે સોનલ દાદાનો દેશ જો,
સોનલે જાણ્યું જે દાદો છોડાવશે.
× × ×
આડો આવ્યો રે સોનલ કાકાનો દેશ જો,
સોનલે જાણ્યું જે કાકો છોડાવશે.

[ર. રા ભા. ૧]

What will you give to your sister Anne
My silken scarf and my golden fan.

× × ×

What will you leave to your sister grace!
My bloody clothes to wash and dress.

આવી રચનાને પણ 'રચનાર લોકવૃંદ'ની અપેક્ષા રહે છે. ગીતકથાનું શીઘ્ર સર્જન આખો ઉત્સવમગ્ન સમુદાય કરી રહ્યો હોય ત્યારે જ આવી રચનાની જરૂર પડે છે. આ બધાં ગીત રચનાનાં લક્ષણો તેમજ બૅલેડની અંદર એકંદર તરવરી રહેલ અવ્યક્તિત્વનું–Impersonality નું વાતાવરણ આપણને એવી અટકળ પર આણી મૂકે છે, કે ભૂતકાળમાં સમાજની સરલ અવસ્થાને સમયે કોઈ ઉત્સવ–તલ્લીન, નાચતા, ગાતા તથા ઊર્મિ અને કલ્પના-શક્તિનું તાદાત્મ્ય અનુભવી રહેલા લોક–વૃંદે એક સામટા મળીને આ ગીતો રચ્યાં હોવાં જોઇએ.

૪. Things of genius: કોઈ મહા બુદ્ધિશાળી માનવીનાં રચેલાં છે: એ મત સર આરથર ક્વીલર–કાઉચનો છે. એ દલીલ કરે છે કે બૅલેડ કોઈકે તો રચ્યાં હોવાં જ જોઈએ. અને તમને જો એમ લાગતું હોય કે લોક–વૃંદે એકઠાં થઇને રચ્યાં છે, તો એક જાહેર સભા બોલાવીને પછી અજમાયશ કરી જોજો! કવિતા એ રીતે રચાઇ હોવાનો માનવજાતનો ખુદ ઇતિહાસ જ ઈન્કાર કરે છે. એ રચનાર કોઈ વ્યક્તિ હોવી જ જોઈએ. અને અત્યારે જે સ્વરૂપે આપણા હાથમાં આ બૅલેડ આવ્યાં છે, તેની ઉપર તો બેશક અલ્પ મનુષ્યોના સુધારા વધારાના થર ચડેલા હોવા જ જોઇએ, પરંતુ તો એ કોઈ પ્રતિભાશાળી કવિની -Genius-રચના જ હોવી જોઇએ. આ મતના સમર્થનમાં હેન્ડરસન

નામનો વિવેચક પોતાની The Ballad in Literature નામક પુસ્તિકામાં ઉચ્ચારે છે કે:

"A skilled art of narration, of drammatic presentation of incidents, is also conspicuous in many ballads, which for the most part, are now woeful examples both of rhyme & expression; and here and there we meet with isolated stanzas, matchless for their felicitous simplicity and their conveyance of tragic pathos. Are these examples of literary exceptions, or do they point to the previous existence of many ballads of real literary merit, ballads of interest not merely as vehicles of old legends or records of curious superstitions, but as examples of an ancient poetic art, not essentially faulty in rhyme & jejune in expression, but practised by men of some accomplishments, and now and again by men of genius?"

[અત્યારે જે બધાં કથાગીતો પ્રાસાનુપ્રાસો તેમજ ભાષા–પ્રયોગના છેક કંગાલિયતના નમૂના થઇ પડયાં છે, તેમાંનાં ઘણાંની અંદર કોઇ દક્ષતાભરી વર્ણન–કલા અને નાટયોચિત ઘટના–નિરૂપણ ઝલકી રહેલ છે. ઉપરાંત તેમાં અહીં તહીં કેટલીક એકેલી અટૂલી તો એવી કડીઓ આવે છે કે જે સરલ શૈલીના હિસાબે તથા કરુણોર્મિને હિસાબે સાહિત્યમાં અજોડ લાગે છે. આવાં ગીતો શું માત્ર અપવાદ રૂપ જ છે? કે શું એ કોઇ એવાં ઉચ્ચ કોટિનાં જથ્થાબંધ કથાગીતોનું અસલી અસ્તિત્વ હોવાની સાક્ષી આપે છે–જે ગીતો કેવળ જૂની પુરાણ–

કથાઓનાં જ વાહકો અથવા તો વિચિત્ર વહેમોનાં દફ્તરો જ નહિ હોય, પણ પ્રાસ તેમજ ભાષાના દોષથી મુક્ત એવાં, કોઇ વિદ્યાપ્રવીણ માણસોના રચેલાં–બલ્કે કોઈ કોઈ વાર તો પ્રતિભાસંપન્ન મનુષ્યોનાં રચેલાં હશે ?]

ચારણોએ રચ્યાં ?

ના; ઘણા ખરા અંગ્રેજ વિવેચકો બારીક અભ્યાસને અંતે આ વાતનો ઇન્કાર કરે છે. ચારણ અલબત અતિ પ્રાચીન પાત્ર છે. એલીઝાબેથના પૂર્વે બેશક એ ચારણ રાજદરબારો તથા મહંતોના મઠોનો આશ્રિત બની તેઓનાં અત્યુક્તિભર્યાં ગીતો રચતો અને દ્રવ્ય રળતો. ઘણું ખરું તો એ કાયમી પગારદાર જ હતો, પરંતુ ગઢકિલ્લા અને સાધુમઠો (castle & convent) સાથેનો તેમજ સત્તાધીશો, ધનિકો ને વિદ્વાનોની મંડળી સાથેનો તેનો આ સહવાસ જ લોકજીવનનાં આ નમ્ર ગીતો સાથેના તેના સંબંધની વાત બીનપાયાદાર ઠરાવે છે. ચારણ મેળામાં, દાયરામાં અને રાજકુલોને આંગણે કોઇ શુભ અવસરોમાં ભમી ભમી લોકોને પોતાના વાગ્-વૈચિત્ર્ય વડે વિનોદ કરાવતો હતો. પરંતુ બીજી બાજુથી ગ્રામ્ય લોકો પોતાના નૃત્ય-ઉત્સવોમાં અથવા રોજિંદી મજૂરી કરતાં કરતાં જે સાદાં સુમિષ્ઠ ગીતો ગાતાં, તેને તો નિઃશંક આ ચારણ ધિઃકારતો હતો. યુરોપી ચારણ પણ હમેશાં પોતાના ગીતમાં અઘરી, અટપટી, મુશ્કેલીભરી અને આડમ્બરી વાણી જ વાપરવા તરફ ઢળતો.

"Banned by the church, alternately petted and reviled by the lords and knights for whom they practised every art of the entertainer, and whether in poor or rich estate, the minstrels were at the farthest possible remove from the

unlettered and artless simplicity which marks genuine ballads of tradition–Gummere

[મહંતોના મ્હોમાંથી બાતલ થયેલા, અને જેના મનરંજનને માટે પોતે પોતાની દરેક કળા અજમાવતા તે અમીરો ને સામંતોના સમુદાયને હસ્તે ઘડીક સાબાશી તો ઘડીક તિરસ્કાર પામતા આ ચારણ ભાટો–ગરીબ અથવા તવંગર ચાહે તે અવસ્થામાં–પેલી સાચાં બૅલેડોની અંદર વિલસતી અશિક્ષિત જનોની સ્વાભાવિક સરલતાથી તો સો ગાઉ વેગળા જ હતા.–ગમીઅર]

વળી લગભગ બધાં જ સાચાં આંગ્લ બૅલેડો ધંધાદારી ચારણની સ્મૃતિમાં નહિ પણ ગૃહજીવનની કૌટુમ્બિક સ્મરણશક્તિમાં જ જળવાયાં હતાં. જહૉન ઑબ્રે નામનો ગ્રંથકાર કહે છે કે "સ્ત્રીઓ વાંચતી થઇ તે પૂર્વે તો આખો ઇતિહાસ માતાઓ પાસેથી ઉત્તરોત્તર દીકરીઓના કંઠમાં ઊતરતો,...એ રીતે મારી આયાને પણ છેક ઇગ્લાંડના વિજય (conquest) થી માંડી ચાર્લ્સ પહેલા સુધીનો ઇતિહાસ બૅલેડ રૂપે જ કંઠસ્થ હતો" પ્રો. કિટરીજ પણ લખેછે કે આ તમામ ગીતકથાઓ સ્ત્રી સમુદાયને મુખેથી જ મળી આવે છે. અને ચારણને તો એ સમુદાયની સાથે દૂર દૂરનો પણ સમાગમ કદી સંભવતો નથી. "Ballads are one thing and minstrel poetry is another. It is difference between sophistication and artlessness. Minstrel's songs will suit the hall better than the bower, the tavern or the public square better than the cottage, and would not go to the spinning wheel at all." (Kittirege)

[બૅલડ અને ચારણી કાવ્ય, બન્ને તદ્દન જુદી જ વસ્તુઓ છે. એ તો શબ્દચાતુરી અને સ્વાભાવિકતા વચ્ચેનો ભેદ છે. ચારણનાં ગીતો

લતામંડપો કરતાં રાજકચેરીઓને જ વધુ ફાવશે, ઝૂંપડાં ને કૂબા કરતાં મહેફિલખાનાં અને માણેકચોકોને જ વધુ અનુકૂલ બનશે. અને રેંટીઆને તો એ બિલકુલ પહોંચશે જ નહિ–કીટ્રીજ]

યુરોપી બૅલેડો વિષેની આ ચર્ચા આપણાં કથાગીતોને પણ લાગુ પડે છે કે નહિ તે વિચારવા જેવું છે. આપણો ચારણ વર્ગ તો રાગ કાઢીને ગવાતાં ગીતોમાં રસ જ લેતો નહોતો. આપણા રાવળો, મીરો, નાથબાવાઓ કે તૂરી લોકો પણ આજ મોટે ભાગે સ્ત્રીઓના પ્રાચીન રાસડાઓથી અજ્ઞાત જ છે. તેઓ ઘણે ભાગે પોતાના દાતાર બારવટીઆઓ અથવા દરબારોની પ્રશસ્તિના જ રાસડા ગાય છે. એ પ્રશસ્તિમાં ઘટનાઓ ઉપર નહિ, પણ અત્યુક્તિભર્યાં વખાણ પર વધુ ભાર દેવાય છે. એમાં કાયમ અંતરના ઉદ્દગારો નથી હોતા. નિખાલસ ગુણદોષનું વર્ણન દેખાતું નથી. અલબત કોઈ કોઈ ચમકારા એ કાવ્ય–રચનાની અંદર માનવોર્મિનું ક્ષણિક દર્શન કરાવે છે: જેવા કે

૧. ડુંગરે ડુંગરે કાદુડાના દાયરા !
દારૂગોળાની વાગે ઠારમઠોર રે મકરાણી કાદુ !
જૂની વસતી જમાદાર માર્યા મા !
એવડાં તે દુઃખ નો દઇએ લોકને !

૨. ડુંગરડા દોયલા થીયા,
પગ તારો વેરી થીયો,
રામવાળા ગલઢેરા ! ડુંગરડા દોયલા થીયા.

૩. કચ્છ ભૂજના રાજા !
છેતરીને છેલને નો'તો મારવો.
ભોળવીને એનાં માથડાં નો'તાં વાઢવાં.

અથવા કોઈ ઓજસ્વંતુ શબ્દચિત્ર :—

કેડે કટારાં વાંકડાં મોવર !
ઝળે હલકે ગેંડાની ઢાલ;

ખમે ખંભાતણુ શોભતી મ્યાડા !
ભલી ભજાડી તરવાર–
તરવારે મોવર તેત્રે, સુરો જવાન સાવઝ જેત્રે રે
તરવારે સંધવાગી તેત્રો જી...!

આ સિવાય લોકહૃદયના હર્ષ–આક્રંદના સૂર આ ધંધાર્થી ગાયકોના વાજિંત્રને તારે ઝાઝા ચડયા નથી. પછી તો વૃત્તિ ખુશામદમાં વળી અને કાવ્ય–શક્તિ અનુકરણમાં જ ગમડી પડી. એનાં એ વર્ણનો, ભાડે મળતાં વસ્ત્રાભૂષણોની માફક હરકોઈ દાતારને વિભૂષિત કરવામાં રોકાયાં છે. છતાં કોઈ કોઈ જળપ્રલય, ભયાનક આગ અથવા એવી ભીષણ હોનારત જોતાં તે ધંધાદારીઓની હૃદય–વીણાના કોમલ તાર પણ કમ્પી ઊઠયા છે, અને તેમાંથી વારંવાર

" કાસમ તારી વીજળી
રે મધ દરિયે વેરણ થઈ ! "

[ર. રા. ભા–ર ગીત ૯૦]

એવી નૈસર્ગિક ગીતકથાઓ નીસરી પડી છે. એવે સમયે તો એ ભટકતો અને પ્રશસ્તિઓ વેચતો જાચક પણ લોકસમુદાયની થડોથડ આવી લોક–લાગણીના પડછંદા ઝીલી શકતો. છતાં એ 'વીજળી' નૌકાની જલ–સમાધિના ગીતને "બાર બાર વરસે નાવણી ગળાવી" એ ગીત [ર. રા. ભા–૧] સાથે મૂકી જુઓ, એટલે ધંધાદારી ગાયકની તથા ઊર્મિપ્રધાન લોક–કવિની કાવ્ય–રચના વચ્ચેનો તફાવત સમજાઈ જશે. કુદરતી લોકગાન અને આજીવિકા અર્થે કરેલું કલા–સર્જન આપોઆપ અળગાં પડી જશે. કેમકે 'બાર બાર વરસે'નો જન્મ થયો છે સ્ત્રીજનોની રાસ–રમતની કોઈ અજવાળી અધરાત્રિએ, સંયુક્ત સામુદાયિક ઊર્મિને નૃત્યમાં અપનાવવા કાજે; અને 'વીજળી'નું સર્જન થયું છે જન-મનરંજનની ઇચ્છાથી રાવણહથ્થાના તાર ઉપર. એવું જ કંઈક યુરોપી

વિવેચકને લાગવાનું. રોટલાના અકકેક બટકાની આશા કરતો નાથ-બાવો બેશક, ઊંબરે ઊંબરે જતો હોવાથી ગોપીચંદ [ર. રા. ભા–૧ બાળુડો જોગી] જેવાં ઉત્કૃષ્ટ લોકપ્રિય ગીતો ગાતો થયો છે. પરંતુ એ ગીતોને પોતે પોતાના જ કોઈ અમુક પૂર્વજની રચના તરીકે નથી લાવતો. એ તો લોક-સમુદાયમાંથી સાંભળીને લોક–પ્રીતિ અર્થે કંઠસ્થ કરી લે છે. કોઈ ધંધાદારી જાચક–વર્ગ તો આપણી ગીત–કથાઓનો મોટે ભાગે સર્જક નથી તે સ્પષ્ટ દેખાય છે. છતાં 'વીજળી' ઇત્યાદિના સરજનહારોનો વારસદાર, જો લોક–જીવનમાં પોષણ પામ્યો હોત તો નૈસર્ગિક લોક–કવિઓની પરંપરા ન લોપાઈ ગઈ હોત એ ચોકસ વાત છે.

આવી અનેક અટકળોના અણઉકલ્યા કોયડા પાશ્ચાત્ય લોકગીતના રસિકોને અકળાવી રહેલ છે. અને એનાં અવતરણો આ સ્થળે આપ-વામાં એટલું જ બતાવવાનો આશય છે, કે તેઓએ તમામે પોતાનાં લોકગીતોને "They are genuine poetry, peculiar poetry and sincere poetry" રૂપે સ્વીકારીને તે પર ગંભીર લક્ષ્ય આપ્યું છે. 'માનવ જાતિ પારણામાં હીંચકતી હતી તે યુગ સુધી પણ મહાન સંગ્રાહક પ્રો. ચાઇલ્ડે બૅલેડોના ઉદયસ્થાનની શોધમાં પોતાની વિવેચન–જ્યોતને પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. અને પ્રાચીન બૅલેડોના આટલા પરિશીલનમાંથી તો બ્રિટનની પ્રજાએ સ્કૉટ, કોલરીજ ને કીપ્લીંગ સરખા કવિઓનાં અર્વાચીન બૅલેડોનાં કાવ્ય–રત્નો પ્રાપ્ત કર્યાં; પ્રાચીન ગીતકથાઓનું સમગ્ર બલ ખેંચી લેવાયું, એની ન્યૂનતાઓ ત્યજી દેવાઈ, અને વિધવિધ ઘટનાઓને નવા યુગની ભાવનાથી રંગીને એ બૅલેડ-શૈલીએ વહેતી કરવામાં આવી. આંગ્લ કવિતા એ બધાં કાવ્ય–રત્નો બદલ અસલી લોક–ગીતોની ઓશિંગણ રહેશે.

પશ્ચિમમાં પણ આ બૅલેડોને સાહિત્યના રાજદરબારમાં દાખલ થવાની મનાઈ હતી. એલીઝાબેથના સુવર્ણ–યુગમાં તો આ લોકગીતો ઉઘાડાછોગ તિરસ્કારને પાત્ર થતાં. અને એનાં ગાનાર લોકવૃંદ પણ પોતાનાં ગીતોને 'સાહિત્ય' શબ્દ લગાડવાનો સ્વપ્નેય ખ્યાલ કરતાં નહોતાં. આખરે ઈ. સ. ૧૭૬૫ની અંદર બીશપ પર્સી નામના સાહિત્યકારે, ડરતાં ડરતાં, ક્ષમા માગતાં માગતાં એ કંઠસ્થ ગીતોનો સંગ્રહ કાગળ પર ઉતારી પ્રજાને સોંપ્યો. છેક એંગલ અને સેકસન જાતિએ ઈંગ્લાંડ પર આક્રમણ કર્યું ત્યારથી જ તે જાતિ ગીતો સાથે લાવેલી. અંગ્રેજી ઇતિહાસના ઉષઃકાળથી તે છેક ૧૯ મી સદી સુધી આ ગીતકથાઓના થોકે થોક મોજૂદ હતા. ત્યાર પછી જ એ કાગળ પર ટપકવા લાગ્યા. બીશપ પર્સીએ 'Maid & Palmer' નું એક લોકગીત એક ગામડામાં રહેતા ગૃહસ્થના ઘરના કાગળના ઢગલામાંથી શોધી કાઢેલું અને એણે જોયું કે એ કાગળિયાં તો ઘરની કામવાળીઓ રોજ ચૂલો પેટાવવામાં વાપરતી હતી!

અંગ્રેજી સંગ્રહ

"પર્સીના સંગ્રહનું નામ Reliques : એણે માત્ર પ્રાચીન પરંપરાગત ગીતકથા જ નહિ, પણ કોઈ કવિઓનાં નામાચરણવાળાં–કેટલીક તો તદ્દન જાણીતા કવિઓની કથાગીત પણ સંઘર્યાં. કથાગીતની સાથે અન્ય શૈલીનાં કાવ્યો પણ દાખલ કર્યાં. એનો ઉદ્દેશ સંશોધન કરતાં સાહિત્યવૃદ્ધિનો સવિશેષ હતો. એની નેમ વિવેચન કરતાં પ્રચારની વધુ હતી. એનો ઉઘાડો અભિલાષ આ પ્રાચીન લોક–કવિતાના અસલી સૌન્દર્યની પિછાન દેવાનો તથા એની અંદર કવિતા તરીકેનો રસ ઉત્પન્ન કરવાનો હતો. અને એના પુસ્તકને તાત્કાલિક જ વિજય મળ્યો. પોતે પોતાની કલ્પનામાં કદી ન દીઠેલો એવો મહાન વિજય એને વર્યો. અને ફક્ત લોકોમાં જ એનો

પ્રથમ સંગ્રાહક: પર્સી

પ્રચાર ન થયો. એનાં પુસ્તકે તો જર્મનીનો કૌતુકપ્રિય યુગ–German Romantic movement–સૃજવામાં મોટી સહાય દીધી અને 'અર્વાચીન બૅલેડ'ની કલાનું આગમન પોકાર્યું. એ પુસ્તકે યુવાન વયના કવિ વૉલ્ટર સ્કૉટ ઉપર ઊંડી અસર કરીને એને પણ અસલી ગીતકથાઓનો સંગ્રહ કરવા પ્રેરણા દીધી.'' (હૅન્ડરસન)

સ્કૉટ સંગ્રહ : Border Minstrelsy

૧૮૦૧માં પ્રગટ થયો વૉલ્ટર સ્કૉટનો સંગ્રહ. પર્સીના સંગ્રહ કરતાં એનો વધુ પ્રભાવ પડ્યો. પર્સી અને સ્કૉટની વચ્ચે અન્ય કેટલાએક સંગ્રહો પ્રગટ થયેલા ખરા, પણ આ સંગ્રહે પોતાના તમામ પૂર્વગામીઓ કરતાં વધુ મહત્ત્વનું કામ કર્યું. કવિ સ્કૉટને સંખ્યાબંધ પાઠાન્તરો મળી શક્યાં અને જુદાં જુદાં પાઠાન્તરોની ઉત્તમોત્તમ કડીઓને એણે એક સાથે સાંકળી, અહીં તહીં સુધારા વધારા પણ ઉમેરી, જરૂર પડે ત્યાં ત્યાં ભાવ બંધબેસતો કરવા સારૂ પોતાની રચેલી પંક્તિઓ વડે પણ પુરવણી કરી, પોતાનાં નવીન જ પાઠાન્તરો રજૂ કર્યાં. કેટલીક વાર તો ગીતને સંપૂર્ણ બનાવવાની તેમ જ પોતાના પૂર્વજોની પરાક્રમ–કથાઓને ન્યાય આપવાની બેવડી લાલચથી એણે એ અસલી ગીતોમાં ફેરફાર કરવાની એટલી બધી તો છૂટ લીધેલી છે કે એ ગીતોના મૂળ વિષે ભ્રામક ખ્યાલો નીપજાવવા જેવું પણ થયું છે.

જેમ્સ ચાઈલ્ડનો સંગ્રહ

The Engish and Scottish Popular Ballads : ૧૮૮૨થી ૧૮૯૮ સુધીમાં, દસ ભાગમાં પ્રગટ થયો. એમાં ત્રણસો ને પાંચ બૅલેડ છે. પણ પ્રો. ચાર્લ્ડે તો એમાંના કેટલાંએકનાં તો જેટલાં મળ્યાં તેટલાં તમામ પાઠાન્તરો પણ દાખલ કરેલ હોવાથી એકંદર સંખ્યા ઘણી મોટી થવા જાય છે. કોઈ કોઈ ગીતનાં તો અઠ્ઠાવીસ જેટલાં પાઠાન્તરો છે. દરેક ગીતને

મથાળે એ ગીતની ઐતિહાસિક ઇત્યાદિ માહિતી આપતો નાનો પ્રવેશક હોય છે. અન્ય યુરોપી ભાષામાં એ ગીતનું બંધુ–ગીત હોય તેનો પણ ઉલ્લેખ કરેલ છે. ગીતોના સંગીત વિષે પણ નોંધ આપી હોય છે.

લોકગીતોનાં લક્ષણ

પાશ્ચાત્ય ગીતકથાઓ મહાકાવ્યોને પંથે વિચરે છે. "The ballads are before all things epic: They are the heroic life of a nation told in lyric episodes" પ્રજાના વીર–જીવનને ઊર્મિભરી સંગીતમય ઘટના વાટે વ્યક્ત કરતાં એ બાલ–મહાકાવ્યો છે. આપણી ગીતકથાઓ–જેવી કે રાણકદેવડી [ર. રા. ભા. ૨] વેલો રાવળ, તેજમલ ઠાકોર [ર. રા. ભા. ૩. ગીત ૧૨] આદિ–પણ એ જ પંથે પ્રયાણ કરે છે.

બૅલેડનાં–ગીતકથાનાં લક્ષણો સહુથી નિરાળાં, સાચા સિક્કાના રણકાર સરખાં છે :—

૧. એમાં impersonality અવ્યક્તિત્વનું તત્ત્વ અગ્રપદે છે.

૨. Abrupt beginning એમાં અદ્ધરથી જ આરંભ થાય છે. અને એ આપણને તત્કાળ ઘટનાના મધ્ય પ્રવાહમાં ઘસડી જાય છે.

૩. Breakneck speed : ધસમસતો વેગ : ઘટનાને ત્વરિત ગતિથી વહેતી રાખવા માટે એમાં સંભાળ રખાય છે. ક્વીલર–કાઉચ તો એટલે સુધી ઉચ્ચારે છે કે "for rapidity these innominate lays beat anything in Homer : હોમરના મહાકાવ્યના કરતાં યે લોકગીતોનો પ્રવાહ અધિક માર ! માર ! ગતિએ ચાલ્યો જાય છે."

૪. Directness : સીધેસીધા, આડું અવળું કશું યે ધ્યાન ખેંચ્યા વિના, વર્ણન પર કે પ્રસ્તાવના પર આપણને ન રોકતા, આ લોકકવિઓ આપણને મૂળ વિષયના મધ્ય ભાગમાં ખેંચી જાય છે.

૫. Concrete diction : અથવા તો objectivity : એટલે કે લોકગીતના શ્રવણ, વાચન અથવા ગાયન વેળા આપણી દૃષ્ટિ શું શું બની રહ્યું છે તે પર જ ઠરે છે. રચનાર નહિ પણ કથા પોતે જ આપણને યાદ આવે. કથાનો ઉદ્દેશ નહિ પણ કથાના બનાવો પર જ ચિત્ત ચોંટે. ગીતમાં વહેતી ઊર્મિનો વિચાર ન આવે પણ એનો સાક્ષાત્કાર જ થાય—ઊર્મિમય જ બની જવાય.

આ બધાં લક્ષણોની કસોટીએ આપણી ગીતકથાઓ ચડી શકે છે કે નહિ, તે બતાવવા 'રાણકદેવડી'નું દૃષ્ટાંત લઈએ : [૨. રા. ભા. ૨ પૃષ્ટ ૧૬૫ : આવૃત્તિ ૨ : પૃષ્ટ ૧૨૨.]

કશી પ્રસ્તાવના વિના—રાણકદેવી કોણ અને કોને ઘેર જન્મેલી તેના લગાર પણ ઉલ્લેખની જરૂર જાણ્યા વિના, સીધેસીધું

"ગઢમાં વાગ્યા રે કાંઇ જાંગીના ઢોલ રે
કાંઇ જાંગીના ઢોલ રે
"રાજાને ઘેરે કુંવરી જલમિયાં."

એનું નામ abruptness : અને પછીના સુસવાટા કરતી ઘટના—ગતિ તપાસો : કુંવરીના રૂપનું કશું વર્ણન ન મળે. તુરત જોશ જોવાયા : જોશીએ વેણ કાઢ્યાં કે

"કુંવરીને ભોંમાં ભંડારજો !"

છઠ્ઠી કડીમાં તો કુંવરી ભોંમાં ભંડારાઈ : સાતમી કડીમાં તેજમલ કુંભારનું માટી ખોદવા જવું : તુરત જ કન્યાને પોતાને ઘેર લઈ જવું : પાંચ વરસની રાણકદેવીનું પાણી ભરવું : તુરત યૌવનમાં પ્રવેશ :

"વાયા વાયા રે કાંઇ ઓતર દખણા વાય રે
કાંઇ ઓતર દખણા વાય રે
"ચૂંદડીના છેડા ફરકીઆ."

રા'ખેંગારનું આગમન : સૌંદર્ય-દર્શન : લગ્ન : વગેરે પ્રવાહ મસ્ત બની ધસે છે. અને જોતજોતામાં તો એ અકેક કડીમાં આલેખાયેલાં શબ્દચિત્રો આપણી કલ્પનામાં પોતાની છાપ અંકિત કરીને આખરની કરુણ કેન્દ્ર–ઘટના પર આપણને પહોંચાડે છે. જો કવિ એ ઘટના-સ્રોતની ચોગમ કુદરતને આલેખવા થંભ્યો હોત, અથવા જો એ પોતાની આત્મલક્ષી વિચાર–પુરવણી કરવા રોકાયો હોત, તો આ ગતિ મારી જાત. એ જોમ : એ Vigour : રણશિંગા જેવો એ અવાજ અને એ ઘટના–વર્ણન પાછળ કવિનું આત્મગોપન : આ પ્રકારે આપણાં લોકગીતો પાશ્ચાત્ય ગીતોના નિકષ પર ચડીને પોતાની રેખાઓ આંકી શકે છે કે નહિ, તે અનુભવવાનું કામ વાચકનું છે–ખાસ કરીને એ ગીત સાંભળનારને જ એની પૂર્ણ પ્રતીતિ થાય છે.

આપણી લગભગ પ્રત્યેક ગીતકથાને આ કસોટીઓ લાગુ પડી શકે છે, અને એનાં એ લક્ષણોનું આપણાં ગીતોમાં પણ દર્શન થતાં આપણને હજારો ગાઉને અંતરે પડેલી પ્રજા સાથેની આપણી ઊંડી સમાનતાનો વિચાર આવે છે.

એનાં લક્ષણો :

૧. એના ગીતનો વિષય એનો પોતાનો નથી હોતો પણ લોક સમુદાયનો હોય છે. સંઘ–ઊર્મિ જ એની ઊર્મિ હોય છે.

લોકગીતોનો કવિ : ૨. એ વિષય કાં તો કોઈ પરાપૂર્વની પ્રાચીન લોક–કથા હોય, અથવા જનતા સમસ્તના અનુભવની, અથવા તો તાજેતર બનેલી ઘટના હોય. એના પર આખા લોકસંઘનું મનોમંથન જોઈએ.

૩. પોતાના વિષયને કોઈ નવીન–ચકિત કરી નાખે તેવી રીતે વર્ણવવાની, અથવા તો એને વિષે પોતાની વિશિષ્ટ ઊર્મિઓ વ્યક્ત કરવાની એની વાંચ્છના જ નથી હોતી. ગીતો ઉપર પોતાના વ્યક્તિત્વની છાપ મારવા એ માગતા જ નથી.

૪. કોઈ કલાવિધાનીની માફક એ આપણી વચ્ચે કશો વિશિષ્ટ સંદેશો લઈને આવતો નથી.

૫. એને આત્મભાન નથી હોતું.

૬. જે લાગણીને સહુ માનવી અનુભવે છે તે તે જ લાગણીને એ ઉચ્ચારણ આપે છે.

૭. એ માનવી નથી–પણ સાક્ષાત અવાજ છે. He is a voice rather than a person.

૮. એ એકાંતે જઈને રચતો નથી, પણ પોતાના શ્રોતાસમુદાયની સમક્ષ ઊભીને રચે છે.

૯. પોતાની અને પોતાના શ્રોતાઓની વચ્ચે એ ગાઢ ઊર્મિ–સમાગમ અનુભવે છે.

લોકગીતોનું સંગીત

કલ્પના કરો કે એક વિવેચક હતો : કોયલ એણે દીઠી નહોતી. પણ કોયલ વિષે એણે કૈં કૈં કવિ મહાકવિઓનાં ગીતો વાંચ્યાં હતાં : એક દિવસ એણે આંબાની ડાળે કોયલને અબોલ બનીને બેઠેલી દીઠી : વિવેચક હસ્યો : આ કાળું કદરૂપ પંખી ! આમાં કવિઓએ શું રૂપ કે માધુર્ય દીઠું ? જગત શીદ આ કવિઓની શબ્દ–જાળમાં ફસાઈ ને આવા બદસૂરત પંખી વિષે ભ્રમણામાં પડયું ! કવિઓ સૌ જૂઠા છે અને જનતા બેવકૂફ છે !

લોકગીતોને કેવળ પુસ્તકમાં છાપેલાં બીબાં પરથી જ તોળનારને નસીબે પણ આવી જ પરિસ્થિતિ લખાયલી છે. એ છાપેલા શબ્દોની પાછળ અકળ અખંડ મધુર અને નિગૂઢ સ્વરો રહ્યા છે તેની એને કલ્પના પણ નથી આવતી. લોકગીતના પ્રચલિત ઢાળોને કોઈ સ્રીકંઠેથી ન સાંભળનારને મન તો

"આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે !
'ઝીણા ઝરમર વરસે મેઘ
"ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે !"

એ કેવળ સાદા શુષ્ક -prosaic- શબ્દો જ માત્ર છે. સ્વરોનો અજાણ રસિક એમાં શબ્દાલંકારનાં કે અર્થાલંકારનાં દર્શન ક્યાંયે પામતો નથી. આ સાદી પંક્તિના અંતરમાંથી કોઇ ભાવ-ધ્વનિ એના કાનમાં ગૂંજી ઊઠતો નથી. કેમકે શરીર સાથે આત્માની માફક લોકગીત સાથે જે સંગીત જડાયેલું છે તેનો રસાસ્વાદ એ રસિકે અનુભવ્યો નથી. એને શી રીતે સમજાય કે આ શબ્દોમાં તો એક જ નહિ પણ અસંખ્ય વિયોગ-ભીરુ પ્રેમિકાઓના મર્મવેધી વિયોગ-સ્વરો મઢાયા છે ! એને શી ખબર કે

"રામે તે સરોવર ખોદિયાં ને લખમણ બાંધે પાળ,
"સીતાજી પાણીલાં સાંચર્યાં રે મારી મરઘાનેણી નાર
'તું રે મારે મન લખમણ જતિ
" મને ઘડી ન વીસરે રામ!"
[ર. રા. ભા. ૩ઃ ગીત ૧]

એ ત્રણ પંક્તિઓમાં મોજાં જેવા સ્વર-હિલ્લોલ, કોઈ પૂર્ણિમાની ભરતીના મસ્ત આરોહ અવરોહ મચવતા, અને જાનકીજીના પતિપ્રેમનો પૂર્ણ ચંદ્રોદય પોતાની સપાટી પર ઝીલતા, ઉછાળા લઈ રહ્યા છે ! જેને આ ગીતના ઢાળનો પરિચય ન હોય, તેને નહિ જ સમજાય કે

"તું રે મારે મન લખમણ જતિ
મને ઘડી ન વીસરે રામ!"

એ પંક્તિમાં જાનકીનું રાવણ પ્રત્યે કેવું માર્મિક સંબોધન અંકાયું છે. એ સંબોધનને લોક–સમુદાયની હજારો માતા–બહેનોના હાર્દમાં સીતાપણું ઉત્પન્ન કરવાની શક્તિ દેનાર પણ મોટે ભાગે એનું સંગીત જ છે.

વિવેચક લોકગીતોનાં મૂલ મૂલવવામાં થાપ ખાય છે અને સંગ્રાહક એની સાચી કિમ્મત અંકાવવામાં નિષ્ફળ જાય છે, એમ બન્ને પક્ષે મૂંઝવણ રહે છે, કેમકે લોકગીતોના કલેવરમાં પ્રાણ સ્વરૂપે ગૂંજતું સંગીત મુદ્રણકલાની શક્તિના સીમાડાની આણ માનતું નથી. વળી એ સંગીતમાં જે વિવિધ તાલોની રમઝટ બોલી રહી છે તેના રસપાનથી પણ અવલોકનકારને વંચિત જ રહેવું પડે છે, કેમકે એ સંગ્રહના વાચન પુરતો જ શ્રમ લઈ એક નિઃશ્વાસ મૂકી વા એક અટ્ટહાસ કરી અટકી જાય છે. એટલે જ સમાલોચક ચાહે તેટલો પ્રામાણિક છતાં યે એ કેવળ આખી વસ્તુના ¼ અંશનું જ નિરીક્ષણ કરી શકે છે. એક જ રામકથાને

૧ : રઘુપતિ રામ રૂદેમાં રે'જો રે!

૨ : વનરા તે વનમાં મઢી બનાવી
ત્યાં છે સીતાજીના વાસ મારા વાલા!

૩ : તું રે મારે મન લખમણ જતિ
મને ઘડી ન વીસરે રામ!

૪ : લક્ષ્મણ લક્ષ્મણ બંધવા રે
સીતા કેમ કરી મેલ્યાં!

૫ : બાઇ કોને કીયો દેશ
વનમાં ચાલ્યાં રે સીતા બાલુડે વેશ!

એવા પાંચ પાંચ નિરાળા ઢાળોમાં નોખી નોખી લાગણીના પલટા અપાયા છે એ ઢાળ ન જાણનારાઓની સમજમાં નહિ ઊતરી શકે

એ તો જુદા જુદા શબ્દોવાળાં ગીતો : પરંતુ હવે એકના એક જ શબ્દો કેટલા જૂજવા ઢાળોમાં ઊતર્યાં છે તેનાં દૃષ્ટાંત લઈએ:

1. "સોનાં ઈંઢોણી રૂપા બેડલું રે, છેલ રમે ગેડી દડે !
પાણીડાં ગઈ'તી તળાવ રે, છેલ રમે ગેડી દડે !
[ર. રા. ભા. ૧ : રમકડાં]

એ કાવ્યને નીચે પ્રમાણે નવા ટેક આપી, નવનવે સ્વરે રમાડવામાં આવ્યું છેઃ—

2. "સોના ઈંઢોણી રૂપા બેડલું રે
નાગર ઊભા રો રંગ રસિયા !
પાણીડાં ગઈ'તી તળાવ રે
નાગર ઊભા રો રંગ રસિયા !

3. સોના ઈંઢોણી રૂપા બેડલું,
દરિયાનાં ડોલર ફૂલ ચડે મા'દેવને રે લોલ !
પાણીડાં ગઈ'તી તળાવ રે,
દરિયાનાં ડોલર ફૂલ ચડે મા'દેવને રે લોલ !

4. સોના ઈંઢોણી રૂપા બેડલું
પાણી ચ્યાંતાં સેંજળિયા તળાવ રે
સેંજળિયાળી સરનાં પાણી સાંચર્યાં.

5. સોના ઈંઢોણી રૂપા બેડલું રે !
લીંબુડું ઝૂલે છે બાગમાં !

6. સોના ઈંઢોણી રૂપા હો રે બેડલું રે.
પાણીડાં ગઈ'તી તળાવ
વનમાં બોલે રાજ કોયલડી રે.

આવા ઢાળો હજુ યે વિશેષ સંખ્યામાં શોધી શકાય છે. અને એ પરથી લોકગીતોમાં સંગીતનું પ્રાધાન્ય સૂઝી રહે છે.

"સોનલા ગેડી ને રૂપલા દડુલિયો રે
"કાનકુંવર ગેડી દડે રમવા જાય.
[ર. રા. ભા ૩ : ગેડીદડે ગીત. ૬]

એ પંક્તિઓમાં ગેડીદડાની રમતનો જ તરલ તોફાની અવાજ મેળવાયો છે. અને

"જેમ સુકાય તારી જુઈનાં ફૂલ મારા વાલાજી રે !
"તેમ તારી ગોરાંદે કરમાય જઈને કહેજો મારા વાલાને રે !"
[ર. રા. ભા ૩ : મારા વાલાને રે : ગીત ૩૭]

એમ દૂર દૂર પડેલા વાલાજીને ખબર કહેવરાવવાનો આજીજી-સ્વર અનેક વિરહિણીઓનાં અંતરને વીંધતો ગુંથાયો છે. "Sound must echo the sense" એ સિદ્ધાંત, 'must' શબ્દમાં રહેલા આદેશના પરિપૂર્ણ પાલન રૂપે, અને છતાં યે 'must' શબ્દમાંથી સૂચવાતા કશા પણ પ્રયાસ વા પરિશ્રમ વગર, લોકગીતોમાં જે ખૂબીથી જળવાયો છે, તેનું-આપણને ઢાળો ન સાંભળનારાઓને તો ભાગ્યે જ ખરું ભાન આવી શકે. આ વિષય પરત્વે તો એક અકલુષિત-Unperverted શ્રવણ-રુચિવાળા, નિર્વ્યાજતાના પૂજક, સર્વદેશીય રસવૃત્તિની બક્ષિસ પામેલા કર્ણાટકી વિદ્વાનનું જ કથન ટાંકીએ:—

"લોકસંગીતને લોકકાવ્યથી જુદું પાડવું લગભગ અશક્ય છે. લોકકાવ્યની વિશિષ્ટ ભાષા, તે ભાષાની નિર્વ્યાજતા, તાલબદ્ધતા અને અલ્પાક્ષરતા, એની અંદર પણ સંગીતનું સૂક્ષ્મ અને અસ્પષ્ટ તત્ત્વ રહેલું છે જ. લોકસંગીત એટલે જૂનું જ સંગીત, એવો અર્થ નથી. સમાજ-હૃદયની નિર્વ્યાજતા, લોકહૃદયની સરલતા અને મૌલિકતા

જેની અંદરથી વ્યક્ત થાય, સંસ્કારી હોવા છતાં જેની મુગ્ધતા કાયમ રહે, તેજ લોકસંગીત, તેજ લોકકાવ્ય. માત્ર લોકસંગીત કે લોકકાવ્યની કસોટી કાળે કરીને જ થાય છે. શિષ્ટ સાહિત્ય કે શાસ્ત્રીય સંગીતમાં પ્રવીણ લોકોનો નિર્ણય બસ થાય છે. અમુક મંડળે માન્યતા આપી એટલે સાહિત્ય કે સંગીત તરત જ શિષ્ટ ગણાય છે. પણ લોકસંગીતનાં પરીક્ષકો તો અસંખ્યાત મુગ્ધ હૃદયો જ છે. નાનાં બાલકો જેમ પોતાની વૃત્તિને જ વફાદાર રહે છે, તેમ જનહૃદય પણ પોતાની અભિરુચિને જ વફાદાર રહે છે. એ અભિરુચિ જ્યારે પસંદ કરે ત્યારેજ અમુક સાહિત્ય કે સંગીત 'લૌકિક' પદવીએ પહોંચે છે. સમાજમાં જ્યારે ભારે ક્રાંતિ ચાલતી હોય છે, સંખ્યાબંધ લોકોના હૃદયમાં જ્યારે એક જ પ્રાણવાન પ્રેરણાની ઊર્મિઓ ઊઠે છે, ત્યારે લોક–હૃદયમાંથી નવું નવું લોકસંગીત પ્રગટ થાય છે અને કશા આધુનિક સાધન વિના પણ લોકમાન્ય કાવ્યોના અને રાગોના દેશવ્યાપી પ્રચાર થાય છે.

"આ કસોટી જો સાચી હોય તો લોક–સાહિત્યમાં જૂનું અને નવું એવો કશો ભેદ જ કરવાની જરૂર નથી. જૂનું સાહિત્ય ભગવાન કાળની ચાળણીમાંથી ચળાઈને આવેલું હોય છે. અને તેની "લૌકિકતા" સ્વતઃસિદ્ધ હોય છે. લાંબી વપરાશને લીધે જૂનાને લૌકિક છતાં અલૌકિક ઓપ આવેલો હોય છે. નવાં લોકગીતોમાં તેમ નથી હોતું. છતાં સહૃદય વ્યક્તિ અથવા લોકહૃદય નવામાં પણ સાચું લોકગીત અથવા લોકરાગ સહેલાઈથી પારખી શકે છે.

× × ×

"શાસ્ત્રીય સંગીતનો પ્રચાર પ્રયત્નપૂર્વક થાય છે. શાસ્ત્રીય સંગીતમાં ઉચ્ચમાં ઉચ્ચ સંસ્કારિતા હોય છે. રાષ્ટ્રીય આચાર્યોએ વિચારપૂર્વક નક્કી કરેલા આદર્શો ધ્યાનમાં રાખી તે રચેલું હોય છે. તેમાં દીર્ઘદૃષ્ટિ અને સૂક્ષ્મ શક્તિ રહેલી હોય છે. લોકસંગીતનું તેવું

નથી. લોકસંગીત પોતાની સ્વાભાવિક મનોહરતાને લીધે જ પ્રચાર પામે છે. અત્યંત સંસ્કારી લોકો પણ લોકગીતો પાછળ ગાંડા બની શકે છે. ઉદ્યાન-લતા કરતાં ચઢિયાતી વનલતા ઘણીવાર નજરે પડે છે. સંસ્કારી દુષ્યંત મૃગશાવ સાથે ઉછરેલી શકુંતલાને પોતાના કુળની પ્રતિષ્ઠા બનાવવા તૈયાર થઈ જાય છે અને વ્યાસ જેવા રાષ્ટ્રકવિ તેમ જ કાલિદાસ જેવા રાજકવિ તેનાં વખાણ કરતાં થાકતા જ નથી. લોકસંગીતની પણ આવી જ પ્રતિષ્ઠા છે. શાસ્ત્રીય સંગીતમાં પોતાની શક્તિનું એટલું બધું ભાન હોય છે કે ગાવાની ચીજનો શો અર્થ છે, એમાં કયો રસ છે, એના વિભાગ કેવા છે વગેરે બાબતમાં એ બેદરકાર રહી શકે છે. અને ઘણીવાર રહે છે પણ ખરું. પણ લોકસંગીત તો હૃદયના ઉદ્‌ગાર સાથે જ વહેતું હોવાથી એ અત્યંત ભાવવાહી હોય છે. અને લોકસંગીતે હમેશાં પોતાના કાવ્યની તેમ જ સંગીતની આવી રીતે પરસ્પર પોષકતા સાધેલી હોવાથી લોકકાવ્યની અસર હૃદય પર મંત્ર જેવી થાય છે." (દ. બા. કાલેલકર)

લોકોત્તર સાહિત્યના અંકુરો

લોકોત્તર સાહિત્ય સાથે લોકસાહિત્યની તુલના કરવી, એમાં તો બન્નેને અન્યાય છે. બન્નેના માર્ગો નિરાળા છે. બન્નેને પોતપોતાની દુનિયા છે. બન્નેનાં વલણ માનવ જાતિની સદભિરુચિને ઊંચે ચડાવવાનાં છે. છતાં, બન્નેનાં લક્ષણો જૂજવાં છે. આખા ગગનને વ્યાપીને ખેંચાયેલું મેઘધનુષ્ય, તેમ જ ઝીણા એક ઝાકળબિન્દુ પર ઝલકતાં પચરંગી તેજકિરણો, બન્ને વચ્ચે આંતરિક ઐક્ય છતાં બાહ્ય આકાર પરત્વે અણુ મેરુ જેટલો તફાવત છે. અંગ્રેજ વિવેચક ઠીક કહે છે કે,

"In truth, any comparison of the ballads with these would be unfair as any comparison between

children and grown folk. They appealed in their day to something young in the national mind. They have all the winning grace of innocence; but they cannot scale the great poetic heights, any more than mere innocence can scale the greatest spiritual heights. (Sir A. Quiller-Couch.)

આમ છતાં પણ વિશ્વ—સાહિત્યના વિહારીઓ જ્યારે આ લોક-મુખના નમ્ર ઉદ્‌ગારની અંદર કયાંય કયાંય ભવ્ય કલ્પનાઓના અથવા શિષ્ટ સાહિત્યની ભાવનાઓના પડછાયા ભાળે છે, ત્યારે એ સામ્યનાં દર્શનમાંથી રસાસ્વાદની નવી શક્તિ જન્મે છે. કોઈ પ્રિયતમ પોતાની પ્રિયતમાના મુખને મળતી રેખા જેમ કોઈ જંગલવાસી રમણીના વદન પર નિહાળી મીઠાં સ્મરણો અનુભવે, અથવા તો કોઈ રંક પિતા જેમ પોતાના બાળકની મુખાકૃતિ એકાદ રાજકુંવરના મોં ઉપર રમતી ભાળી ગુપ્ત આનંદ પામે, તેવી રીતે શિષ્ટ કવિતા અને લોક—સમુદાયની રેખાઓમાં દેખાતું દૂર દૂરનું, નાનું શું સામ્ય પણ લોક—સમુદાયની અંદર અજ્ઞાન અને અણવિકસ્યા મરી ગયેલા કૈંક શેલી અને કાલિદાસોનું સુખદ સ્મરણ કરાવે છે. દૃષ્ટાંત દઈએ:—

धन्यास्तदंगरजसा मलिनीभवन्ति

"ધન્ય છે તે માતાપિતાઓને, જેઓનાં વસ્ત્રાભુષણો એની (પુત્રની) અંગ—રજ વડે મેલાં થાય છે."

એ કવિકુલગુરુ કાલિદાસનું શિરોમણિ નાટક શાકુંતલ: અને એ શાકુંતલનો સર્વોત્તમ શ્લોક; રાજા દુષ્યંત મૃગયા રમવા જતાં તપોવનમાં સર્વદમનને ખેલતો જુએ છે: એની કાલી કાલી બોલી અને

મધુર બાલ–ચેષ્ટાઓને કવિ ત્રણ જ ચરણોમાં સમેટી જગતનાં સમસ્ત બાલકોનું અનન્ય શબ્દચિત્ર આલેખે છે અને પછી કહે છે કે

धन्यास्तदंगरजसा मलिनीभवन्ति

કહેવાય છે કે જર્મન કવિવર ગેટે એ શ્લોક વાંચતાં જ, 'શાકુંતલ'ની ચોપડી શિર પર ચડાવી હર્ષઘેલછામાં નાચ્યો હતો.

બાલકનું એવું જ શબ્દચિત્ર–એથી યે અદકું–વાંઝણી લોકમાતાના પ્રાર્થના–ગીતમાં છે. ગુજરાતમાં લગ્ન, સીમન્ત ઇત્યાદિ મંગળ અવસરે રાંદલ તેડવામાં આવે છે, રાંદલ માતાની પ્રતિષ્ઠા થાય છે. તે વખતે ગવાતી સૂર્યદેવનાં રાણી રન્નાદેવી સન્મુખ પુત્રની યાચના :

"લીપ્યું ને ગૂંપ્યું મારું આંગણું,
પગલીનો પાડનાર ઘોને રન્નાદે !
વાંઝિયાં–મેણાં માડી દોહ્યલાં.

દળણાં દળીને ઊભી રહી
પારણિયાંનો પાડનાર ઘોને રન્નાદે !–વાંઝિયાં૦

પાણીડાં ભરીને ઊભી રહી
છેડાનો ઝાલનાર ઘોને રન્નાદે !–વાંઝિયાં૦

રોટલા ઘડીને ઊભી રહી
ચાનકીનો માગનાર ઘોને રન્નાદે !–વાંઝિયાં૦

ધોયો ધફોયો મારો સાડલો
ખોળાનો ખૂંદનાર ઘોને રન્નાદે !–વાંઝિયાં૦"

ખોળાનો ખૂંદનાર ! धन्यास्तदंगरजसा मलिनीभवन्तिः લોકમાતા પોતાના ધોયા–ધફોયા સાડલાવાળો ખોળો ખુંદાવી નાખીને ધન્ય બનવા તલપે છે. ખૂંદનાર ! કેવળ 'રમનાર' નહિ : 'પોઢનાર' નહિ : પણ 'ખૂંદનાર' !

પગલીનો પાડનાર : પાળ્યુંનો પાડનાર : છેડાનો ઝાલનાર : ચાન-કીનો માગનાર : ખોળાનો ખૂંદનાર : એ ચેષ્ટાઓ કોઈ એકાદ બાલકની નથી, પણ શ્રીમંત અને રંક તમામ માતાના તમામ બાલકોની છે. એ સાર્વજનિકતા, એ Democratic લક્ષણ–લોકસાહિત્યનો પ્રાણ છે. એટલે જ એ કોઈ અમુક શિષ્ટ વર્ગની સાંકડી મહેફિલ નથી, પણ શેરડીને વાઢે રાજાથી માંડી અંત્યજ સુધી સહુને કાતળી કાતળી ખાવાની રસલહાણ છે. શાંકુતલનો શ્લોક અને વાંઝણી માતાનું લોકગીત, બન્નેમાં એ સાર્વજનિકતા વહે છે.

પ્રેમિકા પોતાના શણગારો માત્ર પોતાની વાંઝણી શોભાને કાજે નથી ધરતી, પણ એ શણગારને 'જોનાર' 'માણનાર' કોઈક જોઈએ છે. અને એ 'જોનાર'ને બતાવવામાં જ શણગારોનું સાર્થક્ય સમજે છે; આવા ઉદ્દગારો સંસ્કૃત નાટકોમાં સ્થળે સ્થળે વ્યક્ત થયા છે. એ બધાની જોડમાં મૂકી શકાય તેવી પંક્તિઓ લોકગીતોમાં પણ વારંવાર દૃષ્ટિએ પડે છે:—[ર. રા. ભા. ૧ ગીત ૧૧]

"હાથ રંગીને હેરી શું રે કરું;
"એનો જોનારો પરદેશ, મેંદી રંગ લાગ્યો રે."

એવા પ્રસંગો લોકનારીની અને લોકોત્તર પ્રેમિકાની વિપ્રલંભ વેદનાના અતિ સમાન પડછંદા પાડે છે. અને બન્ને વચ્ચેની આપણી ભેદ–દૃષ્ટિ ભાંગી નાખે છે.

મસ્ત–યુગના મહાન સાહિત્યકાર શેલીએ Skylark–ચંડોલને સંબોધન કર્યું. કવિને એ પક્ષી–સૌંદર્ય વર્ણનથી અતીત લાગ્યું. એટલે પછી તો ઉપમાઓની જ ધારા વછૂટી :

Like s glow-worm golden
In the dell of due !

* * *

Like a poet hidden
In the light of thought

* * *

Like a high-born maiden
In her palace-tower-

* * *

એમ એ ઉપમા–ગીતને મહાપંથે ચાલીને કોઈ અજાણ્યા લોક કવિએ પણ, અધરાતે ગિરનારને માથે ઝગૂંબનાર રૂખડ અવધૂતને ઉપમાઓથી વધાવ્યો :—[ર. રા. ભા. ૨ : ગરવાને માથે : ગીત ૮૭]

"જેમ ઝળૂંબે મોરલીને માથે નાગ જો,
[એમ] ગરવાને માથે રે રૂખડીઓ ઝળૂંબિયો !

* * *

જેમ ઝળૂંબે બેટાને માથે બાપ જો !

* * *

જેમ ઝળૂંબે ગોપીને માથે કાન જો !

* * *

જેમ ઝળૂંબે નરને માથે નાર જો !

* * *

અને છેવટની કલ્પનામાં અવધિ આવી;

જેમ ઝળૂંબે ધરતીને માથે આભ જો !
[એમ] ગરવાને માથે રે રૂખડિયો ઝળૂંબિયો."

* * *

હાફીઝે ગાયું કે-

"બાદ બર ઝુલ્ફે તુ આમદ
શુદ જહાનં બરનમ સીયાહ"

[તારા કેશ કલાપ પર પવન વાયો, અને અય માશૂક, મારી દુનિયા કાળી થઇ ગઇ.]

માશૂકના વાળને સ્પર્શ કરનાર વાયુ જાણે કે પ્રેમીનો પ્રતિસ્પર્ધી બનીને આવ્યો; પ્રેમિકથી એ પવન–સહેવાયો નહિ. તે જ મિસાલે,

"મારી નણદીનો વીરો દાતણ કરે,
"અને ઝારીએ બેઠેલ માખી હો સાયબા
"એ રે માખડલી અરજું કરે.
"એ તો અરજું કરે ને હું રીસે બળું,
"માખડલી હજારણ શોકય હો સાયબા !
"એ રે માખડલી અરજું કરે."

એ લોકગીતમાં કલ્પાયલી સ્નેહ-ઈર્ષ્યા : તે ઉપરાંત એવી કૈં કૈં પંક્તિઓ આવે છે કે જેને મળતા ભાવો લોકોત્તર સાહિત્યમાં ઘૂમનાર રસવેત્તાને અનેક સ્થળે જડી આવશે. સાસરવાસમાં આવેલા ભાઈને મળી ન શકનાર બહેન ભાઈની વિદાય પછી મોડી મોડી જાણવા પામે છે, અને વગડામાં ચાલ્યા જતા વીરાની પાછળ દોડતી પુકારે છે કે:–

'જો રે સરજી હોત ચરકલી
'વીરને ભાલે બેઠી જાત જો !
'જો રે સરજી હોત વાદળડી
'વીરને છાંયો કરતી જાત જો !'

[ર. રા. ભા. ૩ : મહેમાન : ગીત ૧૬]

એવી કલ્પનામાં લોકોત્તરતાની રેખા અંકાયલી દીસે છે. અથવા તો

"રામ તમારે બોલડીએ હું જળમાં માછલી થઈશ જો !
તમે થશો જો જળમાં માછલી હું માછીડો થઈશ જો !

* * *

"રામ તમારે બોલડીએ હું આકાશ વીજળી થઈશ જો !
તમે થશો જો આકાશ વીજળી, હું મેવલિયો થઈશ જો !"

એ પ્રણયી યુગલની સંતાકુકડી [ર. રા. ભા. ૩ : સંતાકુકડી ગીત ૩૨] આપણને શિષ્ટ–સાહિત્યના સ્નેહવિનોદનું સ્પષ્ટ અસ્પષ્ટ સ્મરણ કરાવે છે. ચોક્કસ પંકિતઓ ન સાંભરે છતાંયે અંતરમાં થાય છે કે કયાંઇક–જાણે કયાંઇક આવાં યુગલો આપણને શેકસ્પીઅર, કાલિદાસ અથવા હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયની રસ–સૃષ્ટિઓમાં વિહરતાં સામાં મળ્યાં હોય ની ! सौमित्रे ननु सेव्यतां तरुतलं એ શ્લોકની અંદર જેમ જાનકી-વિખૂટા રઘુવીરને ચંદ્રોદય મધ્યાહ્નના સૂર્ય સરીખો પ્રજ્જળતો હોવાનો ભ્રમ થયાનું ચિત્ર આલેખાયું છે, તેમ વિદેશી સ્વામીની વાટ જોતી વિરહી લોક-પ્રિયતમાને પણ

"રસિયા મોરા ચાંદલિયો ઊગ્યો રે
કે રાજ મને સૂરજ થૈ લાગ્યો !'

એવો ભ્રમ થયો. સૂર્યોદયે તો સ્વામી પધારવાના છે તે સંદેશે દોરાયેલી એ રસિકા જાગી અને

"રસિયા મોરા શેરીએ પડાવું સાદ
"કે દાતણુ કરવાને કાજે રે !"

એવા સાદ પાડતી વલવલે છે. આખા ભવના અબોલા રાખનાર પતિની પરિત્યકતા સ્ત્રી પોતાની વેદનાને ઠાલવવા માટે નીચેના પ્રસંગમાં સારી પેઠે લાક્ષણિક ભાષા–પ્રયોગ કરતી જોવાય છે. પિતા એને કહેવરાવે છે કે—[ર. રા. ભા. ૩ : અબોલા : ગીત ૩૬]

'દીકરી દુઃખ રે હોય તો વેઠીએ
'દીકરી સુખ વેઠે છે સૌ !"

ઉત્તરમાં દીકરી કહેવરાવે છે :—

"દાદા ખેતર હોય તો ખેડીએ
"ઓલ્યા ડુંગર ખેડ્યા કેમ જાય !
"દાદા કૂવો રે હોય તો ત્રાગીએ
ઓલ્યા સમદર ત્રાગ્યા કેમ જાય
"દાદા કાગળ હોય તો વાંચીએ
"ઓલ્યાં કરમ વાંચ્યાં કેમ જાય !"

આવી પંક્તિઓ ઉપર લોકોત્તર કાવ્યના અભ્યાસંગીઓને ચિરપરિચિતતાનાં ચિહ્નો અંકાયેલાં દેખાશે. તુલના કરવાનું પ્રયોજન નથી. પરંતુ લોકસાહિત્યના પ્રવાહનું રસપાન કરવામાં આવાં સ્મરણો અતિ મોટી સહાય કરે છે એમાં સંદેહ નથી. ભાષા અને ભાવ-પ્રયોગોનાં જે ડોળાણ આપણી દૃષ્ટિને લોકગીતોમાં દેખાતાં હોય, તે ડોળાણ આ રીતે આછરી જાય છે. અલબત્ત એ નીર તો ઘરના ગોળાનાં નથી, ટાંકાનાં યે નથી, એ તો વીરડાનાં નીર છે. એ નીર પીવાની મીઠાશ તો જીવનની વનવાસી દશામાં–વટેમાર્ગુ દશામાં જ અનુભવાય છે. એ નીરની નિર્મળતા માપવાનાં ધોરણ ન્યારાં જ છે. એ ગીતોને લોકોત્તર સાહિત્યને ધોરણે શીદ કસીએ? કોયલના ટોકારને સંગીતશાસ્ત્રના નિયમોના નિકષ પર ન જ ચડાવાય. એનાં મૂલ તો એની સરલતા, અલ્પાક્ષરતા, નિર્દોષિતા, સુકોમલતા, નિખાલસતા અને સર્વોપરિ સંગીતમયતાને ધોરણે જ મૂલવાશે. તેમ છતાં દૃષ્ટાંતો વીણવાનો આશય તો એટલું જ દેખાડવાનો છે કે લોકોત્તર સાહિત્યનો સાચો રસજ્ઞ પોતાની એ રસદૃષ્ટિ વડે અન્ય કરતાં સવિશેષ મધુપાન લોકસાહિત્યમાંથી કરી શકશે.

કટાક્ષ ગીતો

લોકગીતોના રસાસ્વાદમાં અંતરાય રૂપ થનાર બીજો એક સંયોગ એ છે કે કૌટુમ્બિક જીવન વિષેનાં કેટલાંએક વિનોદાત્મક ગીતોને પણ ગંભીર સ્વરૂપે ગ્રહણ કરી બેસાય છે. આમ થવાથી તે તે ગીતોમાં વિલસતી અભિરુચિ વાચકને હીનતાભરી ભાસે છે. વાસ્તવિક સમજ

એવી હોવી જોઇએ, કે જેમ લોકસાહિત્યમાં ભેદક સ્વરે કરુણ રસ ગાનાર કવિઓ હતા, તેમ વિનોદ અને નર્મ–રસ ગાનારા પણ તટસ્થ ટીખળી લોકકવિઓ હતા. તેઓએ દૂર ઊભા રહીને લોક–જીવનનું ઉપહાસ યોગ્ય તત્ત્વ–Ludicrous element નિહાળ્યું. પતિપત્નીના પ્રણય–કલહ અને શંકા કુશંકાની બેવકૂફી નીરખીને આ કવિઓએ "પાછી પીઅ-રીએ મેલો માદેવજી" જેવાં, "શંકર અને ભીલડી" જેવાં, "હું અને સાયબો વઢીયાં જી" જેવાં, "મેંદી રંગ લાગ્યો" જેવાં, અથવા તો "રાજલ મારવાડી" જેવાં, પ્રણયી જીવનની બેવકૂફી રજૂ કરતાં કટાક્ષ–ગીતો રચ્યાં. સાસુ–વહુના ધડાકા દેખીને આ મર્મપ્રેમી નિરીક્ષકોએ "બાઇજીને બુડાડયાં" જેવા પ્રસંગો આલેખીને ઉપહાસ વાટે સખત પ્રહારો કર્યા, અને નણંદ–ભોજાઇ વચ્ચેના પરંપરાથી ચાલ્યા આવતા વૈમનસ્યને પણ "નણદલ પરોણલાં" અથવા તો "લેરિયાની લૂંટ" જેવાં, કટાક્ષ–કાવ્યો વડે વધાવી સામાજિક દૂષણોને ફટકા મારવાનો, સ્વયંભૂ સ્ફુરણાથી પ્રયત્ન કર્યો. આમાંનાં ઘણાંખરાં ગીતોમાં "હું" એવું પહેલા પુરુષનું સર્વ-નામ યોજાયાથી સહેજે આપણે એવી માન્યતામાં દોરાઇ જઇએ, કે પોતાની કથા સંભળાવતું આ ગીતનું પાત્ર પોતે જ પોતાની દુષ્ટતાનું પ્રદર્શન કરી, સમાજમાં પોતાની કલેશવૃત્તિની જાહેરાત કરે છે. દૃષ્ટાંત રૂપે,

"ઠાલા તે કૂવા ઠેકતાં જાજે;
  "ભર્યા કૂવામાં પડજે રાજ ! નણદલ પરોણલાં.
"મારા હૈયામાં હામ જ રહી ગઇ;
  "માર્યા વન્યાની વહી ગઈ રાજ ! નણદલ પરોણલાં."

*   *   *

"માનેતી શે મરે રે, અખોલા શે ભાંગે ભગવાન

*   ।   *

"ઘરમાં જેઠ ભૂંડો જેઠાણીનું ચલણ વાલ્યમજી !
"મારાં કર્યાં નો થાય, રંગમાં રોળ્યાં વાલ્યમજી !"

એવી પંક્તિઓમાં પ્રગટ થતી, ભોજાઈ, શોક્ય અથવા વહુ ઇત્યાદિની મનોવૃત્તિ, એવી હીન પ્રકૃતિના પ્રચારાર્થે અથવા તો ખરા દુ:ખના ઉચ્ચારણ તરીકે વ્યક્ત થયેલી નથી માનવાની. એ તો આવાં કુરુચિવાળાં કુટુંબીજનોના ગુપ્ત મનોભાવો છે. અને લોકકવિઓએ એ મનોભાવોના પ્રકટપણે કરેલા ભવાડા છે. એ કલ્પાંતો નથી, પણ ચાબુકોના પ્રહારો છે. એ તમામ નર્મગીતોની નોખી તારવણી કરીને જ તેનો કટાક્ષાત્મક કાવ્ય વિનોદ ખેંચવો જોઈએ. અલબત લોકગીતોના રચનારાઓ અનેક હોઇને તેમજ ભિન્ન ભિન્ન ચડતા ઊતરતી રસવૃત્તિવાળા હોઈને આ ગીતોમાં વહેતો નર્મ રસ પણ જાડો પાતળો હોવો જ જોઈએ. નફ્ટ વહુ પોતાના કલહપ્રિય સસરા સાથે ધડાકા લઇને :

"ઠેકો ઠેકો શું કરો છો શવજી માદળિયા !
"મેલું એક ઢીંકો શવજી માદળિયા !"

આવાં વચન કહે, એ વસ્તુસ્થિતિ તરીકે ઘણાં કુટુંબોમાં સત્ય હોવા છતાં, તેમાં તેના રચનાર કવિનો coarse humour સ્થૂલ હાસ્યરસ–દેખાઈ આવે છે ને આપણને સુગાવે છે. બીજી બાજુ "મેંદી રંગ લાગ્યો" નો કટાક્ષ અત્યંત કોમલ અને તે છતાં અતિ વેધક દીસે છે. એ રસની જાતો તો નિ:શંક જૂજવી જ છે. પરંતુ એ 'વિનોદ' છે, એટલું તો આપણે ન વીસરીએ. 'હિંદવાણી મુસલમાન બન જાઉંગી'નું આખું ગીત વટાળના Propaganda–પ્રચારનું ગીત છે એમ માનનારા ભૂલે છે. એ તો વટાળની બેવકૂફી પર પ્રહાર છે. તેમ—

"સાસરીએ જાઉં તો મારો સસરોજી ભૂંડા,
"લાજડિયું કઢાવે રે, ના મા ! ને જાઉં સાસરીએ રે.
"પિયરીએ જાઉં તો મારો દાદોજી સારા,
"દીકરી કહી બોલાવે રે, ના મા ! ને જાઉં સાસરીએ રે."

આ કાવ્ય પણ 'સાસરીઆ' વિરુદ્ધની સામાજિક ચળવળ રૂપે ન સમજવું ઘટે. "કાંતો રે મેરી છેલણ બીબીઆં" એ વિનોદ-કાવ્યમાં

"જમીયા ભંગાઉં તેરી તરાક બનાઉં"

*   *   *

"દાઢી બોડાઉં તેરી પુણિયાં બનાઉં"

એવી સ્પષ્ટ રમૂજ હોવાં છતાં પણ "ખાદી પ્રચાર" ખાતે એ ગીતને વાપરી કેમ શકીએ ? એ તો કામ ન કરવાનાં બહાનાં શોધનાર સ્ત્રીનું અને સ્ત્રીનાં ઢીંઢાં ભાંગવાના શોખીન કોઇ મિયાંભાઇનું ટોળચિત્ર જ છે. અને એનો રચનાર પણ તટસ્થ લોકકવિ જ છે. ખાદીપ્રેમી મિયાં તો નથી જ.

આટલી રગ પકડી લઇએ તો આપણે લોકગીતોના જૂજવા વિભાગોને યથાર્થ સ્વરૂપે સમજી શકીએ.

ચૂંદડીના રંગો

[લગ્નનાં લોકગીતો]

દિવસ મટીને રાત્રિ આવે છે, રાત્રિ વીતીને દિવસ ઊગે છે, રોજે રોજનો, રોજ બબ્બે વખતનો એ ફેરફાર છે. જળ ત્યાં થળ, ને થળ ત્યાં જળ કરનાર કોઈ ભૂમિકમ્પ જેવો એ ફેરફાર છે. બન્ને પરસ્પરનાં કટ્ટાં વિરોધી : એકની પ્રકૃતિ પ્રકાશમય, તપનશીલ અને ચૈતન્યદાયી : અન્યની પ્રકૃતિ ઘન અંધકારમય, શીતવાહી ને નિશ્ચેતનતામાં સુવાડનારી : છતાં બન્નેનું સવાર સાંજ બદલાતું કેવું સ્વાભાવિક લાગે છે ! એ શત્રુઓ પરસ્પરની ગરદન વાઢતા હોવાને બદલે બે પ્રેમીજનો પરસ્પરનું ગાઢ–પ્રગાઢ મિલન સાધતા હોવાનું શું એ ઉત્સવ–દૃશ્ય નથી બની જતું ? એકનાં જ્વાલા ઝરતાં કિરણોને સ્થળે બીજીના શીતલતા વર્ષતા તારલા તદ્દન સ્વાભાવિક જ કાં લાગે ? એકના સર્વદર્શી અજવાળાને બદલે અન્યનો સર્વગોપન અંધારપછેડો પણ કેટલો બધો સ્વાભાવિક ને સુસંગત લાગે છે !

દિન રાત્રિની મિલન–સખી

આવું પ્રચંડ પરિવર્તન, ને છતાં એનો લગારે આંચકો ન મળે. આવો બલવાન પ્રત્યાઘાત, છતાં તેનો જરીકે અવાજ ન સંભળાય. આવો વિરાટ પલટો, છતાં જગતનાં કરોડો જીવો જરા યે ચોંક્યા

વિના તેને આધીન બને છે; એમાં સુખની લહેરો અનુભવે છે; એમાં વિશ્રામ અને સ્ફૂર્તિ પામે છે. એ શા માટે? એટલા માટે કે એ પરિવર્તનનો આંચકો ન લાગવા દેનારી મૃદુલ એક કાલ-તનયા ત્યાં વચ્ચે આવીને પોતાનાં કોમલ અંગો આડાં ધરે છે. એનું નામ ઉષા-સંધ્યા. કલહઘેલાં માવતર વચ્ચે ઊભી રહેનારી કો' ડાહી દીકરી સરખી એ બહુરંગી ઉષા-સંધ્યા દિવસ રાત્રિના વિગ્રહને પોતાની ચૂંદડી આડે સંતાડી રાખે છે. ધીરે ધીરે, ધીરે-ધીરે-ધીરે જાણે દિવસની પાંખો સંકેલાઇને રાત્રિ રૂપી માળામાં છુપાય છે. ધીરે ધીરે, ધીરે-ધીરે-ધીરે જાણે બાલક માતાની મીઠી ગોદમાં લપાય છે. ધીરે-ધીરે-ધીરે જાણે પ્રિયતમ પ્રિયાના ભુજપાશમાં સમાય છે. ધીરેથી જાણે એક પીગળીને અન્યમાં ઓતપ્રોત થાય છે. એ જાણે યુદ્ધ નથી, મિલન છે; પરિવર્તન નથી, ઐકાત્મ્ય છે; જય પરાજય નથી, અન્યોન્ય આધીનતા છે; મૃત્યુ નથી, પ્રાણમાં પ્રાણનું નિમજ્જન છે; આંચકો નથી, આલિંગન છે. અને એ અસ્વાભાવિકને સ્વાભાવિક બનાવનાર, એ અસંગતની સંગતિ યોજનાર, એ દારુણને કરુણામય કરી મૂકનાર કેવળ અર્ધ પા કલાકની ઉષા-સંધ્યા જ છે. દિવસ રાત્રિ, ઉભયના રંગોને ધારણ કરીને એ મિલન-સખી આભને આરે ઊભી રહે છે. એણે અબજો પુનરાવર્તન પછી પણ ઉદય-સંધ્યાની રમ્યતાને જૂની પુરાણી થઈ જવા દીધી નથી. નિત્ય નિત્ય નૂતનત્વ અને નિગૂઢત્વની કોઈ નવરંગી ચૂંદડી ઓઢીને પોતાના ઝલકતા પાલવ ઉરાડતી એ ઉષા સંધ્યા રોજરોજની અજાણી બની આભ ધરતીને અમીરસ પાયા જ કરે છે. થાક એને લાગ્યો જ નથી. અબજ વર્ષે પણ થાક એને લાગવાનો નથી. થોડી વાર આપણે એ ચૂંદડીનું ધ્યાન ધરીએ. એ ચૂંદડીના રંગો આંખો વાટે ભરી ભરી પીએ. પછી એ ચૂંદડીના સોહાગ ફોરતી કોઈ બીજી ચૂંદડી પૃથ્વી પર ક્યાં યે હોય તો તેને શોધી કાઢીએ.

એકલ દશા ને યુગલદશા : માનવ જીવનની એ પણ બન્ને વિરોધી દશાઓ : દિવસ અને રાત્રિ જેવી : વિચાર કરીએ તો ભયંકર વિગ્રહ-તત્પર બે વિરોધીઓ જેવી ગણાય. બન્ને દશાનાં સ્વભાવ ને સ્વરૂપ કેટલાં બધાં જૂજવાં! બન્નેના મેળને અવકાશ જ ક્યાં છે? આજનો એકલ-

માનવાત્માની મિલન-સખી

વિહારી, ઉન્મત્ત કે કઠોર વ્રતધારી કુમાર આવતી કાલે પરગૃહની કોઈ અજાણી કુમારી સાથે પરણી જઈ જુગલવિહારી બને એ શું પ્રકૃતિના ભુવનમાં પ્રચંડ આંચકો નથી? જેમ કુદરતમાં તેમ જીવનમાં પણ આંહીં દટ્ટણ તો બીજે પટ્ટણ, આંહી જળ તો બીજે થળ, આંહી માયા તો બીજે મિટ્ટી બનાવી મૂકનાર એ ઘટના નથી? ત્યાગમાંથી ઉપભોગમાં લસરાવતું એ મહાન વાવાઝોડું છે. અનેક આત્માઓની ચાહના ત્યજનીને એક જ માનવી પર આખું અંતઃકરણ ઢોળાવનાર એ એક વિકટ દશાન્તર છે. નર્યું લગ્ન એ એક એવું જોખમકારક પરિવર્તન છે. એ નવા મિલને ઘણા જૂના ગાઢતર સ્નેહસંબંધોને રદ કરાવ્યા છે. એણે સંયમ ભુલાવી લાલસાના દોર છૂટા મેલાવ્યા છે. એણે સમતા છોડાવી મદોન્મત્તતા જન્માવેલ છે. એ પરિવર્તને ઘણું જૂનું ભાંગીને નવું સરજાવેલું છે. એ એનો સ્વભાવ છે. છતાં એને દિવસ રાત્રિના પલટા સમાન કોમલ, નિઃશબ્દ ને મધુર બનાવનાર કોઈ ઉષા-સંધ્યા ક્યાં હશે? હશે તો કેવી હશે? કેવી હોવી જોઇએ? લોકોએ કેવા એની કલ્પના કરી છે? એ ચૂંદડીના ભાતીગળ પાલવડા પોતાની ફોરમો ઢાળતા ક્યાં ક્યાં ને કેવી રીતે ફરકી ગયા છે?

કેટકેટલી આળ પંપાળને અંતે બે પંખીના પ્રાણમાં પ્રેમ પ્રગટે છે! કેટકેટલી કુશંકાઓ અને ભીતિઓ ટળી ગયા પછી જ બે દોર પણ પરસ્પર હેવાયાં બને છે! માનવી તો એ સહુથી વધુ ગૂંચવણોથી ભરેલો જીવઃ એને

તો મિત્ર બનતાં પહેલાં પણ કેટલી અશ્રદ્ધા, ચિંતા ને ધાસ્તીમાંથી વટવું પડે છે ! એથી, એ સહુથી વધુ વિકટ મનસંયોગ તો નર અને નારીનાં એ પ્રાણપંખીના સમજવા. અને એ જીવનનાં જોડાણોને કાજે નિરનિરાળા સમાજે, નોખનોખા જુગમાં નિરનિરાળી યુક્તિ પ્રયુક્તિઓ યોજેલી દીસે છે. આજે જાણે કે યુગ બેસે છે સંવનનનો. આજે સ્નેહ-સાહિત્યનું વાંચન અને ચોબાજુની સ્નેહ–સૃષ્ટિનું નિરીક્ષણ યુવક યુવતીનાં અંતરમાં બેલડ–દશાની ક્ષુધા જન્માવે છે, અને મોહવશ આંખો જેટલો કાંઇક વિવેક વાપરવા આપે તેટલો વાપરીને પોતાના પસંદ કરેલા પાત્ર સાથે સંવનનની રીતિએ મનમેળ ઉપજાવવા દેવાના ઇલાજો આજે નક્કી થયા છે. ધીરે ધીરે કે ત્વરિત ગતિએ, વિવેકની પાળો વચ્ચે સમતાથી વહેતી સરિતાની માફક અથવા તો ઊર્મિના પ્રબલ મારપછાડા રોકનારી કોઈ કિનારીઓ વિનાને વિકલ પંથે એક જીવન બીજા જીવનમાં ઠલવાઇ જાય છે. પ્રેમના પત્રો, કવિતાની રચનાઓ, પરસ્પર પાઠવવામાં આવતી ભેટો, પ્રતિબંધ રહિત મેળાપો, સહનિવાસો, સગાંવહાલાં ને સ્નેહીજનો તરફથી સોગાદો, મધુરજની (honey–moon)ના બેલડી–વિહારો વગેરે વગેરે રંગો ને ભાતોથી ભભકે છે આજની જીવન–ચૂંદડી. એ રંગો કાચા છે કે પાકા ? એ ભાત રહેશે કે રેળાઇ જશે ? નિર્ણય હજુ થયો નથી.

સમતોલતા

પરંતુ એવી કોઇ જીવન–ચૂંદડી જૂના કાળમાં હતી કે નહિ ? આજકાલ અશિક્ષિત અને પછાત વર્ગમાં ખપતા સમુદાયને એવી કોઇ ચૂંદડીનું સ્મરણ છે કે નહિ ? એનાં માનવ–મીલનો શું કેવળ કલાવિહીન, પ્રાણવિહીન, રંગવિહીન મીલનો હતાં ? કે કોઇ કસુંબલ ચૂંદડીની સુવાસો ત્યાં પણ મહેકતી હતી કદી ? એવું કંઇક હતું ને અવશેષ રૂપે હજુ જીવે છે. એ જીવે છે પ્રાચીન લોકલગ્ન–વિધિ રૂપે; લોકોનાં લગ્ન–ગીતોના સમગ્ર એક ઝૂમખા રૂપે.

લોક સમુદાયે પોતાની સંતતિની કૌમાર અને વિવાહિત દશાની વચ્ચે આખી એક લગ્ન–રીત અને લગ્નકાવ્યનું સાહિત્ય ઉત્પન્ન કરીને પોતાને સૂઝયું તેવું સર્વદેશીય ભાવના–મિલન સાધવાનો યત્ન કર્યો હતો. કુટુંબનો પ્રેમી અને કડક બ્રહ્મચારી દશાનો પાલનહાર લોક–યુવક અથવા યુવતી, ધીરે ધીરે–દિવસ રજનીના મિલન જેટલાં જ ધીરે ધીરે, નિઃશબ્દે, વિણ આઘાતે, વિના કમ્પે દંપતી–જીવનની સામી પરિસ્થિતિમાં સરી જતાં, બન્ને અવસ્થાઓનું માધુર્ય મિલાવી મિલાવીને પીવા લાગતાં. કંઈ નહિ તો એવી મિલાવટનો આશય તો આ ઝીણવટભરી રસપ્રણાલીની પાછળ ઊભેલો હતો. બે સામસામાં છાબડાં વચ્ચે સમતુલાની દોરી બાંધવાનો એ પ્રયત્ન હતો. ઉપભોગની સાથે વિશુદ્ધિને, યુગલ–જીવનની સાથે કુટુંબ–સંસારને, શૃંગારની સાથે કરુણતાને, ગાંભીર્યની સાથે પરિહાસને અને વિલાસની સાથે માંગલ્યને ભારોભાર બનાવી જોડવાની કોઈ જુક્તિ રૂપે પ્રજાએ આ પ્રણાલી યોજી હશે એવું માનવા મન લલચાય છે. જીવન–ચૂંદડીના એવા સમરંગી શણગાર લોક–સાહિત્યમાં આજની ઘડી સુધી સચવાયા છે, તે બતાવવાનો પ્રયાસ આજે આપણે આ લેખમાં કરીશું.

કોઈ પણ સમાજના સંસ્કારનું માપ કાઢવું હોય તો એની નીપજાવેલી લગ્ન–ક્રિયાની ને એના રચેલા લગ્ન–સાહિત્યની સામે દૃષ્ટિ કરી લેવી: જીવનની વાટ ભુલાવે તેવું ગંભીર વનરાવન આ લગ્ન છે. ત્યાં

લગ્નની વિકટતા

માનવીની સન્મુખ વિલાસ ઊભેલ છે; સંયમ ત્યાં શેણે સાંભરે? ત્યાં સુરા ભભકે છે–ફૂલોની ધીરી મીઠી સુવાસ ત્યાં કોને ગમે? યૌવન મદોન્મત્ત બની ઘેનમાં ઘેરાતી આંખે ઊભેલું હોય–ત્યાં નરમાશ અને નયનોની નિર્મલતા શે રહી શકે? વિવાહ અને વિષયભોગ વચ્ચે ક્યાં ઝાઝું અંતર છે? પ્રત્યેક સમાજ પોતાના તમામ ઉત્સવો કરતાં આ

લગ્નોત્સવને અવસરે વધુ ઉઘાડો પડી જાય છે. એને સહજમાં સહજ તે વેળા મસ્ત બનવું, બહેકવું, તોફાને ચડવું, રંગીલારસીલા થવું ને ભાન ભૂલવું ગમે છે. પાંચે ઇંદ્રિયો તે કાળે મોં ફાડીને 'લાવો! લાવો! લાવો!'ની ચીસો પાડે છે. મોહિની ને મંગલતા વચ્ચે મેળ રાખવા ત્યાં દુષ્કર થઇ પડે છે. સંતોષ અને સંયમ વચ્ચે ત્યાં સંગતતા રાખવી મુશ્કિલ નથી શું? શાસ્ત્રોનું બલ ત્યાં સદાકાલ ચાલતું નથી. શાસ્ત્રો તો ચોકીદાર પેઠે કડક આજ્ઞા જ ફરમાવી શકે છે. મહાત્માઓના સદ્બોધ ત્યાં સંભળાતા નથી. એની રસહીનતા ને કઠિનતા કોઇને પચતી નથી. શાસ્ત્રો ને મહાત્માઓ પહોંચી શકે તે કરતાં ઘણી વધુ વિશાલ આંતર-સૃષ્ટિ એ સમયે હિલોળે ચડી જાય છે. ધર્મવચનોથી વાર્યા ન રહે તેવા વિકટ ભાવોનો ત્યાં ખળભળાટ મચે છે.

એકીકરણની જુક્તિ

માટે જ ત્યાં લોક-સમુદાયે નવીન જ જુક્તિ નીપજાવી કાઢી. એ કટ્ટાકટ્ટીની જીવન-દશામાં જૂજવા જૂજવા તમામ માનવ-ધર્મોનો મધુર મેળ યોજવા આપણા કોઇ રસિક પૂર્વજોએ આપણી લગ્ન-સંસ્થા ને લગ્ન-કવિતાની ફુલવાડી ઉગાડી દીધી. એ ફુલવાડીની વચ્ચે કર્તવ્યભાનનાં દેવાલય ચણ્યાં. ફૂલોને રખે ચૂંટીએ તે કાજે મંગળતા રૂપી માલણની ચોકી મેલી. કાવ્યદેવીએ પંપાળી પંપાળી પોતાના કોમલ કરસ્પર્શે જાણે કે પરણનાર બેલડીનો વિશુદ્ધ રસ-સમાગમ યોજવા યત્ન કર્યો. એ લગ્નમાં ઉતાવળ નહોતી, પરણીને પરબારાં સર્વ સ્વજ-નોથી દૂર કોઈ ચોર વા બંડખોરની માફક એકલ વિલાસ માણવા નહાસી જવાની એ વિધિમાં જગ્યા નહોતી. ધીરે ધીરે એ કુમાર કુમા-રીનાં અંતઃકરણોને એક દુનિયામાંથી અન્ય દુનિયામાં ઉપાડી જવાની એ સ્નેહ-નૌકા રચાયલી હતી. ત્યાં ખાનપાનના સમારંભો સામે વર કન્યાના ઉપવાસ પણ છે; વસ્ત્રાભૂષણના ઠાઠ માઠ સામે શ્વેત પાનેતરના

વલ્કલ શા સાધુવેશ પણ છે; ત્યાં તેલસિંચન, સુગંધી પીઠીનાં મર્દન, અને સુખકારી સ્નાન છે, તો આદિત્ય-રાંદલ સરીખાં તેજસ્વી અને પરિશુદ્ધ દેવયુગલની સાક્ષી પણ હાજર ઊભેલી કલ્પાઈ છે; ત્યાં માનવ મેદનીની હાજરી છે, તો તે સઘળી મેદનીની વચ્ચે જ વર-વધૂના પ્રથમ પ્રેમલ હસ્ત-મેળાપ પણ છે; એક બાજુ સમાજની લાજ મરજાદ છે તો બીજી બાજુ હાથેવાળા વાટે પરસ્પર દેહ-વીજળીના ચાલતા મધુર સંચાર પણ છે. દૂધેભરી થાળીમાં બન્ને હાથ કોડીની રમતો રમી રહ્યા હોય તો તે સામે ગોત્રીજ દેવની પાપ-ડારતી જ્યોત પણ બળતી રખાયેલી હોય છે; સહુના દેખતાં વર-વધૂનું પહેલી જ વારનું સહ-ભોજન પણ ત્યાં જ છે. તે સામે અગ્નિદેવની ચોકી પણ ત્યાં જ ઊભી હોય છે. પતિની સાથે ચાલ્યા જવાના ઉલ્લાસની સાથોસાથ જ પિતામાતાથી જુદા પડવાના મર્મવેધક પ્રસંગો પણ ત્યાં જ ખડા છે. પુરોહિતના ધર્મ-મંગલ મંત્રોચ્ચારની જોડાજોડ જ સગાંવહાલાંના મીઠા પરિહાસ ત્યાં ચાલે છે: શરીર-વૈભવની વચ્ચે ધર્મના મંગલ ઘંટારવ ત્યાં સતત બજતા સંભળાય છે. વિવાહિત જીવનના વિહાર-સરોવરમાંથી પાણી ઝાલક મારીને બહાર ન વહ્યાં જાય તે માટે ચોપાસ કર્તવ્યની પાળ બંધાઈ જાય છે.

લગ્નગીતોની સર્વદેશીયતા

એમાંથી જ કવિતા ઊઠી છે. ને કવિતા લગ્નમાંથી ન જાગે તો પછી બીજે કયાંથી જાગે? સર્વ કાવ્યોનું મહાકાવ્ય તે લગ્ન: સર્વ રસનું સાચું ઝરણ ને જીવનના સર્વ રુધિરની ધોરી નસ તે આ લગ્ન: એમાંથી કવિતા જાગી. પણ એ તો સરિતા જેવી જાગી. કોઇ એકાદ બગીચાના નાના નળ જેવી એ નહોતી: એકાદ કોઈ ભણેલ ગણેલ કે પ્રેમની પોપટિયા વાણી ગોખેલ યુગલને સંતોખવા અથવા દેખાડો કરવા માટેની એ 'રસ' શબ્દના અતિરેકે

ઉભરાતી કવિતા નહોતી; એ તો નાનાં મોટાં ને ઊંચા નીચાં તમામ ખેતરોમાં રેલી જનારી સર્વસ્પર્શી કાવ્ય-સરિતા રૂપે જ રેલી હતી. એ કવિતાએ તો રાયથી લઈ રંક સુધી તમામ વરકન્યાને એક જ સરખી રીતે લાગુ પડી મનધાર્યા મનોભાવ જગાવે તેવાં શબ્દચિત્રો આલેખ્યાં. એ કવિતામાં તો માતા પિતા, ભાઈ બહેન, સાળા બનેવી, વગેરે સર્વ કુટુંબીઓને સ્થાન મળ્યું.

એ એની એક પ્રકારની સર્વદેશીયતા: બીજી સર્વદેશીયતા એના ભાવ મિશ્રણની—કહો કે ભાવોના એકીકરણની. એટએટલી કુલમરજાદમાં મુકાયેલા એ સમાજજીવનની વચ્ચે થઈને પણ સંવનનનો ઝીણો, એક જ ધારો, અખંડિત સૂર ચાલ્યો આવે છે. છૂટાં છવાયાં, જુદી જુદી વિધિઓ વખતે ગવાતાં એ ગીતો મોટે ભાગે તો ખુદ વિધિનો કાંઈ અર્થ ઉઘાડો કરવાને બદલે જાણે કે છાનામાનાં વરવધૂના જ પ્રેમાલાપની અથવા સંદેશાની, સાંત્વનની અથવા સમુલ્લાસની વાણી ઉચ્ચારે છે. જાણે કે કવિતા પોતે કોઈ પ્રેમસખીનો પાઠ ભજવતી, છૂપી છૂપી, અન્ય પ્રસંગોની ઓથે રહીને વરવધૂના મનમેળના પ્રયાસો આદરે છે.

એ પ્રેમસખી થનારી કવિતાનું સ્વરૂપ કેવું છે? એના આખા પ્રયાસની વિલક્ષણતા શી છે? આ પુસ્તકમાં એનું સ્વરૂપ કંઈક આવી રીતે નક્કી કરવામાં આવ્યું છે. છૂટાં છવાયાં,

આખી કથા

પ્રાસંગિક વા અપ્રાસંગિક, ગાવામાં આવતાં એ સવાસો જેટલાં ગીતોમાં જાણે કોઈ ગુપ્ત સંકલના વહેતી માલૂમ પડે છે. જાણે કે કોઈ એ વર-કન્યાનાં ભાવના-લગ્નની સળંગ એક વાર્તા વર્ણવાય છે. બે યુવાન સ્ત્રીપુરૂષ જીવનમાં પ્રથમ વાર—

દૂધે તે ભરી તળાવડી, મોતીડે બાંધી પાળ
ઇસવર ધોવે ધોતિયાં, પારવતી પાણીડાં જાય

એ સ્થિતિમાં કોઈ જળાશયને તીરે મળ્યાં, પરસ્પર મન હર્યાં અને

હળવા તે ધોજો ઈસવર ધોતિયાં, છંટાશે મારાં ચીર
અમ ઘેર દાદોજી રિસાળવા, દેશે માતા મોરી ગાળ

એવા લગાર ફફડાટ પછી—

નહિ તારો દાદોજી રિસાળવા, નહિ દેશે માતા તારી ગાળ
આપણ બેઉ મળી પરણશું, વૈશાખ મહિના માંય
[ચૂં. ભા. ૧ : ગી. ૪]

એવા પરસ્પર પરણવાના કોલ દેવાયા. ત્યાંથી માંડી કન્યાએ જળભરી આંખડીએ ચિંતાતુર પિતા પાસે—

એક ઊંચો તે વર નો જોજો રે દાદા
ઊંચો તે નત્ય નેવાં ભાંગશે !
એક નીચો તે વર નો જોજો રે દાદા
નીચો તે નત્ય ઠેબે આવશે !
એક કાળો તે વર નો જોજો રે દાદા
કાળો તે કટંબ લજાવશે !
એક ગોરો તે વર નો જોજો રે દાદા
ગોરો તે આપ વખાણશે !
એક કડય રે પાતળિયો ને મુખ રે શામળિયો
તે મારી સૈયરે વખાણિયો
[ચૂં. ભા. ૧ : ગી. ૬]

એવા પોતાની પસંદગીના મધ્યમ કોટિના પુરુષ સાથે પરણવાની આકાંક્ષા બતાવી; પુરુષે પણ ઘેર જઈ—

લાંબી તે લાંબી સરવરિયાની પાળ
એ રે પાળે રે મોતી નીપજે

મોતી તે લાધ્યું......ભાઈ વર હાથ
ઘેરે રે આવીને ઝઘડો માંડિયો

દાદા મોરા મુજને પરણાવ
મુજને પરણ્યાની દાદા હોંશ જો

[ચૂં. ભા. ૧ : ગી. ૯]

એવી રઢય લીધી : બન્નેના પિતામાતાએ અનુમતિ દીધી. વેવિશાળ થયાં, ગળિયા ગોળ વહેંચાયા, લગ્ન માટે—

ઘડીએ ઘડીએ લાડણુ વહુ કાગળ મોકલે
રાયવર વેલેરો આવ
સુંદર વર વેલેરો આવ
તારાં ઘડિયાં લગન રાયવર વહી જશે

[ચૂં. ભા. ૧ : ગી. ૧૧]

એમ કન્યાએ પોતે જ પોતાના સુંદર વરને વહેલા વહેલા ઝટ આવવા માટે ઘડીએ ઘડીએ કાગળો મોકલ્યા. વરે પણ વિનોદ કરીને સામા—

હું તો કચરાની ચોરીએ નહિ પરણું
ઘડીએ ન વહેલો પરણીશ
ઘડીએ ન મોડો પરણીશ
હમણાં હમણાં ત્રાંબાની ચોરી નીપજે

અથવા તો—

ચૈતર વૈશાખના તડકા રે પડશે
ધોરી બળદના પગ રે તળવાશે
ગોરા જાનૈયા રજે ભરાશે
ગોરી જાનડીઓ શામળી થાશે
ભાઈ રે...ભાઈના ફૂલડાં કરમાશે

[ચૂં. ભા. ૧ : ગી. ૧૩]

એવા ઊર્મિભર્યા ઉત્તરો પાઠવ્યા. પંદર દિવસ સુધી પરોઢે પરોઢે મીઠાં મંગલ પ્રભાતિયાં સાંભળતો, કાગાનીંદરમાં સુમિષ્ટ સ્વપ્નાં જોતો, હેમવરણી પીઠીનાં મર્દન લેતો, મેઘવરણા વાઘા પહેરી કેસરભીનાં છાંટણાં વડે શોભતો, ઘોડીને પાગડે પગ દઈ કન્યાને નોતરે જવા નીકળતો પુરુષ—

કિયે ગામ ગડયાં રે નિશાન
કિયા ગામને પાદર મોરી રાજવણ
તંબૂ તાણિયા રે!
[ચૂં. ભા. ૧ : ગી. ૫૪]

એવા ડેરા તંબૂ નાખીને સાસરવાસી ગામને પાદર મુકામ કરે છે. લેલર માંડવેથી 'ચોળ ચૂંદડી'માં સજ્જ થયેલી વધૂ જોઈ રહી છે કે

આવે આવે રે વાસુદેવનો નંદ
પૂનમ કેરો ચંદ
દીવા કેરી જ્યોત
વિવા કેરી વરધ
કે વર આવ્યે અંજવાળાં રે
[ચૂં. ભા. ૧ : ગી. ૫૫]

એવાં અજવાળાં પાથરતો પોતાની જીવન-પૂર્ણિમાના ચંદ્ર શો, જીવન-દીપની જ્યોત શો વર આવે છે. એટલેથી સંતોષ ન પામતાં

ઊંચા ઊંચા મોલ મારે ઘર રે વીવાતા
એથી ઊંચેરા ગઢના કાંગરા રે
કાંગરે ચડીને બેની...બા જોશે
કેટલેક આવે વરરાજિયા રે
[ચૂં. ભા. ૧ : ગી. ૫૮]

કન્યા કાંગરે ચડીને નિહાળે છે : દાદાજીની મેડીએ, કાકાની મેડીએ,

નિકટ ને નિકટ આવતી આવતી નિહાળે છે: અન્ય સગાંની સંસારી આંખો વર રાજિયા, વર રૂપલા, વર લાડકા, વર હોંસીલા વગેરે કહી વખાણે છે, પણ પોતે તો—

"દાદા અમે જોયા ચતુર સુજાણ
છત્રીસ વાજાં વાગિયાં"

એમ વરની ચાતુરી પર જ નજર ઠેરવે છે. વરરાજા પણ—

"સીતાને તોરણ રામ પધાર્યા
લેજો પનોતી પે'લું પોંખણું
[ચૂં. ભા. ૧ : ગી. ૬૨]

એ રામસીતાના મનોભાવથી રંગાતો પોંખાવા આવે છે. અને

ઢોલ ઢમકયાં ને વરવહુના હાથ મળ્યા
જાણે ઇસવર પારવતીનાં સાથ મળ્યા
[ચૂં. ભા. ૧ : ગી. ૬૬]

જગત્પિતા અને જગદમ્બાની જોડલીનું સ્મરણ કરાવતો એ હસ્ત-મિલાપ : આવતી કાલે માવતરથી વિખૂટાં પડવાનું છે એ વાતના અફસોસમાં પુત્રીની—

અમે રે લીલા વનની ચરકલડી
ઊડી જાશું પરદેશ જો !
આજ રે દાદાજીના દેશમાં
કાલે જાશું પરદેશ જો !
એક તે પાન દાદા તોડિયું
દાદા નો દેજો ગાળ જો !
[ચૂં. ભા. ૧ : ગી. ૭૪]

એવી ઓશિયાળી, દયામણી મનોદશા : પિતા પાસે પહેરામણી માગતી પુત્રીનું—

સંપત હોય તો દેજો દાદા મોરા
હાથ જોડી ઊભા રે'જો !
હાથ જોડી ઊભા રે'જો દાદા મોરા
જીભડિયે જશ લેજો !
[ચૂં. ૧ : ગી. ૭૧]

એવું રુદનભીનું કથન : ઘૂંઘટની અંદર છાના વિલાપ કરતી પ્રિયાને

આછેરૂં કંકુડું ઘોળ્યે રે લાડી
આછેરી પીળ્ય કઢાવું !
તારા બાપનાં ઝૂંપડાં મેલ્ય રે લાડી
દાદાજીના મોલ દેખાડું !
[ચૂં. ૧ : ગી. ૭૨]

એવાં સ્વામી તરફથી અપાતાં પ્રલોભનો : અથવા એથી પણ અધિક

મેં તો ડુંગર કોરીને ઘર કર્યાં રે
મેં તો કાચનાં જડિયાં કમાડ રે હો લાડડી !
હજી રે સમજ મારી કોયલડી !
[ચૂં. ૧ : ગી. ૭૩]

એવાં, આ વિવાહ પરત્વેનાં પોતાનાં વસમાં વીતકોનો ચિતાર દેતાં મર્મગામી આશ્વાસન : તે પછી વિદાય થતી પુત્રને સ્વજનો તરફથી

ડેલી વળામણ મારા દાદાજી, દીકરી ડાચલાં થાજો !
હૈડે તે જડજો સોના સાંકળા, મનડાં વાળીને રે'જો !
સસરાનો સરડક ઘૂમટો, સાસુને પાયે તે પડજો !
જેઠ દેખી ઝીણાં બોલજો, જેઠાણી વાદ ન વદજો !
નાનો દેરીડો તે લાડકો, એનાં હસ્યાં રે ખમજો !

નાની નણંદ જાશે સાસરે, એનાં માથડાં ગૂંથજો !
માથાં ગૂંથીને લેજો મીઠડાં, બેનને સાસરે વળાવજો !
[ચૂં. ૧ : ગી. ૭૭]

એવી કરુણાર્દ્ર શિખામણો : એવી શિખામણો પામીને વધૂ પતિને ઘેર પહોંચી. પિયરના વિરહની વેદના શમી ગઈ. દંપતી–જીવનના પ્રથમ પૂર્ણોદયની પહેલી રાત્રિએ—

હાં હાં રે હમલી, લીલી ડાંડીનો ઝમરખ દીવડો

એવો ઝમરખ દીવડો લઈને નવવધૂ રૂમઝુમતાં મેડીએ ચડયાં. પ્રશ્ન પૂછાય છે કે—

વગર તેડયાં ગોરી શીદ આવ્યાં !

છલછલ શૃંગાર–નીતરતો ઉત્તર મળે છે : નિર્મલ શૃંગારની લહરીઓ વાય છે :

આછી પછેડી ઓઢવા આવ્યાં !
[ચૂં. ૧ : ગી. ૮૬]

પ્રિયતમના સ્નેહની એવી આછી પછેડી ઓઢી લઈ, સુખનિદ્રામાં પોઢેલી કુલવધૂએ ગહન મીઠાં સ્વપ્નો દીઠાં, સ્વામીએ સમસ્યાભર્યાં સ્વપ્નોના સુંદર અર્થો બેસાડયા : કુલવધૂએ પોતાના એવા ચતુર સુજાણ સ્વામીની શરણાગતિ પુકારી :

હું તો મારગડાની ભૂલી રાજ બંદલા !
મને મારગડો દેખાડો રાજ બંદલા !
[ચૂં. ૧ : ગી. ૮૮]

એક વાર એ મારગડો–એ કર્તવ્યનો પંથ ભુલાયો પણ બતાવવામાં આવ્યો :

શ્રી પરભાતને પો'ર કૌશલ્યાએ દાતણ માગિયાં
માગ્યાં વાર બે વાર, સીતાજીએ શબ્દ ન સાંભળ્યો.
[ચૂં. ૧ : ગી. ૯૨]

મોહવશ મનોદશામાં અન્યમનસ્ક બનેલી વહુવારૂએ એ માગણી ન સાંભળી. ચિત્ત કેવળ ઉપભોગની લહેરમાં ડોલતું હશે ! કર્તવ્ય ચૂકાયું ને સ્વામીદેવે એ 'મારગડાની ભૂલી' સ્ત્રીને માર્ગ દેખાડ્યો :

મારા નાનેરા લખમણ વીર, ગંગાને કાંઠે ઘર કરો !
ત્યાં કાંઈ રાખોને સીતાજી નાર, માતા-વચન શીદ લોપિયું !

એ નિષ્ઠુર કર્તવ્ય કરતાં પણ પોતાની અનન્ય પ્રીતિનું કરૂણાર્દ્ર વચન:

ગોરી તમે મારા હૈયાનો હાર, માતા-વચન કેમ લોપિયું !

* * * *

રાખીશ રાખીશ માસ છ માસ, છઠ્ઠે માસે તે તેડાં મોકલું !

એમ સહદુ:ખી બનીને સજા દેવાની, સીતાપતિનું સ્મરણ કરાવતી કર્તવ્ય-ભાવના પ્રગટ થાય છે. અને આખરે લગ્ન-જીવનનું શ્રેષ્ઠ ફળ પોતાના ઉદરમાં ધારણ કરીને પિયર પળતી પત્નીનું છેલ્લું દૃશ્ય: જાણે માવતરઘરની કુંજની કોયલ આવી :

કાળી શી કોયલ શબ્દે સોહામણી
આવે રે કોયલ આપણા દેશમાં
[ચૂં. ૧ : ગી. ૯૪]

એવી સોહામણી કોયલને સખીઓએ સમસ્યાયુક્ત પ્રશ્ન પૂછ્યો:

કેમ કરી કોયલ એ વન વાસ્યાં ?
કેમ કરી સૂડે રાણો રીઝવ્યો !

ઉત્તર પણ મોઘમ જ મળ્યો :

આંબા આંબલિયે એ વન વાસ્યાં ને
ટોકલે સૂડો રાણો રીઝંયો !

પછી સ્પષ્ટ પૂછ્યું :

કેમ કરી બેનીબા એ ઘર વાસ્યાં ?
કેમ કરી નાહોલિયો રીઝંયો !

અને લગ્ન–જીવનની લોક–કલ્પેલી મનોરથસિદ્ધિ દાખવતો જવાબ નીકળ્યો કે

દીકરા દીકરીએ એ ઘર વાસ્યાં
નેણલે નાહોલિયો રીઝંયો

સંતતિ–જનન અને નયનનીતરતી પ્રીતિ : એ બે જીવન-સાફલ્યનાં અંગો : અથવા

ઓરડા ઓસરિયે એ ઘર વાસ્યાં
છોરૂડે નાહોલિયો રીઝંયો !

લગ્ન તો જનનને કાજે : જગત્પિતા સમીપની એ લોક–કલ્પેલી અમુલખ ભેટ : સૃજનના મહિમાની એ સાર્થકતા : લગ્નના આશયની એ અસલ મનાયેલી પૂર્ણાહૂતિ : આજે અલબત એ ભાવના આદર્શ-ભ્રષ્ટ થઈ લેખાય. કેમકે યુગપલટો એ માગી રહ્યો છે.

એક જ યુગલની જીવન–યાત્રાનું જાણે વૃત્તાન્ત કહેતી કહેતી કવિતા આટલી આટલી ભૂમિકાઓ ઓળંગાવતી આપણને આંહી સુધી લઇ આવે છે. લગ્નગીતોની એ સંકલનાબદ્ધ યોજના આ લેખમાં સંપાદકની પોતાની જ જવાબદારી પર ગ્રહણ કરવામાં આવી છે. લોકધોરણે નક્કી થયેલ સ્નેહ–લગ્નનો સળંગ ઇતિહાસ એમાં પ્રતિબિમ્બિત થયેલો જોઈ શકાશે.

આવું ભાવનાલગ્ન લોક–જીવનમાં ક્યાં યે કદી યે પ્રવર્તતું હતું ખરું? કે કેવળ કાવ્યમાં જ એનાં ભભકાભર્યાં ચિત્રો ખડાં કરી, લોક સમુદાય પોતાના ઊલટેરા અસંતોષભર્યા જીવનમાં એક જાતની ઊણપ હતી તેને પૂરી લેતો?

લોકગીતનું વાસ્તવ

લોક–જીવનમાં શું હતું કે શું નહોતું તે પ્રશ્ન આપણે સમાજ–શાસ્ત્ર અને સમાજ–ઇતિહાસના અભ્યાસીને માટે જ રાખી મૂકીએ. અમુક યુગના પ્રજાજીવનનો ઇતિહાસ ઉકેલવા માટે તે સમયે સૃજાયેલું સાહિત્ય સાક્ષી રૂપે વપરાય છે તેટલું આપણે જાણીએ છીએ. એ સાહિત્યને સામાજિક જીવનનું પ્રતિબિમ્બ લેખવાનો સિરસ્તો લાંબા સમયથી ચાલ્યો આવે છે. અને આપણે આટલું ઉમેરી પણ શકીએ કે અન્ય સાહિત્યના સર્જનમાં તો સમાજનું ચિત્ર ઝીલવાની મુખ્ય દૃષ્ટિ એ સાહિત્યના સર્જકની હોતી નથી–એ પોતાની એકલાની, અથવા અમુક–ટૂંકા સમુદાયની જ જીવન–કથા વા કલ્પના હોઈ શકે, પરંતુ લોકસાહિત્ય તો એના સ્વભાવે ને લક્ષણે કરીને સર્વ દેશોમાં સમાજ–જીવનના જ સૂરો કાઢતું–એનાં જ ચિત્રો ખેંચતું મનાયું છે. કોઈ ગહન કલ્પનાશક્તિ નહિ, કોઇ સાચા કે મિથ્યા કાવ્યપૂંજમાંથી આનંદ લઈ લેવાની એકાકી રસવૃત્તિ જ નહિ, પણ સમાજ–જીવનનું ઊર્મિજનક વાસ્તવ જ આ લોકસાહિત્યનું પ્રથમ પ્રેરક હોય છે. એટલે જેમ સાસુ–વહુ કે સ્ત્રી–પુરુષની કરુણાજનક કલહ–ઘટનાઓ આલેખતાં ગીતો પરથી આપણે તે યુગના ગૃહકલેશનાં અનુમાનો પર જઈએ છીએ, તેમ ન્યાયને ખાતર આપણે આ ‘લગ્ન-ગીતો’ જેવા સંસ્કારી સાહિત્યની પાછળ પણ કોઈક એવું રમ્ય વાસ્તવ હોવાનું કબૂલ રાખવું ઘટે છે. એ ન્યાયતુલા આપણને એવી માન્યતા પર દોરે છે કે લોકદૃષ્ટિમાં કોઈ સાચેસાચ બનેલા ભાવના–લગ્નની જ આ ગીતોમાં તસ્વીર પાડવામાં આવી છે, ને એ લગ્નચિત્ર કેવળ કોઈ કલ્પનાવિહારી કવિનું નિપજાવેલું અવાસ્તવિક ચિત્ર નથી.

પરંતુ તે તો આપણે સમાજ–ઇતિહાસના સંશોધકોને સોંપીએ. ઘડીભર માની લઈએ કે લોક–જીવનમાં આવા ઉન્નત બનાવો બનવા અસંભવિત છે! વર–કન્યાની સ્વતંત્ર પસંદગીની તો વાત જ ત્યાં શી હોઈ શકે? લાકડે માંકડું જોડી દેનારાં માબાપો તે વળી પોતાનાં સંતાનોની સ્વયંવર–પ્રથામાં પોતાની સંમતિ કદી નોંધાવે? પોતાના પતિની પસંદગી વિષે કન્યા પોતાના બાપને સલાહ આપે, પોતાના સ્વામીને પરણવા આવવાની કંકોત્રી લખે, એ તે શું સંભવિત વાતો છે? સ્નેહલગ્નના છેલ્લામાં છેલ્લા શોધાયેલા નવા યુગના આદર્શો તો પશ્ચિમમાંથી આવેલા છે, અથવા એ લગ્નભાવના તો કવિ ન્હાનાલાલને ખાતે જમા થવી જોઈએ, તેને બદલે તમે આ યશ એ અંધકારમય મધ્યયુગનાં અડબૂત માનવીઓને અર્પણ કરતાં શરમાતા નથી? આ ટાયલાંમાંથી આવી સત્ય ઘટનાઓ ઉકેલવા જતાં શું તમે તમારી નરી પુરાણપ્રિય ઘેલછાનું જ પ્રદર્શન કરતા નથી? વગેરે મેણાંના હુમલા લાવનારાઓની સામે વાદમાં ન ઊતરતાં એ પ્રશ્ન એના ખાસ અભ્યાસીઓને સોંપીએ.

સ્નેહલગ્નની સંભાવના

છતાં એક વાત તો ઊભી જ રહે છે: પ્રશ્ન ઊઠે છે કે તો પછી શા હેતુથી સ્નેહલગ્નનાં પ્રબલ આંદોલનો જગાવનારાં આવાં ગીતો રચવામાં આવ્યાં? રચ્યા પછી એને એક સાહિત્ય–ભેટ તરીકે કોઈ થોડા ઘણા રસિકજનોના રસ–ડોલનને કાજે અલાયદાં રાખી મૂકવાને બદલે પ્રત્યેક વર્ષે કે છ માસે, રાયથી રંક સુધી પ્રત્યેક કુટુંબના લગ્ન પ્રસંગે, ગાઈ શકે તેવી પ્રત્યેક સ્ત્રીના કંઠે, બરાબર કોઈ હેતુપૂર્વકની યોજના હોય એવે સ્વરૂપે શા માટે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યાં? એ પ્રથા પાછળ કોઈ ગંભીર સંકેત તો હશે ખરો ને? હોવો જ જોઈએ: કાં તો—

સાચો સંકેત

૧. ગીતોમાં મુકાયેલી ભાવના પોતે જ લગ્નનો આદર્શ હોય. એટલે પછી લગ્નકાળે વાસ્તવિક પરિસ્થિતિ ગમે તેવી ચાલતી હોય છતાં ગવાય તો આદર્શોની જ ગાથા : એટલે કે તે સમુદાય આવા મર્યાદામય સ્નેહલગ્નને આદર્શ રૂપે આરાધતો હતો. અથવા તો—

૨. માનસશાસ્ત્રની કોઈ મજબૂત વ્યવહારદષ્ટિ આ ગીતોની સાચવણ પાછળ ઊભી હતી : કેવી રીતે? એ રીતે કે પરણનાર સ્ત્રી પુરુષને, પરણતાં પરણતાં એ પંદર વીસ દિવસો દરમિયાન, સ્નેહલગ્નની, સંવનનની, કરુણાર્દ્રતાની, કુટુંબ-ઋણની, વાત્સલ્યની-એવી એવી જેટલી બની શકે તેટલી ભૂમિકામાંથી માનસિક રીતે પસાર કરાવી જવાં જોઈએ, કે જેને પરિણામે ખરી રીતે તો પોતાની સંમતિ વિના કેવળ વડીલોના નિર્ણયને આધીન બનીને જોડાતાં છતાં એ યુગલ એ પંદર વીસ દિવસની લગ્ન-સૃષ્ટિમાંથી એ ગીતોની જ ઉન્મુક્ત ઊર્મિઓનો અનુભવ કરી કાઢે અને પરસ્પર મોહિત બનીને જ મુક્ત મને પરણતાં હોય તેવો આંતરિક મીઠો ઉમળકો માણી શકે. પરિણામે શું ફાયદો મળે? મનમાં સંકોચ, અન્યોન્ય અજાણપણાના ઉચાટ, સામસામા અણગમાના સંશયો, પારકાના નિર્ણયનું દબાણ ઇત્યાદિ બોજા અંતઃકરણ પરથી સરી પડે, કાવ્યદેવી જાણે કોઈ જીવંત પ્રેમસખીનો પાઠ ભજવતી પરસ્પર બે અજાણ્યાં હૈયાંનો મેળાપ કરાવે, નેત્રોમાં અમૃત આંજે, હૃદયમાં મોહિની છાંટે, રોમેરોમમાં પ્રીતિનો આવેશ પ્રજ્જવલાવે, ને છતાં મરજાદ, મંગલતા, વિશુદ્ધિ, દેવસાક્ષી, ધર્મ વગેરે વગેરે ન ચૂકવા દે; દિવસરાત્રિનું નિઃશબ્દ સુંદર સંમિલન નિપજાવે. એવો કંઈક હેતુ હશે?

એમ શા માટે ન હોય? ઘણા સમય સુધી એ ફળીભૂત પણ

થયો હશે. લોકસાહિત્યના બીજા બધા રોપ કરતાં આ લગ્ન–ગીત રૂપી આસોપાલવનાં મૂળ ઊંડાઊંડાં, સહુથી ઊંડાં

કરમાતી વાડી

રોપાયાં હશે. નહિ તો આજ સુધી પણ એ વૃક્ષ પોતાનાં ડાળ–પાંદડાં સમેત આજના યુગની ખારી બનેલી ભૂમિમાં ખડું ન રહ્યું હોત.

બેશક આજે એ વૃક્ષને નવો ફાલ આવતો બંધ થયો છે. નવી ટશરો ફૂટતી નથી. નવી કૂંણી કૂંપળો બેસતી નથી. એ આંબે તાજા મહોર નીકળતા નથી અને જૂનાં જે ડાળ પાંદડાં છે તે પણ કરમાઇને સુકાવા લાગ્યાં છે. એની લીલી મીઠપ જતી રહી છે. આજે તો કેવળ રૂઢિની જડ પોષવાને કારણે એ જૂનાં ગીતો દિવસ રાત આરડીને કંટાળેલી સ્ત્રીઓ પોતાનાં ગળાંને સોઝા ચડાવે છે. જૂનાં લગ્નની બધી રીતિઓ ને વિધિઓ જેમ જટિલ જણાય છે, જૂનાં લૂગડાંના ઢગલા ને અલંકારોના થથેરા જેમ બોજારૂપ બની ગયા છે, જૂનાં સ્નેહ–મમતા જેમ આજે શિષ્ટાચાર અને દંભમાં પરિણમ્યાં છે, તેમ આ ગીતોની એકવાર મંદ મધુર મહેકતી ફુલવાડી પણ આજે ઉજ્જડ વેરાનની અવસ્થાએ ઊતરી ગઈ છે. ગાનારાં એક જ સામટાં ગળાં ભરડીને ગાય છે, એક ગાય ને અન્ય સહુ ઝીલે તે પદ્ધતિમાંથી મળતી વિશ્રાંતિને અને એમાં સ્વયંભૂ ઉદ્ભવતી ઊર્મિને આ લગ્નગીતો ગાવાની પ્રથામાં અવકાશ નથી. એના અર્થો સમજવાની તો શું પણ સ્પષ્ટપણે શુદ્ધ અશુદ્ધ શબ્દ–રચના તપાસવાની પણ કોઈને ખેવના નથી. પુરુષો તો પ્રકૃતિથી જ સ્ત્રીઓના સાહિત્ય તરફ બેદરકાર રહ્યા, એટલે તેઓ ભાગ્યે જ એ ગીતોના મર્મ તપાસવા થંભ્યા છે. પુરુષોના મનમાં એવી ભ્રમણા પેસી ગઈ છે કે આ વેવલી સ્ત્રીઓ ભેગી મળી કેવળ વડી પાપડનાં ટાયલાં જોડકણાં અથવા મશ્કરીનાં બેમરજાદ ફટાણાં જ ગાય છે!

નિર્મળાં મીઠાં નીરની એક નદી અનેક ગામોને પાદરથી ચાલી જાય છે. પણ બધાં ગામનાં ગામલોકો એકસમાન રસવૃત્તિનાં નથી હોતાં.

ફટાણાં

કોઇએ એ પ્રવાહને કાંઠે આંબાવાડિયાં ને ફુલવાડીઓ ઊછેર્યાં, તો કોઈએ એના પટની અંદર ચીભડાંના વાડા ઉગાડી પાણીને રૂંધી રાખ્યું. કોઇએ રૂપાળા ઘાટ આરા ચણાવી એની પાળે દેવાલયો બાંધ્યાં, તો કોઈ માછીમારોનાં ગામડાંએ પાણી ગંધવી માર્યું. કોઈએ પ્રભાતની પૂજાનાં પુષ્પો અથવા ઘીના દીવા એ પ્રવાહમાં તરતા મેલ્યા, તો કોઈએ પોતાની ગંદકીની ગટરો જ એમાં ઠાલવી દીધી.

લોકગીતોની—લોકસાહિત્યની પણ આવી એક સરિતા જ વહે છે. લોકકાવ્યો રચવાનું કે લોકવાર્તા યોજવાનું સંસ્કાર—ઝરણું અસલથી જુદા જુદા યુગો વાટે જુદી જુદી જનતાનાં જીવન સોંસરવું થઇને ચાલ્યું જાય છે. કોઈ એકાદ વ્યક્તિ, એકાદ સમુદાય કે એકાદ સમયનાં રચેલાં એ ગીતો વાતો નથી. કાવ્યરચનાની તાકાત અને વૃત્તિ અલબત્ત સહુ સમુદાયોમાં હતી; કાવ્યોર્મિને જાગૃત કરનારા અવસરો પણ સહુને માટે ચાલ્યા આવતા. પછી તો એ અવસર મળતાં જે સમુદાયની જેવી અભિરુચિ હતી તેવી કાવ્યરચના એણે નિપજાવી કાઢીને પરંપરાની ગીત—સરિતામાં વહેતી મૂકી દીધી એટલે રસવૃત્તિ હીન થતી ગઈ હશે તેમ તેમ પરિહાસ પણ ઊતરતો ગયો હશે. એમાંથી પ્રથમ જરા બુદ્ધિશાળી માર્મિક વિનોદગીતો જનમ્યાં હશે. પછી વળી વધુ સ્થૂળ, ઓછો માર્મિક ને વધુ કુરુચિમય હાસ્યરસ પેદા થયો હશે. અને પછી, છેક જ અધમતામાં અને અશ્લિલતામાં એ પરિણમ્યો હશે. પરિહાસ, નર્મ રસ, માર્મિકતા, વિનોદપ્રિયતા એ બધાં તો બેશક જનસ્વભાવનાં જ અંગો છે. સાહિત્યમાં એ પ્રકૃતિએ તો મોટો ફાળો આપેલ છે. એ વગર સાહિત્ય એકપક્ષી અને ફિક્કું જ થઈ પડત. અને લોકગીત એ

લોકપ્રકૃતિનું નિખાલસ પ્રતિબિમ્બ હોવાથી એ પરિહાસ ગીતોમાં ઊતર્યા વગર રહી જ ન શકે. એટલે પ્રથમ તો એમાં અત્યંત નિર્દોષ નિર્મળ નર્મરસ જ ઝલકયો હશે. દાખલા તરીકે—

પેલી પીઠી ચડશે રે જ્યાવરને
ઊતરતી ચઢશે રે ઓલી છોડીને

અથવા બનેવી કે વેવાઈનો વિનોદ કરવાની આપણી કુદરતી વૃત્તિ પ્રમાણે—

વચ્ચે રે મારે બેનડબાઇની વેલ્યું
કે માફા ઝળકે મશરૂ તણા.
વાંસે રે મારે ભટ્ટજી પુરબિયા
કે કમર બાંધીને ખાસડ ખડખડે

એ મુજબ, લગ્ન પર આવેલ બહેનના પતિનું ટીખળ કરવાની સહજ વૃત્તિ જરા વધુ ઘાટા રંગો પૂરીને એક ચિત્ર જન્માવે છેઃ-

આલા લીલૂડા વાંસ વઢાવો રે
તેની નાની શી ટોપલી ગુંથાવો રે
ટોપલી આપેઃ બેનીબા વર હાથ રે
ઝોલો વેચી સાટીને ઘેર આવ્યો રે
ઓરડે ઊભાં બેનીબા લેખાં લે છે રે
તમને આવડલી વાર ક્યાં લાગી રે !
તમારા દાદાને ઘેર હતા વિવા રે
અરધી રાતનાં દળણાં દળાવ્યાં રે
પાછલી રાતનાં પાણીડાં ભરાવ્યાં રે
સૂરજ ઊગ્યે દાતણિયાં નખાવ્યાં રે
પો'ર દિ ચડયો ને છોરૂડાં પખળાવ્યાં રે
અમને આવડલી વાર ત્યાં લાગી રે !

આટલે સુધી તો વિનોદ જાડો છતાં નિર્દોષ છે, પ્રકૃતિગત છે. જીવનમાં એ જ વસ્તુ જુદે જુદે સ્વરૂપે સર્વત્ર દર્શન દે છે. પરંતુ તેથી આગળ ચાલતાં જે દુર્ગંધ મારતો પ્રદેશ આવે છે, તે ફટાણાંનો પ્રદેશ. એમાં કુસંસ્કાર છે, મર્મ નથીઃ

તારી તે માની લાડડી
તારાં લૂણલાં ઉતારે છે કોણ રે
ઊટણુ ભૂંટણુ ભૂંકતી
જાગી શેઢાની શિયાળ રે

અથવા એથી વધુ કુરુચિમય

લાડી લાડો જમે રે કંસાર, લાડીની માડી ટળવળે રે
દીકરી મને આંગળી ચટાડ, કંસાર કેવો ગળ્યો લાગે રે
માડી તું તો પરણી છો કે નહિ, કંસાર નવ સાંભરે રે!

આવી હીન રુચિનું મોજું સર્વત્ર આવ્યું હશે. સુરતી ગીતોમાં પણ

વેવાણ ઊતરની તું હેઠી રે, તારા પેટ પડી છે બેટી રે
તારા ચૂલા પછાડી ગારો રે, તને દીકરી જણ્યાનો વારો રે
તું તો દીકરી જાગી જાગી થાકી રે, આંબાની કેરી પેઠે પાકી રે

એટલું જ બસ નથી. કન્યાની વિદાય જેવા મર્મવેધક પ્રસંગે જો આવું ફટાણું ગવાય તો તો એ બહુ ઘાતકી કહેવાયઃ—

તારાં ઢીંગલાં પોતિયાં લેને લાડી ચાલ હવે વહેલી
મારું સાજન ખોટી થાય રે લાડી ચાલ હવે વહેલી
તારો ભાઈ ભઠિયારો રે લાડી ચાલ હવે વહેલી
તારી બેન ચેણ રે લાડી ચાલ હવે વહેલી
તારી માશી માછેણ રે લાડી ચાલ હવે વહેલી
તારી કાકી કોલણ રે લાડી ચાલ હવે વહેલી

[સુરતી લગ્નગીત]

આવાં ફટાણાં જ્યારે ગામડામાં લગ્ન વખતે માંડવા નીચે જ સામસામા રહીને બન્ને પક્ષની સ્ત્રીઓ ગાય છે, ત્યારે એ સામસામી ગાળાગાળી અને વઢવાડનું જ રૂપ ધરે છે. અનેક કુરૂઢિ માંહેલી એ એક કુરૂઢિ છે. એ ક્યારે પેસી ગઈ તે શોધવું સહેલ નથી. રસ સાહિત્યમાં એને સ્થાન નથી. સંગ્રહ તરીકે જે પુસ્તક તૈયાર થતું હોય, તેમાં તો સર્વદેશીયતાની દૃષ્ટિએ આવાં ફટાણાં પણ સંઘરી લેવાં જ જોઈએ.

લગ્નગીતોનું સંગીત

વનવાસી પશુપક્ષીઓના અને વનસ્પતિના દેહ ઉપર જેમ રંગોની વિલક્ષણ ભુલભુલામણી છે, કયો રંગ પ્રધાનપણે છે એટલું જ જેમ એ વિષયમાં બોલી શકાય છે, તેમ આ લગ્નગીતોમાં પણ જૂજવા રાગોની કોઈ સ્વયંભૂ મિલાવટ છે. તેમાં પ્રધાન સૂરો સારંગના છે. અને સૂરોના શાસ્ત્રવેત્તા સમજાવે છે કે સારંગ એટલે ઉષ્માનો સૂર: એ ગરમી પ્રગટાવે છે, હૂંફ આપે છે, ચેતનાનું પ્રેરણ કરે છે. સારંગ રાગની આ શાસ્ત્રભાખી પ્રકૃતિ. સાચી વાત: લગ્નગીતોમાં એ રાગનું પ્રધાન પદ સાર્થક છે. જીવનની ગુપ્તતમ ઉષ્મા બન્ને પરણનારાં યુવાન–યુવતીના પ્રાણમાં જાગૃત કરવી એ મુખ્ય ઉદ્દેશ જેમ ગીતના શબ્દોનો છે, તેમ રાગનો પણ હોવો જ જોઈએ. અને સારંગ તો બન્ને જાતની આંતરિક ઉષ્મા જગાડે છે: આનંદની ને શોકની. જાણકારો કહે છે કે મારવાડીઓના મૃત્યુ પરના વિલાપોમાં પણ સારંગના જ સૂરો ભરેલા છે. એનો અર્થ એ કે સારંગ કાંઈ છકેલો માતેલો રાગ નથી, એ તો ગંભીર ભાવોથી ભરેલી ઉષ્માનો આપનાર છે. એ હર્ષ શોકના મિશ્ર આવેશ સૃજનાર સારંગનું લગ્નગીતોમાં અત્યંત ઉચિત સ્થાન છે. એ ઊર્મિઓને બહેકાવતો નથી તેમ બુઝાવી પણ દેતો નથી. એ તો ધીરી ધીરી કરુણાભરી, ગંભીરતાભરી ઉષ્મા

સીંચે છે. સોરઠી લોક-જીવનમાં શાસ્ત્રીય સંગીત-પદ્ધતિનો પ્રચાર ક્યાંયે હતો એવું દેખાતું નથી. તેમ આ ગીતો કોઈ ગવૈયાએ આપેલા સૂરો પરથી જ રચાયાં હોવાની કશી સાબિતી નથી. એટલે ગીતો ને ગીતોના રાગો પણ જો સ્વયંભૂ જનમ્યા હોય તો તો સારંગનો આવિર્ભાવ કેવળ સ્ફુરણાગત જ હોવો જોઈએ. લોકના ગળામાંથી નહિ પણ પ્રાણમાંથી જ સારંગ આપોઆપ બહાર નીકળ્યો હશે. એ વાત પણ સ્વયંસ્ફુરિત સંગીતના આખા વિષય પર કોઈ સંગીતકારને આકર્ષી જનારી થઈ પડશે.

ગાવાની શૈલી

સૂરો એક જ સરખા છે. ગીતો પણ લગભગ ઘણી ખરી કોમો માટે સર્વસામાન્ય જ છે. બેશક કોમે કોમ પરત્વે કાંઈક પાઠાન્તરો થતાં હશે. કોમોની ખાસ પ્રકૃતિ પણ કંઈક નિશાનીઓ મૂકતી હશે: દાખલા તરીકે :

લાંબી તે લાંબી સરવરિયાની પાળ
આ...હે...એ રે પાળે મોતી નીપજે !
મોતી તે લાધ્યું...ભાઈ વર હાથ
આ...હે...ઘેરે આવીને ઝગડો માંડિયો.

એ ગીતમાં કોઈ મોતી વીણનાર-એટલે કે વૈશ્ય પ્રકૃતિના પુરુષની છબી આવી. એટલે એ વાણિજ્યપ્રધાન કોમમાં ગવાતી પંક્તિઓ દીસે છે, હવે એ જ ગીતનું પાઠાન્તર :

લીલુડી ઘોડી પાતળિયો અસવાર
આ...હે...ચૌદ રતનનો વીરને ચાબખો.
ઘોડી તે બાંધી આંબલિયાની ડાળ
આ...હે...ચાબખડો વળગાડયો આંબા ડાળખી.

તે પછી તો બન્ને ગીતોમાં

દાદા તે મોરા મુંજને પરણાવ
આ...હે...મુંજને પરણ્યાની દાદા હોંશ ઘણી
[ચૂં. ૧ : ગી. ૯]

એ જ પંક્તિ આવે છે. આપણે ભેદ સમજી શકીએ છીએ. બીજામાં રાજપૂતીનો ભાવ પ્રદીપ્ત થાય છે.

એજ રીતે જે જે ગીતોમાં ધાર્મિકતા, પવિત્રતા, દેવોનું આહ્‌વાન વગેરે આવે તે ગીતોની પ્રથમ ઉત્પત્તિ બ્રાહ્મણ જેવી જાતિમાં જ થયેલી માની શકાય. વધુ પ્રમાણમાં એ ગીતો ત્યાં જ ગવાય. વૈશ્ય જાતિઓને હીરા, સોનારૂપા વગેરેના ભાવો વધુ સ્પર્શે. અને ક્ષત્રિયોને?

તરવાર સરખી ઊજળી રે ઢોલા !
તરવાર ભેટ્યમાં બિરાજે રે વાલીડા વીરને !
એવી રે હોય તો પરણજે રે ઢોલા
નીકર ફરીને પરણાવું રે વાલીડા વીરને।
[ચૂં. ૧ : ગી. ૪૩]

* * *

તજ સરીખી તીખી રે ઢોલા !
તજ મુખમાં બિરાજે રે વાલીડા વીરને !
એવી રે હોય તો પરણજે રે ઢોલા !
નીકર ફરીને પરણાવું રે વાલીડા વીરને !

આ રાજપૂત ગીત : એ પોતાની કન્યામાં તલવારની તેજસ્વિતા, વટની તજ સરખી તીખાશ વગેરેની અપેક્ષા રાખે છે. અને એક પસંદ ન પડી તો બીજી તરત પરણવાની બહુલગ્ન–પ્રથા સૂચવે છે અથવા રાજપૂતીની બીજી પણ કેટલીક છાપો પડેલી જુઓ :

માલણ ગૂંથે જાવંતરીના ફૂલ રે
માળીડો ગૂંથે વીંઝણો રે

× × ×

ઠાકોર પોઢયા પીતળિયે પલંગ રે
વહુ ...બા ઢોળે વીંઝણો રે

અથવા

કિયે ગામ ગડયાં રે નિશાન
કિયા ગામને પાદર મોરી રાજવણ !
તંબૂ તાણિયા રે

આ બધી રાજપૂત ભાવોની સરવાણીઓ વહે છે. જેમ શબ્દોમાં એ જાતિગત સંસ્કારો તેમ જ સ્વરોમાં: એટલે કે ગાવાની શૈલીમાં. બ્રાહ્મણ વૈશ્યની સ્ત્રીઓને ગાતાં સાંભળો, તો સાદા સીધા, કાંઇ ખાસ ઊર્મિ ન જગાડનારા સૂરો કાને પડશે. કણબણો ગાતી હોય ત્યારે એમના વ્યવસાયની, રીતભાતોની ને સંસ્કારોની સ્થૂલતા, કાંઇક મારવાડી ગાણાંને સ્મરાવે તેવા ત્વરિત આરોહઅવરોહમાં અને સાંકડા પહોળા ઉચ્ચારોની ધમધમતી ઉતાવળમાં પ્રગટ થાય છે. પરંતુ હવે સંભારો: કોઇ વેલડામાં બેઠેલી પાંચ કાઠીઆણીઓને, ચારણીઓને અથવા ખવાસણોને ગાતી સંભારો: ધીરે ધીરે સંપૂર્ણ સ્વસ્થતાથી શરૂ થતા, જાણે અનંત કાળ સુધી પૂરા નહિ જ થાય તેવાં અખંડિત આંદોલનોની ધારા સ્વીને ચાલુ રહેતા, અને કશી યે ત્વરા ન હોય તેવી ખામોશથી, સંધ્યાંના આરા તરફ વળતાં સૂર્ય-કિરણોની માફક ધીરે ધીરે મધુર સમાપ્તિમાં વિલીન થતા એ સૂરોને સંભારો:

તરવાર સરખી ઊજળી રે ઢોલા !
તરવાર ભેટયમાં બિરાજે રે વાલીડા વીરને !

અથવા પેલા, ચાર પાંચ ગાઉના સીમાડાને છલોછલ ભરી દેતા પ્રશાંત, જાજરમાન, ઓજસભર્યા,

મોર જાજે ઉગમણે દેશ
મોર જાજે આથમણે દેશ
વળતો જાજે રે વેવાયુંને માંડવડે હો રાજ !

[ચૂં. ૧ : ગી. ૫૨]

એ સ્વરોને યાદ કરો. અથવા પરણવા આવનાર ક્ષત્રિયનું મદભર્યું, મલપતું સ્વાગત–ગીત

મો'લ પધારો રાજ !
મો'લ પધારો રાજ !
તમે સોનાની શરણાયે મો'લ પધારો રાજ !

[ચૂં. ૧ : ગી. ૮૫]

એના સ્વરોને યાદ કરો. અથવા ગામને પાદરથી નીકળતી રાજપૂત–જાન સાથે એકલી વાગતી શરણાઈના પ્રલંબિત સૂરો સંભારોઃ સમજાઇ જશે કે રાજપૂતી સ્વરોમાં કયા સંસ્કાર નીતરે છે. અંતઃકરણની સ્વસ્થતા, વીર જાતિનું પ્રશાન્ત ગૌરવ, જાજરમાન વ્યક્તિત્વ અને વિશાળ સીમાપ્રદેશ પર રાજ કરવાની અભિલાષાઃ એ સંસ્કારોમાંથી આવું સ્વસ્થતાભર્યું સંગીત જન્મે છે.

આ બધા સંસ્કારોનું એકીકરણ લગ્ન–ગીતોમાં થઈ ચૂકેલું હતું. જ્ઞાતિઓનાં ગીતો જુદાં નથી રહ્યાં. સહુએ પોતપોતાની વિશિષ્ટતા સાચવીને પણ એ બધી ગીત–લક્ષ્મીને સહિયારી કરી કાઢી છે. વાડા કે પંથો તેમાં રહ્યા નથી. ગીતો વાટે સોંસરવા નીકળી જશું એટલે સમજાશે કે એ મિલાવટ કેવી મધુર બનેલ છે. લોકસાહિત્યમાં જે Democracyનું–લોકતંત્રનું તત્ત્વ છે તે આ છે ને આવે કંઇક રૂપે દેખાયા કરે છે.

વિવિધતામાં એકતા

[લગ્નનાં લોકગીતો : ચાલુ]

વિવિધતામાં વહેતી એકતા–ધારા અને એકતાની અંદર રમણ કરતી વિવિધતાઃ એ છે લોક–સંસ્કારનું વિશિષ્ટ લક્ષણ. લોક–જીવનનાં ચણતર કામને ટકાવી રાખનાર એ ચૂનાનો રસ છે. એ રસે ઘણી ઘણી ઊંડી ને પહોળી ચિરાડો પૂર્યાં કરી છે. એણે અન્યોન્ય જાતિ–સંસ્કારોની વચ્ચે મધુરો મેળ નિપજાવવામાં મદદ કરી છે. ઘણી ઘણી નદીઓનાં નીર ઠલવાઈ ને એક સંગમ–તીર્થ રચાય છે. અને સંગમ–બિન્દુ પર ભેળા થતા પ્રવાહો એટલી ધીમાશથી, શાંતિથી તેમ જ બહોળાશપૂર્વક ઓતપ્રોત બનતા હોય છે કે જોનારને એના મિલનનો ઘર ! ઘર ! અવાજ નથી સંભાળતો કે નથી એના જૂજવા રંગો કળાતા. એ જ એની વિલક્ષણતા છે. મેળાપ–પછી તે માનવી હૃદયનો હોય કે કુદરતી પંચભૂતોના પ્રવાહોનો હોય–પણ એ મેળાપ જો સાચો, સર્વાંગી, બિન્દુ યે બિન્દુનો મેળાપ હોય તો તે મોટેથી બોલતો નથી પણ મૂંગો મૂંગો મેળ લઈ લે છે.

આ બીજા લેખમાં જુદી જુદી કોમોનાં લગ્ન–ગીતો બતાવીને ખાસ હેતુ એ 'એકતાનું વૈવિધ્ય અને વૈવિધ્યની એકતા' બતાવવાનો છે. ચારણગીતો, કાઠીગીતો, શિષ્ટ વર્ણોનાં ગણાતાં ગીતો, મારવાડી ગીતો, ગુજરાતી ખાયણાં–ગીતો અને પંજાબી ગીતોઃ સર્વની વાનગી

રૂપે જ આ સંઘરાયાં છે. અને એ પ્રત્યેકની વિશિષ્ટ છાપ આપણી લોક-સંસ્કૃતિ પર પડેલી છે તે ઉકેલીએઃ

એ કાઠી-રજપૂત અને ચારણી ગીતોમાંથી દ્રવતું સંગીત કોઈ પણ સાચા સંગીત-ભક્તને માટે અભ્યાસનો વિષય થઈ પડશે. આ સંગીતના

ક્ષત્રિય-ગીતોનું સંગીત

સૂરો કોણે યોજ્યા? ક્યારે યોજ્યા? કઈ ભૂમિ પર એ સરજાયા? કઈ અન્ય આર્ય કે અનાર્ય જાતિના સ્વરો સાથે એનું સામ્ય જડે છે? એવી કોઈ તલસ્પર્શી તપાસ પરથી આ સોરઠી કોમોના પરિભ્રમણના ઇતિહાસ પર કશું અજવાળું પડે છે કે નહિ? એનાં વસવાટનાં સ્થલાન્તર, સમયાન્તર, સંસ્કાર-પરિવર્તન વગેરે વિષે આ રમણીઓના કંઠમાં કોઈ ઐતિહાસિક ઇસારો પડ્યો છે કે નહિ? અને કંઈ નહિ તો વર્તમાન યુગના સંગીતોદ્ધારમાં એ કંઠ-સ્વરોને ક્યાંયે સ્થાન છે કે નથી? શા માટે આ સૂરો શ્રોતાવર્ગને હલમલાવે છે? શા કારણે એ હજારો નારી-કંઠમાં આપોઆપ સિંચાઈ જાય છે? શા માટે કશી શિક્ષણશાળા અથવા ઉસ્તાદી તાલીમ અથવા સ્વર-પદ્ધતિ વિના સદીએ સદીએ ને સ્થલે સ્થલે એ વહેણુ વણરૂંધ્યાં વહેતાં જ રહ્યાં છે? આ પ્રશ્નો ઝીણી તપાસ માગે છે.

પશુ અને ખેતી જેનાં જીવનનાં આધાર છે, કુદરત જેની ચિર-સંગિની છે, આંખો જેની હમેશાં પ્રકૃતિ-લીલામાં રમે છે, અને

ક્ષત્રિય-ગીતોનો વિશિષ્ટ રસ

શોભા-શણગાર પણ જેને ઘરનાં મહેલ મોલાત અથવા ભરચક રાચ-રચીલામાં હોવા કરતાં સવિશેષ તો નિસર્ગના જૂજવા રંગો કે દૃશ્યોમાં છે, તેને જીવનમાં ગદ્યમય-prosaic બનવું શે પાલવે? એ છેક જ ગદ્યમય અવસ્થામાં પણ કાવ્યનાં આંદોલનો અનુભવી રહે. ઘેર લગ્નાવસર ઊજવવો છેઃ અનાજની પ્રથમ

આવશ્યકતા: ઘઉં મગ ને અડદ ચણા જો ખેતરમાં નિપજે તો જ વિવાહ મંડાય: વિષય સાદો છે, છતાં લગ્નગીતમાં ગવાયો. બીજી કોમોએ ગાયો સાદી રીતે:

કાઠા તે ઘઉંની રોટલી, માંહી ગળગળીઓ કંસાર
ભેગાં બેસી ભોજન કરે જો પૂજ્યા હોય મોરાર
[ચૂં. : ૨ : ૪૧]

પરંતુ કાઠી-રજપૂતોએ જુદી રીતે ગાયું:

વાદળડી રે વરસે, મેરામણ રેલે છેલે;
વાદળડીને વરસ્યે ઘઉંડા નીપજે
મેરામણને રેલ્યે ઘઉંડા નીપજે.
[ચૂં. : ૨ : ૧૧]

પહેલામાં 'પૂજ્યા હોય મોરાર'ની ધર્મ-ભાવના: બીજામાં કેવળ 'વાદળડી રે વરસે, મેરામણ રેલે છેલે.' પૂજન નહિ, પણ મસ્ત રસોલ્લાસ અને મુક્ત રેલમછેલ.

પરણનાર પુરુષનું વર્ણન લઈએ: અન્ય કોમોએ આલેખી પ્રશાંત પવિત્ર , ધર્મસંસ્કારી મુદ્રા:

આવે આત્રે રે વાસુદેવનો નંદ
પૂનમ કેરો ચંદ
દીવા કેરી જ્યોત
વિવા કેરી વરધ
કે વર આ.ળે અજવાળાં રે !
[ચૂં. : ૧ : ૫૫]

અને આ વિક્રમપૂજક, સૂર્યપૂજક જાતિઓએ જુદેરી જ જમાવટ કરી:

નવશાજીનાં રૂપ સરૂપ
જાણે રે વ્રજવાસી સૂરજ ઉગિયો જી માણારાજ !
બાપાભાનો બોલેવો* સરૂપ,
જાણે રે મોહુંમાં ભમરો ગૂંજિયો જી માણારાજ !
ડોલરીઆનો હાલેવો સરૂપ,
જાણે રે હંસો જી હેમર હાલિયો જી માણારાજ !

[ચૂં. : ૨ : ૩]

અને એવા નરને જોવા માટે જવાની લાગણી અન્ય કોમની માફક—

હું તો હાથમાં તે લેશ ફૂલ છાબડી રે,
હું તો માળીડાની મરો જોવા જાશ રે-
હું તો હાથમાં તે લેશ લાલ લાકડી રે,
હું તો ગોવાળીની મરો જોવા જાશ રે-

[ચૂં. : ૨ : ૫૩]

અથવા તો—

હળવા તે ધોજો ઈસવર ધોતિયાં, છંટાશે મારાં ચીર,
અમ ઘેર દાદોજી રિસાળવા, દેશે માતા મોરી ગાળ,

[ચૂંદડી : ૧ ૪]

એવા સંયમ, સંકોચ, ભય દાખવતા સૂરોમાં નથી વ્યક્ત થઈ. પણ 'એક ઘા ને બે કટકા'નો યુદ્ધ–મંત્ર ભણેલી આ લડાયક કોમોએ તો પ્રેમના આંગણમાં પણ રણાંગણની તાલાવેલી અપનાવીઃ

ગઇ'તી ગઈ'તી ભરવાને નીર,
કેસરીએ વાઘે રે નટવર દીઠડા જી માણારાજ !
બેડું મેલ્યું સરવરિયાની પાળ,
ઈંઢોણી વળગાડી આંબા કેરી ડાળખી જી માણારાજ !

*બોલેવો=બોલવું : હાલેવો : હાલવું : અર્થાત બોલવા તથા હાલવાની છટા

દડવડી દીધી મેં તો દોટ,
લાજડલી લોપીને લીધાં હરિનાં મીઠડાં જી મહારાજ !

દેખ્યા, એકું હેડે મેલ્યું, દોટ દીધી. લજ્જા છાંડી, પ્રીતમનાં મીઠડાં લીધાં: આ બ્રહ્માનંદ ચારણ–સાધુનું રચેલું: સ્વામીપંથીઓ ગાય છે મંદિરમાં, અને તે પણ પ્રભુભક્તિ કાજે: પણ ચારણોએ તો એને વિવાહ–ગીત કરી લઈ કન્યાની સ્નેહોર્મિ ઉછળાવવાનું વાહન બનાવ્યું. એ એની ખાસિયત. "લાજડલી લોપીને......"

એ કોમોનો વનરાજ તો છે 'તંગલ ત્રોડા વાળો,' 'ભારે બેડીવાળો': 'ફૂલ ફેંટાવાળો' : 'મોતિયુંવાળો ને કલંગીવાળો': 'ડોલરિયો' 'કેસરીઓ' 'નેજાળો' ને 'છોગાળો': 'મોતીજડી એની મોજડી' અને 'હીરે જડયાં હથિયાર' : એની તો છે 'સૂરજની અણુસાર' : (કારણ કે કાઠી જાતિના ઇષ્ટદેવ સૂરજ છે. કાઠીનું બિરુદ જ છે સૂરજના પોતરા !) એ જમાઈ રાણો જ્યારે 'ઘુઘરીઆળા ઘોડા પર' ચડીને પરણવા પધારે છે ત્યારે

'પાવલીઓ રણકે ને ડુંગર ડોલે !'

[ચૂં. : ૨ : ૨૮]

એના તલવાર પટા પર ચોડેલી પાવલીઓને રણઝણાટે ડુંગરા ગાજે : અને એની ચાલ્ય છે હળવી:

'મણિયલ હળવો હળવો હાલ્ય !'

[ચૂં. : ૨ : ૩૨]

એનાં ડગલાં છે ટુંકાં ટુંકાં—

મોતીએ જડી તારી મોજડી, તારાં હીરે જડયાં હથિયાર,
વર સોમલીઆ ! પોરે પગલું ભર્ય !
વર કેસરીઆ ! ડોઢયે ડગલું ભર્ય !

[ચૂંદડી : ૨ : ૩૬]

અને એ સુરા–પ્રેમી કેરી કોમને તો સૌંદર્યનું પણ ઘેન જ ગાવું ગમે છે : રૂપનું પાન કરતાં એ રસિકને ઝીણાં ઝોલાં આવે છે :

આઠ કૂવા રે નવ પાવઠા, એની પાણિયારે નહિ પાર
મોંઘી બાઇને રૂપે જમાઈ ઝીણાં ઝોલાં ખાય !

અને જેના સૌંદર્યમાં એવી સુરા ભરેલી છે તે મોંઘી બાઈ–તે કન્યા કેવે શબ્દે આલેખાય? મરઘાનેણી, દાડમદંતી અને થોડાબોલી: પિયરપૂરી, મોસાળ–મોંઘી, અંતરમાની અને રંગમાની: ચોટાળી, કડલાળી ને ચૂડાળી: વરની આંખ વખણાય તો કન્યાની પાંસોડલી (કમ્મરનાં પડખાં) વખાણાય : એ જ્યારે વરને નિમંત્રે છે ત્યારે—

રાયવર ! વેલેરો આવ,
સુંદર વર ! વેલેરો આવ,
તારાં ઘડિયાં લગન રાયવર વહી જશે.

એવા સૌમ્ય અને આર્દ્ર શબ્દે વા સ્વરે નહિ, પણ ચકચૂર શબ્દે—

ઘુઘરીઆળો ઝાંપલો વરરાજા !
રમતા આવો રે હું વારી જાઉં !
ડોલરીઆ ! વેલેરા પધારો માણારાજ !
પાતળીઆ ! ચાંપેથી પધારો માણારાજ !
[ચૂં. : ૨ : ૧૩]

એમ 'રમતા રમતા આવો'નું રૂપ બાંધે છે. અને એવી રમણીને વીર વર વરવા બદલ કેવી વિજોગની રાતો ખેંચવાની હોય છે ! રાતનાં રૂપ એની આંખે કેવા લાગવાં ઘટે ! જુઓ—

અગર ચંદણની રાત
ચાંદા પૂનમની રાત
ચાંદલિયો કારે રે ઊગશે ! તારોડિયો કારે રે ઊગશે !
[ચૂં. : ૨ : ૩૩]

ઊંડા ઊંડા, લાંબા લાંબા, વિશાળ આકાશમાં જાણે ધાટું લીંપણ કરતા હોય તેવા, વિજોગનાં કારમાં લંબાણ સૂચવતા સ્વરો :

અગર ચંદણની રાત
ચાંદા પૂનમની રાત

કેવી રાત ! અજવાળી રાત : જાણે અગર ચંદન છાંટેલી : 'ચંદન છાંટી ચોક સમાર્યો વ્યોમનો' એ ન્હાનાલાલની નવતર કલ્પનાનાં ઊંડેરાં મૂળ દેખાડતી પંક્તિ : એવી અજવાળી માઝમ રાત્રિયે કોઈ એકલ ગોખે બેઠેલી નવ-વધૂ પોતાના 'જીવન-ચાંદલિયા'ને સંભારે છે :

ચાંદલિયો કારે રે આવશે !

ચંદ્ર-સંગે રમતી રાત્રિ જાણે ગહન શબ્દે પૂછે છે :

નાની વહુ ! તોરલો શામ
મોંઘી વહુ ! તોરલો કંથ
કેસરીઓ કારે રે આવશે ! નેજાળો કારે રે આવશે !

રજપૂતાણી ઉત્તર વાળે છે : એ તો યુદ્ધે ગયો છે : પરણીને તરત જ :

ગ્યા છે રજપૂતે સાથ
ગ્યા છે રાઠોડે સાથ
દીવડીઓ ઊગ્યે રે આવશે ! તારોડીઓ ઊગ્યે રે આવશે !

પ્રભાતે આવશે. રાત્રિ તો વણચાંદલિયે જ વીતશે. આ ક્ષત્રિ-સંસ્કારના સ્વરો : સાચા જીવન-સ્વરો. પરણતી કન્યાના અંતરમાં એવા કઠિન લગ્ન-સંસારની તૈયારી સિંચાય છે. માથું હાથમાં લઈ ફરનારાઓની ઘરનારીઓનો આ રસ-મંત્ર હતો : 'કારે રે આવશે !'

એટલે જ વિજોગ જેના લાંબા હતા અને મિલન જેનાં ઓછાં

અથવા અચોકસ હતાં, તેઓની પ્રીતિએ 'સ્વામીને શું શું કરી રાખું !' ના સબલ શબ્દો કાઢ્યાઃ

મારૂ ! તુંને હાર માયલો હીરો કરી રાખું રે !

* * *

મારૂ ! તુંને મનડાનું માદળિયું કરી રાખું રે !

* * *

મારૂ ! તુંને ઉનાળાનો આંબો કરી રાખું રે !

* * *

મારૂ ! તુંને ચોમાસાનો ચંપો કરી રાખું રે !

* * *

મારૂ ! તુંને શિયાળાની સીરખ કરી રાખું રે !

* * *

મારૂ ! તુંને ખમ્માજી ! ખમ્માજી ! કરી રાખું રે !

[ચૂં. : ૨ : ૧]

લાક્ષણિક કલ્પનાઓ : પુરુષને કેવો પ્રિય કરી રાખે છેઃ 'મનડાનું માદળિયું' ખાસ જોરદાર છેઃ માદળિયું અથવા તાવીજ હમેશાં મંત્ર-યુક્ત હોઇ અમંગલતા ટાળીને રક્ષા કરનારું મનાય. અને વનવાસીઓની દૃષ્ટિમાં તો ત્રણે મોસમોની પ્રિયમાં પ્રિય ચીજો તે આંબો, ચંપો અને ઠંડી ખાળતી સીરખ [બનાત]જ હોય ને! એનું નામ racy of the soil–સ્વભૂમિને ભાવતો કલ્પના-છોડ : પરભોમ પાસેથી ભાડે લીધેલ વા ચોરેલ નહિ.

એટલે જ એ સ્વભોમના–indigenous–સંસ્કારે નિજ લાગણીનું જોર વ્યક્ત કરવા માટે સોરઠમાં એક જુદેરી જ શૈલી શોધી. એ શૈલીને મૂળ આધાર તો મળ્યો દિસે છે 'અન્યોક્તિ' નામના સંસ્કૃત અલંકારનો. પણ પછી તેની ખિલાવટ થઈ. પ્રથમ પહેલાં તો પોતાનો ભાવ કોઈ પશુ પક્ષી અથવા વૃક્ષ ઉપર ઉતારવો :

લાંબી ડોકે કુંજડ રાણી !
અને તારાં મધ દરિયે મનડાં મોહ્યાં રે કુંજડ રાણી !

પછી એ 'મનડાં મોહ્યાં' ના ભાવને ઘનીભૂત કરવા માટે ઉત્તરોત્તર અનેક જોડલાં ગોતીને ગીત આગળ વધે છેઃ

કાળી પાંખે કોયલ રાણી !
અને તારાં આંબલિયે મનડાં મોહ્યાં રે કોયલ રાણી !

પછી 'લીલી પાંખે પોપટ રાણા–તારાં પાંજરડે મનડાં મોહ્યાં' : એટલો ઘાટો એ ભાવ ઘુંટાયો. પછી એ પિવાડયો વર–વધૂને :

રાતે ચૂડે ...વહુ રાણી !
અને તારાં ...ગામ મનડાં મોહ્યાં હો ...વહુ રાણી !
રાતે રેંટે ...ભાઈ રાણા !
અને તારાં લાડડીએ મનડાં મોહ્યાં હો ...ભાઈ રાણા !
[ચૂં. : ૨ : ૮]

મમત્વની જમાવટ કરનારી એવી જુક્તિ તો અનેક ગીતોમાં જોવાય છે :

પોપટડી રે તોરલો કંથ
કાં રે પોપટ દૂબળો ?

એનો જવાબ જાણે પોપટી વાળે છે કે—

દિ'વારે રે વનફળ વેડવા જાય
રાતે પોપટ પાંજરે.
[ચૂં. : ૨ : ૩૪]

એમ 'હાથણુલી તોરલો કંથ–કાં રે હાથી દૂબળો' તો કહે કે 'દિ'વારે દરબાર ઝૂલવા જાય–રાતે હાથી સાંકળે' : એ ઘેરી ભાવના

ઊતરી વર–વહુ પરઃ 'નાની વહુ તોરલો કંથ, કાં રે કેસરિયો દૂબળો;' જવાબ જડે છે કે 'દિ'વારે ઘોડલાં ખેલવવા જાય–રાતે રમે સોગઠે !'

પરણુતા પુરુષની માતાની ગમગીની બતાવવા માટે પણ એ જ રચના અંગીકાર થઇ. ઉપર જેવો શૃંગાર–રસ દીપ્યો તેવો જ કરુણ રસ આંહીં દીપે છે—

તું કાં રે આંબલિયા અણોસરો !
 કે તારી વસમલી ડાળ
 કે તુંને પંખીડે દુવેગિયો
 કે તુંને કોણે દીધી ગાળ !

નથી મને પંખીડે દુવેગિયો
નથી મને દીધલી ગાળ !
મારાં આંબુ ને જાંબુ રોષ ચાલ્યાં
 તે વિણ શોભા ન પામીએ :

[ચૂંદડી : ૨ : ગીત ૬]

એજ શૈલીએ સરોવરની ઉદાસી કલ્પી : અને પછી વર–માતાનું અંતર સમજાવ્યું :

તું કાં રે......બાઈ અણોસરી !
 કે તરી વસમલી ચાલ !
 કે તારે પિયુડે દુવેગિયાં
 કે તુંને કોણે દીધી ગાળ !

* * *

મારાં સાસુ ને સસરો રોષ ચાલ્યાં
 તે વિણ શોભા ન પામીએ.

પરંતુ રજપૂત–ગીત અને વણિક–ગીત, એવા સીમાડા બહુ વાર

ટકતા નથી. સાથે સાથે જોડાયેલા સાગરોનાં નીર તો અણદીઠયાં અને અણબોલ્યાં એકબીજામાં આવે છે

મેળવણીનું માધુર્ય અને જાય છે. કારણ કે વ્યવસાયો જ્યારે એક હતા ને વ્યવહારો જ્યારે ઘનિષ્ઠ હતા ત્યારે રસદૃષ્ટિ પણ એક બનતી. જે વાણિયા અને નાગરો ક્ષાત્ર કોમોનાં જ કારભારાં કરતા, ભેળા ધિંગાણે પણ ચડતા, તેનાં બૈરાં એ જ ક્ષાત્ર નારીઓના રસથી પ્રેરાઈને આવાં ગીતો ગાય એમાં આશ્ચર્ય નહોતું :

ગોરાં નાની વહુ તે નાના ભાઈને વીનવે,
તારા ...ગામની સીમડી દેખાડ રાયજાદા રે
લાલ છેડો લટકાં કરે.

[ચૂં. : ૨ : ૫૯]

ત્યારે વરરાજાનું વચન કેવું નીકળ્યું :

તમે આઘેરાં ઓઢો ગોરી ઓઢણાં,
મારા છોગલાને છાંયે ચાલી આવ રાયજાદી રે
લાલ છેડો લટકાં કરે.

આંહીં સીમ નીરખવા માટે નવવધૂની ઉત્કંઠા : વડીલોની મરજાદ માટે જરા ઓઢણું નમતું ઓઢવાનું સૂચન : અને તાપમાંથી બચવા માટે વરના છોગાને છાંયે ચાલવાની વહુને મીઠી શિખામણ : એ બધું રાજપૂત તત્ત્વ છે? કે વણિક તત્ત્વ? કે નાગર તત્ત્વ? એ તો છે સોરઠી રસતત્ત્વ. એમાં મેળવણી છે સમગ્ર કોમના સંસ્કારોની.

એવી જ રીતે વરને વ્યંગમાં, ધ્વનિમાં, ઈસારે જે સાચી રસજ્ઞતા શિખવાતી હતી તે જુઓ : ક્ષાત્ર કોમોમાં ઉલટાવી ઉલટાવીને એને કહેવામાં આવતું કે—

આજ રે કાચી કેરીની સોરમ હયો રે
કેસરીઆ રાયવર ઊભલા રે'જો !

લવિંગે ને લેર્યા રાયવર !
પૂલડે ને ફોર્યા રાયવર ઊભલા રે'જો !
[ચું. : ૨ : ૫૮]

કાચી કેરીની તો કેવળ સુગંધ જ લેજો. કાચી વયની પત્નીનો દેહ ચૂંથશો નહિ. એજ ગવાયું નાગરમાં :

માઝામાં રે'જો રાયવર ! માઝામાં રે'જો !
આંબાની ડાળ્યે બેઠી કોયલ બોલે,
કાચી કેરીમાં રસ નોયે પરધાન રાયવર !
માઝામાં રે'જો!

મર્યાદામાં રહેજો. વિવેક લોપતા નહિ. આજે વિવાહ રૂપી મદજનક જીવન-પ્રસંગે—

વીરા ! તમે દારૂડો પીઓ તો અમીઅલ રે'જો માણારાજ !
* * *
વીરા તમે વાડયે વળગેલી વેલી આંગણે રોપો માણારાજ !
* * *
વીરા તમે ફુલેલાં પૂલડાંની સોરમ લેજો માણારાજ !
[ચું. : ૨ : ૨૦]

મદછક ન બનજે, અમીઅલ રહેજે, પિયરરૂપી વાડયે વળગેલી કન્યા-વેલડીને તારે આંગણે ઉઝેરજે. પણ એનાં યૌવન-ફૂલો ખીલે ત્યારે સુગંધ લેજે! એવા વિવેકના સૂર અહીં તહીં વેરાયલા પડયા છે.

અપહરણના સૂર

આવા રસ નીતરતા સંસ્કારોની સાથોસાથ અપહરણની જૂની પ્રથા પણ છપાઇ ગઈ છે. ઊંચી કોમો ગાય છે કે—

આજ અમે ઈડરિયો ગઢ જીત્યા રે આનંદ ભર્યા !
આજ અમે...વેવાઈને રોતા દીઠયા રે આનંદ ભર્યા !

અથવા તો—

જીત્યા જીત્યા રે મારા સસરાની બેટી
બીજું તે જીત્યા સાચર સાસરું રે વરલાડડા !

એ કન્યાનું અપહરણ કરવાનો સંસ્કાર અધિક જોરથી રજપૂતોમાં ગવાયો :

દાદા ...ભા દાદા ઓરેરા આવો
...ગામડિયાનો ગઢડો કેમ કરી લેશું !
ધમળા ઘોડાવશું, રૂપૈયા રેલાવશું
લાડડી સોતો ગઢ ચડી ચોટ લેશું.

[ચૂં. : ૨ : ૩૦]

આવી શ્યામ ભાત્ય પડે એ સ્વાભાવિક જ છે. લોક-લગ્ન એટલે કોઈ પણ જાતનું શુદ્ધ શાસ્ત્રીય લગ્ન નહિ. પણ આઠે જાતના ગણાવેલાં ઊંચ, મધ્યમ અને કનિષ્ઠ લગ્નોના અનેક સંસ્કારોના સમન્વયને પરિણામે પ્રચલિત થયેલું લગ્ન. એટલે જ કન્યાનું અપહરણ અને કન્યાની તાબેદાર તરીકેની ભૂમિકા જ્યાં ને ત્યાં આ ગીતોમાં ડોકીઆં કરે છે. નવાઈ તો એ છે કે આ અધમ લગ્ન-પ્રથાના સૂરો લગ્ન-ગીતોના આટલા જબ્બર પૂંજની અંદર છેક ઓછા છે. મારવાડી અને પારસી ગીતોમાં પણ તપાસશું તો પ્રધાન ભાવના દંપતીના પ્રણયની અને પરસ્પર અનુમતિ-વરની જ તરવરે છે. જ્યાં જોઈએ ત્યાં વિવેક અને સૌહાર્દ જ ગૂંજે છે. એ પરથી તો અનુમાન થાય છે કે જનતાએ પોતાનાં વારંવારનાં સંસ્કાર-પરિવર્તનો વચ્ચે પોતાના પ્રાણને તો ઊંચેરો જ લેવા યત્ન કર્યો છે. સુગંધ સાચવી શકાઈ ત્યાં સુધી દુર્ગંધથી દૂર નીકળવા જ જનતા મથેલી છે. નહિ તો આવા સુગંધભર્યા કાવ્ય-ઓડકાર અખાજનો આહાર કરનારને આવે જ નહિ.

લોકગીતોની પ્રવાહિતા

લોકસાહિત્યનું મોટામાં મોટું બળ તે એની સાર્વજનિકતા છે. એ સાર્વજનિકતા જન્મે છે એની પ્રવાહિતામાંથી. યુરોપનું અકેકે લોક-ગીત દસ દસ ને પંદર પંદર પાઠાન્તરો દ્વારા ત્યાંના દેશ દેશની ભાષામાં ઊતરી ગયું છે. આપણા ગુજરાતમાં પણ અકેક લગ્નગીતે પ્રાંતે પ્રાંતે ભમીને ભિન્ન ભિન્ન પાઠાન્તરો જન્માવ્યાં છે. આપણે પ્રજા-જીવનમાં rythm–તાલબદ્ધતા માગીએ છીએ. આપણો અંતરતમ પ્રાણ એક તાલે ધબકતો નથી. પણ એકસૂરીલા આંતર્જીવનની સામગ્રી તો આપણું લોકસાહિત્ય પૂરી પાડે છે. એકનું એક ગીત–એકની એક જ કલ્પના, સ્વર અને શબ્દોના વૈવિધ્ય વડે વિભૂષિત બનીને પ્રાંતે પ્રાંતમાં પોતાના પડઘા જગાવે, અને કૈંક શતકો સુધી એ પડઘા શમે જ નહિ, એ દશ્ય આપણા ઊંડા બળની સાક્ષી પુરે છે. એવું કહેવાય છે કે આજે Dead sea–મૃત સમુદ્ર પોતાનાં નીરમાં એટલી બધી કડક ખારાશ ધારણ કરી બેઠો છે કે એમાં જીવનને સ્થાન નથી. નાનું શું જંતુ પણ એમાં જીવતું નથી. આવડી બધી કડકાઈનું, આટલી બધી અક્કડ પ્રકૃતિનું એક કારણ એ મનાય છે કે મૃત સમુદ્રને પોતાની છોળો બહાર રેલાવાનું કશું outlet–દ્વાર નથી. એના પ્રવાહો શી રીતે વહે ? આડે ઊભા છે પહાડોના ખડકો. મૃત સમુદ્રને ખડકો રુંધે છે. એના જીવનને ગૂંગળાવી મારે છે. એની કડકાઈનું અભિમાન

બેશક પોષાય છે, એનું વ્યક્તિત્વ આજે જગતના સર્વ સમુદ્રોથી હરગિજ જુદું છે. પરંતુ એ વ્યક્તિત્વમાં ગૌરવ તો છે કેવળ મૃત્યુનું, જીવનનું નહિ.

એ જ દશા થાય છે પ્રવાહહીન સાહિત્યની. લોકસાહિત્ય એ સ્થિતિમાંથી મુક્ત રહી શક્યું છે, કેમકે પોતાના વ્યક્તિત્વને ભોગે પણ પ્રવાહીપણાનું તત્ત્વ એણે જાળવી રાખ્યું છે. એ કોઈ ઉત્તમ ચિત્રકારના ચિત્ર જેવું નથી, પણ ગામને પાદર ઊભેલા પાળિયા જેવું છે. ચિત્રકાર પોતાના ચિત્રનો માલિક હોવાથી, પોતાના ચિત્રામણમાં એક રેખા કે બિન્દુનો પણ ફેરફાર કરવા કોઈને નહિ આપે, જ્યારે પાળિયા ઉપર તો સહુ ગામલોકો પોતાને મનગમતાં સિંદૂર-ચિત્રામણો આલેખી શકશે.

લોકગીતોમાં તો કોઈ કર્તાની છાપ ન હોવાથી માલિકીની કડકાઈ નથી, પણ સાર્વજનિકતાની કુમાશ છે. જેને ઊર્મિ ઊઠે તે એમાં નવા રંગો ઉમેરે, નવી રેખાઓ આંકે. પાઠાન્તરોની પ્રચુરતાનો આખો મર્મ એ છે. એણે સહુને ભાવે તેવી છેકભૂંસ ને રંગપૂરવણી કરવા દીધી છે. ઘણે વખતે આ છૂટમાં નધણિયાતાપણાના દોષને લીધે વિકૃતિ નીપજી હશે, પરંતુ તે છતાં એના પ્રવાહીપણાને એણે સજીવન તો બરાબર રાખ્યું છે. એ સજીવનપણું કેટલું વ્યાપક છે, તેની થોડીક સમીક્ષા આજે કરીશું.

પ્રવાહી સાહિત્યની વિશિષ્ટતા જ આ છે: સમસ્તતાનું-ઊંચ નીચ અને ગરીબ ધનવાન તમામનું એ સૈયારું ધન હોઈ, એ સાહિત્યને સહુ કોઈ પોતાની પીંછી લગાવી પોતાના અંતરતમ પ્રાણમાં જૂજવા રંગો પૂરે. અને એક જ રેખાના ફેરફાર વડે આખો ભાવ પલટી નાખે, નવું જ સૌંદર્ય નિપજાવે: જેમકે, કાઠિયાવાડનાં લગ્નગીત માંહેનું

ઊંચા ઊંચા રે દાદે ગઢ રે ચણાવ્યા
ગઢ રે સરીખા ગોખ મેલીઆ,
ગઢડે ચડીને બાઈનો દાદોજી જોવે,
કન્યા ગોરાં ને રાયવર શામળા !
એના ઓરતડા મ કરજો દાદા,
દ્વારકામાં રણછોડરાય શામળા !
[ચૂં. : ૧ : ૫૭]

એ ગીત ગુજરાતની કોઈ કાવ્યરસિક ગુજરાતણના લગાર જ સ્પર્શ થકી વિશેષ કાવ્યમય બન્યું :

ઊંચાં મેડી ને ગોખ જાળિયાં,
ત્યાં બેસી કન્યાના દાદાજી કહે રે !
દીકરી ગોરાં ને રાયવર શામળા !
દાદાજી મોરા ! હૈયે ના ધરશો
તડકાને તેજે રાયવર શામળા !

'તડકાને તેજે રાયવર શામળા !' નવીન જ ઊર્મિ : શામળા રંગની હકીકત જ જૂદી પડી ગઈ. અથવા કાઠી ગીત લઈએ:

મેડીને મોલ બેઠાં મોંઘીબા બોલે,
કાં રે દાદાજી ! વર શામળો.
છેટેથી આવ્યો રજે ભરાણો,
રજનો ભરાણો રાયવર શામળો.
[ચૂં. : ૨ : ૨૩]

એ ફેરફાર થઈ શકયો, તેનું કારણ લોકસાહિત્યની પ્રવાહિતા. વહેતું ઝરણું પોતાના માર્ગમાં જેમ આકાશ, વૃક્ષો અને પશુપંખી તમામના રંગો આકારો ઝીલે તેમ લોકસાહિત્યે ભિન્ન ભિન્ન આત્માની ઊર્મિઓ પોતાના પ્રવાહમાં ઝબકોળી લીધી.

એવા જ નજીવા ફેરફાર વડે આપણે કોઈ નવી જ કલ્પનાની લહેર અનુભવીએ છીએ, અને લોકકલ્પનાની સમૃદ્ધિનું સાચું માપ કાઢી શકાય છે. કન્યાની વિદાય વેળાના ગીતમાં—

દાદાને આંગણ આંબલો,
આંબલો ઘોર ગભીર જો !
એક તે પાન દાદા તોડિયું
દાદા ! ગાળ નો દેજો જો !

એને બદલે બીજું પાઠાન્તર પ્રગટ થયું :

ડાળ મરડીને દાતણ મેં કર્યું
દાદા ! ગાળ મ દેશો રે !

એ 'ડાળ મરડીને દાતણ મેં કર્યું'' ની કરુણતા 'એક તે પાન દાદા તોડિયું' કરતાં રમ્ય રીતે જુદી પડે છે. ડાળ મરડવાની ક્રિયામાંથી કન્યાનું નિર્દોષ અને તોફાની છતાં ઓશિયાળું બાલસ્વરૂપ નિષ્પન્ન થાય છે.

ભાવ અને કલ્પના એક જ રહેવા દઈ, થોડા થોડા શબ્દના ફેરફારો વડે લોકોએ પોતપોતાનાં વિશિષ્ટ વ્યક્તિત્વવાળાં ભાતીગળ પાઠાન્તરો જન્માવ્યાં : દૃષ્ટાંતો લઈએ :

કાઠિયાવાડી :

વાડીમાં રોપાવ્યો રૂડો કેવડો રે,
ફરતી વવરાવી નાગર વેલ્ય
વેલ્યે વળુંભ્યો રૂડો કેવડો રે
કિયા ભાઇનો મોલી રૂડો કેવડો રે
કિયા વેવાઇની નમણી નાગર વેલ્ય—વાડીમાં૰

બીજું કાઠિયાવાડી :

કિયે ગામ ગડયાં રે નિશાન
કિયા ગામને પાદર મોરી રાજવણ ! તંબૂ તાણિયા રે.
ક્યા ભાઈ કેરો રે મોર
.કયી વહુ સુવાસણ મોરી રાજવણ ! ઢળકતી ઢેલડી રે.

એમાં કોઈક પ્રશ્નોરી રસિકાની એક પીછી ફરી ગઈ:

મોરને માથે છે મોડ
ઢેલડીને માથે મોરી રાજવણ ! નવરંગ ચૂંદડી રે.
મલપતો આવે છે મોર
ઢળકતી આવે મોરી રાજવણ ! રૂડી ઢેલડી રે

પ્રશ્નોરા :

દાદા ! વર જોજો કાંઈ વાડી માયલો મોર રે
કન્યા ઢળકતી ઢેલડી રે !

*   *   *

વીરા ! વર જોજો કાંઇ આષાઢીલો મેઘ રે
કન્યા ઝબૂકણ વીજળી રે !

સુરતી

ઠાકોર તમે, ઠાકોર તમે આષાઢીલા મેઘ,
ત્યારે અમે વાદળ કેરી વીજળી રે.
આપણ બન્ને તે વરસવા જોગ,
ત્યારે ગગન દીસે રળિયામણું રે.

ઠાકોર તમે, ઠાકોર તમે વનના મોરલા,
ત્યારે અમે તે વન કેરી ઢેલડી રે.
આપણ બન્ને, આપણ બન્ને તે ટહુકવા જોગ,
ત્યારે વન દીસે રળિયામણાં રે.

એ રીતે વેલ્ય અને વેલ્યે વળુંભ્યો કેવડો : મલપતો મોર અને ઢળકતી ઢેલડી : ચંપાનો છોડ ને ચંપાફૂલની પાંખડી : આષાઢીલો મેઘ ને ઝબૂકણ વીજળી : દેરા માયલો દેવ ને દેરાસર-પૂતળી : સરોવરના હંસ અને સરવર-હંસલી : આટલાં જોડલાંની નિરનિરાળી ઉપમાઓ, નોખે નોખે ઢાળે ને તાલે યોજીને ભિન્ન ભિન્ન પ્રદેશનાં ગુજરાતીઓએ રાષ્ટ્રીય અભેદને વિવિધતાથી મઢી લીધો. ભાત ભાતનાં વેણીપુષ્પોને વીંધી સોંસરવા ચાલ્યા જતા દોરા સરીખો એક જ ભાવ આ ગીતોમાં પરોવાઇ રહ્યો.

પ્રદેશગત પ્રકૃતિ અનુસાર તાલ ફરે, સંગીત-રસ જુદો પડે: જેવું કે—

ઘડિયે ઘડિયે લાડણ વહુ કાગળ મોકલે
રાયવર વે'લેરો આવ !
સુંદરવર વે'લેરો આવ !
તારાં ઘડિયાં લગન રાયવર વહી જશે.

હું તો પાંદડાંને તોરણ નહિ પરણું,
ઘડી એક વેલો પરણીશ !
ઘડિયે ન મોડો પરણીશ !
હમણાં હમણાં નાળિયેરી તોરણ નીપજે.

એ કાઠિયાવાડી તાલ સૂર : કોણ જાણે શી રીતે, એવા ઝૂલતા અને પ્રલંબાયમાન તાલ-સૂર પ્રશ્નોરી બહેનોને બંધ ન બેઠા, એટલે એમણે એમાં થોડો ફેરફાર કરી લીધો :

ઝટો ઝટ રે વહુ કાગળ મોકલે,
રાયવર વે'લેરો આવ !
સુંદર વર વે'લેરો આવ !
તારાં ઘડિયાં લગન તે રાયવર આવીઆં.

એજ ગીત પ્રવાસે ચડી ગુજરાતમાં ગયું, ચરોતરમાં પેઠું, અ
ત્યાં એના કલેવરનું પરિવર્તન જરાક વિશેષ પ્રમાણમાં થઈ ગયું :

લાડણી તે લખી રે કાગળ મોકલે,
મોટાંના ! વહેલા પધારજો–ઘડિયાં લગન લાડી લઈ રહી.
આવીશ પણ આસોને તોરણે નહિ પરણું,
ઘડી એક રહીને પરણીશ, જો મોતીનાં તોરણ નીપજે.

કાગળ લખી મોકલવાની કન્યા–ઊર્મિ કાંઈક એટલી બધી પ્રબલ
એટલી આકર્ષક બની હશે કે એનાં તો વિધવિધ કેટલાંયે ગીત
રચાયાં : સૌરાષ્ટ્રમાં એ ઊર્મિએ જાણે કોઈ પાતળી કટિવાળી કા
યાણી જેવું શબ્દ–કલેવર ધારણ કર્યું :

લગન બાજોઠડી ને મોતીડે જડિયા
કુંવારી કન્યાએ કાગળ લખી રે મોકલિયા
વેગે વે'લેરો આવે ચોરાશીના જાયા !
આડા છે દરિયા ને સમદર ભરિયા
તે વચ્ચે વ્હાણ છિપાવો વરરાજા !
વહાણે બેસીને વહેલા આવો વરરાજા !
ચૈતર વૈશાખના તડકા રે પડશે,
ધોરી બળદિયાના પગ રે તળવાશે,
ગોરા જાનૈયા રજે ભરાશે,
ગોરી જાનડિયું શામળી થાશે,
ભાઇ રે વરરાજાનાં ફૂલડાં કરમાશે !

[ચૂં. : ૧ : ૧૩]

હવે બીજો કાગળ ઉકલીએ પ્રશ્નોરી રસિકાનો :

લાડડી તે લખી કાગળ મોકલે રસવરણા રે
રાયાંવર ! વેગે પધારો, લાડણ રસવરણાં રે !
હું કેમ આવું એકલો રસવરણાં રે,

મારો દાદોજી શીખ ન દે રે લાડણુ રસવરણાં રે !
તમારા દાદાજી સહિત પધારો લાડણુ રસવરણાં રે !

[ચૂં. : ૧ :]

ગુજરાતણે વળી જુદું જ પત્ર-લેખન કર્યું :

સલૂણી સંદેશા મોકલે રે,
રાયવર ! વે'લા પધારો કે રેજા ખંડના રે !
હું કેમ આવું લાડી એકલો રે !
દાદાજી દુભાય કે રેજા ખંડના રે !
તમારા દાદાને આપું હાથીડા રે
અંબાડી સાથે પધારો કે રેજા ખંડના રે !

સુરતી કન્યાએ વળી એ જ ભાવને પોતાના મનપસંદ સ્વાંગ પહેરાવ્યા:

કન્યા લાડણી તે લખી કાગળ મોકલે રે સુણો બનડાજી !
વરણાગિયા તું વર વહેલો આવ ચત્રભુજ બનડાજી !
કન્યા ! હું કેમ આવીશ એકલો રે સુણ બનડાજી !
મારી દાતણ વિનાની વરજાન ચત્રભુજ બનડાજી !

આમાં "બનડાજી" શબ્દ મારવાડી સાહિત્યની અસર બતાવે છે. પણ આ 'વરણાગિયા વર'ની કલ્પના ક્યાંથી આવી પડી ? બીજે એક પ્રસંગે કન્યાની પસંદગીના ગીતમાં પણ—

કુંવારી ચડી રે કમાડ
સુંદર વરને નીરખવા રે.
દાદા મોરા એ વર પરણાવ !
એ વર છે વે'વારિયો રે.

એ 'વેવારિયો' શબ્દ 'વરણાગિયો' બનીને કયે ઠેકાણે પતન પામ્યો હશે ? ગુજરાતમાં કેટલેક સ્થળે 'વરણાગિયો' ગવાય છે :

લાડકડી ચડી રે કમાડ
સુંદર વરને નીરખવા રે.
દાદાજી મુજને પરણાવો !
એ વર છે વરણાગિયા રે.

આ આખું યે ગુજરાતી ગીત સોરઠી ગીતની સાથે લગભગ શબ્દશઃ મળતું છતાં, તેમાં 'વેવારિયો' માંથી 'વરણાગિયો' જેવું મોટું પરિવર્તન શી રીતે ઘૂસી ગયું ? 'વરણાગિયાપણા'નાં ધોરણો વરની પસંદગી માટે કદાપિ કોઈ કન્યાએ વાપરેલાં નથી. કદાચ એ કેવળ ભાષા-પ્રયોગનો અકસ્માત જ થઈ ગયો હશે, ને પછી અંધ પરંપરાએ 'વરણાગિયો' જ ગાયા કર્યું હશે એમ જણાય છે. સુરતી ગીત તો વળી 'વેવારિયો' ને 'વરણાગિયો' બન્નેને ત્યજી

બાપુજી મુજને પરણાવ :
મેં ન્યાળ્યો નિશાળીઓ રે.

એમ 'નિશાળીઓ' પ્રયોગ કરે છે.

એ જ ગીતમાં અસલની ઓજસ્વંતી શબ્દ–રચના ગુજરાતમાં જઈ કાંઈક કોમળ બની લાગે છે. અસલી પંક્તિઓમાં તો છે આ રીતે : કન્યા પોતાના પિતાને કહે છે કે મારી પસંદગીનો યુવાન આવા આવા ગુણો ધરાવે છે—

ભણતો'તો ભટની નિશાળે
અક્ષરે મારાં મન મોહ્યાં રે.
ઝીલતો'તો સરોવરની પાળે,
ચોટલે મારાં મન મોહ્યાં રે.
રમતો'તો બવળી બજારે
દડૂલે મારાં મન મોહ્યાં રે.

એને બદલાવી ગુજરાતે ગાયું કે—

નિશાળે ભણતેલા દીઠા
અક્ષરે મારાં દિલ વસ્યાં રે.
સોના ગેડીએ રમતેલા દીઠા
દડૂલે મારાં દિલ વસ્યાં રે.

પંક્તિઓ પોતાની મેળે જ બોલી ઊઠતી લાગે છે કે સૌરાષ્ટ્રીય શબ્દ–રચનાનાં અસલી જોમ, ઝડઝમક અને મરોડ આ ગુર્જર પરિવર્તનમાં ગૂમ થાય છે. તેને સ્થાને નરી કુમાશ બિરાજે છે. એ દૃષ્ટિએ પણ સ્થૂલ પલટામાંથી પરિણમેલા સૂક્ષ્મ સ્વર–પલટા ને શબ્દ–પલટા તપાસતા જશું તો જે જમીનોમાં ગીતોના રોપ ફરતા ગયા તે જમીન વિષેનો ગુણનિર્ણય પણ થઈ શકશે.

'વેવારિયા' તેમજ 'વરણાગિયા'ને મળતા આવતા અન્ય પ્રસંગો પણ તપાસીએ : ગુજરાતના ગીતમાં ગવાય છે કે—

પાટણ રંગી રાયની ચૂંદડી,
મારા નખમાં સમાય તેવી ચૂંદડી લાડકવાઈ !
ઓઢોને રાયજાદી ચૂંદડી !

નહિ રે ઓઢું રે રાયવર ચૂંદડી !
મારાં માતાજી દેખે પિતાજી દેખે
નહિ રે ઓઢું રે રાયવર ! ચૂંદડી.

ત્યારે વરરાજાનો જવાબ ગવાય છે—

તમારા પિતાના તેડયા અમે આવીઆ.
તમારાં માતાની લજ્જા લોપો લાડકવાઈ !
ઓઢોને રાયજાદી ચૂંદડી !

આંહી વડીલોની લજ્જા લોપીને પણ પ્રણયનો સ્વીકાર કરવાનો ભાવ લોકગીતમાં અતિ ઉગ્ર લાગે છે. એ શબ્દ–ફેરફાર આકસ્મિક છે ?

કે સમાજની અંદર એક વખતે સાચોસાચ આવેલા કોઈ ઉગ્ર મનોભાવનો જ પડછાયો છે? એ પ્રશ્ન આપણુને મૂંઝવે છે. સૌરાષ્ટ્રમાં ગવાતા ગીતનો ભાવ ઘણો પ્રશાંત, મંગળ અને મર્યાદામય છેઃ

મારા નખના પરવાળા જેવી ચૂંદડી
 મારી ચૂંદડનો રંગ રાતો હો લાડડી !
  ઓઢોને સાહેબજાદી ચૂંદડી !
   હું તો કેમ કરી ઓઢું રે,
     સાયબા ચૂંદડી !
   મારો દાદોજી દેખે,
     માતાજી દેખે...

તમારા દાદાનાં તેડ્યા અમે આવશું,
 તમારી માતાનાં મન મો'શે. હો લાડડી !
  ઓઢોને લાડકવાઇ ! ચૂંદડી

* * *

તમારા વીરાનાં તેડ્યા અમે આવશું
 તમારી ભાભીના ગુણ ગાશું હો લાડડી—ઓઢોને૦

[ચૂં. ૧ : ૬૪]

અત્યાર સુધીના તમામ સંગ્રહોમાં હવે વેળાસર એક સુધારો થઇ જવો જોઈએઃ તે એ કે પ્રત્યેક ગીતનાં તમામ પાઠાન્તરો તપાસી, બેશક પોતાના ગીતના ઢાળ તાલનું નિરાળું વ્યક્તિત્વ અખંડિત રહેવા દઇને પણ તેનું અધૂરાપણું તો પૂરું કરી જ લેવું ઘટે છેઃ જેમ કે વડનગરા નાગર–ગીતોના સ્વ. સૌ. બાળા ભોળાનાથે કરેલા સંગ્રહમાં

પાગડલે પગ દઇ ચડો જિયાવર,
 બેની તે છેડલા સાહી રહ્યાં.
મૂકો મૂકો બેની છેડા અમારા !
  તમારા કર અમે આપશું.

[ચૂં. ૧ : ૪૯]

એટલેથી જ ગીત સમાપ્ત કરી દેવાયું છે. તેમાં સૌરાષ્ટ્રી ગીતની બાકીની પંક્તિઓ ઉમેરાઈ જવાથી એ ગીતનું સ્વરૂપ અખંડ બને છેઃ

નાના રે પણથી જેણે લાડ લડાવ્યાં
તેના તે ગુણ કેમ ભૂલશું !

એ જ પ્રમાણે અન્ય સ્વજનોને સંબોધાયેલી પંક્તિઓ પણ ઉમેરાઈ જાય તો તે જ્ઞાતિની બહેનો અખંડ આખાં ગીતો ગાતી થઈ જશે.

એવા ખંડિત સ્વરૂપનો બીજો વધુ વિકૃત નમૂનો કન્યાને વળાવતી વેળાના ગીતનો છે. સુરતમાં જઈને એ ગીત આવી અવદશાને પામ્યું :

માંડવે ફટક અજવાળાં રે દીવડી કયાં ગઇ રે !
આવ્યો હતો નગર ધુતારો કે લાખેણી લાડી લઈ ગયો રે !
આવ્યો હતો સુરત શહેરનો ચોર કે લાખેણી લાડી લઇ ગયો રે !

હવે તપાસ કરતાં આ ગીતનું અસલી નિર્મલ સ્વરૂપ જૂનાં બે સૌરાષ્ટ્રીય ગીતોમાંથી જડી આવે છે :

વળી વળી દાદા પૂછે વાત
માંડવ કેમ અણોહરો રે !
દીવડો તે હતો બેનીબાને હાથ
મેલીને ચાલ્યાં સાસરે રે !

[ચૂં. ૧ : ૭૯]

એક એ ગીત ભાંગ્યું, ને બીજું ભાંગ્યું આ ગીત :

એક આવ્યો'તો પરદેશી પોપટો,
બેની રમતાં'તાં માંડવ હેઠ, ધુતારો ધૂતી ગયો !
બેને મેલ્યાં ઢીંગલ મેલ્યાં પોતિયાં,
બેને મેલ્યો સૈયરીઓનો સાથ, ધુતારો ધૂતી ગયો !

[ચૂં. ૧ : ૮૦]

આ બન્ને ગીતોની વિકૃત મિલાવટમાંથી પેલું નવું ગીત રચાયું. તેને બદલે બન્નેનું સરલ નિર્મલ સ્વરૂપ અને બન્નેના પ્રવાહી ઢાળ તાલ આખા ગુજરાતમાં વ્યાપક કાં ન બનાવી લેવાય ?

વરરાજાનાં વર્ણન કરવામાં પણ જનતાએ જુદે જુદે સ્થળે પોતાની રુચિનાં પ્રતિબિમ્બો પાડીને લગ્નગીતોના પ્રવાહને બહુરંગી બનાવ્યો છે : સોરઠિયાણીઓ ગાય છે.

મેઘવરણા વાઘા વરરાજા
કેસરભીનાં વરને છાંટણાં.
સીમડીએ કેમ જાશો વરરાજા !
સીમડીએ ગોવાળીડો રોકશે.
ગોવાળીડાને રૂડી રીત જ દેશું
પછી રે લાખેણી લાડી પરણશું !

[ચૂં. ૧ : ૫૧]

એને વડનગરા નાગરી ન્યાતમાં આવો પલટો મળ્યો—

તારી ચંપકવરણી ચાલ લાડીવર !
કેસરવરણાં છાંટણાં !
તમે ચૌટડે નવ જાશો લાડીવર !
ચૌટાના શેઠિયા હઠ કરે.
અમે ચૌટાના શેઠિયાને દાણ દઈને
કુંવારી કન્યાને પરણશું.

આ બન્ને પાઠોમાં આપણે નિષ્પક્ષ વિવેક વાપરીને જોઈએ: આપણને પહેલો પાઠ વધુ સરલ, પ્રવાહી ને સુગ્રાહ્ય જણાશે. બીજામાં તાણીતૂંસીને પંક્તિ પૂરી કરવા જેવું જણાય છે. પાઠાન્તરો જ્યારે આટલાં સમાન હોય ત્યારે તો આપણી સ્મરણશક્તિને, રસવૃત્તિને તેમ જ શ્રવણેન્દ્રિયને સહેલું થઈ પડે તેવું એક જ ગીત આખી ગુજરાતમાં સ્વીકાર પામી શકે તેવી ભલામણો થવી જોઈએ.

આવી રીતે પ્રવાસે ચડેલાં ગીતો ગુજરાતમાં જ ગયાં એમ નથી. ગુજરાતના સીમાડા ઓળંગી, પાલનપુરની પેલી બાજુની નાની મારવાડમાં પણ નિવાસ કરી બેઠાં છે. અથવા

મારવાડી ગીતો

ખરી વાત તો એ હોવી જોઈએ કે સૌરાષ્ટ્રની ઘણી ઘણી કોમો મારવાડ પરથી જ આંહીં આવીને વસેલી હોવાથી ત્યાંનાં જ ગીતો આંહી આવીને વસ્યાં હોય. કેટલાંક તો શબ્દશઃ એનાં એ જ રહ્યાં છે. ફક્ત મારવાડી વ્યાકરણની નજીવી છાંટ છે અને સૂર જુદા રહેલા છે. આ રહ્યું—

આંગણે ઢાળો રે બાજોઠી
  ફરતી મેલો રે કંકાવટી.
તેડાવો જોશીડારો બેટો
  આજ મારે લખવી રે કંકોતરી.
બાંધો મારે રાવતા ભાઈરે છેડે
  જાવું મારે આણંદીબારે સાસરે.
વીરા ! હું તો છોરૂડે વળૂંભી
  આંગણે આયો વીર નો ઓળખ્યો.

આ આખુંયે ગીત કાઠિયાવાડમાં પંક્તિએ પંક્તિ ગવાય છે. પણ શબ્દોનો મરોડ સોરઠી ગીતમાં સંપૂર્ણતાએ પહોંચ્યો છે. [ચૂં. ૧ : ૧૮] એ જ પ્રમાણે આ સોરઠી ગીત—

સૂડલા કોયલડીને વિનવે રે;
આવી રૂડી આંબલિયાની ડાળ
  સરોવરીઆની પાળ
મેલીને કોયલ કયાં ગ્યાં'તાં રે !

શીળાં...ભાઇનાં માયરાં રે,
  તીયાં રૂડા માંડવા નખાય
  રૂડી કન્યા પરણાય
જોવાને અમે ત્યાં ગ્યાં'તાં રે.
  [ચૂં. ૧ : ૭૦]

એ જ ગીત મારવાડ તરફ આમ ગવાય છેઃ

સૂડલો પૂછે રે કોયલડી;
આવી રૂડી આંબલિયારી ડાળ
મેલી રે શીદ ચાલ્યાં :
રૂપાભાઈએ વિવા આદર્યો
કંકુડારો હુવો રે સકાળ
જોવા રે અમે સાંચર્યાં.
નાળિયેરરો હુવો રે સકાળ
જોવા રે અમે સાંચર્યાં.

એ જ રીતે સોરઠી ગીત—

મોર તારી સોનાની ચાંચ!
મોર તારી રૂપાની પાંખ
સોનાની ચાંચે રે મોરલો મોતી ચરવા જાય.
[ચૂં ૧ : ૫૨]

એ ગીતને મારુ લોકો આ રીતે ગાય છે—

મોર થારી સોનારી પાંખ
રે મોર થારી સોનારી પાંખ!
સાવ રે સોનારા મોર થારે પાંખડા.
કોટે ને કરકરિયાળો વાઢલો હો!

* * *

વેવાઈ મારા સૂતો હોય તો જાગ
તમારો તેડાવ્યો રાયવર આવ્યો માણુરાજ
લાડી થારો બાવોજી દેખાડ
અમારો બાવોજી જાડે માંડવે હો!
અમારો બાવોજી દાઢે દાયરે હો!

આવા ફેરફારો સહિત એ પ્રચલિત છે. અને બીજાં ગીતો એવા છે, કે જેની ઉત્પત્તિ તદ્દન સ્વતંત્ર હોવા છતાં પણ આપણને એમાં આપણા જ ભાવોનું નવે સ્વરૂપે દર્શન થાય છે.

આપણે કન્યાના વિદાયકાળનાં બે ત્રણ ગીતોમાં વરનું કન્યા પ્રતિનું વિનવણી ભર્યું, પ્રેમે છલકતું, કરુણ સંબોધન ગાઈએ છીએઃ

(૧) આછેરું કંકુડું ઘોળયે રે લાડી
આછલી પીળ્ય કઢાવું.
તારી માતાના ખોળલા મેલ્ય રે લાડી
...બા સાસુ દેખાડું.

(૨) મેં તો ડુંગર કોરીને ઘર કર્યાં રે
મેં તો કાચનાં જડિયાં કમાડ રે હો લાડડી!
હજી રે સમજ મારી કોયલડી!
[ચૂં. ૧ : ૭૩]

આવા જ ભાવ ઝીલતાં મારુ ગીતો તપાસીએ :

(૧) ઝાલી રે રાણી! હાલોને આપણે દેશ કે
આંબા રે પાકા રસ ઢળે!
સોઢા રે રાણા! મેં કેમ હાલું થારે[૧] દેશ કે
[૨]બાવાજી વોણું નહિ ગમે.
બાનોજી રે થારા આળ જંજાળ કે
સાચો સગપણ દોય જણાં!

(૨) [૩]બનડી! થારે સાસરેજી ડોલર[૪] બાંધીઓ
બનડી! [૫]હીંડારે ઉમાટે વેલી આવ રે
મારી હરિયા વનરી કોયલડી!

૧. તારે. ૨. પિતા. ૩. વહુ. ૪. હીંડોળો. ૫ હીંડોળો

લાડી ! આંબા પાક્યા ને કેરી રસ ઢળે
લાડી ! જામફળનો વડો રે સવાદ
મારી હરિયા'વનરી કોયલડી !

લાડી ! છોડો માતારી ચટુ આંગળી
લાડી ! છોડો બાવાજી વાળો હેત
મારી હરિયા વનરી કોયલડી !

(૩) મેં તો થારા જીવન [1]વની ! કારણીએ,
મેં તો છોડયાં [2]બાવાજીવાળાં હેત
હાલોને વની [3]વાઞાં મેં.

એ આપણા સોરઠી સૂરો સાથે કેવું મળે છે :

મેં તો દાદા મોરાને દૂભવ્યા રે
તારા આછા ઘૂંઘટડાને કારણ હો લાડડી !
હજી રે સમજ મારી કોયલડી !

અને લગ્નની સંધ્યાએ પોતાની વાટ જોઈને એકી ટશે માર્ગ પર નીરખી રહેલી 'મરઘાનેણી'ને જાણે મારુ દેશનો 'વનો' (વર) દૂર દૂરથી સમાચાર દેવરાવે છે કે આવું છું !

આવાશાં મારી મરઘાનેણી !
આવાશાં હો રે !

રે ઘોડારો ધમસાણે
હાથી ઝૂલેતા, નાળેરાં દેતાં
આવાંશાં હો રે !

આવાશાં મારી પિયર-પૂરી !
આવાશાં હો રે

૧. કન્યા. ૨. પિતાનું. ૩. બાગોમાં.

આવું છું, ઓ મારી મૃગનયની! હું આવું છું. આ ઘોડેસવારોની ઘમસાણ વચ્ચે, ઝૂલન્તા હાથીઓની વચ્ચે, સૌને નાળિયેર દેતો દેતો હું આવું છું હો મારી પિયરવંતી! એકના એક ભાવનાં મોજાં લોકજીવનના માનવ–સાગરની કેટલી કેટલી આઘેરી પાળે જઈ જઈને અથડાયાં છે, તે જોઈ જોઈને સાચા લોકસમાજનું ભાષા પરત્વેનું, કલ્પનાઓ પરત્વેનું, રસ અને સૂરો પરત્વેનું એકતાલું ને એકસૂરીલું જીવન નજરે પડે છે. એક જ તાલે અનંત તરંગોને નચાવતો મહાસાગર કલ્પનામાં ખડો થાય છે.

આ સમાન સૂરોની શોધે ચડતાં ચડતાં આપણો પગ છેક પંજાબની ધરતી પર ઠરે છે. શ્રી. સન્તરામ (બી. એ.) નામના એક બંધુએ 'પંજાબી ગીત' નામનાં, કુલ ૨૮૬ જેટલાં ભિન્ન ભિન્ન અવસરનાં પંજાબી ગ્રામ્ય ગીતોનો એક સંગ્રહ પોતાની ટીકા તથા અર્થો સહિત ૧૯૨૭માં પ્રગટ કરેલો છે. તેની અંદર ઊતરતાં સાનંદ સમજ પડે છે કે એ 'પંચસિંધુ'ના પ્રદેશ પરનો લોકસમાજ એના રીતરિવાજો, કાવ્યોદ્ગારો અને ભાષા–પ્રયોગોને હિસાબે આટલે દૂર પડેલા ગુજરાત–સૌરાષ્ટ્રના લોકસમાજ સાથે કેટલું બલવાન સામ્ય ધરાવે છે. સૌરાષ્ટ્રમાં ઊતરી આવેલી અમુક જાતિઓએ પંજાબમાં પણ પોતાનાં મુકામ કૈક વર્ષો સુધી કર્યાનું કહેવાય છે. અને સાહિત્ય તથા સંસ્કૃતિનાં આ બધાં સામ્ય–ચિહ્નો એટલાં આબાદ રીતે ઝલકે છે કે એ માન્યતાને મજબૂત પુષ્ટિ મળે છે. આપણે દૃષ્ટાંતો વડે તપાસીએ :

પંજાબી લોકગીતો

આપણાં લગ્નગીતોમાં 'માલણ'નું સ્થાન ઘણું માનવંતું છે. ફૂલો વિના લગ્ન મહેકે શાનાં? માલણ તો ઠરી મંગલ રસપાત્ર : એટલે જ એનો મહિમા—

ગુજરાતથી માલણ આવી રે
સવા લાખની વાડી રોપાવી રે.
ક્યારે કરમલડી રોપાવો રે
વીણી ચૂંટીને છાબ ભરાવો રે !
લાવ્યે લાવ્યે માલણ ! અમે લેશું રે
લાડકડાના પસ ભરી લેશું રે.
[ચૂં. ૧ : ૩૫]

એવાં ગીતોમાં ગવાયો છે. એ જ રીતે પંજાબી લગ્નગીતોમાં પણ ફુલવાળી ફેરે છે:

મૈં તૈનું માલન આખેઆ નીં તું બડેઓ સવેરે આ.
આઓ ની બડેઓ સવેરે આ !
બડેઓ સવેરે આયકે ની બાગાँ દે બિચ ફેરા પા,
પાઓ ની, બડેઓ સવેરે આ !

[હે માલણ, મેં તને કહ્યું છે કે તું વહેલી સવારે આવજે. આવીને બાગમાં ફરજે. રોપે રોપને પાણી પાજે !]

બીજા પંજાબી ગીતની અંદરની આ પંક્તિઓ:

પૂછદી તાँ પૂછદી નગર બહુટી વે,
કિસ રાજે દા કેહડા ઘર આँ !
ઉચડી માડી રામ ઉસારી,
સિખર ઝલન્દા લાલ દીવા, વે આँ !

[નગરમાં જઇને માલણ પૂછે છે કે અમુક મહાશયનું ઘર કયું ? (ઉત્તર મળે છે કે) રામની કૃપાથી બનેલી આ ઊંચી મેડી કે જેના શિખર પર લાલ દીવો બળે છે.]

એજ પંક્તિઓનો ભાવ ઝીલતી ગુર્જર પંક્તિઓ આ રહી—

છાબ ભરી ફૂલડે માળણ આવે
ઘર રે પૂછે રે વિવા કયાં હવા રે.
ઊંચલી ખડકી ને નવલાં કમાડ રે.
ગોખે જાળિયાં મંદિર માળિયાં રે.
[ચૂ. ૧ : ૧૬]

તે પછીનાં અન્ય પંજાબી ગીતમાં પણ માળીના મહિમા–સૂર બરોબર આપણા સૂરોને જ ઝીલતા જોવાય છે.

આપણે ત્યાં વરઘોડાનાં ગીત છે, તેમ પંજાબને પણ 'ઘોડિયાં' નામના વરઘોડા–ગીતો લાધ્યાં છે. આપણાં ગીતોમાં વરની બહેન ઓછી ઓછી થઇને ગાતી આલેખાઇ છે કે—

કેસરીઆ ! ચડો વરઘોડે;
ચડો વરઘોડે ને લાલ અંબોડે—કેસરીઆ૦
મીઠડાં લઉં તારા માથાની મોળ્યે—કેસરીઆ૦
ધન્ય તારી માતા મોડબંધી આવે—કેસરીઆ૦
ધન્ય તારો દાદો ફુલેકામાં મહાલે—કેસરીઆ૦

અથવા કાઠી ગીત—

વાલો વીર વર ઘોડલડે ચડે ને હું તો જોઈ રહી છું;
વાલા વીર ! જોયાં તમારાં પિત્તળીઆં પલાણ રે
ભમરલો તો બહુ રમે !
વાલો વીર વાઘા પે'રે ને હું તો જોઈ રહી છું;
કેસરીઆ ! જોઈ તમારી પાતળડી પરોંઠ રે—ભમરલો૦
[ચૂં. ૨ : ૧૭]

આ ગીતોના સૂરો ને શબ્દો શું સોરઠિયાણીઓ પંજાબમાંથી લેતી આવી હશે ! કાઠીઓ પંજાબ ઉપર થઇ ને સૌરાષ્ટ્રમાં ઊતર્યા એ માન્યતાને શું આથી સાક્ષી મળે છે ! જુઓ પંજાબી 'ઘોડિયાં'નું ગીતઃ

ઈક તેઝન ઘોડી વે કેહડેઆં દેસાં તે આની વે !

* * *

ઘોડી કૌન જો ચઢેઆ એ પહન કે કપડે સારે !
માઁ તેરી દેખ રહોંસી એ, કૌન્ત જાની પુત્ત લાડા વે.

[આ તેજણ ઘોડી કયા દેશમાંથી આણી છે? ઘોડી પર વસ્ત્રાભૂષણ પહેરીને કોણ ચડયું છે? પતિને જાનૈયો બનેલો તેમ જ દીકરાને ઘોડીએ ચડેલો દેખીને તારી માતા જોઇ રહી છે.]

બીબા વે તેરે સિર દા ચીરા, ચંદા વે કલગી લગી પ્યારી.
પૈણ બૂંદાં ભરે કયારી બીબા વે વર્ષા લગે પ્યારી.
બીબા વે તેરે હેઠલા ઘોડા ચંદા વે કાઠી લગે પ્યારી.

[હે વહાલા (વીર)! તારા માથાની કલગી બહુ સુંદર લાગે છે. બિન્દુઓ ઝરે છે, કયારી ભરાય છે, વર્ષા પ્યારી લાગે છે. તારો ઘોડો, એનું પલાણ વગેરે પ્યારાં લાગે છે.]

એવા જ ભાવો ઝીલતાં આવાં ઘણાં 'ઘોડિયાં' નામક ગીતો જોવામાં આવે છે.

જેવાં આપણે ત્યાં કન્યા વરને પત્ર લખતી હોવાના ભાવવાળાં ગીતો, તેવાં છેક પંજાબમાં પણ પ્રચલિત છે—

બન્ની ને ભેજિયાં ચીઠ્ઠિયાં રજાદીને ભેજિયાં ચીઠ્ઠિયાં,
બન્ના, વૂઁ લટકેન્દડા આઓ બન્ના !
મેરા રાઓ રજાદી દા જીવે બન્ના !—૧
કિંકરેં આમાં બન્ની મેરીએ, લટકેન્દી ની બેસર બાલિયે,
છનકેન્દેની ચૂડે બાલિયે બન્ની—૨
મૈં તેરા સાહા સુધાયા, બન્ના !
મેરા રાઓ, રજાદી દા જીમેં બન્ના !

સાહ્વા સુધાવે મેરા બાબલ, પીચે દે જાવે મેરા બાબલ,
તું લટકે સિરગસ્ત ચુવે, મુખ પાન ચંબેદદા આઓ બન્ના
મેરા રાઓ રજાદી દા જીવે બન્ના !

[પંજાબી ગીત : ૫૩]

અર્થ–બનરીએ, રાયજાદીએ કાગળ મોકલ્યો કે હે વરરાજા ! ખૂબ ચટક–મટક સાથે તું મારે ઘેર આવ.

હે લટકતા નકવેસરવાળી અને રણુઝણતી ચૂડીવાળી ! હું શી રીતે આવું ?

હે બનરા ! મેં તારું લગ્ન–મુહૂર્ત જોવરાવ્યું છે. તું મારો પતિ છે. તું આવ. મારા બાપ લગ્ન–મુહૂર્ત જોવરાવે છે, જોષીને ઘેર જાય છે, શિર પર મુકુટ પહેરીને તું મોંમાં તાંબુલ ચાવતો આવ !

ભાવ અને કલ્પના પરત્વે તો ઠીક, પરંતુ કેટલાંક પંજાબી ગીતો તો શબ્દશઃ આપણાં ગીતો સાથે મળી રહે છે. દૃષ્ટાંત :

સોરઠી

ઊંચા ઊંચા રે દાદે ગઢડા ચણાવ્યા.
એથી ઊંચેરા ગઢના કાંગરા રે.
કાંગરે ચડીને બેની...બા જોરી,
કેટલેક આવે વરરાજિયા રે.
પાંચસે પાળા દાદા ! છસેં છડિયાતા,
ઘોડાંની ઘૂમણુ વરરાજિયા રે.

[ચૂં. ૧ : ૫૭]

પંજાબી

કોઠે તોં ચઢકે બાબલ દેખન લાગી
કિતની કુ આઇ જનેત.
આ હો રે બાબલ ! કિતની કુ આઈ જનેત.

હાથિયઁા લખ એક આએ, ઘોડે ઓ લખ દો આએ,
આ હો રે લાલા! જાની માની લખ ચાર.

[કોઠે ચડીને કન્યા જોવા લાગી કે કેટલીક જાન આવી! એક લાખ હાથી, બે લાખ ઘોડા, ચાર લાખ જાનૈયા આવ્યા છે.]

૨. સોરઠી

અમ ઘેરે સાજનિયાં ભલે આવ્યાં રે
સાજનિયાંને દાતણિયાં દેવરાવો રે!

પંજાબી

હમ ઘર સાજનડે આયે રામ
મનો પ્યારડે આયે રામ.

૩. સોરઠી

દાદા! અમે રે ગોરાં ને રાયવર શામળા!
એવો મનમાં લાગ્યો સંદેહ
રે રાયજાદી! રે સાહેબજાદી તે ચડિયાં મેડિયે.

અથવા

મેડીને મોલ બેઠાં મોંઘીબા બોલે
કાં રે દાદાજી! વર શામળો!

પંજાબી

બાબલ! ઈક મિનું પચ્છોતોડા બડાઇ
મૈં આપ ગોરી વર સૌંલા ઈ!

[બાપુ મને એક મોટો સંતાપ છે કે હું ગોરી ને વર શામળો કેમ!]

૪. શબ્દશઃ સામ્ય ધરાવતા ગીતનું એક દૃષ્ટાંત તો આબાદ જડે છેઃ આપણે ગાઈએ છીએ કે—

મરઘાનેણીનો વર ઊતર્યો વાડીએ રે;
હું તો શેને રે મશે જોવા જાઉં રે!
સંધાડે ઉતાર્યો શા'નો ઢોલીઓ રે!
હું તો હાથમાં લઉં ફૂલ-છાબડી રે
હું તો માળીડાની મશે જોવા જાઉં રે-સંધાડે૦

[ચૂં. ૨ : ૫૩]

એટલે કે મૃગનયની કન્યાના વરને નિરખવા માટે સ્ત્રી જુદે જુદે વેષે જવાની કલ્પના કરે છેઃ એ જ ભાવ–બલકે એ જ શબ્દો પંજાબમાં:

હાથ લમૈં ફૂલ્લાં છાબડી, માલન હોકે જાગ ની
મેરા રામ લછમન આયા.

[પંજાબી ગીત : ૯૭]

[હાથમાં ફુલછાબ લઈને માલણ વેશે જાઉં. મારા રામ-લક્ષ્મણ આવ્યા.]

૫. આપણે 'વરણા'નાં ગીત; તેઓને 'બરી'નાં ગીત : સરખે જ શબ્દે એનો એ ભાવ ગૂંજે છે. આપણે ત્યાં લગ્ન સમયે ગવાય કે—

બા'ર પધારો સોરંગ સુંદરી !
આંગણે અલબેલો ઊભા રહ્યા.
હું કેમ આવું શાણા હો લાડડા !
અમને અમારો દાદો દેખશે !

[ચૂં. ૧ : ૬૩]

એ ગીતને પણ શું આપણે પંચ સરિતાને તીરેથી આપણું પરમ ધન સમજીને લેતા આવ્યા હશું ? હા, જુઓ—

બહાર આ રાની રાધિકે ! કાન્હ લગની આઇયા.
વે મૈં કિકુર આમાં મેરે કાનજી ! મૈં તૌં બાબે તે સરમૌની આँ.

[હે રાણી રાધિકે! તું બહાર આવ. તારો કાન લગન કાજે આવ્યો છે. હું કેમ કરીને આવું મારા કાનજી! મને મારા પિતાની શરમ આવે છે.]

ઝીણવટથી જોવા બેસીએ તો આ સામ્યની અનેક રેખાઓ જડી રહે છે.

ગુજરાતમાં 'ખાંયણાં' નામનાં જે ચાર ચાર ચરણનાં મુક્તકો ગવાય છે, (એનો નિબંધ આગળ આવશે) તેને અને પંજાબી ગીતોને કેવું સામ્ય છે તે આગળ જોશું.

આમ જોવાથી પણ ખાત્રી થશે કે સોરઠી, ગુજરાતી અને પંજાબી પુત્રી–વિદાયના વિલાપ–સ્વરો એક જ ધરતીના કંઠમાંથી પ્રથમ પ્રભાતે ફૂટયા હશે. અને પછી પરિભ્રમણ કરતા કરતા નવનવી પૃથ્વીનાં રંગો ને સુવાસો સજતા ગયા હશે. પંજાબી લોકસાહિત્યની અંદર સવિશેષ ઉંડાણે જવાનું આ એક જબ્બર પ્રલોભન ઊભું થાય છે. જ્યાં જ્યાં આવું મળતાપણું જડે છે ત્યાં ત્યાં સેંકડો કોસનું સ્થૂલ અંતર ભેદાઈ જઈને સંસ્કૃતિની નિકટતા અનુભવાય છે.

ભીલોનાં લગ્નગીતો

કેટલાંય વર્ષો પર મળેલી ભીલોનાં લગ્નગીતોની એક હસ્તપ્રત; લોકસાહિત્યનો બાકી રહેલો પ્રદેશ ફરી તપાસું છું, હસ્તપ્રતોનાં જીર્ણ પાનાં ઉખેળું છું, તેમાંથી આ ભીલ–ગીતોનાં પાનાં જડે છે. મોકલનાર ભાઈનું તો નામ પણ જડતું નથી.

આવી રૂડી સરોવરની પાળે
નાળિયેરી લુમે ઝુમણે રે મારા રાજ;
કાચી નાળીએરી શીદ વેડો રે
એ કઇ પેરે પાકશે મારા રાજ!

એને વેડનાર ચતુર સુજાણ
સુધડદેવનો સાયબો મારા રાજ

ઉપર ટાંકેલી પંક્તિઓનો મર્મ પકડી શકાય છે ને? કાચાં કે અધકચરાં ફળો ચૂંટવા સામેની આ ચેતવણીમાં ભીલ જેવી અભણ કોમનું સમાજશાસ્ત્ર બોલે છે.

પરણવું એટલે પણ પરિપકવ ફળને વેડવાની જુક્તિ. બાળલગ્નો અને બુઢ્ઢાલગ્નો તો બામણ વાણિયામાં પેઠાં હશે સૌ પહેલાં. પ્રકૃતિને ખોળે જીવન જીવનારો વનવાસી તો પોતાના ધંધામાંથી જ જીવનના મર્મો ભણે છે. કાચું ફળ ચુંટાયા પછી કઈ રીતે પાકશે? સુઘડદે નામની કન્યાનો સાયબો તો ચતુર સુજાણ છે. એ અપક્વ વયની પત્નીનો વિકાસ નહિ રુંધી નાખે.

કાચું વેડાય તો કમઅક્ત્તી થઈ જાય; અને કાચી વયે ઝાડને ફળ બેસે તે પણ વહેલા વિનાશની નિશાની. એક ખેડૂતના બાગે બનેલો એક પ્રસંગ યાદ આવે છેઃ દાડમડીઓનું આખું વન દેખાડીને એ ખેડુ કહે કે આને અમે હમણાં પાણી નથી પાતા. કેમ ભાઈ? તો કહે કે હજુ એની અવસ્થા નથી પાકી. જો આજથી ફળ બેસવા લાગે તો ફળની જાત સુધરે નહિ. અમે જાણી બુઝીને એને પાણી ન આપીએ.

આટલું બોલીને થોડી વાર એ શરમાઈ રહ્યો. પછી એનાથી ન રહેવાયું. મારી શરમ એણે જ તોડી. મારે હોઠે હતું તે એણે જ કહી નાખ્યું. "ઈ તો ભાઈ, આપણા માણસુંના જેવું જ આ ઝાડવાંનું."

ભીલોનું લગ્નગીત બીજું—

પીપળાનું પાન બોલે ધડાધડ
કેવડલાનું પાન રે મૂંગુ રે
છોકરાના બાપા બોલે ધડાધડ
કે છોરીના બાપા રે મૂંગા રે

કન્યાના બાપને મુખે કેવડાની ફોરમ જેવું મીઠું મૌનઃ અને પીપળાનાં પાંદ પવનમાં ખડખડાટ કંઈ કમ કરે છે? વરના બાપનો બબડાટ અને કન્યાના પિતાનું મૌન, એઉને વ્યક્ત કરવા બીલો જેવી જાતિએ પાંદડાની ઉપમા શોધીઃ

સોનીડાની ગલીઓમાં આવ બંધવા!
સોનીડાની બેટી તો ફૂલ ભરી પેટી
પેટી ઇંદોરા ખાય બંધવા!
સોનીડો જાગ્યો આખી રાત બંધવા!
ઝવેરભાઇના ટોડલાને કાજ બંધવા!

સોનીની બેટીને ફૂલભરી પેટી કહી. પણ પેટી 'ઇંદોરા ખાય' એટલે યૌવનના હીંચોળા ખાય કે બીજું કંઈ? કે 'ઇંદોરા' એટલે ઉંદરડા? મને ઉંદરડા વધુ બંધ બેસતું લાગે છે. કેમકે સોનીને આખી રાત જાગવું પડે છે. બેટી રૂપી ફૂલપેટીને ઉંદર ખાય, એટલે શું કોઇ યૌવનના વિકારો પ્રત્યે નિર્દેશ છે?

એવા જ બીજા ગીતમાં—

સોનીડાની બેટી તો ફૂલભરી પેટી
હાથમાં રેશમી રૂમાલ બંધવા!

સાદામાં સાદી ક્રિયાને પણ આ ગીતો ઉપમા વડે સુંદર બનાવી લેવાનું ભૂલતાં નથી—

ચાંદો તો ફરે રે ઉતાવળો
ચાંદરણી તારે તે કાજ રે
લલ્લુભાઈ તો ફરે રે ઉતાવળો
દીકરો પરણાવાને કાજ રે

પરણાવવાની દોડાદોડ એક રીતે સાવ જ શુષ્ક વ્યાપાર છે. પણ સંસાર-જીવનની શુષ્કતા પર સાહિત્ય જાણે કે 'વારનીસ'નો

એક હાથ મારી લે છે. આખી ક્રિયા હળવી ને રસભરી બની જાય છે—

> ચાંદો તો ફરે ઉતાવળો
> ચાંદરણી તારે તે કાજ રે

એ પંક્તિઓ કાયમને માટે યાદ રહી જશે.

ભીલોનાં કેટલાંય લગ્નગીતો સોરઠી લગ્નગીતોના જ જાણે કે છિન્નભિન્ન અવશેષો છે. પરંતુ અમુક ગીતો એમના પોતાના જ જીવનની પેદાશ છે. દાખલા તરીકે આ ગીત મને બીજે કયાંય નથી મળ્યું—

> મધ બેઠું રે ઝીણી કંબોઈની ડાળે
> માદળિયું રે રળિયામણી
>
> મધ પાડે રે છોડી, તારા ભાયા—માદળિયું રે૦
> મધ ખાશે રે છોરી મારા રે ભાયા—માદળિયું રે૦
> પડીઆ ચાટે રે છોરી તારા ભાયા—માદળિયું રે૦

આ એક વિનોદ-ગીત છે. મધ પાવું એ આપણી કોમોની ક્રિયા નથી. ભીલો અને વાઘરીનો એ વ્યવસાય છે. કદાચ સોરઠના વાઘરીઓમાં એ ગીત હોયે ખરું.

છતાં પરિહાસના આ જ ભાવને સોરઠી લોકોએ જુદી રીતે નીચલા ગીતમાં પ્રગટ કર્યો છે. આંહી કન્યા પતિનો પરિહાસ કરે છે—

> કૂવામાં કારેલડી ને અવેડામાં વેલ્ય
> કાના નાગરવેલ્ય, નાગરવેલ્ય.
>
> એક કારેલું તોડય, એને ઝીણેરું સમાર—કાના૦
> ઝીણેરું સમાર એને ઘીએથી વઘાર—કાના૦
> જમશે મારો વીર અને પરણ્યો પાયા હેઠ—કાના૦

[ર. રા. ૧ : ર૭]

સંવનનનાં ગીતો જેમ સોરઠમાં છે તેમજ ભીલોમાં છે. મારી પાસેની હસ્તપ્રતમાંથી એક નમૂનો જડે છે—

ગામ પાછળ વાડી કસુંબાની વાડી
એવી તો જમની ફૂલ લેવા આવી
ફૂલ લીધું ફળ લીધું વર જોયો નાનો
મોટો જોયે તો મારા મનોરભાઇને લીજે

જમની નામની કન્યાએ ફળ ફૂલ લેવાને બહાને આવીને વર પસંદ કરી દીધો. હે કન્યા! જો મોટી વયનો વર જોઈએ તો મારા મનોરભાઈને લેજે.]

સોરઠી લગ્ન-ગીતોમાં પ્રભાતિયાં હોય છે. પણ આ પ્રભાતગીત ભીલોનું જ હોવું જોઇએ એમ આપણે એકદમ કહી શકીએ. કારણકે –

મરઘડિયું વા'ણું વાતાં સુતાને જગાડે રે
મરઘડિયું લેરે લેરે ભાયાને જગાડે રે
ભાયાજી એક વાર સુરત જાજે રે

'મરઘડિયુ' એટલે મરઘો, કૂકડો. ભીલોનાં એ પાળેલાં પક્ષીઓ હોય છે. આપણાં સોરઠી ગીતોમાં તો કૂકડો એક અમંગલ ઠેકાણે જ આવે છે. એ છે આપણું, મૃત્યુ પ્રસંગનું રાજિયા—ગીત:

મરઘે એના દાદાને જગાડિયા
દાદાજીને છેલ્લા જુવાર રે
મરઘો બોલ્યો તે વેરણ રાતનો.

તે સિવાય ભીલગીતોમાં—

ચાંદા અજવાળે મારૂં દલ
આછોદ જઈ આવ્યું;
આછોદની હાંસડી વા'લી લાગી
મારૂં દલ હરખે ભરાયું.

એવાં, શણગાર–ખરીદીની અતૃપ્ત રહેતી ગરીબ દિલની ઉત્કંઠાનાં ગીતો મીઠાં છે. એવું જ મીઠું વધાવાનું ગીત છે.

સખી પેલો વધાવો મારે આવિયો
મેં તો મોકલ્યો મારા દાદા દરબાર
રે ઈંદરવણીને મો'લે દીવા બળે

'ઈંદરવણી' એટલે કેવા વર્ણની? ઇંદ્રામણા ફળના રંગની?

આપણાં ગીતોમાં પુરુષ સગાં તો ઘોડાં ખેલવતાં જડે છે, પણ 'ઘોડાં ખેલવતી' સ્ત્રીને જોવી હોય તો ભીલ ગીતમાં જોઈ લ્યો.

ઝીણી લખજે વીરા મારા કંકોતરી
તે કંકોતરી જણોર ગામ મોકલો
જણોર ગામની રાણી કંકુબેન આવશે
ઘોડલાં ખેલવતી રાણી કંકુબેન આવશે

અને એની પછવાડે

ગધેડું ભૂંકવતો નાગજી જમાઈ આવશે

પતિને ગધેડું ભુંકાવતો અને પત્નીને 'ઘોડાં ખેલવતી' આવતી જોવી એ એક મૌલિક તમાશો છે!

ઘરેણાના શણગાર–કોડ તો ભીલોનાં ગીતોમાં પણ એના એજ છે છતાં—

બાજઠે બેસી રિસાણ્યા રે મારા નાના ઝવેરભાઈ,
બાજઠ ગિયો ખસી રે—મારા૦
જે રે જોયે તે માગો રે—મારા૦
ભાયો માગે એક જોડ કટારી—મારા૦
કટારી દેખી ભાયા મન વાસો રે—મારા૦
તેડાવો લુવારીનો બેટો રે—મારા૦
મારે માંડવે કટારી લઇ આવે રે—મારા૦

આ રીતે વસ્ત્રાભૂષણોની અંદર કટારીની પણ ગણત્રી થાય છે તે સોરઠી ગીતોને હિસાબે નવી અને લાક્ષણિક વાત છે.

તે સિવાય—

મારા હાથી દેખીને વેવાઈ બી ગયો
મારી કેમ કરી રે'શે લાજ રે જગ લીલડી.
મારા લલ્લુભાઈએ સાનમાં સમજાવિયા
તમારી ભમ્મરી રાખીશું લાજ રે જગ લીલડી.

એમાં મોટી જાન લઈ જવાનો ત્રાસ સૂચવાય છે. હવે એ વિનોદની પાછળ જે ગરીબીની કરુણતા પડી છે તેનું આ લગ્નગીત જોઈએ—

એ મારા ભાયા, હળદર ક્યાંથી લાવ્યો રે
ગાંધીના ઘરે વેવાઈ ઘરેણે મૂક્યા રે
વેવાઈ ઘરેણે મૂક્યા, વેવાઈ વ્યાજે ડૂબ્યા રે

હળદરને ખાતર જીવતાં જનોને પણ ઘરેણે મુકાવાની સ્થિતિ કેવી હશે ?

કન્યાની સાસર–વાસમાં જે સ્થિતિ કલ્પાઈ છે તે પણ આ રહી—

આજનો દા'ડો બેસી બો કાઢો
મારી કન્યા બાઈ રે
કાલે તારી સાસુના ઘેર–મારી૦
સાસુ દેશે ગાળ–મારી૦
સાસુનાં મનડાં મનાવીશ—મારી૦

એ કન્યાની પરવશ દશા દાખવતું ગીત. અને—

ઉતાવળ કરો રે વરના બાપા
કે નાંધલિયો વર ઊભા રે
આપણે જવું વેગળે ગામ
કે ત્યાં લૂંટશે ખોખટિયા લોક રે

એ ગીતમાં રસ્તે ચોર લૂટારાનો ભો ગવાયો છે.

લગ્નગીતોના ધ્વનિ

સ્પેન દેશનાં લોકગીતોના સંપાદકે ઊર્મિભેર ઉચ્ચાર્યું છે કે :

"The intellect is conceited. It is with difficulty that it recognises that the spirit of man can approach truth and beauty through shorter if less sure ways than the dismal scale of rope woven by thought. But then instinct and genius get there all the same. The Spanish people have not waited until the labours of well-meaning reformers raised them to the status of learned newspaper readers in order to seek truth and beauty. They just looked around them with eyes that could see, and sang with hearts that could feel. The result is a poetry which it would be difficult to surpass. Spanish people, considered as a collective poet, is one of the greatest creative poets of Europe." [Spanish folksongs-by S. De Madaringa.]

[બુદ્ધિ મિથ્યાભિમાની છે. વિચારોનાં વણેલાં દોરડાંની દુઃખદાયક નિસરણીને બદલે કોઈ ટુંકેરા માર્ગેથી પણ માનવ-પ્રાણ સત્ય અને

સૌંદર્યને શિખરે પહોંચી શકે છે, એ વાત આ મગરૂબ માનવ-બુદ્ધિને ગળે ઊતરતી નથી. આત્મસ્ફુરણા અને આત્મપ્રતિભા પણ નિઃશંક એ સત્ય–સૌંદર્યને પામી શકે છે. સ્પેન દેશનાં લોકો, એમના શુભેચ્છુ સુધારકોએ એમને વર્તમાનપત્રો વાંચતા કર્યા નહોતા ત્યાં સુધી કાંઈ સત્ય–સૌંદર્યની શોધ માટે રાહ જોઈ બેસી નહોતા રહ્યા. ઝીણી આંખે એ લોકોએ પોતાની ચોગમ જોયા કર્યું અને ધબકારા અનુભવતા દિલે તેઓએ ગાન ગાયું. પરિણામે તેઓ એક ઉત્તમ કાવ્ય–સાહિત્ય સરજી શક્યાં. એક સામુદાયિક કવિ તરીકે લઈએ તો સ્પેનીશ લોક-સમૂહ યુરોપના મહત્તમ કવિની ગણનામાં આવી શકે.]

દેશ દેશનાં લોકસાહિત્યમાં તે તે સંપાદકોને આવું જ મનમોહન દર્શન થયું છે. તેઓએ પોતાની મોહિનીને મુક્ત કંઠે વ્યક્ત કરી છે. આપણા હિન્દના પ્રાંતોના લોકસાહિત્યમાં ઊતરનારા પણ એ જ સૂર ઉચ્ચારી રહ્યા છે. આપણા પ્રાંતનાં એ સત્ય–સૌંદર્યનાં દર્શન આપણો લોકસમાજ પણ એક દિવસ મેળવી શક્યો હતો. એની સાક્ષી આપતા એક વિશાળ કાવ્ય–પ્રદેશમાં આપને હું આજે તેડી જાઉં છું. એનો સર્જક પણ intellect નહિ–spirit છે.

સંસ્કૃતિવંત ગ્રીસમાં પણ પ્રાચીન કાળમાં લોક લગ્નગીતો હતાં એ Epythalamiams કહેવાતાં : એનો અર્થ Nuptial songs : નવવિવાહિત વર–વધૂ શયનગૃહમાં સિધાવે

પરદેશનાં લગ્નગીતો

ત્યારે નાનાં કુમાર–કુમારિકાઓ એને ગાઈ સંભળાવતાં. પ્રાચીન રોમમાં કુમારીઓ જ દંપતીના શયનગૃહમાં સવાર–સાંજના પ્રેમગીતો ગાતી. આજે કદાચ એ ગીતો સમાજને અસભ્ય જેવાં લાગે. પ્રાચીન ઈરાનમાં પણ આ પ્રથા અસ્તિત્વમાં હતી. ખુદ જરથુસ્ત પયગમ્બરે જ પોતાની પુત્રીના વિવાહ નિમિત્તે ઝંદ–અવસ્થાની ત્રેપનમી આખી ગાથા લગ્નગીત તરીકે રચી

હતી. કવિ સ્પેન્સરે પોતાનું જ લગ્નગીત રચ્યું. આજે પોલેન્ડ દેશમાં પરણતી કન્યાની સખીઓ ખાસ લગ્નગીતો ગાય છે. હંગેરીમાં આવે અવસરે જે ગીતો રચાય છે તેમાંનાં એકનું ભાષાન્તર આ રહ્યું :

"I wish your two hearts, which have been tied to-gether, every happiness. May holy loves in lasting bonds encircle you. May your union blossom into fruit as the trees burst into bloom. May the Almighty surround you with so much happiness that it may weigh upon you as a burden. Finally when life departs from its seat and your bodies rest in the soil, may your souls joyfully look back upon the past, and be received with greetings in eternal paradise."

હોલેન્ડ દેશમાં પણ લગ્નની મહેફિલ વખતે નૃત્ય કરતી કરતી સ્ત્રીઓ જે લોકગીતો ગાય છે, તેમાંના એકનો આરંભ આવી પંક્તિથી થાય છે—

"How sweet it is where friendship dwells !"

આ ગીત તો પ્રત્યેક લગ્ન-પ્રસંગે હમેશાં ગવાય જ છે. એવાં જ થોકેથોક ગીતો ગુજરાતની મોટી બહેન મારવાડમાં તથા પંજાબમાં છે ને અદ્યાપિ પ્રચલિત છે.

ગુજરાત-સૌરાષ્ટ્રનાં લગ્નગીતો

લગ્નગીતો હજુ જીવંત છે. છેક ઢેઢ અને કોળી કોમમાં પણ એ કવિતા રેલી રહી છે. આજે તો અંત્યજવાડેથી પણ આવાં પ્રકૃતિસૌંદર્ય આલેખતાં ભાવનાગીતો લાધે છે:

મારે આંગણીએ તુળસીનો ક્યારો
તુળસીને ક્યારે ઘીના દીવા બળે
ઘીના દીવા બળે, દેવ જોવા મળે
દેવ જોવા મળે રૂડા રામ રમે
રૂડા રામ રમે સાચાં મોતી ઝરે
સાચાં મોતી ઝરે લીલા મોર ચરે
લીલા મોર ચરે ઢેલ્યું ઢુંગે વળે
[ચૂં. : ૨ : ૪૨]

સ્ત્રીઓ ફરજ કે બંધન વગર પણ ગાયા જ કરે છે. પણ આજે એ વેવલાં ગણાઈને ઉપેક્ષા પામ્યાં. કારણ? એક દોષ છે એ ગાવાની પ્રથામાં : ઘણાં ગીતો બેઠાં બેઠાં જ ગાવાનાં : વળી એક સાથે સહુએ રાગડા ખેંચવાના: સૂર દેવા વાદ્ય નહિ, તેમ તાલ દેવા ઢોલક નહિ. ઢાળો પણ ઘણાખરાના લાંબા ધીરા ને એકસૂરીલા : એટલે પુરુષોને પરડ લાગી ને સ્ત્રીઓનો રસ ઓસર્યો.

ગુર્જર લગ્નગીતોના જૂજવા ધ્વનિ

પ્રધાન ધ્વનિ તો છે દાંપત્યની ઊર્મિઓ જાગૃત કરવાનો : પરંતુ એના અન્ય સૂરો ઘણા ઘણા છે. સ્વયંવરની ભાવનાના, ગૃહપરિશુદ્ધિ અને દેવમાંગલ્યના, સગાંવહાલાંને નિમંત્રવાના, રિસાયાંને મનાવવાના, ભાઈબહેનની સ્નેહ–ગ્રંથિના, ભેટ સોગાદના, કન્યાના પ્રેમોત્સૌક્યના, દીકરીમાવતર વચ્ચે આવનારા વિજોગના, ગ્રામ્ય સમાજની રક્ષાને અંગે મુકરર થયેલાં ઋણો ચૂકવવાના, સવારી, શણગાર તેમ જ ખાનપાનના, માર્મિક વિનોદના, જાડી ઠઠ્ઠામશ્કરીના, અને દંપતી–જીવનનો ઊછળતો શૃંગારરસ વટાવ્યા પછી લગ્નજીવનની સાર્થકતા રૂપ મનાતા સંતતિ–જનનના. જેટલી જેટલી વિધિ ક્રિયાઓ તેટલાં તેટલાં ગીતો : a ceremony in songs! ને એ તમામ ગીતો લોક–રચ્યાં!

સ્વયંવર ગીતો:

દૂધે તે ભરી રે તળાવડી
મોતીડે બાંધી પાળ;
ઈસવર ધોવે ધોતિયાં
પારવતી પાણીડાં જાય.

એવા કોઈ નિર્મલ જળાશયની પાળે વર કન્યાનું એકઠાં થવું: અને પછી વૈશાખ માસમાં પરણવાના કોલ દેવા એ આ નિત્ય ગવાતા લગ્નગીતનું પ્રણયનચિત્ર છે. અથવા તો—

લાંબી તે લાંબી સરવરિયાની પાળ
એ રે પાળે રે મોતી નીપજે
મોતી તે લાગ્યું......ભાઇ વર હાથ
ઘેરે રે આવીને ઝઘડો માંડિયો.

એમાં પુરુષનું પસંદગી તત્ત્વ આવ્યું. એ જ રીતનું ગીત પારસી કોમમાં છે. ડૉ. જીવણજી મોદીએ પોતાના રોયલ એશિ. સો. સમક્ષ વાંચેલા "Marriage-customs and Parsees" નામના નિબંધમાં એનો અંગ્રેજી તરજુમો મૂકયો છે કે—

Playing by the side of the fountain
my Sorabji saw her,
Home came and continued repeating
"Father, have we married."

તે પછી તો—

એક તે રાજ દ્વારમાં રમતાં
બેનીબા ! દાદે તે હસી રે બોલાવીઆં
કાં કાં રે દીકરી ! તમારી દેહ જ દુબળી ?
કાં રે આંખડલી જળે ભરી ?

એ ગીતમાં પિતા પુત્રીના અંતરની વાત કઢાવે છે: એના જ સરીખું પારસી ગીત છે. પારસી ગીત એટલું ચઢિયાતું નથી. છતાં ત્યાં પણ કન્યાની ઇચ્છા વ્યક્ત થતી ગવાય છે: આ રહ્યો ડૉ. જીવણજી મોદીનો તરજુમો :

"On a golden chair studded with rubbies sits my Sirinbai and prays to her father:

"Father find me such a husband
as will grant me all wish."
"Mother, find me such a husband
as will bring bracelets and bangles for me."

તે પછી એટલેથી પણ આગળ વધતી સ્વયંવર ભાવના સ્મરાવતું ગીત:

કુંવરી ચડી રે કમાડ
સુંદર વરને નીરખવા રે
દાદા મોરા ! એ વર જોજો !
એ વર છે વેવારીઓ રે !

એની અંદર કન્યા પોતાના મનગમતા વરને વિદ્યા, ખેલાડીપણું, દેહસૌંદર્ય અને મિતાહાર એવી ચાર સિદ્ધિઓને લીધે સ્વીકારવા વડીલોને આગ્રહ કરે છે. પછીનાં ગીતોમાં એ પુત્ર-પુત્રીની પસંદગીના પરિણામે બન્ને વડીલોએ વિવાહ જોડયા હોવાની ભાવના ગવાય છે. આખરે લગ્નની કુંકુમ પત્રિકા લખતી વખતે પણ ગીત એવું ગવાય છે કે:

ઘડીએ ઘડીએ લાડણ વહુ કાગળ મોકલે
રાયવર વે'લેરો આવ !
સુંદર વર વે'લેરો આવ !
તારાં ઘડીઆં લગન રાયવર વહી જશે.

અને એ ગીતમાં વર જાણે કે મોંઘો થતો કલ્પાય છે. એ કહાવે છે કે હું તો અમુક શરતે જ આવીશ. જવાબમાં વહુ તરફથી વિનોદ થતો આલેખાયો છે કે—

આંગણે બેઠું'તું કોણ?
દીકરી દેતું'તું કોણ?
જમાઇ કે'તું'તું કોણ?
તું તો વગડાનો વાસી
તું તો રયો રે અપવાસી
તારા પગડા ગ્યા ઘાસી
તારાં ઘડીઆં લગન રાયવર વહી જશે.

સારાંશ એ છે કે "તું આટલો મરડાય છે શા સારૂ? તારે આંગણે આવવાને મારો પિતા કાંઈ તને દીકરી આપવા માટે લાંઘવા નહોતો બેઠો. તું પોતે જ ભૂખ દુ:ખ વેઠી વેઠી અમારે ઘેર આંટા ખાતો હતો અને તારા પગ પણ ઘસાઈ ગયા હતા!"

ઘડીએ ઘડીએ લાડણુ વહુ કાગળ મોકલે
રાયવર વેલે'રો આવ!
સુંદર વર વેલે'રો આવ!...

આવી રીતની લગ્નપત્રિકા કન્યા પોતે જ લખતી હોવાનો ભાવ આ ગીતમાં વિલસે છે. આજે અમુક જ્ઞાતિઓમાં તો સાચેસાચ જ લગ્નપત્રિકા કન્યાના નામથી જ વરને નામે સંબોધીને લખવાનો નિયમ ચાલુ છે. એ રીતે આ ગીત અસલની tradition–પ્રથાનો ઇતિહાસ સાચવી રાખશે. વર–કન્યાની સીધી સ્વયંવરણીના સિદ્ધાંતનો આ ધ્વનિ છે.

નિમંત્રણ–ગીતો

આ ઉપરાંત અન્ય સ્વજનો, સ્નેહીઓને–એટલે કે વરની બહેન, વરના મામાને, તમામને અપાતાં નિમંત્રણ પણ કાવ્યમાં જ ગવાય છેઃ પરણનાર વરનો ભાઈ અથવા વર પોતે સગાં વહાલાંને ગામેગામ નિમંત્રવા નીકળે છે.

લીલી પીળી પાંખનો ભમરલો રે
ભમિયો દેશ—પરદેશ
જાજે ભમરા નોતરે રે !

પહેલું નોતરું પોતાના જમાઈને ઘેર, કે જયાં-

રાતે ચૂડે બેની તે બા રે !

સૌભાગ્યવતી બહેન વસે છે: બેનના સુખનું તેમજ સૌંદર્યનું સૂચન 'રાતે ચૂડે' પ્રયોગથી થઈ ગયું. બહેનને પણ દાંપત્યના ઉચ્ચ ભાવનું આરોપણ થયું: બહેન કહે છે કે

હું કેમ આવું એકલી રે
મારે ઈસવર ભરથાર !

સ્વામી વિના હું ન આવું: ભાઈ કહે છે કે તમે બન્ને આવો:

ઇસવર ચારણ ઘોટલાં રે
બાને માફાળી વેલ્ય;
માફા આવે મલપતા રે
નેજા ઢળકતા મેલ્ય !
ચંપાવરણી રજે ભરાય રે.

હે બહેન, તારા સ્વામીને ચડવા આ રહ્યો મારો ઘોડલો. બહેનને બેસાર્યાં લાલ ઘુમ્મટદાર માફા (Hood) વાળી બળદ ગાડીમાં. પણ પણ સાથે ચાલતો ભાઈ માર્ગમાં હાંકનારને કહે છે કે, પડદા નીચા દે ભાઇ ! મારી રૂપાળી બહેન રજે ભરાય છે ! બહેનનું પણ રૂપ સમજનારી આ બાંધવ-દૃષ્ટિ લોકસાહિત્યમાંજ જડશે. ચંપાવરણી બહેનને ધૂળ ન ચોંટે તેવી કાળજી: એવું બહેનને તેડાવવાનું ગીત: એમાં બહેનનું ઉચ્ચ સ્થાન, બહેનનો કોમલ સ્વભાવ, બહેનની સારસંભાળ વગેરે ભાવ ગૂંજે છે. વરના મામાને તેડાવવાના

ગીતમાં એથી ઊલટો જ ભાવ: એટલે કે એ પક્ષે તો મામેરું લઈને આવવાનું. વર-માતાને મેણાં ન બેસે તે સારુ સહુને માટે મામેરાંની ભેટ લાવવાનું; અને નહિ તો બિલકુલ ન જ આવવાનું:

સસરાને લાવે વીરા! પાઘડી, સાસુને સાટલાની જોડ;
જેઠને લાવે વીરા! મોળીઆં, જેઠાણીને છાયલ ચીર.
દેરને લાવે વીરા! પાંભડી, દેરાણીને દખાણીનાં ચીર;
નણદીને લાવે વીરા! ચૂંદડી, નણદોઈને બેરવ ટુલ્ય;
છોડીને લાવે વીરા! ઢીંગલી, કુંવરીઆને રાતી મોળ્ય;

*　　　*　　　*

એટલી ને સંપત હોય તો આવજે! નહિ તો રે'જે ઘેર.
[ચૂં. ૨ : ૫૦]

આવાં નિમંત્રણ-ગીતો સંખ્યાબંધ સચવાયાં છે, અને એ વાટે આપણી સુખદ તેમ જ દુ:ખદ જૂની પ્રણાલીઓનાં સ્વરૂપ રક્ષાયાં છે.

પ્રભાત-સંગીત

લગ્ન-પત્રિકા લખ્યા પછી પ્રત્યેક પ્રભાત ફૂટતી વેળા કુટુંબની સ્ત્રીઓ ઘરમાં એકત્ર મળીને સૂર્ય-સ્વાગતનાં, સૂતેલાં વર અથવા કન્યાને મીઠાશથી જાગૃત કરવાનાં અને ગૃહશાંતિનાં ગીતો ગાય છે. એમાં કુદરતનું જીવન્ત સ્વરૂપે દર્શન થાય છે:

સુરજ ઉગ્યો રે કેવડિયાની ફણશે કે વેણુલાં ભલે વાયાં રે!

એ સુપ્રસિદ્ધ ગીતમાં સૂર્યોદયને કેવડા-પુષ્પની પાંખડીઓના ઉઘાડની ઉપમા દેવાઈ છે. અને એવે રમ્ય સૂર્યોદયે—

સૂતા જાગો રે ......બાઇના કંથ કે—વેણુલાં૦
લેજો લેજો રે રૂપા કેરી ઝારી કે—વેણુલાં૦
દાતણ કરજો રે તુલસી કેરે ક્યારે કે—વેણુલાં૦

મુખ લૂજે રે પાંભરીયુંને છેડે કે—ત્રેણલાં૦
લેજો લેજો રે શ્રી રામનાં નામ કે—ત્રેણલાં૦

[ચૂં. ૧ : ૨૭]

એવાં શાંતિનાં ગીતો : કોઈ કોઈ ગીતમાં તે કાલનો સમુદાય કેવાં ઘરને આદર્શ ઘર, લક્ષ્મીનું અધિકારી ઘર લેખતો તેનું અખંડ ચિત્રઃ જેવું કે લાશ (ઉદ્યમ) અને લક્ષ્મી, બેઉ દેવ—સત્ત્વો વહેલી પરોડે વાતો કરતાં કલ્પાયાં છેઃ હે લક્ષ્મી ! આપણે કયે ઘેર જશું ? લક્ષ્મી જવાબ વાળે છે કે, આવા આવા ઘેર—

ઉઠોને ભોળી ! વીછળોને ગોળી !
મહીડાં વલોવો ભેંસું તણાં.

લારા ભણે લખમી ! કીયા ભાઈ ઘેર જશું ?
જે ભાઇ ઘેરે પરભાતે પાણી ગળે !

* * *

જે ભાઇ ઘેરે સાસુ—વહુ સુવાસણાં.

* * *

જે ભાઇ ઘેરે બાપ—બેટાં લેખાં કરે,

* * *

જે ભાઈ ઘેરે પુતર કેરાં પારણાં.

* * *

જે ભાઇ ઘેરે સમી સાંજે દીવા બળે.

* * *

જે ભાઇ ઘેરે સામી ભીંતે સાથિયા.

* * *

જે ભાઇ ઘેરે પોપટ કેરાં પાંજરાં.

[ચૂં. : ૧ : ૩૩]

તે પછી ફૂલો લઈને આવતી માલણનું સ્વાગત—ગીતઃ નાગરવેલનાં

પાન લાવતા તંબોળીનું ગીત : ભાત ભાતનાં ધાન્ય લઈ આવતા વણઝારાનું સ્વાગત-ગીત : અને પ્રત્યેક પ્રભાતે વર-કન્યાને પીઠી (પીળા લેપ) નું મર્દન કરી નવરાવવાનાં પણ ગીતો : પછી સર્વે સગાં મળી વર-કન્યાનો પસ ભરાવે (હાથની અંજલિમાં ભેટ આપે) તેનું પણ ગીત. એ બધાંને હું પ્રભાત-ગીતના વિભાગમાં મૂકું છું.

કર્તવ્ય-ઉપદેશનાં ગીતો જ્યારે વર પરણવા માટે જવા તૈયારી કરે છે, ત્યારે એની વિવેકબુદ્ધિને ફૂંક આપવા માટે હંસનું રુપક ખડું કરાય છે :

ગાગર ઉપર બેઠો લીલો હંસ રે
આ હંસ કોણે ઉડાડિયો રે !

કહો હંસરાણા ! કેમ જાશો પરદેશ રે
આ કેમ કરી દરિયો ડોળશો રે !
પાંખે ઉડી જાશું પરદેશ રે.
આ ચાંચે દરિયો ડોળશું રે

[ચૂં. ૧ : ૪૨]

એ સાંકેતિક શિખામણો સ્પષ્ટ કરવા માટે ફરીથી વરને પોતાને નામે પ્રશ્ન થાય કે 'કેમ જાશો પરદેશ ? કેમ કરી લાડડી લાવશો રે ?' પ્રત્યુત્તરમાં "રૂપિયાની થેલીએ જાશું પરદેશ રે, ગરથે લાડડી લાવશું રે !" એવું ગવાય. આ 'રૂપિયાની થેલી' તથા 'ગરથ' પરથી કન્યાવિક્રયની કલ્પના આવે. પરંતુ એ વિષે બીજો ખુલાસો આપણને એક બીજા ગીતમાંથી મળે છે : એ ગીત તે આ છે :

મેઘવરણા વાઘા વરરાજા !
કેસરભીનાં વરને છાંટણાં
સીમડીએ કેમ જાશો વરરાજા !
સીમડીએ ગોવાળીડા રોકશે.

ગોવાળીડાને રૂડી રીત જ દેશું
પછી રે લાખેણી લાડી પરણશું

[ચૂં. ૧ : ૫૧]

આ ગીતમાંથી જોઈ શકાય છે કે કન્યાના ગામના ગોવાળ, માળી, ઢોલી, મહાજન, સૈયરો વગેરે સંઘ-જીવનના સંરક્ષકોને કર ચૂકવવા પડતા હોવાથી 'રૂપીઆની થેલી'ની જરૂર રહેતી. તે ઉપરાંત પરણવા જતી વેળા બીજા કરો કોને કોને ચૂકવવા પડતા? પ્રથમ તો ગોત્રના પૂર્વજો, રક્ષકો, જે ગોત્ર–દેવતાની પ્રતિષ્ઠા પામેલ હોય છે તેને—

પાગડલે રે પગ દઇ ચડો રે વરરાજા!
ગોત્રજ છેડો સાહી રહ્યાં.
મેલો મેલો રે ગોત્રજ છેડા અમારા!
તમારા કર અમે આપશું.
જેણે નાનાં થકી મોટાં રે કીધાં
તેના કર કેમ ભૂલશું?

[ચૂં. ૧ : ૪૯]

એ રીતે વિદાય લેતી વખતે પોતાનો છેડો પકડી રાખનાર માતાજી, ફોઈબા, બહેન વગેરે તમામનાં ઋણોનો અનુક્રમે આમ સ્વીકાર થાય છે:

જેણે તે નવ માસ ભાર વેંઢાર્યો!

* * *

જેણે નાને થકી નામ પમાડ્યાં!

* * *

જેણે નાનાપણમાં લાડ લડાવ્યા!

તે સહુના ' કર કેમ ભૂલશું? ' આવા ઉદ્‌ગાર આવે છે. એ રીતે પણ ' ગરથ'ની જરૂર પડતી. જીવનનાં નાનાં મોટાં સમગ્ર ઋણ ચૂકવવાની ભાવના પર આ ગીત સજ્જડ ભાર મૂકે છે. એવા વિધવિધ

કર્તવ્યના બોધપાઠો લગ્નગીતોમાં મહત્ત્વનું સ્થાન રોકીને લોક સમુદાયની વિચાર-સરણીનો સાચો પડછંદો ઝીલે છે.

સ્નેહોર્મિનાં ગીતો જાન આવવાની વેળા થાય છે ત્યારે વર-વધુ બન્નેનાં હૈયાં ઊછળે ને સ્નેહ-સંસ્કારથી રંગાઇ રહે તેવાં ગીતો ગવાય છે. એ ગીતોમાં—

વર તો બહુ રે હોંસીલા વર બહુ રે ખંતીલા;
એની મૃગનેની જોવે વાટ રે નગારાં વાગે ધીમે ધીમે !
[ચૂં. ૧ : ૫૩]

એવું ઉત્સુકતાનું ચિત્ર : તે પછી વળી–

મલપતો આવે છે મોર
ઢળકતી આવે રૂડી ઢેલડી રે !

એવું સુંદર પક્ષીનું રુપક : કેવડો અને નાગરવેલ્યનું રુપક અને તે પછી–

આવે આવે રે વાસુદેવનો નંદ
પુનમ કેરો ચંદ
દીવા કેરી જ્યોત
વીવા કેરી વરધ કે વર આવ્યે અજવાળાં રે !
[ચૂં. ૧ : ૫૫]

તેજ પાથરતા વરના આગમનનું એવું વર્ણન : પછી જાણે કે

ઊંચા ઊંચા રે દાદે ગઢ રે ચણાવ્યા
ગઢ રે સરીખા ગોખ મેલિયા;
ગઢડે ચડીને બાઈને દાદેજીએ જોયું
કન્યા ગોરાં ને રાયવર શામળા !
એના ઓરતડા નવ કરશો દાદા !
દ્વારકામાં રણછોડરાય શામળા !
[ચૂં. ૧ : ૫૭]

એ પ્રકારે પરોક્ષ રીતે કન્યાનો સંતોષ નિપજાવવાની રીતિ: અને—

કન્યા ચડયાં રે દાદાજીની મેડીએ
રાયવર આવ્યા દાદાજીની શેરીએ
દાદા! તમે રે જોયા વર રાજીયા
દાદા! અમે જોયા ચતુર–સુજાણ! છત્રીસ વાજાં વાગીયાં.
[ચૂં. ૧ : ૬૦]

એવાં ગીતો વાટે 'ચાતુરી'ના ગુણ પર વધુ ભાર મૂકાય છે. પછી લગ્ન થતી વેળા પણ–

કણ કણ કંકણીયાળી ચૂડી રે
લાડા પાસે લાડડી દિસે રૂડી રે!
[ચૂં. ૧ : ૬૯]

એવું પરસ્પર યોગ્ય જોડલું જોડાયાનો ભાવ ગવાય છે, અને

ક્હોને લાડી એવડાં તે તપ શાં કીધાં રે!
જેને તપે ...ભાઈ વર પામ્યાં રે!

એ પંક્તિઓમાં સુયોગ્ય વર મળવો તે તપશ્ચર્યાનું, પૂજનનું ફળ હોવાની લોકમાન્યતા આંહી કાવ્યમાં ટપકેલી છે.

લગ્ન સમયનું 'પોંખણાં'નું ગીત ઘણું મહત્વનું છે. સાસુ પોતાના જમાઈને ચાર વસ્તુ વડે જળનું પ્રોક્ષણ કરે છે;

સીતાને તોરણ રામ પધાર્યા
લેજો પનોતી! પે'લું પોંખણું;
રવાઇએ એ વર પોંખો પનોતાં!
રવાઈએ ગવરી સોહામણાં

* * *

ધોંસરીએ ધોરી સોહામણા
* * *
તરાકે રેંટીડા સોહામણા
* * *
પીંઢીએ હાથ સોહામણા
[ચૂં. ૧ : ૬૨]

રવાઈ, ધોંસરી, ત્રાક, અને લોટનાં પીંડીયાં : લક્ષણાલંકાર પ્રમાણે ગાય, બળદ, રેંટિયો ને ક્ષેત્રપાળઃ એ જાણે લોક–જીવનનાં મુખ્ય આધાર-સત્ત્વો હતી. તેથી જ આ 'પોંખણાં' જીવન–સમૃદ્ધિની આશિષો સુચવનાર હતાં. વર–વધૂનું સહભોજન પણ

લાડો લાડી જમે રે કંસાર
કંસાર કેવો ગળ્યો લાગે રે !

એ ગીતમાં નોંધાઈ ગયું છે. અન્ય દેશોમાં યે આ પ્રથા છે.

આખા લગ્નોત્સવની અંદર બીજાં ઘણાંખરાં ગીતો જ્યારે પ્રેમોર્મિ, પ્રફુલ્લતા અને વિનોદનું વાતાવરણ સર્જે છે, ત્યારે તેની અંદર એટલા જ જોરથી કરુણતાની ભાત્ય પાડનાર વિદાય–ગીતો છે.

વિદાય–ગીતો આ ગીતનો પ્રત્યેક ઢાળ પણ કરુણ છે: કન્યારૂપી ચકલીને જાણે કે પિતાના ગૃહરૂપી આંબામાંથી ઉડી જવાનું છે—

દાદાને આંગણ આંબલો, આંબલો ઘેર ગંભીર જો !
એક તે પાન દાદા ! તોડિયું, દાદા ! ગાળ ન દેજો જો !
અમે રે લીલુડા વનની ચરકલડી, ઊડી જાશું પરદેશ જો !
આજ રે દાદાજીના દેશમાં, કાલે જાશું પરદેશ જો !
દાદાને વાલા દીકરા, અમને દીધાં પરદેશ જો !

આવું જ વેધક ગીત પંજાબી લગ્ન–ગીતોમાં મળી આવે છે :

સાંડા ચિડિયોં દા ચમ્બાવે, બાબલ અસીં ઊડ જાનાં!
સાડી લંબી ઉડારી વે, બાબલ કેહડે દેશ જાનાં!
તેરા ચૌંકા–ભાણ્ડા વે, બાબલ તેરા કૌન કરૂ?
તેરા મહલાં દે બિચ્ચબિચ વે, બાબલ મેરી માઁ રોવે!

[અર્થ : હે પિતા! અમારો તો પંખીઓનો મેળો છે. અમારે એક દિવસ ઊડી જવાનું છે. અમારું ઊડણુ લાંબું હશે. અમે ઉડીને કોણ જાણે કયા દેશમાં જશું! હે પિતા! પછી તમારી રસોઈ કોણ કરશે! તમારા મહેલ વચ્ચે મારી માતા રડી રહી છે, હે બાપુ!]

બન્ને ગીતો બરાબર મળે છે. પુત્રીને 'ચિડિયાં' 'કોયલ' 'કુંજ' 'કબૂતરી' ઇત્યાદિ સંબોધનો કરી પંજાબી જનતાએ વિદાયને સુંદર રીતે રડી કાઢી છે. સૌરાષ્ટ્રીય ગીતમાં દીકરી પિતાને વિનવે છે કે—

સંપત હોય તો દેજો દાદા મોરા!
હાથ જોડી ઊભા રે'જો!
હાથ જોડી ઊભા રે'જો 'દાદા મોરા!
જીભડીએ જશ લેજો!

સ્વજનો બધાં કન્યાને વળાવતી વેળા જે શિખામણ આપે છે, તેમાં પણ સ્ત્રીને સાસરિયામાં કેવું સ્થાન હતું તેનું ચિત્ર છેઃ

ડેલી વળામણ બાનો દાદોજી, દીકરી ડાયલાં થાજો!
હૈડે તે જડજો સોના સાંકળાં, મનડાં વાળીને રેજો!
સસરાનો સરડક ઘૂમટો, સાસુને પાયે તે પડજો!
જેઠ દેખી ઝીણાં બોલજો! જેઠાણી વાદ ન વદજો!
નાનો દેરીડો લાડકો, એનાં હસ્યાં રે ખમજો!
નાની નણંદ જાશે સાસરે, એનાં માથડાં ગૂંથજો!
માથાં ગૂંથી સેંથા પૂરજો! બેનને સાસરે વળાવજો!

સાસરવાસનાં આ ભિન્ન ભિન્ન કર્તવ્યોનો બોધ થાય છે. માતા રોવે છે કે—

મેં તો હરખે ને લાડવઇ મોટાં કર્યાં રે;
મારો ઉછેરતાં ભવ જાય
કામની વેળાએ જમાઇ લઈ ગયા રે !

પિતા રોવે છે કે—

વાળી વાળી દાદા પૂછે વાત
આજ માંડવ કેમ અણોહરો રે !
દીવડો હતો બેનીબાને હાથ
મેલીને ચાલ્યાં સાસરે રે

કન્યા રોવે છે—

વળો વળો રે મારા સમરથ દાદા !
અમને દીધાં તમે વેગળાં !

આવા જ વિદાય–સ્વરો છેક પોલાન્ડ દેશનાં વિજોગી કલેજાંમાંથી છૂટે છે. કન્યાને વિદાય દેતાં સખીઓ ગાય છે કે:

"Barbara, it is all over, then you are lost to us. You belong to us no more."

[Marriage customs in many Lands–H. N. Hutchinson]

ઉક્ત ગ્રંથકાર લખે છે કે એ ગીતનો ઢાળ અત્યંત ગમગીન ('Most melancholy tone') હોય છે.

આવી–બલકે આથી પણ ચડિયાતી કરુણતા સૂરત અમદાવાદમાં પ્રચલિત 'ખાંયણાં' નામનાં બબ્બે પંક્તિનાં લોક–ગીતોમાં નીતરે છે.

બાયણાં પણ લગ્નના અવસર પર જ કન્યાઓ સામસામી બેસી દ્રાવક સ્વરે ગાય છે. એની અંદર મુખ્યત્વે કરીને દીકરીનાં કલ્પાંતો વહે છે: એમાં—

કાળી તે કોયલ આંબલિયામાં રમતી
બાપાજી ભેગી જમતી... કે બહેની નાનડી!
બાપાજી બાપા, મેં શું કરિયાં પાપ!
ભર્યે ને ભાદરવે... વળાવી સાસરે!

એવાં કૈં કૈં વિદાય-સૂરો હોય છે. અને

આકાશે અર્પ્યાં ને ધરતી માએ ઝીલ્યાં
માએ ને બાપે ઉછેર્યાં... કે પરને સોંપવા!
મારા તે બાપે તાજૂડીમાં તોળી
ભર્યા કુટુંબમાં બોળી... કે દાદા! દીકરી.

એવા કજોડાં, કન્યાવિક્રય ઇત્યાદિ અનેક સંસારી સંતાપોની સામે આક્રંદના સૂરો પણ આવે છે. એમાં પણ કડીએ કડીએ રૂદન છે. ને એ બધું ગવાય છે લગ્નપ્રસંગે! સાચું છે કે—

Our sweetest songs are those
That tell of saddest thoughts!

એવું જ વિદાય-ગીત, બરાબર પંજાબી ગીતને મળતું, પારસી સ્ત્રીઓ ગાય છે:

સાસુજી! હૈયાં કરજો ભોળાં રે;
જરબાઇને ના પીરસતાં થોડાં રે!
સાસુજી! હૈયાં કરજો ધાડાં રે
જરબાઇને ના પીરસતાં ટાઢાં રે!
સાસુજી! ચમટો રખે તોડતાં રે
ચમટો તો ચમચમશે ને રોશે રે!

આમાં કન્યાના સાસરવાસી જીવનનું વફાદાર નિરૂપણ છે. સાસુએ વહુઓને ચીમટી ખણવા જેટલો અધિકાર પણ ભોગવતી હતી !

ગૃહસંસારનાં ગીત

કન્યાને સાસરવાસમાં સંસાર શરૂ કરાવવાનાં ભાવભરપૂર ગીતે અનેક ગવાય છે. એમાં પતિ પ્રત્યેના ઉભર આલેખાયા હોય છે. 'પતિ બીજી સ્ત્રી પરણ લાવશે !' એવી મતલબનો ક્રૂર કરૂણ વિનો પણ કોઈ કોઈ ગીતોમાં હોય છેઃ દાખલા તરીકે કે નવવધુને વ વિનોદ કરતો હોય છે કે—

તમારૂં તે મૈયર ગોરી ! વેગળું રે
પાલવ છોડજો !
દુકડા સાસરિયાની ખાંત, નવજાદી !
નવ પાલવ છોડજો !
તમારાં છોરૂડાં ગોરી ગોબરાં રે
પાલવ છોડજો
ખોળે બેસાર્યાની ખાંત
નવજાદી......

[ચૂં. ૧ : ૯૧

કન્યાને જાણે વર જીતીને લાવ્યો હોય એવાં કોઈ કોઈ 'અપ હરણની પ્રથા'ના સૂરો પણ ભળી ગયા છે: જેવાં કે

આજ અમે ઈડરિયો ગઢ જીત્યા રે આનંદભર્યા !

અથવા તો

જીત્યા જીત્યા મારા સસરાની બેટી
બીજું તે જીત્યા સાયર–સાસરૂં રે વરલાડડા

અથવા તો,

મારે... ભાઈનાં વાજીંત્ર વાગિયાં
પેલા વેવાઈનાં પડિયાં નિશાન !
સાહેલીનો આંબો મોરિયો.

એટલાં જંગલી તત્ત્વો પણ ક્યાંઇક ક્યાંઇક ડોકીઆં કરે છે. ખરૂં જોતાં આપણી અત્યારની લોકલગ્નની પ્રથા એ આઠે પ્રકારનાં લગ્નોના કોણ જાણે કેવા યે વિલક્ષણ મિશ્રણમાંથી નિપજી હશે.

છેલ્લો એક બલવાન સૂર છે તે લગ્ન–જીવનના લોકમાન્યા સાફલ્યનો. એ સાફલ્ય બે રીતનું મનાયું: દંપતીપ્રેમ તથા સંતતિ: એટલે જ ગવાયું કે—

કાળી શી કોયલ શબ્દે સોહામણી
આવે રે કોયલ આપણા દેશમાં !

× × ×

કેમ કરી નણંદીબા એ ઘર વાસ્યાં ?
કેમ કરી નાહોલિયો રીઝવ્યો ?
દીકરા દીકરાએ એ ઘર વાસ્યાં
નેણલે તે નાહોલિયો રીઝવ્યો.

[ચૂં. ૧ : ૯૪]

આ પ્રમાણે લગ્નનાં લોકગીતો લોકોની લગ્નભાવનાને, લગ્નવિધિઓને, પ્રકૃતિ પ્રતિની દૃષ્ટિને, કાવ્યભરી કલ્પનાને અને સ્નિગ્ધ સરલ ભાષાને ઐતિહાસિક સાહિત્યમાં તેમ જ રસસાહિત્યમાં અગત્યનું સ્થાન અપાવે છે.

●

હાલરડાં અને બાલગીતો

જગતભરના લોકસાહિત્યનો મહાસાગર : એમાં ગુજરાતનું લોક-સાહિત્ય : એની પણ એક જ તળાવડી સ્વરૂપ લોકગીતોનો વિભાગ : એના જૂજવા વિભાગો જોતા જશું તેમ તેમ આપણામાં સમગ્રતાની દૃષ્ટિ ઊઘડશે. જીવનનું સાચું ધ્યેય–સમગ્રતાને જોતાં શીખવું; ફક્ત ખંડોને કે ખૂણાખાંચરાને નહિ.

ચિંતનનો ઇતિહાસ

અંગ્રેજી ભણનારાઓ folklore શબ્દથી સુપરિચિત છો. એ શબ્દ પણ જર્મન volksepos, volksfest અથવા volksleidનો પડઘો: યુરોપી સાહિત્યમાં પ્રથમ પહેલા જર્મનીમાં આ સાહિત્યનું સંશોધન મંડાયું, તેને આજે બે સૈકા વિત્યા : એણે જનતાની સ્મૃતિ પર તરતી કંઠસ્થ કથાઓ ને કાવ્યગાથાઓ, કહેવતો ને ઉખાણાંઓ, વહેમની વાતો ને પૂજા માનતાઓ વગેરે તપાસીને એક શાસ્ત્ર–science ઘડી કાઢ્યું. એમાંથી ઇતિહાસ પર, સમાજ–વિકાસ પર, રાજનીતિ પર ને ધર્મજીવન પર પ્રકાશ પથરાયો. અન્યોન્ય અનેક જાતિઓની સંસ્કૃતિ વચ્ચે એકતાના દોરા દેખાયા. જર્મન ગામડાંમાં રેંટિયા ફેરવતી ડોસીઓની મુખવાણીમાંથી આર્ય જાતિઓનું સંગમ-બિન્દુ જડ્યું.

કેમકે લોકસાહિત્યનો એક ઉત્કૃષ્ટ ગુણ છે : સ્વાભાવિક સચ્ચાઈ: સારું વા માઠું જે બન્યું, ઉદ્‌ભવ્યું અથવા વિચારાયું હોય, તે બધું

વાચામાં ઊતરીને ઉત્તરોત્તર નવી ઓલાદોમાં વહેતું જ આવે. એ રીતે, એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકામાં લેખક કહે છે તે પ્રમાણે—

"To make a thorough investigation of the 'Vulgar antiquities' of our country, and especially of one's own, was, until very recently regarded as childish and useless–થોડા કાલ સુધી આ ગામડી પ્રાચીનતાનું લોકસંઘર્યું આ ધન શોધવું ને ખોદવું બાલિશ ગણાતું તે આજે ઇતિહાસનું મૂલ્યવંતું અંગ લેખાવા લાગ્યું: કોઈ મહાન નગરીના ખંડિયરમાં એક અટુલી પડેલી ઇંટો જેવું: ફરીવાર એ જ વિશ્વગ્રંથ ભાખે છે:

"Each nation and each locality, has, of course, folklore as it has its language; and it is obvious that to set forth any given folklore with all its stratifications in a comprehensive and orderly way, would virtually be equivalent to exhibiting fully the past and present intellectual, moral, religious, and social condition of the people to whom it belonged. An exhaustive account of the folklores of the world would be equivalent to a complete history of the thoughts of mankind."

[પ્રત્યેક પ્રજાને તેમજ સ્થળને પોતાની ભાષા છે તેમ પોતાનું લોકસાહિત્ય પણ છે. અને એ લોકવિદ્યાને એના સર્વે થરો સહિત સુવ્યસ્થિત રીતે ગોઠવી કાઢવી એ તે તે પ્રજાની માનસિક, નૈતિક, ધાર્મિક અને સામાજિક પરિસ્થિતિનો ભૂત તેમજ વર્તમાન ઇતિહાસ

સંપૂર્ણપણે પ્રકટ કરવા બરોબર છે; ને દુનિયાની લોકવિદ્યાનું સવિસ્તર વૃત્તાંત તૈયાર કરવું એ માનવ–જાતિના ચિંતનનો ઇતિહાસ આપવા બરોબર છે.]

લોકસાહિત્યનાં તમામ અંગોમાંથી 'લોકગીતો' આવી શોધને વધુ સહાય આપે છે. કેમકે એનું સ્વરુપ મોટા ફેરફારો અનુભવતું નથી, intact–અણિશુદ્ધ રહે છે. એના પર બેશક ભાષાના થર ચડે છે: જેવા કે—

જણુ મારગ કેસરી વુહો, રજ લગ્ગી તિરણાંહ
વે ખડ ઊભાં સુખસી, નવ ચાખે હરણાંહ.

એ રાજસ્થાની દોહો : એના પર કાળાન્તરે સોરઠી ભાષાનો નવો પુટ ચડ્યો;

જે મારગ કેસરી ગયો, રજ લાગી તરણાં
તે ખડ ઊભાં સૂકશે, નહિ ચાખે હરણાં

એટલે એમાંથી ઊલટું ભાષાવિકાસનો ઇતિહાસ પણ ઉકેલાય છે. 'લોકગીત' વિભાગની મહત્તા વિષે જર્મન વિદ્વાન Prof. Darmesteterનું આ સુયોગ્ય કથન છે :

"The popular, unwritten poetry, though despised and ignored by the reading classes, is of quite different character. It is the work of illiterate poets; but it represents *their* feeling; it has life in it–the life of the people. It is simple–it is true to nature, because it represents those ideas without any moral bias or literary after–thought."

[એ અણલખ્યાં લોકગીતો, વાચકપ્રેમી સમૂહાયે તિરસ્કારેલાં તેમ જ વિસારેલાં છતાં, છેક જ જુદા પ્રકારનાં છે. એ અશિક્ષિત કવિઓનું

સર્જન છે, છતાં એ તેઓના મનોભાવો વ્યક્ત કરે છે. એ કવિતામાં પ્રાણ છે—લોકોનો પ્રાણ છે, એ સરલ છે ને નિસર્ગનું સત્ય પ્રતિબિમ્બ છે. કેમકે એ પોતાના વિચારોને કશા નૈતિક પૂર્વગ્રહ વિના કે સાહિત્યની ઢબના અનુચિન્તન વિના રજૂ કરે છે.]

મારો મનોરથ તો આ અભ્યાસમાં એક એક ને એક જ છે—કે લોકસાહિત્યમાંથી વર્તમાન યુગસાહિત્યને માટે કયાં બળો ખેંચી શકાય. હું લોકસાહિત્યને કંજૂસના ધન પેઠે કેવળ ગણી ગણીને સંઘરી રાખવા લાયક નથી માનતો. હું તો એને શાશ્વત જીવનનું રસાયન લેખું છું.

પારણું : ઝોળી

આજનો વિષય હાલરડાં ને બાલગીતો : Cradle-songs and Nursery rhymes: એટલે કે લોકગીતોના પ્રથમાંકુરો : નાના, કૂંણા, નવા ફુટેલા કાવ્ય-કોંટા : જેમાં સાહિત્યનું મહાવૃક્ષ સંતાઈને રહ્યું છે : જ્યાંથી જીવનનું કાવ્ય-ઝરણ પ્રથમ પહેલું ફુટીને વહેવા લાગે છે. રેંટિયો કાંતતી કે બાળ હીંચોળતી માતાના અને શેરીની ધૂળમાં રમતાં બાળકોના એ મુખ્યસ્વરોમાં સંગીત, નૃત્ય અને કવિતા ત્રણેનો સંગમ થાય છે.

પારણું દીઠું હશે. એની રચનામાં લોક-કલાનાં દર્શન કર્યાં હશે. એ લોકહૈયે કલ્પાઈને ગવાયું :

> સાવ રે સોનાનું મારું પારણિયું
> ને ઘુઘરીના ઘમકાર-બાળા પોઢો ને
> ચાર પાયે ચાર પૂતળિયું
> ને મોરવાયે બે મોર—બાળા.

આવાં પારણાંમાં કે ધોડિયામાં માતા બાળકને પોઢાડવા મથતી. ત્યારે જગતભરની માતાને એ હાલરડાંની જરૂર પડી.

પારસી માતાએ પણ એ વર્ણવ્યું એની કાલી મીઠી વાણીમાં

ઝારીએ લીલાં નેત
રે મરું તમે આયાં રૂડાં પેટ !
ઝારીએ ગુંગરા વાગે
રે મરું વાલાં તમને જે પેરાઉં તે છાજે !
ઝારીએ હીરની દોરા
રે મરું પોઢરાને ઉઠો મારા નાધલા રૂડા ધોરી !
ઝારાએ પાલણાં જરીઆં
રે મરું સોવણ ખડકીમેં મા ઉગમનાં માંરીઆં.

શા માટે માતા આવાં કલ્પના–રત્નો પોતાને રંક પારણે મઢે છે!

ઊંઘવા માટે આવશ્યક

૧. 'The need for some simple rhythm is instinctive in the tiniest babe': નાનામાં નાના બચ્ચામાં પણ કોઈ સરલ તાલ–સૂરની આવશ્યકતા સ્વાભાવિક છે: એ તાલબદ્ધ સંગીત એને ઉંઘાડી આપે છે." એવું અંગ્રેજ સંગ્રહકાર કુમારીનું કથન છે [Cradle songs and Nursery Rhymes—edited by Grace Rhys]

૨. બીજી અગોચર અસરો એ કૂંણા ગીતના ભાવની–શબ્દાર્થની પણ હોવાનું કહેવાય છે.

દંતકથાઓ ચાલે છે : એક ફ્રેન્ચ ઇતિહાસકાર એક કથા ટાંકે છે: એક વિદ્વાનને માનવ–ભાષાનો પ્રથમોચ્ચાર શો હશે તે બાળકની પ્રથમ વાણી પરથી શોધવા મન થયું. એણે બે નબાપાં બાળકોને જન્મતાં વેંત જ લઇને, જ્યાં મનુષ્યનો સ્વર ન પેસે તેવી એકાન્તમાં એક બકરીને સોંપ્યાં. ઇતિહાસકાર કહે છે કે કમભાગ્યે બાળકો મરી ગયાં : કેમકે એને ત્યાં કોઈ ગાણું ગાઇને સુવાડનાર નહોતું. માતાનું હાલરડું બાળકને એટલું બધું જરૂરી છે.

અને ભાવની અસર જુઓ : પુરાણો કહે છે કે રાજા ઋતુધ્વજની રાણી મદાલસાએ એક પછી એક સાત પુત્રોને પારણે હીંચોળતાં વૈરાગ્ય ગાયો :

त्वमसि तात शुद्ध बुद्ध निरंजन
भवमायावर्जितज्ञाता

એવું એવું ઘણું ગાયું : એની વૈરાગ્યમય અસરને પરિણામે સાતે પુત્રો મોટી વયે રાજપાટ છોડી ચાલ્યા ગયા. આઠમાના હીંચોળણ વેળાએ ઋતુધ્વજ દોડ્યો, રાણીના હાથમાંથી દોરી ઝૂંટવી લીધી. આ દંતકથાઓ હશે; પણ એનો ધ્વનિ સત્ય છે.

એથી યે વહેલેરી–પ્રસવની પણ પૂર્વે થતી અસરો : અભિમન્યુ શિવાજી વગેરેની લોકમાન્યતાઓ પ્રચલિત છે. એથી જ ગર્ભમાં સરજાતા શિશુ પર સુંદર વાતાવરણ છાંટવા માટે આપણા લોકસાહિત્યમાં સીમન્ત–ગીતોની ગોઠવણ કરી કહેવાય છે :

કીયા બાઈને બેઠડો ઘો મોરી મા !
અંબાજી આઇ મા !
કીનખાબનાં ઘોડિયાં બંધાવો મોરી મા !
અંબાજી આઈ મા !

અને પેલું જાણીતું સીમન્ત–ગીત

લીંપ્યું ગુંપ્યું મારું આંગણું
પગલીનો પાડનાર દ્યોને રન્નાદે !
વાંઝીયા–મેણાં માતા દોયલાં

વગેરે અભિનવ ઊર્મિઓની પરંપરા ગવાતી હતી,

હાલરડાનું સંગીત તથા ઘડતર

ફ્રેંચ હાલરડાં વિષે ઉપલા જ પુસ્તકમાં કહ્યું છે કે— "They begin with the two line nenna, sung on two notes in a monotonons chant. Their charm lies in the monotonons cadence of the mother's chant." નાની નાની બબ્બે પંક્તિઓ : એકસૂરીલા

ઢાળે ગાવાનું : એની ખૂબી માતાના સૂરના એકધારા આરોહ અવરોહમાં જ રહી છે.

અને એવાં ઉત્તમોત્તમ યુરોપી હાલરડાં ક્યાં લેખાયાં છે? ઉપલા પુસ્તકમાં—

"The best lullaby would seem to be that sung naturally by peasant mothers with but two or three words and sung on two notes–a sort of soothing drone, correspending exactly to the sound of a rocking cradle and having apparently the same effect on the nerves of the child."

[ઉત્કૃષ્ટ કૃતિ તો ખેડૂત માતાઓ ગાય છે તેજ : બબ્બે ત્રણ ત્રણ શબ્દોની અકેકેક પંક્તિ અને એમાં પણ કેવળ બે જ સૂરઃ એક જાતનો જાણે ભ્રમર-ગુંજારવ : ઝૂલતા પારણાના રવ સાથે જેનો બરાબર મેળ જામે અને જેની અસર પણ બાળકના જ્ઞાનતંતુ પર એવી જ શીતળ બને.]

એજ લક્ષણ આપણા ગુર્જર હાલરડાનું : એવી જ ટુંકી પંક્તિ, એવી જ સ્વરની એકતાનતા ને એવો જ પોઢણ-પ્રભાવ : જુઓ :

"નીંદરડી તું આવે જો ! આવે જો !"

અથવા

સુઇ જા વીર સૂઈ જા !
બાલુડા વીર સૂઈ જા !
કોડીલા કુંવર સુઇ જા !
વીર સુઇ જા !

એથી પણ અધિક એકસૂરીલાપણું—

ભાઇ મારો છે ડાયો
પાટલે બેસીને નાયો;
પાટલો ગ્યો ખસી
ભાઇ મારો ઉઠયો હસી ! હાં......હાં હાલાં !

[૨. ૨ા. : ૨ : ૯]

અને પછી એ ગીત લંબાય-લંબાતું જ જાય. એમાંથી નાની શી વાર્તા ગોઠવાતી થાય: બરોબર યુરોપી હાલરડાંની જ તાસીર :

"These songs gradually become longer and more lively, even developing a simple plot, but always adapting themselves to the amazing intelligence of a little child."–Grace Rhys.

એજ માર્ગે મારવાડી હાલરડાં વહે છે : એક સૂરે ને એક ધારે :

હાલાં હાલાં કરતાં'તાં
સંતોકરા મામા રમતા'તા.
રમતે ખેલતે બાજરી વાઇ
બાજરીરા ખેતમેં ઢેલડી વીંયાઇ.

વગેરે વગેરે. એ જ ઢબે મહારાષ્ટ્રી હાલરડાં :

લક્ષુમીબાઇ આલી
તાંબ્યાની દૂધ પ્યાલી.
ધરાલા માનવલી
વાસુદેવ બાળાચ્યા.

વગેરે પંક્તિઓમાં લંબાતાં ને અધિકાધિક રંગે ચડતાં જાય: એકસૂરીલાં, ટુંકાં ને શિશુની સમજમાં ઊતરે તેવાં. એની ખૂબી શબ્દ-રચનામાં જ છે. એનાં ભાષાન્તરો તો થઈ જ ન શકે. એસ રાઇસ કહે છે–

"They do not bear translating. Their charm lies in the words themselves, often half–meaningless and the monotonons cadence of mother's chant."

એ chant કયો ?

હાં......હાલાં !
ઓળોળોળો હાં......હાલાં !

અથવા અંગ્રેજી :

By By lulla lullaby.
Lullaby oh lullaby.

મોટે ભાગે જોશો તો કોમળ વ્યંજનો આવતા હશે. 'લ' કાર વારેવારે મળશે. અને ઓળોળોળોળો–' એ મધુર અવાજ માંહેલો 'ળ' જોયો ? ભાષામાં 'ળ' કયાંથી આવ્યો ? સંસ્કૃતમાં તો નથી. બાળકને પોઢાડનારી માતાના મુખમાંથી તો નહિ નિપજ્યો હોય ? નહિ, છેક વેદકાળનો એ સૂર છે. 'ળ' પરભારો વેદ–સાહિત્યમાંથી ચાલ્યો આવે છે. ને વેદની વાણી તે લોકસાહિત્યની વાણી હતી.

માતાનું ભાવોચ્ચારણ

પરંતુ કોમલ સૂરો થકી બાળકને પોઢાડી દેવા ઉપરાંત બીજું એક પ્રયોજન પણ હતું, અને એ વિચાર આપણને હાલરડાંના બીજા પ્રકાર પર આણે છે. માતાને તો બાલક પ્રતિનો પોતાનો પ્રેમ ઠાલવવાનું એ સાધન હતું. તેને પોતાની આશા, આકાંક્ષા અને જીવન–વેદના પણ વ્યક્ત કરવી હતી. બાલક વિષેનો મહિમા ગાવો હતો. તેથી જ આ બીજા પ્રકારનાં હાલરડાંમાં પંક્તિઓ લાંબી, શબ્દ–રચના સંસ્કારી અને સૂર–જમાવટ અધિક રસમય બની: જેવાં કે—

તમે મારા દેવનાં દીધેલ છો
તમે મારાં માગી લીધેલ છો
આવ્યાં ત્યારે અમર થઈને રો !
[ર. રા. ૨ : ૧]

એ ગીત, અથવા તો બ્હેનને પોતાના નાના ભાઈ પ્રતિ ઉમળકા ઠાલવવાનું નૃત્ય–ગીત:

એક નાનું સરીખડું બાળ રે મા !
આવ્યું છે આપણે આંગણીએ.
એને નમ્યેથી પ્રાછત જાય રે મા !
આવ્યું છે આપણે આંગણીએ.

એ રીતે ડૉ. જીવણજી મોદીના શબ્દો સાક્ષી આપે છે કે "The cradle–songs of all communities, whether educated or uneducated, are the simplest expression of parental affections expressed in the most simple language: અશિક્ષિત કે શિક્ષિત તમામ જાતિનાં હાલરડાં તે વાત્સલ્યની લાગણીના સાદામાં સાદી વાણી વાટે નીકળેલા સાદામાં સાદા ઉદ્‌ગારો છે."

એથી પણ અધિક : હાલરડાં વાટે તો સ્ત્રીનું સ્વામી પરનું વહાલ બોલે છે, દાંપત્યનાં સુખદુઃખ દર્શાવાય છે. અંગ્રેજી હાલરડાંમાં વિધવા, પરિત્યક્તા અને વિયોગિની માતાઓના મનોભાવ વેરાયા છે–

He calls me, he cries
Who is father to thee:
O birdeen his eyes
In these blue eyes I see.

[એ મને બોલાવે છે–તારો પિતા બોલાવે છે. ઓ પંખીડા ! તારી નીલ આંખોમાં હું એની આંખો ઝલકતી જોઉં છું.]

અથવા—

But come to mother, babe ! and play,
For father false is fled away.

[પરંતુ મા પાસે આવ બેટા ! ને રમ્યા કર. કેમકે દગલબાજ બાપુ તો નાસી ગયા છે.]

અંગ્રેજી નામ ઘણું સૂચક છે: બાલકને Nurse કરવાની-ઉછેરવાની રચનાઓ. અથવા કહો કે કવિતા-ફૂલોની જ Nursery: ફૂલ-વાટિકા, કે જ્યાં કાવ્યના નાજૂક છોડ ઉછેરાય છે.

બાલ-ગીતો Nursery rhymes છેક નાના અપંગ શિશુને ચલાવવાની જુક્તિથી લઈ એની કિશોરાવસ્થાના રાસો ને રમતો સુધીની કરામતો આ સમૂહમાં પથરાયેલી દિસે છે. એમાં સંગીત ઓછું છે, તાલ, નૃત્ય અને રમતનું તત્ત્વ પ્રધાન છે: ગવાતાં બહુ નથી, છતાં લહેકાથી ભરેલાં છે. એના પ્રકારો ઘણા ઘણા: ૧. ચલાવવા કૂદવવાનાં. ૨. બેઠા બેઠા રમવાનાં. ૩. કૂદતાં કૂદતાં રમવાનાં. ૪. છોકરાઓને હુ તૂ તૂ, ધમાલગોટા વગેરે રમતો રમવાનાં. ૫. ઋતુઓનાં. ૬. પક્ષીઓનાં ૭. ઉખાણાંનાં. ૮. વાર્તાઓનાં. ૯. વ્રતોનાં. ૧૦ નવરાતનાં ગરબાનાં. ૧૧. રાસડાનાં. એક પછી એક લઈએ :

૧. બાલકના બે હાથ ઝાલીને એને શબ્દના તાલ સાથે ડગલાં ભરાવે :

પા ! પા ! પગલી
મામાની ડગલી

ને એ તાલ સાથે સ્વતઃ બાલક કદમ મિલાવતું જાય. પંક્તિઓ વારંવાર બોલાય, જાણે શબ્દની ચાલણ-ગાડી બની જાય. અથવા જુઓ આ વધુ અર્થમય જોડકણું :

ડગ મગ ! ડગ મગ ! ડગલાં ભરતા
હરજી મંદિર આવ્યા.
પગમાં ડાક, જશોદા માએ
ગોકુળમાં ચ ચલાવ્યા.
થેઈ થઈ ચરણ ભરોને કાન
આપું મુક્તાફળ ને પાન !

એમાં જરા ત્વરિત ગતિનો તાલ છે. આખું ગીત કલ્પનામય છે. એ વતી બાલકની ચાલ્ય બંધાતી. એનો ઉત્સવ થતો. ફળ ને પાન વહેંચાતાં.

૨. કૂદાવવાનાં તરલ ગીતો :

ધુંબડી સૈયરમાં રમે
ધુંબડી કાળજની કોર
ધુંબડી આબાની છાંય
ધુંબડી સૈયરમાં રમે !

સૂર પલટાઈને વધુ તરલ બને છે.

ગા દોવાને ગોળીઓ ઉપર
તાંબડી ધુંબડ જાઈને કાજે
ધુંબડી સૈયરમાં રમે !

પછી તો સીધી કૂદાકૂદ :

બારણે રમે
બાપને ગમે–ધુંબડી૦
મેડીએ રમે
માને ગમે–ધુંબડી૦
શેરીએ રમે
સૌને ગમે–ધુંબડી૦

૩. બેઠાં બેઠાં રમવાનાં : શિયાળાની ટાઢ હોય, તડકામાં બાલકો બેઠાં હોય : જમીન પર પાંચે આંગળીએ હાથ ખોડી રાખે. પછી એક બાળક બીજા સૌના હાથ પર આંગળી મારતો તાલબંધ જોડકણું બોલે :

અડકો દડકો દહીં દડાકો
એતર મેતર ચમરો ઢાળ્યો
ઊર મૂર ધતુરાનું ફૂલ
શાકર શેરડી છોકરાં !
ખાઈ જાવ ખજૂર.

બોલીને ખોટા ખોટા ખજૂર ખાય. અથવા એક હાથની કોણી બીજા હાથમાં ખૂંદતાંખૂંદતાં—

ચણ ચણ બગલી ! ચણાની દાળ
હું પોપૈયો તું મગદાળ.

એવાં જોડકણાં કોણી સાથે તાલબંધ કરીને ચલાવે. અર્થ નથી સમજાતો. શબ્દોમાં કોણ જાણે કેવા ફેરફાર થઈ ગયા હશે. પણ તાલ અનામત છે.

૪. જાત જાતની ફૂદાફૂદ ગોઠવીને સામસામાં પક્ષો પાડી તાલબદ્ધ ગાવાનાં :

છોકરાંવ રે !
હો રે !
વોરો આવ્યો
શું શું લાવ્યો ?
ડાબલી લાવ્યો
ડુબલી લાવ્યો
પાન સોપારી
પાનનાં બીડાં

ભગરી ભેંસ
ભુરીઓ પાડો
આમ દોઈશ
તેમ દોઈશ

વગેરે. અથવા તો સામસામી બે કન્યાઓ ઉભડક બેસીને ડોલનભેર કુદતી કુદતી બોલે—

આવ રે નાર !–નહિ આવું.
તારે પીઠિયે જાર !–નહિ આવું.
તારી ભેંસ વિયાણી !– „ „
તારી પાડી જોવા !– „ „
તને બળી ચખાડું !– „ „

૫. હુ તૂ તૂ વગેરેની રમતો રમવામાં શ્વાસને વિરામ મળે, શ્વાસ ઘૂંટી શકાય, દેહ એક કમાનની માફ઼ અથાક ઊછળતો રહે તેવી નૃત્યોર્મિ જગાવતી શબ્દ–તરફીઓ—

વાવડીનું પૈયું
કે રામ રામ કૈયું
કે વાવડીનું પૈયું
કે રામ રામ કૈયું
કે ... ...

અથવા

લીંબડે ચડું
કે લપટી પડું
કે લીંબડે ચડું
કે ... ...

સામા પક્ષના પટમાં જઇને એકશ્વાસે જ્યાં સુધી ભેરૂ આ બોલ બોલ્યા કરે ત્યાં સુધી પ્રતિપક્ષીઓ એને પકડી શકે નહિ ! એવાં કોડીબંધ શબ્દ-ઝુમખાં હજુ ગઈ કાલે જ સંતાઈ ગયાં. કોઈ કોઈ તો રમૂજ પણ કરાવે,

ધમાલ ગોટો ધુધડુ ધુ
પાછું વાળી જોવે એના ડેબામાં દઉં !

એ ધમાલ ગોટાની રમતનું વિધિસૂચક જોડકણું હતું. ગોળકુંડાળે બેઠેલા ખેલાડીઓની પીઠ પાછળ એક માણસ કપડાંનો ગુંથેલ 'ધમાલગોટો' લઇને ફરતો, પાછળ કોઇથી જોવાય નહિ, જોનારને એ ગોટા વડે મારે.

સર્વત્ર આ હતાં. યુરોપ પણ એને યાદ કરે છે—

"Such game-rhymes have almost a pathetic interest as fast disappearing survivals from days more jocund and careless than these days; when not only children but men and maids, knights and ladies joined hands and danced their karoles on the green spring grass."—Grace Rhys

૬. ઋતુસત્કારનાં જોડકણાં બાલકોની કલ્પનાશક્તિને જાણે કે કુદરતની સાથે સંધાડી દેવાનાં કાવ્ય-સાધનો હતાં. શેરીનું છોકરું એની રીતે ઋતુ-સન્માન કરતું.

આવ રે વરસાદ
ઘેવરીઓ પરસાદ
ઉની ઉની રોટલી ને કારેલાનું શાક

અને

મેઘ મેઘ રાજા !
દિવાળીના બાજરા તાજા

એ સ્વાગતનાં : કોઈ વળી આજીજીનાં—

વરસ રે વાદળી !
વીરના ખેતરમાં
(તો) બંટીનું ઢેબરું
બેનના પેટમાં

કોઈ વળી ઠપકાની અધખીલી કાવ્ય-કલ્પના:

આ શી તમારી ટેવ ! રે હો મેઘરાજા !
પેલા વીજળી રીસઈ જાય છે
પેલી બાજરી સુકઈ જાય છે
પેલી જારોનાં મૂલ જાય છે
હો મેઘરાજા !—આ શી૦

ત્યાં કલ્પનાનો ચમકાર થયો. 'વિજળીનું રિસાવું' એમાં સ[ં]
સજીવારોપણ થયું–દાંપત્યનું.

૭. પક્ષીઓનાં જોડકણાં : જુદાં જુદાં પક્ષીઓ જુદા જુ[દા]
તાલમાં બોલે છે. એ તાલબદ્ધ અવાજનું શબ્દાનુકરણ શોધીને અ[ને]
વાર્તા જોડી દીધી. બાલકને પક્ષી–સ્વરનું અનુકરણ મળ્યું, અર્થવા[ળાં]
શબ્દ–જોડકણાં મળ્યાં, પક્ષીની દુનિયામાં romantic રસ ઉત્પન્ન થ[યો.]
દૃષ્ટાંત : હોલો બોલે છે ઘુ ઘુ ઘુ ! ઘુ ઘુ ઘુ ! એ તાલબદ્ધ અવાજ

ઘુઘી ફુઇ ! ઘોઘે ગઇ !
ઘુઘી ફુઇ ! ઘોઘે ગઇ !

અથવા તેતરની વાણી—કિલકિલ્કિલા ! કિલકિલ્કિલા ! કિલકિલ્કિલ[ા !]
એને કાવ્યમાં ઉતારવા માટે—

ઊઠ બેન ! ઊઠ બેન !
તલ તેતલા !
તલ તેતલા !
તલ તેતલા !

એટલે કે 'તલ કેટલા?' એ વાળી વાર્તા રચાઈ: "એક ગરીબ ખેડૂત હતો. ખાવા માટે તલ લાવ્યો. નાની બેને તલ ચોખ્ખા કર્યા. પણ ભાઈ ઘેર આવ્યો ત્યારે તલ ઘટેલા જોયા: ભોજાઈએ જૂઠું ભરાવ્યું કે બેન તલ ખાઈ ગઈ. ભાઈએ બેનને મારી. બેન તો મરી ગઈ. પછી ભાઈને સાચી વાતની જાણ થઈ. ભાઈ પસ્તાયો. બેનના શબ પાસે બેસીને ભાઇ જગાડવા મથે છે: 'ઊઠ બેન! તલ તેતલા ! તલ તેતલા ! તલ તેતલા !' બેન તો ક્યાંથી જાગે ! ભાઈએ પણ આપઘાત કર્યો. મરીને ભાઇ તેતર અવતર્યો. હવે ઝંપ્યા વિના પોકાર જ કરતો ફરે છે. જાણે સદાકાળ બહેનને જગાડે છે !

આવી જ કથાઓ ટીટોડીની, લેલાની, હોલાંની. અને એ પ્રત્યેકની સાથે અનુકારી સ્વર–રચનાવાળું જોડકણું.

૮. ઉખાણાંનાં જોડકણાં: રાતે બાળકો ટોળે મળી દાદીમાની ગોદમાં બેસે. પછી સામસામાં ઉખાણાં નાખે:

એક પક્ષ આહ્‌વાન કરે: 'લંકાની દોણી લાવી આપો જોઉં?'

બીજો પક્ષ ઉત્તર આપે—

રાતાં બગલાં રણે ચડયાં
પાણી દેખી પાછાં વળ્યાં,
એક બગલાની ભાંગી ક્રોણી
લાવ્યા રે લંકાની દોણી !

એ જોડકણાંમાં પણ કોઇક વાર સુરેખ પ્રકૃતિ–દર્શન આવે:

પ્રશ્ન : દરિયો ધૂણાવી આપો તો ?

ઉત્તર—

બટકુંક રોટલો થીનું ઘી,
દરિયો ધૂણે રાત ને દી.'

રાત દિવસ દરિયાનું ધૂણવું–એ દરિયાનું આબાદ ચિત્ર છે.

એવાં તો સેંકડો ઉખાણાં ઊખળતાં ને અધરાત વીતતી. બાલકો એ પ્રાસાનુપ્રાસ અને તાલ–સ્વરની ગૂંથણીમાંથી કવિતાના પ્રથમ પાઠ શીખી લેતાં.

૯. વાર્તાઓનાં જોડકણાં: જૂની બાલવાર્તાઓમાં છલોછલ ભરેલાં. કેટલીક તો આખી વાર્તાઓ જ આ પ્રમાણે સ્વર–મેળમાં:

કાણી કહું કૈયા
સાંભળ મારા છૈયા
છૈયે માંડયું હાટ
હાટમાંથી નીકળ્યો ભાટ

વગેરે.

બીજી વાતોમાં મુખ્ય ઘટનાઓ અથવા સંવાદો પદ્યમાં જ આવે:

ઠાગા ઠૈયા કરું છું
ચાંચૂડી ઘડાવું છું
જાવ કાબરબાઈ ! કાલ વેલો આવું છું.

એવાં. ઘણાં રમુજી ને કેટલાંક કરુણ : જેમ કે સોનબાઈ અને કૂતરાની વાતમાં—

કોણ હલાવે લીંબડી !
કોણ હલાવે પીપળી !

ભાઇની મારેલ બેનડી !
ભોજાઇની રંગેલ ચૂંદડી !

[ડોશીમાની વાતો]

બાલવાર્તાઓને સ્મરણસુલભ બનાવનાર, એના સ્થંભ સમાં આ જોડકણાંએ આજ શિક્ષણમાં ચોક્કસ સ્થાન લઈ લીધું છે.

૧૦. વ્રતોનાં જોડકણાં: નાની બહેનોને વર્ષભરમાં રહેવાનાં અર્ધધાર્મિક, અર્ધસામાજીક, એવાં લોકવ્રતો હતાં. તેનાં યે સ્તોત્રો સમ રણઝણતાં જોડકણાં હતાં: સાદામાં સાદું—

ચાંદા ચોળી !
હબૂક પોળી !

બીજ માવડી
ચૂલે તાવડી !

અથવા પોષી પૂનમનું:

ચાંદા ! તારી ચાનકી
મારૂં ચૂરમું
ભાઈ જમ્યો
બેન ભૂખી.

અથવા પોષણહાર પશુનાં વ્રત:

ગાય રે ગાય !
તું મોરી માય !
નત નત ડુંગરે ચરવા જાય

આ બધાંમાં સતત રમે છે ધાર્મિક ભાવ, પ્રકૃતિપૂજન, પશુપ્રીતિ, વૃક્ષપ્રીતિ વગેરે. એ આંહી છે તેમ બંગાળમાં પણ છે. લાગે છે કે બીજે સર્વત્ર હશે. (એ નિબંધે આગળ આવશે.)

૧૧. નવરાતના બાલ–ગરબા : આંહી આપણે ૮થી ૧૦–૧૧ વર્ષના બાલકો માટે યોજાયેલાં ગીતો પર આવી પહોંચીએ છીએ. એક બાજુ નાનાં બચ્ચાંની રમતનાં જોડકણાં અને બીજી બાજુ મોટાંને રમવાના રાસડા : તેની વચ્ચે આ બાલ–ગરબાનું સ્થાન છે. એમાં કૌટુમ્બિક ભાવની કોર દેખાય છે. અખંડ કવિતાનું સ્વરૂપ બંધાતું લાગે છે. માથા પર માટીના 'ગર્ભદીપ' મૂકી નવરાત્રની સંધ્યાએ સંધ્યાએ ઘરેઘર ઘૂમીને દીકરીઓ ગાય છે :

> ગરબડીઆ કોરાવો, ગરબે જાળીડા મેલાવો જો !
> હું ને પનોતા મારે નાના ભાઈ છે વીરા જો !
> નાનાં ભાઇનાં મોળીડાં હું શેલડીએ શણગારૂં જો !
> નાની ભાભીનો ઘૂંઘટડો હું મોતીડે 'વધાવું જો !

વગેરે : એવું એવું કૌટુમ્બિક ચિત્ર : ધીરે ધીરે ચિત્ર સુરેખ બનતું જાય છે. તાલો પણ વિવિધ પલટા ખાય છે,

અંગ્રેજ માતાનું કથન છે–

મીઠામાં મીઠો ગુણ: Savour of unreason

"It might perhaps be suggested that this is of the same species of music as that which commands itself to the savage senses. But this would be to raise a point of scientific interest which, with many others relating to the lost historical and political significance of certain nursery-rhymes, are perheps better left unnoticed in such collecion as this. Else like those two devoted babes, these songs and rhymes might,

beneath too curious and serious an enquiry, lose some of that savour of unreason which is their pleasantest quality. Taken for their own sake, they will be found most fresh, most sweet, and often musically persistent to the memory. For, to quote mr. W. B. Yeats: "When all is said and done, how we do not know but that our own unreason may be better than another's truth! For it has been warmed on our hearths and in our souls, and is ready for the wild bees of truth to hive in it and make their sweet honey."

[કોઈ કદાચ કહે કે આ તો જંગલી લોકોના દિલને ગમતું તે પ્રકારનું સંગીત થયું ! પરંતુ આ તો પાછો શાસ્ત્રીય સવાલ ખડો કરવા જેવું થશે. આ સવાલ તો બાલગીતોના ઐતિહાસિક તેમજ રાજનૈતિક મહત્ત્વને લગતા અન્ય સવાલોની માફક આવા સંગ્રહની અંદર બાજુએ મૂકીએ એ જ ઈષ્ટ છે. નહિ તો થશે એવું, કે પેલાં, બકરીને ભળાવેલાં બે બચ્ચાંની પેઠે આ ગીતો પણ, વધુ પડતી શાસ્ત્રીય તપાસને પરિણામે એનું મીઠામાં મીઠું લક્ષણ જે તર્કશૂન્યતા, તેને જ ગુમાવી બેસશે. એ જેવાં છે તેવાં જ જો એને વાપરીશું, તો એ અત્યંત નવીન, અત્યંત મધુર અને એના સંગીત વડે સહેલાઈથી સ્મૃતિમાં વસી જતાં દેખાશે. કેમકે કવિ શ્રી યેટસના શબ્દોમાં કહીએ તો "બધું ય કહેવાઈ અને થઈ ચૂક્યા પછી એમ લાગે છે કે કોણ જાણે કેમ, પણ આપણી તર્કશૂન્યતા બીજાના સત્ય કરતાં કદાચ બહેતર હશે. કેમકે જે આપણું છે તે આપણા જ અંતરાત્માની હૂંફમાં સેવાયું છે; ને આપણા એ સ્વતંત્ર સર્જનની અંદર સત્યની મધમાખો ચાહે ત્યારે આવીને મધપૂડો બાંધી શકશે ને મીઠું મધ નિપજાવશે."]

વાત્સલ્યના સૂરો

સાવ રે સોનાનું મારૂં પારણિયું
　　　　ને ઘૂઘરીના ઘમકાર, બાળા પોઢોને !
ચાર પાયે ચાર પૂતળિયું
　　　　ને મોરવાયે બે મોર, બાળા પોઢોને !

કઈ સુભગ ઘડીએ પ્રભુએ માતાના દેહમાં બાલક મેલ્યું, વિશ્વકર્માએ સુતારની કલ્પનામાં પારણું મેલ્યું, અને સરસ્વતીએ કવિના કંઠમાં હાલરડું મેલ્યું !

એ ત્રણે નાનકડી કૃતિઓમાં ઈશ્વરી સૃજનકલાનો મોટો વિજય અંકાયો છે. ત્રણેના સમુચ્ચયમાં એક સિદ્ધિનું દર્શન થાય છે. ત્રણમાંથી એક લઈ લ્યો, ને આખી કૃતિ ખંડિત લાગે છે. ત્રણેનો સામટો સંયોગ આપણા ઘરસંસારને અનેરી શોભા, અનોખી મીઠપ આપે છે, જનેતાનું જીવન જીવવા જેવું—દુઃખોના મોટા જૂથની સામે પણ મીઠાશથી જીવવા જેવું બનાવે છે. ગૃહજીવનમાં ને દંપતીસંસારમાં એ અમૃત સીંચે છે. બાલકના કૂણા શરીર પર સ્પર્શ કરતી કરતી કાલાં જોડકણાં ગાતી માતા જાણે કે પોતાના પતિના જ સ્પર્શની પુલક અનુભવે છે. એને પોઢાડતી વેળા પણ જાણે પોતાના પતિને જ પોઢાડતી હોય એવી ઊર્મિ અનુભવતી જનેતા ત્યાં હાલરડાનું સંગીત છાંટે છે. બાલક, પારણું અને હાલરડું: એ પતિ તરફના હેતમાં નવું પોષણ ટપકાવે છે. લગ્ન—જીવનની શરૂઆતમાં ફાટ ! ફાટ ! થતો દંપતી—પ્રેમ

સંસારના ટાઢા પવનથી પછી જ્યારે ધીરે ધીરે થીજી જાય છે, ત્યારે ફરીવાર એને ઓગાળી ઓગાળી પ્રેમનાં વહેન સ્થિરગતિએ વહાવનાર સૂર્યકિરણો તે આ ત્રણ છે: બાલક, પારણું ને હાલરડું. એને કોઈ અપમાનશો મા! અવગણશો મા!

બાળકડું નવ મારીએ રે
 પારણાનો રખેવાળ મારા વા'લા
[૨. રા. ૨ : ૮૫]

પારણે બાળક ઝુલાવતી માતા જાણે કે આ તોફાની 'પંચમહાભૂત' બાળકને બ્રહ્માંડ–પારણામાં હીંચોળતી જગજ્જનનીનું નાનું શું સ્વરૂપ છે, આછેરું પ્રતિબિમ્બ છે. રડતા ને પછાડા મારતા આ વિશ્વ–પ્રાણને વિરાટ પારણામાં હીંચતાં બે ઘડી શાતા વળે છે. એનું નયન બે ઘડી નિદ્રામાં બિડાય છે. જગદમ્બા જાણે એને જંપાવવા માટે આ વાયુ, વર્ણો, સુગંધો અને સુસ્વાદો રૂપી સૂરોનું હાલરડું જ નિરંતર ગાઈ રહી છે.

એ હાલરડાંના સૂર આ પૃથ્વીને આરે ઊતર્યા. શિષ્ટ ગણાતી યુરોપીય જનેતા અને કાલીઘેલી મનાતી હિન્દી માતા, બન્નેને કંઠેથી હાલરડાં ઊઠયાં. શબ્દો જુદા, પણ સ્વરો એક જ સરખા:

હાલાં વાલાં!
હાં...... હાલાં!
ઓળોળોળો હાં ...હાલાં!
ઓળોળોળો હાલ્ય હાલુડા હાલ્ય!

એ ગુર્જર સૂરો: તેની સામે મૂકો યુરોપી સૂરો:

Balow, la-low!
Lulla la lulla, lulia, lullaby!
Shu heen Sho, lulo lo!
O ho ro, i ri ri, csdul gu lo!

સર્વમાં એક જ લહેકો : એક જ પોઢણ–સ્વર : કેમ કે માતૃત્વ એક જ છે. જાતિના ભેદો એને કદિ રુંધી શકશે નહિ. બાલક સર્વત્ર એક જ અને ભેદ રહિત છે. જગતની નિર્દોષમાં નિર્દોષ કૃતિ તે બાલક છે. જગતનું મહાપૂણ્ય તે એનું લાલન પાલન છે. પારણું અને હાલરડું એ લાલનનાં નિર્દોષ સાધનો છે.

હાલરડાંનો પ્રથમ જન્મ

આપણે ત્યાં કૃષ્ણની બાળ–લીલા : અને યુરોપમાં ઇસુના શૈશવ–ખેલ : બન્નેમાંથી માતાઓએ વાત્સલ્યનાં પોષણ લીધાં. બન્ને દ્વારા બાળક પ્રભુના ભુવન સાથે જોડાયું. હિન્દુ માતાઓને કનૈયાનું બાલસ્વરૂપ જેટલું સ્પર્શી શક્યું છે તેટલાં એનાં અન્ય સ્વરૂપો નથી સ્પર્શ્યાં. કૃષ્ણ એટલે એક આદર્શ બાળક : દેવમંદિરોમાં રોજ રોજ એના હીંડોળા હીંચોળાય છે, પારણાં ઝુલાવાય છે. વૈષ્ણવોને વહાલામાં વહાલી મૂર્તિ ઘૂંટણભર ચાલતા બટુકડા લાલજી મહારાજની છે. અને એ બાળગોપાળ એટલે ગરીબમાં યે ગરીબ માતાનો બેટડો : એની ક્રીડા, એની લીલા, એની માખણચોરી, દોણીફોડની મસ્તી, થેઈ થેઈ પગલીઓ, આકાશી તારાનાં રમકડાં ઉતારવાની માગણી ! એ બધા શિશુખેલ, રાયથી રંક સુધી સમસ્ત ઘરોનાં બચ્ચાંમાં સ્વયંસ્ફુરિત હોય છે. માટે જ કૃષ્ણની બાળ–લીલાનાં ગાન તે તમામ બાળકોની બાળ–લીલાનાં ગાન છે. માટે જ આપણાં ઘણાં ખરાં લોક–હાલરડાં કૃષ્ણને સંબોધી ગવાયાં છે.

જૈનોમાં પણ તીર્થંકરોની માતાનાં ગર્ભાધાન : ગર્ભિણી માતાનાં સોળ સ્વપ્નાં : બાલ તીર્થંકરનો જન્મોત્સવ : એનાં ગીતો : વગેરે વધુ મહિમાવંત હોય છે. ત્રિશલાના કુમાર મહાવીરનાં હાલરડાં હોંશે હોંશે ગવાય છે.

અને ઈસુ પણ જાણે બાલકોના જ ઉદ્ધાર માટે આવ્યો હતો. એ તારણહારને મોટી વયે પણ બચ્ચાંઓ જ વધુ વહાલાં હતાં. Suffer little children to come unto me: નાનાં બચ્ચાંને મારી નજીક આવવા દેજો ! એ એનું મહાવાક્ય મનાયું છે. અને જેમ માઈકલ એંજેલો, રાફેલ ઈત્યાદિ કલાધરોએ કુમારી માતા મેરીના ખોળામાં ખેલતા બાલ-ઈસુની કલ્પનાને ઉત્કૃષ્ટ રંગે રંગી ચિત્રપટ પર ઉતારી છે, તેમ ત્યાંના કવિઓએ પણ કરુણાસ્વરે એ બાલ-પ્રભુનાં હાલરડાં ગાયાં છે. જેમ એક કૃષ્ણનો અવતાર ટાળવા માટે મામા કંસે દેવકીજીનાં તમામ બચ્ચાં મારવાનો આદેશ દીધેલો, તેમ એક ઈસુનું અસ્તિત્વ રદ કરવા માટે રાજા હેરોડે પ્રજામાં નવાં જન્મતાં એકેએક બાળકને હણવાની આજ્ઞા ફેરવેલી. પાપી રાજાનો નાશ કરનાર બાલ રાજેન્દ્ર જન્મ્યો છે, છૂપો રહેવા માગતો નથી, મોટે સૂરે રડે છે, અને માતા મેરી એને ફોસલાવે છે કે

My sweet little baby, what meanest thou to cry ?
By still my blessed baby, though cause thou hast to mourn,
Whose blood most innocent to shed the cruel king has sworn
And lo ! alas ! behold what slaughter he doth make,
Shedding the blood of infants all sweet Saviour for thy sake.
A king, a king is born, they say, which king this king would kill,
O woe and woeful heavy day when wretches have their will !
Lulla, la lulla, lulla lullaby.

["મારા પ્યારા નાના બાળક, શીદ રડે છે તું ? ચુપ રહે, પ્રભુના પ્યારા; જો કે રડવાનું તને કારણ છે.

"રાજાએ તારું નિર્દોષ લોહી રેડવાના શપથ લીધા છે.

"હાય રે ! શી કતલ એણે આદરી છે !

"એક તારે ખાતર, ઓ તારણહાર ! તમામ બચ્ચાંનાં લોહી રેડાય છે.

"લોકો બોલે છે કે એક રાજેન્દ્ર જનમ્યો છે, જે આ રાજાને મારશે.

"ઓ નાથ ! કેવો દુર્દિન ! પાપીઓ સ્વચ્છંદે મહાલે છે.
લલ્લા ! લા લલ્લા ! લલ્લા લલ્લેબી !]

આપણા બાળ-કૃષ્ણને પણ માતાએ એ જ અર્થનાં હાલાં ગાયાં કે

"રો મા ! રો મા ! રે બાળક !
બારણે બેઠું છે હાઉ
બારણે બેઠું છે હાઉ"

અંગ્રેજ કવિ, જનેતાના સૂરો કાઢીને પુનઃ પણ એજ 'તારણહાર'નાં સંભારણાં હાલરડે ગાય છે કે

Sweet baby in thy face
Holy image I can trace;
Sweet baby, once like thee
Thy maker lay and wept for me.

[મધુર બાળક ! તારી મુખમુદ્રામાં હું એ પવિત્ર આકૃતિ નિહાળું છું, ઓ મીઠડા બચ્ચા ! તારી માફક એક વાર એ સરજનહાર પણ સૂતો હતો ને મારે માટે રડતો હતો.]

Wept for me, for thee, for all
When he was an infant small.
Thou his image ever see,
Heavenly face that smiles on thee.

[મારે, તારે અને સહુને માટે એ રડયો હતો, જ્યારે એ નાનું બાળક હતો ત્યારે. એ દિવ્ય વદન તારી સામે મલકી જ રહ્યું છે. તું નિરંતર એને નીરખતો જ રહેજે!]

When God with us was dwelling here,
In little babes he took delight
Such innocents as thou, my dear!
Are ever precious in his sight:
Sweet baby then, forbear to weep
Be still my baby; still baby sleep!

[પ્રભુ જ્યારે આંહીં આપણી સાથે વસતા હતા, ત્યારે એને નાનાં બચ્ચાંમાં આનંદ પડતો.

મારા વા'લા ! તુજ સરખાં નિર્દોષ એની નજરે મહામૂલાં દીસતાં.

માટે ઓ મધુર બાલક ! રો ના. છાનું રહે ! પોઢી જા !]

કવિ આગળ ગાય છે કે એ બાલ પ્રભુને માટે તો આંહીં તારા જેવાં પારણાં યે નહોતાં, નહોતાં હીર ચીર, કે નહોતાં હૂંફાળાં ખોરડાં. એ તો અવતરેલા તબેલામાં: એનાં એવાં કષ્ટોને પરિણામે જ આજ તને આ સુખવૈભવ સાંપડયાં છે. માટે રો ના! ઓ મધુર બાલક! છાનું રહે !]

સમાન સૂરો

સૂઈ જા વીર સૂઈ જા !
લાડકડા વીર સૂઈ જા !

તને રામજી રમાડે
વીર ! સૂઈ જા !
તને સીતાજી સુવરાવે
વીર સૂઈ જા !
[ર. રા. ૨ : ૬]

એ આપણાં હાલરડાંની પંક્તિઓ : એ જ કલ્પના પશ્ચિમમાં ઉદ્‌ભવી કોઈ મહાન કવિના પ્રાણમાં:

Hush ! my deer, lie still and slumber
Holy Angels guard thy bed
Heavenly blessing without number
Gently falling on thy head !

[ચુપ મારા વહાલા ! શાંત પડીને પોઢી જા. પુનિત દેવતાઓ તારી પથારી રક્ષે છે. તારા મસ્તક પર સ્વર્ગેથી અનંત આશિષો ઝરે છે.]

Holy angels guard thy bed : તને રામજી રમાડે : તને લક્ષ્મણજી લડાવે ! તને સીતાજી સુવરાવે ! એકની એક વાત : એકનું એક હૃદય : ગૌરવરણું ને કાળું : ચકમકતાં સોનેરી ઝૂલ્ફાંવાળું કે છીંદરી જેવા વળ દીધેલા હબસી વાળવાળું : એવા ભેદ એ પ્રભુની બનાવટમાં નથી, પારણાના ઝૂલનમાં નથી, કે માતાનાં હાલરડાંમાં નથી.

અંગ્રેજ કવિ શેકસપીઅરે કાવ્યભરી અને ભાષાની ભભકભરી શિષ્ટ વાણીમાં બાળ હીંચોળ્યું કે—

You spotted snakes with double tongue
Thorny hedgehogs, be not seen;
Newts and bline-worms do no wrong,
Come not near our fairy queen.

Philomel, with melody
Sing in our sweet lullaby
Lulla, lulla, lullaby;
Lulla, lulla, lullaby.

[બે-જીભાળા કાબરા સરપો ! કાંટાળા શેળાઓ ! ન નીકળતા] અમારી પરી રાણી પાસે ન આવતા. ઓ બુલબુલ ! મીઠી હલકે તું એનબાનાં હાલાં ગાજે !]

એજ ભાવ, સાદા, અણખીલ્યા, અર્ધવ્યક્ત સ્વરૂપમાં ગુજરાતી લોક-માતાએ ગાયો :

હડય તૂતૂડાં હાંકું,
ભાઇને રોતો રે રાખું !
તૂતૂડાં જાજો દૂર,
ભાઈ તો શિરાવશે દૂધ ને કૂર :
દૂધ ને કૂર તો લાગે ગળ્યાં
ભાઇના આત્મા રે ઠર્યા.
હડય તૂતૂડાં હસજો !
વાડીમાં જઇને રે વસજો !
હાં...હાં હાલાં !

[ર. રા. ૨: ૯]

સ્વપ્નાં

જૂનાં લોક-હાલરડાંમાં સ્વપ્નાંની કલ્પના બહુ ખીલેલી જ નથી. કેવળ એક જ ગીતમાં

નીંદરડી તું આવે જો આવે જો !
મારા બચુ તે ભાઇ સારૂ લાવે જો—નીંદરડી૦
તું બદામ મિસરી લાવે જો—નીંદરડી૦
તું પેંડા પતાસાં લાવે જો—નીંદરડી૦

[ર. રા. ૧ : ૭]

એવું ફક્ત મીઠા 'ખાઉ ખાઉ'નું જ અસ્પષ્ટ સ્વપ્ન લાવવાનું નિદ્રાને સંબોધન થયું. અંગ્રેજ કવિ યુજીન ફીલ્ડે આ કલ્પનાને સુરેખ બનાવીને આલેખી : જાણે અબોલા નગરીમાંથી નીંદરપરી સ્વપ્નો લઈને ચાલ્યાં આવે છે !

The Rock-a-by, Lady from Hush-a-by street
Comes stealing : comes creeping :
The poppies they hang from her
head to her feet
And each hath a dream that is
tiny and fleet
She bringeth her poppies to you, my sweet :
When she findeth you sleeping !

[અબોલા નગરીમાંથી હુલાવણ-પરી ચાલ્યાં આવે છે : છાનાંમાનાં, લળતાં, નમતાં, ચાલ્યાં આવે છે.

એના પગથી માથા લગી ફૂલો ઝૂલે છે. તે પ્રત્યેકમાં અકેકું નાજુક મીઠું સોણલું છુપાયું છે:

તને એ જ્યારે પોઢેલો દેખશે, ત્યારે ઓ મારા મીઠુડા ! આવીને એ તારી હથેળીમાં આ સોણાભર્યાં ફૂલો મેલી જશે.]

There is one little dream of a beautiful drum
" Rub-a-dub ! " it goeth :
There is one little dream of a big sugar-plum,
And lo ! thick and fast the other dreams come
Of popguns that bang, and tin-tops that hum
And a trumpet that bloweth.

[એક સોણું તો છે રૂપાળા ઢોલકાનું : ઢબૂક ! ઢબૂક ! એ તો વાગે છે: બીજું છે એક મોટા ગુલાબજાંબુનું. અને અહોહોહો :

બીજાં કેટલાંય સોણું સોણું! ભડીંગ કરતી બંદૂકનાં : ભમ ગાજતા ગરીઆનાં : અને ભોં પો ભોં પો વાગતાં રણુશીંગાનાં– બધાં દોડયાં જ આવે છે.]

આથી વધુ કવિત્વભર્યું સ્વપ્ન–હાલરડું શ્રીમતી સરોજીની નૈડુએ ગાયું છે :

From groves of spice
O'er fields of rice
athwart the lotus–stream,
I bring for you,
aglint with dew,
a little lovely dream.

[સુગંધી તેજાનાના બગીચામાંથી, ડાંગરના ખેતરમાંથી અને કમળખીલ્યાં ઝરણુમાંથી, હું તારે માટે એક ઝાકળભીનું મીઠું સોણલું લાવું છું બેટા !]

Sweet, shut your eyes!
The wiud fire–flies
Dance through the fairy neem.
From the poppy hole
For you I stole
A little lovely dream.

[ઓ પ્યારા ! આંખો મીંચી દે. સુંદર લીંબડામાં આગીઆ નાચે છે. ખસખસનાં ફૂલોમાંથી હું તારે માટે એક સોણલું ચોરી લાવી છું.]

Dear eyes, good–night!
In golden light
The stars around you gleam.
On you I press
wlth soft caress
A little lovely dream.

[આવજે ! ઓ સુલોચન ! કનકવરણા તેજમાં તારી ચોપાસ ચાંદર
ચળકે છે. તારા હોઠ ઉપર એક કૂણી બચ્ચી વાટે હું નાનું રૂપા
સોણું ચાંપી દઉં છું.]

આવું કલ્પના–ભુવન બેશક લોક હાલરડામાં યે નથી, તેમ ચિ
કવિની કવિતામાં પણ ગુજરાતને સાંપડયું નથી. ગુજરાતી કવિતાઓ
ને બાલકની ક્રીડામાં, બાલકની નિદ્રામાં, એની મીંચાયલી પાંપણો
અને શાંત સૂતેલી મુખમુદ્રામાં કાવ્યતત્ત્વનું દર્શન નથી થયું. ગુજરા
કાવ્યદેવીના અંતરમાં વાત્સલ્યના સૂરો ઝાઝા નથી ઊઠયા. હાલર
ગાવાનો સમય હજુ એને આવવો બાકી છે.*

ગુજરાત વાત્સલ્યવિહોણું નથી, પણ એના કાવ્યવિહોણું લાગે
નહિ તો બાળકનાં પારણાં આજ ઉદાસ, અબોલ અને કેવળ લાકડ
નાં માળખાં જ ન બની ગયાં હોત; પ
ણાંની દોરી બેતાલ ન ખેંચાતી હોત : કિ
યાળા બાળકને માતા મારી પીટી, હચમચ
વીને ન પોઢાડતી હોત. જૂનાં લોક–હાલરડાં
એકસૂરીલાપણાનો–Monotonyનો કંટાળો અનુભવતી આ યુગ

યુરોપી હાલરડાંનો પ્રવાહ

*સ્વપ્નાંનાં હાલરડાં રચવાના થોડા પ્રયાસો મેં કર્યા છે.

૧. નીંદરભરી

નીંદરભરી રે ગુલાલે ભરી
બેનીબાની અંખિયાં નીંદરભરી રે

[વેણીનાં ફૂ

૨. સોણલાં

સોણલાં લાવે રે, સોણલાં લાવે રે
વીરાને પારણે ઝુલાવા
નીંદરડી સોણલાં લાવે રે

[કિલ્લોલ

તરુણુ જનેતાઓ પાસે નવા રસે છલકતી, નવી ઊર્મિને ધબકારે ધબકતી, નવી કલ્પના-ફૂલીએ મહેકતી હાલરડાંની કવિતા નથી. આપણા લોક-હાલરડાંનો પ્રવાહ આગળ ન વધી શકયો; કેવળ કૃષ્ણનાં સોના-રૂપાનાં પારણાં અને દૂધદહીંના ખાનપાન અથવા મામા કંસના સંહાર વિષેના થોડા નાજુક સ્વરોમાં રુંધાઈ ગયો. ત્યાંથી વહનને આગળ ચલાવે તેવી કોઈ મેઘધારા ગુજરાતી કવિઓના કંઠમાંથી વરસી નહિ. નહિ તો

તમે મારા દેવના દીધેલ છો
તમે મારા માગી લીધેલ છો
આવ્યા ત્યારે અમર થઈને રો !
તમે મારૂં નગદ નાણું છો
તમે મારૂં ફુલ વસાણું છો
આવ્યા ત્યારે અમર થઈને રો !

એવા લોક-વાત્સલ્યના ઉમદા ઉચ્ચારણમાંથી શિષ્ટ કવિઓને નવી પ્રેરણા મળી ગઈ હોત. યુરોપમાં નવયુગી કવિતાને વંધ્યત્વ નથી પાલવ્યું. સંતતિ-નિયમનના પ્રથમ સૂરો કાઢનાર એ પ્રદેશમાં, સભામાં જવા માટે જ્યાં બાળકો આયાને હવાલે સોંપાય છે તે ભૂમિમાં, કેવી મીઠી હલકે બાલપ્રેમની ગાથાઓ ગવાઈ! આપણા જ હાલરડાં જેવું એનું એક લોક-હાલરડું લઈએ:

My little sweet darling, my comfort and joy,
sing lullaby, lulla.
In beauty surpassing the prince of Troy
sing lullaby lulla.

એ લોક-સૂરોનો એની નરી સાદાઈને કારણે વિનાશ નથી થયો. એમાં જ કલમ બોળીને કવિએ નવયુગના ઉદ્ગારો ગાયા કે

So fair, so dear, so warm upon my bossom
And in my hands the little rosy feet.
Sleep on, my little bird, my lamb, my blosom !
Sleep on, sleep on, my sweet.

[શા રૂપાળાં, શાં પ્યારાં, શાં હૂંફાળાં એ અંગો મારી છાતી પર પડયાં છે !

ને મારા હાથમાં એના કેવા ગુલાબી નાના ચરણો રમે છે !

ઓ મારા પંખીડા ! મારા મેંઢા ! મારા હૈયા પર સૂતું રહે.

સૂતું રહે, ઓ મધુર ! સૂતું રહે !]

Dear Lord, 'tis wonderful beyond all wonder,
This tender miracle vouchsafed to me,
One with myself, yet just so far asunder,
That I myself may see.

[ઓ પ્યારા પ્રભુ ! આ તો એક ચમત્કાર છે. તાજુબી છે. મારી સાથે એકમેક, ને છતાં યે એને અલાયદું પાડયું છે: કે જેથી હું મારા જ એ સ્વરૂપને જોઈ શકું.]

Mine, Lord, all mine thy gift and
loving token.

"તમે મારા દેવનાં દીધેલ છો."

કેવું હૂબહૂ મળે છે ! અને તે પછી—

"તમે મારૂં ફૂલ વસાણું છો"

એની સાથે—

"Only a tender flower sent us to rear."

એ પણ બરાબર મળે છે. ગુજરાતની કોઈ અનામી ઘેલી ગ્રામ્ય માતા, ને ઇંગ્લાંડની સુશિક્ષિત કવિમાતા મેથીઆઝ બાર ! બન્નેની વાણી એક છે. એક છે, કેમકે એ વાણી વાત્સલ્યની છે.

બાળારાજા ! બાળારાજા ! એ બાળક માટેનું આપણું બહુ પરિચિત સંબોધન છે. પરંતુ એ રાજાના **બાળારાજાનું રાજપાટ** મહારાજ્યની કલ્પના આપણને સાંપડી નથી. એ તો સૂઝી છે એક આંગ્લ જનેતાને : એનું નામ લૉરેન્સ આલ્મા : એણે હાલરડામાં બાળ–રાજાનું રાજપાટ ગાયું :

King Baby on his throne
Sits reigning o ! sits reigning o !
King Baby on his throne
Sits reigning all alone.

[બાળરાજા તખ્ત પર બેઠા બેઠા રાજ કરે છે. એકલા, એકલા એ જ એના તખ્ત પર બેઠા છે.]

His throne is mother's knee
So tender o, so tender o !
His throne is mother's knee
Where none may sit but he.

[માતાનો ખોળો એનું સિંહાસન છેઃ ઓહો, કેવું સુંવાળું એ સિંહાસન ! એના વિના ત્યાં બીજું કોઈ ન બેસે.]

અને એનો મુગટ !

His crown it is of gold
So curly o, so curly o !

[પીળા કનકવરણા કેશના ગુચ્છાનો એ મુગટ ! ઓહો ! કેવા વાંકડિયા વાળ !]

ને એનું સામ્રાજ્ય ક્યાં !

His kingdom is my heart
So loyal o ! so loyal o !

[માતાનું હૃદય, તે એનું રાજપાટ: કેવું રાજનિષ્ઠ !] કોઈ ચક્રવર્તીને ન હોય તેવું. અને એના કાયદા ?–

Divine are all his laws
So simple o ! so simple o !

[ઈશ્વરી કાયદા ! સાદા સરલ, સ્નેહનાં જ ધારાશાસ્ત્ર !] જેનો આખરી આશય–અને એનું આદિકારણ—

With love for end and cause.

[કેવળ સ્નેહ, કેવળ મમતા, અન્ય કશું જ નહિ.]

વ્યથાગીતોનાં હાલરડાં

અંગ્રેજી હાલરડાંમાં તો કેવળ વિનોદ જ નહિ, કેવળ ખુશાલી નહિ, પણ વિધવા માતાનાં, ત્યજાએલી ઠગાએલી જનેતાઓનાં, પરદેશે પળેલા પિયુજીની વિજોગણ પત્નીઓનાં, આવાં કૈં કૈં મર્મગામી વ્યથાગીતો પણ ગવાયાં છે. ભેદક સૂરે માતા બાળકને કહે છે કે—

Oh, Bonnie birdeen,
Sweet bird of my heart !
Tell me, o tell me,
How shall we part ?

[ઓ મીઠા પંખી ! મારા હૃદય–માળાના ઓ મધુરા પંખી ! કહે મને, આપણે કેવી રીતે વિખૂટાં પડશું !]

He calls me, he cries.
Who is father to thee :
O birdeen his eyes
In these blue eyes I see.

[મને એ બોલાવે છે–તારો પિતા મને બોલાવે છે. ઓ પંખીડા ! તારી આ આસમાની આંખોમાં હું એની આંખો ઝલકતી દેખું છું.]

Weep not my wanton, smile on my knee:
When thou art old, there's grief enough for thee
He must go, he must kiss
Child and mother, baby bliss !
For he left his pretty boy
Father's sorrow, father's joy.

[ન રો મારા લાડકડા ! મારા ખોળામાં હાસ્ય કર. મોટો થઈશ ને, ત્યારે તારે ઘણું યે રોવાનું સાંપડશે હો !

બાલકને અને માતાને છેલ્લી ચુમી ભરીને તારા પિતાને જવું પડયું. ઓ મારા વ્હાલા ! એ તને–પોતાના હર્ષશોકના સાધનને છોડીને ચાલ્યો ગયો !]

એથી યે વધુ કલ્પનામય, વધુ તીવ્ર, વધુ વ્યથાજનક તો છે કોઈ સમુદ્રે નૌકા ખેડતા પિતાના પુત્રનું હાલરડું : શિયાળાની કોઈ અંધારી રાત્રિયે પ્રાણઘાતક પવન ફુંકે છે, અને ઝૂંપડામાં ઝાંખો દીવો બાળતી જાગૃત બેઠેલી વિજોગણ નાવિક–પત્નીના અંતરમાં સ્વામીના પ્રાણની રક્ષાની ચિંતા ફડફડે છે : એમાંથી દ્રવે છે મીઠું હાલરડું :

*You are rockin full sweetly on
mammie's warm knee.
But daddie's a-rockin upon the salt sea.

[ઓ બચ્ચા! તું તો લહેરથી માડીના હુંફાળા ખોળામાં ઝૂલે છે, પણ તારા બાપુ તો અત્યારે ખારા સમુદ્રને ખોળે હીંચતા હશે, વહાલા!]

The wild wind is ravin and mammie's
heart's sair
The wild wind is ravin, and ye dinna care.

[તોફાની પવન ફૂંકે છે, અને માવડીનું અંતર બળે છે. છતાં યે બચ્ચા! તને મારા હૃદયની કશી ખેવના નથી. તું તો રડયા જ કરે છે!]

આવી કોઈ પંક્તિઓ ગુજરાત ક્યારે બતાવી શકશે? મધ્યસાગરે સાહસ ખેડતા ખારવાનાં કે કાળી મેઘલી રાતે ડુંગરામાં ગાયો ચારતા

---

* મારો પ્રયાસ આ ભાવને ઉતારવાનો આમ છે—

હાલરડું વાલું

વાલીડા વીરને હાલરડું વાલું
હૈયાના હીરને હાલરડું વાલું
તને દેખાડું સોનુલું રૂપાળું હો
વીરને હાલરડું વાલું

* * *

તારાં પોઢણુ લાલ હીંગોળે પારણે
પીવાનાં દૂધ તારે મીઠાં રે
બાપુને આજ મેં તો સ્વપ્ના ઉજાગરે
ઘુમન્તા સાગરમાં દીઠા—હો વીરને૦

[કિલ્લોલ]

ગોવાળ ચારણોનાં નાનાં બચ્ચાંને પોઢાડવા મથતી ગરીબ માતાઓનાં અંતર ઉકેલવા, એની મધુર વ્યથાને કાવ્યમાં આલેખવા ગૂર્જર કવિતા ચાલી આવે છે.

આગળ ચાલીએ : હાલરડું જાણે કે પ્રાર્થના બની જાય છે :*

Sweet and low, Sweet and low,
Wind of the western sea,
Low, low, breathe and blow,
Wind of the western sea!
Over the rolling waters go,
Come from the dying moon and blow,
Blow him again to me :
While my little one, while my pretty one sleeps

[ધીરે ધીરે, ધીરે ધીરે ઓ આથમણા સાગરના વાયુ ! ધીરે વાજે ! ધીરી લહરે વાજે ! આથમતા ચંદ્રની અંદરથી જલદી ઊતરજે. અને મારું લાડકવાયું બચ્ચું હજુ તો પોઢેલું હોય ત્યાં જ તું એને— મારા નૌકાવિહારી પ્રિયતમને આંહી પહોંચાડી દેજે, ઓ પશ્ચિમના વાયુ!]

---

*મેં આ સૂરોમાંથી ગુજરાતીમાં ખેંચેલ છે—

: ખલાસી બાળનું હાલરડું :

ધીરા વાજે રે ધીરા વાજે !
વાહુલીઆ રે ધીરા ધીરા વાજે !
* * *
મીઠી લ્હેરે મધદરિયે જાજો,
સ્વામી કેરા શઢની દોરી સ્હાજો,
આકળિયા નવ રે જરી થાજો—વાહુલિયા રે૦
[કિલ્લોલ]

Sleep and rest, sleep and rest,
Father will come to thee soon;
Rest, rest, on mother's breast,
Father will come to thee soon;
Father will come to his babe in the nest
Silver sails all out of the west
Under the silver moon.
Sleep, my little one, sleep, my pretty one sleep.

[પોઢી જા ને વિસામો લે ! તારા બાપુ હવે જલદી આવશે. માડીની છાતીએ વિસામો લે ! તારા બાપુ હમણાં જ આવશે. રૂપલા-વરણા ચંદ્રને અજવાળે, રૂપલા ધોળા શઢ ફરકાવતા તારા બાપુ પશ્ચિમમાંથી ચાલ્યા આવે છે. તારી પાસે આ નાના કૂમામાં ચાલ્યા આવે છે.]

એ નાવિક–બાળનું હાલરડું ગાનાર અંગ્રેજ કવિવર ટેનીસન. ફક્ત વિધવા નહિ, ફક્ત વિજોગણ નહિ, પણ ફસાયેલી માતાનું વાત્સલ્ય પણ ત્યાંના કવિઓએ અનુકમ્પાના તાર પર ચડાવી કરૂણ સૂરે ગાયું છે. કવિતાનાં પુનિત નીરમાં નવરાવી એ માતૃપ્રેમને નિષ્પાપ બનાવેલો છે અને એ હાલરડા વાટે નિર્દય લંપટ પુરુષ પ્રતિ ઊંડી આહ સંભળાવી છેઃ

Come little babe, come silly soul,
Thy father's shame, thy mother's grief.

[આવ નાના બચ્ચા ! આવ નાદાન આત્મા ! તારા પિતાની લજ્જા ! તારી માતાની વેદના ! આવ !]

Thou little thinkest, and less dost know,
The cause of this thy mother's moan.

[તને વિચાર પણ નથી, ખબર પણ નથી, કે મા શીદ કલ્પાંત કરે છે.]

But come to mother, babe and play,
For father false is fled away.

[પરંતુ મા પાસે આવ બેટા ! અને રમ્યા કર. કેમકે તારો બેવફા બાપ તો ભાગી ગયો છે.]

If any ask thy mother's name
Tell her, by love she purchased blame.

[કોઈ જો તારી માનું નામ પૂછે ને, તો કહેજે કે પ્રેમ આપીને એણે કલંક વ્હોર્યું છે !]

Ask blessings, babe, be not afraid,
His sugared words have me betrayed
God bless my babe, and lullaby
From this thy father's quality.

[પણ ચિંતા નહિ બચ્ચા ! તું તો બસ સહુના આશિર્વાદ જ માગજે. એના સાકરીયા શબ્દોએ જ મને ફસાવી હતી.

ઓ પ્રભુ ! મારા બાળકને દુવા દેજો, પોઢાડજો, અને એના પિતાના જેવી લંપટતાથી એની રક્ષા કરજો !]

અંગ્રેજ કવિ વૉલ્ટર સ્કોટે હાલરડાં વાટે માતાઓને તથા બાલકોને વીરરસ પાયો; પહાડો, કિલ્લાઓ,

[1]વીરરસનાં હાલરડાં રણશીગાં અને ધમસાણોનાં દસ્યો બાળકનાં પારણાંની આસપાસ એણે ઉભાં કર્યાં :

૧. વીરરસનાં હાલરડાં 'શિવાજીનું હાલરડું', 'વનરાજનું હાલરડું', 'સોણલાં' વગેરે રચવાના મારા પ્રયત્નો 'કિલ્લોલ'માં છે.

O hush thee, my babie, thy sire was
a knight;
Thy mother a lady both lovely and bright.
The woods and the glens, from the towers
which we see,
They all are belonging, dear babie, to thee.
O ho ro, i ri ri, candul gulo.

[છાનો રહે બચ્ચા ! તારો પિતા સામંત હતો. તારી માતા એક તેજસ્વી સુંદરી હતી. આ કિલ્લાના બુરજ પરથી દેખાતાં જંગલો ને ઝાડીઓ—બધાં તારાં જ છે મારા પ્યારા બચ્ચા !]

O, fear not the bugle, though loudly it blows,
It calls but the warders that guard thy repose.
Their bows would be bended, their blades
would be red,
Ere the step of a foeman draws near to
thy bed.

[આ ઘોર સ્વરે રણશીંગું બજે છે. પણ ડરીશ ના. એ તો તારી પથારીના ચોકીદારોને જ બોલાવે છે. તારી શય્યા પાસે શત્રુનું એક પગલું પડે પહેલાં તો એ પહેરગીરોનાં ધનુષ્યોની કમાનો ખેંચાઈ જશે ને એની તલવારો દુશ્મનોનાં લોહીમાં લાલ બંબોળ બનશે !]

અને ઓ કુમાર ! તારે જાગી ઊઠવાનો સમય પણ હમણાં જ આવી પહોંચશે. આજ તો તું નીંદર કરી લે—

[2]O! hush thee, my babie, the time will
soon come,

---

૨. સરખાવો 'શિવાજીનું હાલરડું'માં—
પોઢજો રે મારાં બાળ, પોઢી લેજો પેટ ભરીને આજ
કાલે કાળાં જુદ્ધ ખેલાશે, સૂવા ટાણું ક્યાંય નેં રે'શે.

When thy sleep shall be broken by trumpet and drum,
Then hush thee, my darling, take rest while you may,
For strife comes with manhood, and waking with day.

[આજે તો પોઢી લે બચ્ચા ! કેમકે એ સમય જલદી આવી પહોંચશે, જ્યારે રણશીંગાં ને પડઘમથી તારી નિદ્રા ઊડી જશે. માટે આજે તો આરામ લઈ લે. કેમકે સંગ્રામ આવે છે જુવાની બેસતાં, અને જાગૃતિ આવે છે દિવસ ઉગમતાં.]

કાઠિયાવાડ ગુજરાતમાં ગઢો છે, કિલ્લા છે, સંગ્રામોના ને વીર-મૃત્યુના ઇતિહાસ છે. પરંતુ કોણ જાણે શા કારણે એ શૌર્યના સૂરો જૂનાં હાલરડાંમાં જાગ્યા નથી, ફક્ત કૃષ્ણજીવનમાંથી કાળીનાગના દમનના ને કંસવધના ક્ષીણ ધ્વનિઓ ક્યાંઇક ક્યાંઇક લોકમાતાઓના કંઠમાંથી નીકળ્યા છેઃ

ડોશી એમ કરીને મેણું બોલીઆં રે લોલ,
તારા બાપનાં હતાં તે વેર વાળને રે લોલ.
માડી અમને તે વાત કરી આલને રે લોલ.
જાવું મામાને ઘેરે મળવા રે લોલ.
સાંકડી શેરીમાં મામો સામા મળ્યા રે લોલ,
ભાણેજ દેખીને મામો સંતાઇ ગીયા રે લોલ.

અને 'વનરાજનું હાલરડું'માં—

હાં રે વીરા આજુની રાત આરામ,
હાં રે વાલા, આજુનો દિન વિશરામ,
કાલે ને કેસરીઆ રે ખાંડાધારે ખેલજે હો રાજ !
કાલે કંકુભરિયા રે અરિને તેડાં મેલજે હો રાજ !

[કિલ્લોલ]

સંતા સંતા મા મામા મુરખા રે લોલ,
આપણે મામો ભાણેજ બેય મળીએ રે લોલ.
હૈયું ભીંસીને મામો ભાણેજ બહુ મળ્યા રે લોલ,
તારાં બાપનાં હતાં તે વેર વળી ગીઆં રે લોલ.

[૨. રા. ૨]

અથવા તો—

મા મને હાઉલું દેખાડય
મા મને હાઉલું દેખાડય
હાઉ છે લંકા લખેશરી !
માડી મને નવ જાણીશ નાનકો;
કાલે મોટેરો થઇશ
કાલે મોટેરો થઇશ
વેરી મારીશ આપણા !

[૨. રા. ૨]

અથવા કદાચ બહુ તો—

પાતાળે જઈને કાના હાં હાં હાં
નાથ્યો કાળી નાગ;
વારિ ને વરમાંડ ડોલ્યાં
મેવાડો મસ્તાન
ભાઇ ! ભાઇ ! મેવાડો મસ્તાન !
ઓળોળોળો હાલ્ય હાલુડા હાલ્ય !
હાલો વાલો રે બાળ કરસન કાળો
હરિને હીંચકો વાલો !

[૨. રા. ૨]

આવા સાદા સ્વરોમાં કોઈ કોઈ ઠેકાણે જ—

Their bows would be bended, their blades
would be red,
Ere the step of a foeman draws near
to thy bed.

એ પંક્તિના વીર-ધ્વનિઓ લળકે છે.

એ વીરત્વના, રાષ્ટ્રભાવના સૂરો હાલરડાંમાં ઉતારવાનો યત્ન આજે મહારાષ્ટ્રમાં ઠીક થતો જણાય છે. ત્યાંના કવિઓ સમજ્યા લાગે છે કે શિવાજીએ છેક માતાના ગર્ભમાં

મહારાષ્ટ્રના હાલરડાં

બેઠાં બેઠાં શૌર્ય-ગીતો સાંભળેલાં, તેઓને સમજ પડી લાગે છે કે વીરત્વની સાચી શાળા પારણામાંથી શરૂ થાય છે. અને બીજી એ સમજ આવી છે કે જેટલે અંશે નવાં હાલરડાં જૂનાંની સરલતાને રંગે રંગાશે તેટલે અંશે એનો રસ ગળી ગળીને માતાઓનાં જીવનમાં ઊતરશે. એ વિના ઘણા નવા યત્નો માર્યા જાય છે. મહારાષ્ટ્રમાં 'पाळणा' એટલે કે પારણાં-હાલરડાં નામનું જૂનું લોકસાહિત્ય હજુ સારી પેઠે સજીવન છે. આપણાં

હાલ્ય વાલ્ય ને હેલ્ય
વગડે વસતી રે ઢેલ્ય !
ઢેલ્યનાં પગલાં રે રાતાં
ભાઈના કાકા મામા છે માતા

[૨. રા. ૨]

એવાં છૂટક છૂટક ભાવનાં જોડકણાંની માફક મહારાષ્ટ્રમાં પણ-

लक्षुमीबाई आली, आलीस आउ न को
धराला पदर सोडु न को, केशव बाळ !
लक्षुमीबाई आली, तांब्यानी दूध प्याली
धराला मानवली, वासुदेव बाळाच्या !
माळया चा मळया मधं माळी बैसला कूवो मधे
कळयां घाली टोपी मधें, केशव बाळाच्या !

ભાઈ તો આ'તા વાડીમાં
ને માળી બેઠો'તો કુવામાં

માળીએ તો ઘાલ્યાં ફૂલ
બચલા ભાઈની ટોપીમાં.

આવી રસાળી કડીઓ—જાણે કદી નહિ ખૂટે તેટલી—પારણાં હીંચોળતાં હીંચોળતાં દક્ષિણી માતાઓ ગાયા જ કરે છે. એનું સૌંદર્ય નિર્વ્યાજ છે, નિરાડમ્બરી છે. હવે એની પાસે આધુનિક મહારાષ્ટ્ર કવિ ગોવિંદે રચેલું બાળ શિવાજીનું, રાષ્ટ્રભાવનાથી ટપકતું રોમાંચક હાલરડું મૂકીએ—

: शिवाजीचा पाळणा :

मी लोटीते झोका तुज शिव बाळा
सुन्दरा निज स्नेहाळा.
तनु शान्तिते शान्त निज तुज येएया
राष्टगीत गाते तान्या !

[હે બાલુડા શિવાજી! હું તારું પારણું ઝુલાવું છું. હે મારા સુંદર લાડકવાયા ! મારા ધાવણા બચ્ચા ! હું આ રાષ્ટ્રગીત ગાઉં છું તેથી તને નિદ્રા આવશે, ને તારા દેહને શાતા વળશે.]

हि दासी जळे मही अम्बिका माय
हंबरडा फोडी हाय !
निज शत्रुनी हिचे भंगीले छत्र
मांगल्य सूत्र स्वातंत्र्य !
त्या दुःखानें दुःखी फार हे पाही
मी जीजाबाई तव आई

[આ દાસીનું હૃદય સળગે છે. કેમકે પૃથ્વી માતા વાછરૂવિહોણી ગાય જેવી બની ભાંભરડા નાખે છે. શત્રુઓએ એનું છત્ર ભાંગી નાખ્યું

છે, ને એના કંઠનું મંગલસૂત્ર તોડી નાખ્યું છે. જો ભાઈ! આ દુ:ખે હું બહુ દુ:ખીઆરી બની છું. હું તારી માતા જીજાબાઇ.]

बहु शत्रु मानले मेले
मेलयोनी आर्यधन नेले !
आमुचे राष्ट्र तुडविले
काणी निपजे ना शास्ता या चांडाळा—सुन्दरा०

[પીટયા શત્રુઓ બહુ ફાટયા, મુવાઓએ આપણી આર્યલક્ષ્મી લૂંટી આપણા દેશને પગ નીચે ચગદ્યો, પણ એ ચાંડાલોને સજા કરનારો કોઈ ન નીકળ્યો.]

भूमातेच्या भूतकाली उद्धरणी
झुंझली रणी मृडरमणी;
श्रीरामाने रावण वधिला लढूनी
वानरा वीर बनवोनी;
घे स्वतंत्रता कंसाच्या पासोनी
गोविंद गोप जमवोनी

[પૂર્વે ભુમિમાતાને ઉદ્ધારવા માટે રણમાં પાર્વતીજી ઝુઝ્યાં; શ્રી રામે વાનરોને વીર બનાવી લડાઈમાં રાવણને હણ્યો. ગોવિંદ પ્રભુએ ગોવાળોને જમાવી કંસ પાસેથી સ્વતંત્રતા લીધી.]

तू तसा वीर होशील का ?
तरवार करीं धरशील का ?
मिळविशील मावळे गडी का ?
रणी वधाव या देशशत्रुच्या मेळा—सुन्दरा०

[તું એવો વીર થઈશ કે? હાથમાં તરવાર ધરીશ કે? માવળા

લોકોને સાથીઓ બનાવી લઈશ કે? રણમાં દેશ–શત્રુઓના ટોળાંનો સંહાર કરીશ કે?]

भूभक्तिचें प्रबल दुग्ध पाजीन
मी वीर तुला बनवीन
रिपुरक्तें भू तुझ्या करीं न्हाणीन
स्वातंत्र्य धरी आणीन
मी स्वतंत्र वीराची माता
मी स्वतंत्र सुधन्य होता
ध्वज स्वतंत्रताच्या डुलता
ठेवीन तनु अशया नंदमय वेळा—सुन्दरा०

[દેશભક્તનું બલદાયી દૂધ પીવાડીને હું તને વીર બનાવીશ. રિપુઓના રક્તથી હું તારે જ હાથે મા–ભૂમિને નવરાવીશ, અને સ્વતંત્રતા ઘેર આણીશ. હું સ્વતંત્ર વીરની માતા બનીશ, તે દિવસે હું સ્વતંત્ર અને ધન્ય બનીશ. સ્વતંત્રતાનો ધ્વજ ફરકવા લાગશે, તેવી આનંદમય વેળાએ હું મારો દેહ છોડીશ.]

गद्गदा तदा पाळण्यात शिब हसला
जणु मातृबोल त्या रुचला !
मग करी लीला मृदुल मुष्टि वळवून
जणु म्हणे हने रिपु वधीन !
अशी आर्य शिखा रचिळ या भावे हो
जावळाशीतो खेले हो !
श्री जीजा आईळा असा क्रीडता तान्हा
दाटला प्रीतिचा पान्हा !

[ત્યારે પારણામાં શિવાજી ખડ ખડ હસી પડયો. જાણે માના બોલ એને રૂચ્યા.

રમતમાં ને રમતમાં એણે સુંવાળા હાથની મૂઠીઓ વાળી. જાણે કહેતો હોયની, કે હું આ મૂઠ્ઠીથી રિપુઓનો વધ કરીશ.*

આવી રીતે હું આર્યોની શિખાની રક્ષા કરીશ! એવો ભાવ દર્શાવતો હોયની, તેમ એ પોતાના બાળ-મોવાળા સાથે રમવા લાગ્યો. ધાવણા બાલુડાને આમ રમતો નિહાળીને જીજાબાઈ માતાને થાનેલે પ્રેમનો પાનો ચડયો.]

આ નવયુગી હાલરડાંમાં બલવંત રાષ્ટ્રભાવના સરલ શૈલીએ ઊતરી છે. સામાન્ય માતાઓ પણ સમજે એવી નૂતન કલ્પના આમાં પૂરેલી છે. મહારાષ્ટ્રની શિષ્ટ જનતા ઉપર એનો પ્રભાવ કદાચ મંત્ર શો હશે. પરંતુ એ હાલરડું હજુ ગ્રામ્ય માતાઓને કંઠે ટપકયું નથી. કેમકે હજુ પૂરેપૂરું ગળાયું નથી.

ગુજરાતમાં પણ એવી વીરગાથાઓ ઉતારવાનું કર્તવ્ય નવયુગી શાયરોનું છે. વનરાજ, પ્રતાપ, શિવાજી અને અભિમન્યુનો દેશ બાલ-વીરત્વના ઇતિહાસ વિહોણો નથી. એનાં નામાં કામાં જે દિવસે સાદી છતાં મર્મગામી વાણીમાં પારણાંની દોરી તાણનાર માતાને કંઠે ઉતરશે,

* સરખાવો 'વનરાજનું હાલરડું'માં—

મૂઠ્ઠીયું બીડીને રે મોભી મારો પોઢિયો હો રાજ!
દાઢ્ઢીયું ભીંસીને રે બાળો મારો પોઢિયો હો રાજ!
હાં રે જાણે તાણીને ઝાલી તલવાર
હાં રે જાણે ઝુઝે છે જુદ્ધ મોઝાર
સપનામાં સંહારે રે માતૃભિના કાળને હો રાજ.

[કિલ્લોલ]

તે દિવસ એ પારણામાંથી એકેકેક યોદ્ધો ઊઠશે. એની માતા જ્યારે એને કહેશે કે

> The woods and the glens, from the towers
> which we see,
> They all are belonging, dear babie, to thee.

તે વેળા પોતાના દેશની માટીનાં ઢેફાં પ્રત્યેનું મમત્વ એને અંતરે બરાબર બાઝશે. અને કૈંક બાળકો એ માટીને પોતાના રૂધિરથી ભીંજાવવાનાં સ્વપ્નો સેવશે.

કારણ કે હાલરડાંની અસર કેવી થાય છે તેનું દૃષ્ટાંત તો ખુદ આપણી જ તવારીખમાં પડયું છે. ઋતુધ્વજ રાજાની રાણી મદાલસા વૈરાગ્યમાં ગળી ગઈ હતી. એટલે એણે **મદાલસાનું હાલરડું** પોતાનાં બાલકને હીંચોળતી વેળાએ, આ જગતની નશ્વરતા, આત્માની અમરતા, સુખ-વૈભવની ક્ષણભંગુરતા ઈત્યાદિ ભાવોથી ભરેલાં ગંભીર હાલરડાં ગાયા કર્યાં કે—

> त्वमसि तात शुद्धबुद्ध निरंजन
> भवमायावर्जितज्ञाता
> भवस्वप्नं च मोहनिद्रां त्यज
> मदालसाह सुतं माता ।

[ઓ બેટા ! તું તો શુદ્ધબુદ્ધ નિરંજન છે : જગતની માયાથી રહિત જ્ઞાતા છે. આ જીવન–સ્વપ્નને તથા મોહનિદ્રાને છોડી દે ! એમ માતા મદાલસા પુત્રને કહે છે.]

> नामविमुक्त शुद्धोऽसि रे सूत
> मया कल्पितं तव नाम

न ते शरीरं न चास्य त्वमसि
किं रोदिषि त्वं सुखघाम !

[રે બેટા ! તું તો શુદ્ધ છે, નામ રહિત છે, તારું નામ તો મેં કલ્પેલું છે. આ શરીર તારું નથી કે નથી તું એનો. તો હે સુખમય ! તું શીદ રડે છે !]

એવા એવા સાદા સચોટ શબ્દોમાં રાણીએ વૈરાગ્ય પ્રબોધતી સંસ્કૃત લાવણીઓ ગાયા કરી છે અને છેવટે—

विमलविज्ञानविश्वेश्वरव्यापक
सत्यब्रह्म त्वमसि ज्ञाता
प्राह मदालसाऽलर्कं सुतं प्रति
शास्त्रप्रसिद्धा वरमाता !

આ હાલરડાની અગોચર અસરને પરિણામે રાણીના એક પછી એક કુમારો વૈરાગ્ય તરફ ઢળી જઈ, યુવાવસ્થામાં પહોંચતાં જ ભગવાં પહેરીને ચાલી નીકળેલા. છેવટે સાતમા કુમારની દોરી ખેંચીને એ હાલરડું ગાતાંની વાર જ રાજાએ દોટ દઈ, દોરી ઝૂંટવી લીધી ને કહ્યું કે 'હવે આ એકને રહેવા દે. નહિ તો મારું સિંહાસન સૂનું પડશે. તું કહે તો હું ચાલ્યો જાઉં. પણ એને એકને એ હાલરડું સંભળાવવું રહેવા દે!''

એ કથા પરથી પૂરવાર થાય છે કે 'હાલરડાં' તો કૈંક યુગોથી ચાલ્યાં આવે છે. સંસ્કૃતમાં પણ એનું સાહિત્ય રચાતું હતું. અને આજે રવીન્દ્રનાથ જેવા કવિવરે પણ એ જૂગજૂગના વાત્સલ્ય–સ્વરોની અંદર પોતાનાં 'શિશુ' નામક ગીતો ઉમેરીને નવું જ માધુર્ય પૂરેલું છે.

હાલરડાંમાં તો ઊંડા અર્થો ન મૂકીએ તો ય ચાલે. બાળકને તાલબદ્ધ સૂરો સંભળાવીએ, તો એ તાલનું

હાલરડાંમાં જોડકણાં પણ ભાવપ્રેરક વાતાવરણ પારણાને વીંટળાઈ વળશે. બાલક તો જોડકણાંનું–Nursery rhymesનું પણ ભૂખ્યું છે. ટુંકી પંક્તિઓ—

ભાઇ મારો છે સાગનો સોટો
આવતી વહુનો ચોટલો મોટો
હાં...હાલાં !

ઘોડાંની પડઘી વાગે
ભાઈ મારો નીંદરમાંથી જાગે;
ભાઈ ભાઈ હું રે કરૂં
ભાઇની વાંસે હું રે ફરૂં
ભાઇને કોઇએ દીઠો !
ફૂલની વાડીમાં જઈ પેઠો.

એમાં તાલ–rhythm છે. અને અસંબદ્ધ છતાં રમ્ય કલ્પનાઓ છે. મારવાડમાં પણ એજ જાતનું હાલરડું ચાલે છેઃ

હાલાં હાલાં કરતા'તાં
સંતોકરા મામા રમતા'તા;
રમતે ખેલતે બાજરી વાઇ
બાજરીરા ખેતમેં ઢેલડી વીંયાઈ;
ઢેલડીરા બચીયા રાતા રે ભાઇ
સંતોકરા મામા માતા રે ભાઈ
હાલાં...હાલાં !

બાજરાનું ખેતર : ઢેલડીનું વીંયાવું : બચ્ચાંનો રાતો રંગ : એમાં કાવ્ય છે. શબ્દોની કોમળ રચના છે. તાલની તરલતા છે. પારણે હીંચતા શિશુને માટે એમાં નિદ્રાની લહરીઓ છે. માતાનો એમાં વિનોદ છે. અને જુઓ :

સંતોકરા મામા આવતા'તા
ઢ.લ પછેડો લાવતા'તા;
ઢાલ પછેડે નવલી ભાત
સંતોક ઓઢે દિ' ને રાત.
ઓઢી ઓઢી જૂનો કર્યો
સરવર પાળે ઝીલવા ગ્યાં.
હાડીઓ આવ્યો લઈ ગીયો
કાનમાં વાત કહી ગીયો
　　　　હાલાં ! હાલાં !

ઢાલ–પછેડો : સરોવરની પાળ : સંતોક ઝીલણીઆં રમે : કાગડો આવે : કાનમાં કંઈક વાત કહી જાય ને પછેડો ચાંચમાં લઈ જાય: એક નાની શી રમ્ય ને નિગૂઢ દુનિયા ઊભી થઈ.

એમ બાલકને હાલતા શીખવવામાં પણ તાલ સૂરની સહાય લેવાય :

પા પા પગલી !
મામાની ડગલી !
પા પા પગલી !
મામાની ડગલી !

એને તાલે તાલે નાનું બાળક પોતાના ઘૂઘરીએ ઘમઘમતા પગ માંડે અને તે પછી વળી વધુ ત્વરિત ગતિએ ચલાવવા માટે–

ડગ મગ ! ડગ મગ ! ડગલાં ભરતા
　　હરજી મંદિર આવ્યા,
પગમાં ડાક જશોદા માએ
　　ગોકુળ માંહી ચલાવ્યા
થેઈ ! થેઈ ! ચરણ ભરીને કાન
વેચ્યું મુક્તાફળ ને પાન !

એ તરલ તાલવાળું હાલરડું ગવાય. એ તો ઓરડાની અંદર

ચાલતી ચાલ્ય. શેરીમાં રમવા સારૂ વળી જૂદો વધુ તરલ તાલ! ને વધુ કોમલ કલ્પના:

ધુંબડી સૈયરમાં રમે.
ધુંબડી કાજળની કોર
ધુંબડી આંબાની છાંય.
ધુંબડી સૈયરમાં રમે!

વળી તાલ બદલાયો :

ગા દોવાને ગોણીઓ
ઉપર તાંબડી ધુંબડ જાઈને કાજે
ધુંબડી સૈયરમાં રમે.

ફરી પલટો :

શેરીએ રમે
સહુને ગમે
ધુંબડી સૈયરમાં રમે

બારીએ રમે
બાપને ગમે-ધુંબડી૦

મેડીએ રમે
માને ગમે-ધુંબડી૦

એ જ શૈલીનું અંગ્રેજી હાલરડું જોઈએ :

Brown eyes
Straight nose;
Dirt pies
Rumpled clothes.
Falling down
off chairs

Breaking crown
Down stairs
Folded hands
Saying prayers
Understands
Not, not cares.
Thinks it odd
Smiles away :
Yet may God
Hear her pray !

આ રીતે નાજૂક તાલમાંથી પણ ભાવવાહી રમત નીતરે છે.

હાલરડાંમાં પાંડિત્ય ન હોય, ને છતાં ભવ્ય કલ્પના હોઈ શકે. પ્રકૃતિની ગહનતાને સરસ સ્ત્રી-વાણીમાં કેવી રીતે અવતારી શકાય એ પણ લોકકવિએ કરી બતાવ્યું છે : બાલકના કેવા ગહન મનોભાવ એ હાલરડામાં મૂકે છે :

તારા મંડળમાં તકતો દિસે
તે મારા ગજવે ઘાલો
ચાંદલિયો ચુંટીને મારા
હાથડીઆમાં આલો—થેઈ થેઈ૦

એવાં રૂપાળાં રમકડાં
માતાજી મુજને આલો
આરા તારા વીણીને મારા
ગુંજવડામાં ઘાલો—થેઈ થેઈ૦

એનું જ રૂપાન્તર લગભગ એના એ શબ્દોમાં કવિ ન્હાનાલાલના એક બાલગીતમાં છે :

નવલખ તારા વીણી મા મારા
ગજવામાં ઘાલો
મા મને ચાંદલિયો વહાલો !

કવિતા પાંડિત્યના પ્રદર્શનને કાજે નથી. કવિતાની નિગુઢતા એટલે ન સમજાય તેવી શબ્દ–જટિલતા નહિ. કવિતા તો ચંદ્રસૂર્યની કિરણ-માલા જેવી હોય, પવનની લહરી જેવી હોય. એ તો માતાના ગર્ભા-ધાનથી જ બાલકને રમત અને સંસ્કારો આપે, ભોંયમાં બીજારોપણ થાય ત્યારે જળ શોષાવીને અંદર ઉતારે, ફણગો ફુટયો તેને ઝુલાવે ને જોર આપે. ઝાડ ફાલે ત્યારે એના પાંદડે પાંદડે ચમકીને જાણે દીવા જલાવે. બાલક પરત્વે કવિતાનું પણ એજ કર્તવ્ય છે. બાલકને તાલ આપો, એ નૃત્યનું ભૂખ્યું છે. એને હાલરડાંની લહરીઓ આપો, એ સંગીતનું તરસ્યું છે. જનેતાઓના જીવનમાં છેક ગર્ભાધાનથી જ કવિતાનું સીંચન શરુ કરી દો. એને કંઠે કૂણાં, મીઠાં, કલ્પનાનીતરતાં હાલરડાં રેડીને એના બોજારૂપ બનેલા જીવનમાં આનંદ પ્રગટાવો : અને આજકાલ તો વિશેષે પુરુષોની લાલસામાંથી નીપજી રહેલાં બાળકો વિષે માવતરને સાચું ભાન કરાવો કે—

તમે મારાં દેવનાં દીધેલ છો
તમે મારાં માગી લીધેલ છો
આવ્યાં ત્યારે અમર થઈને રો !

કંઠસ્થ ઋતુગીતો

ઋતુકાવ્યની પ્રાચીનતા

ઋતુ–સૌંદર્યનું દર્શન અને તેમાંથી થતું ઋતુ–ગાનનું સર્જન, એ આપણા દેશમાં આજકાલની વાત નથી, વેદકાલ જેટલી જૂની છે. વેદનું તો સારું યે સાહિત્ય પ્રકૃતિનાં ગુણગાનથી છવાયું છે. એમાં ઋતુઓની રમ્યતા ઠેરઠેર અંકિત થઈ છે, અને ઋતુઓનો સીધો ઉલ્લેખ અથર્વ વેદ કા.–૧૨, સૂ. ૧ની અંદર આ રીતે થયો છેઃ

> " હે ભૂમિ ! તારી ઋતુઓ, ગ્રીષ્મ, વર્ષા, શરદ,
> હેમંત, શિશિર, વસંત, વિહિત વર્ષો અને અહોરાત્રિ,
> હે પૃથ્વી ! અમને દૂઝો." (પૃથ્વી સૂક્ત : શ્લોક ૩૬)

વેદમાં 'પર્જન્ય' અર્થાત્ જળદેવતાનું જે આવાહન છે, તે પણ heroic and devotional element–શૌર્ય અને ભક્તિના તત્ત્વથી ભરપૂર છે. વર્ષાઋતુના મેઘને નિહાળી ઋષિઓએ બુલંદ સ્વરે સરિતાતટો ને વનજંગલો ગજાવ્યાં કે

> "રથીની જેમ ચાબુક વડે અશ્વોને મારતો વર્ષા
> દૂતોને પ્રગટ કરે છે : દૂરથી સિંહની ગર્જના ઊંચી
> ચઢે છે–જ્યારે પર્જન્ય આકાશને વરસાદ વાળું કરે છે.

× × ×

> "પવનો વાય છે, વીજળીઓ પડે છે, ઓષધિઓ ઊંચી જાય છે, આકાશ પુષ્ટ થાય છે, સમગ્ર ભુવનને માટે અન્ન પેદા થાય છે—જ્યારે પર્જન્ય વીર્યથી પૃથ્વીનું રક્ષણ કરે છે." (ઋગ્વેદ મં, ૫ : સૂ. ૮૩)

એ વગેરે સૂક્તો વેદકાળનાં લોકોની ઋતુસત્ત્વો પ્રતિની દૃષ્ટિ બતાવે છે.

તે પછી સંસ્કૃત સાહિત્યમાં શોધીએ તો કાલિદાસનાં મેઘદૂત અને ઋતુસંહાર તેમ જ રઘુવંશના ૯મા સર્ગનું ઋતુવર્ણન : કુમાર-સંભવનો ત્રીજો સર્ગ : માઘના 'શિશુપાલ—વધ' કાવ્યમાં રૈવતક પહાડ પર કૃષ્ણચંદ્રે પડાવ નાખવાને સમયે એકસામટી છયે ઋતુએ ઊતરીને એમનું સ્વાગત કર્યાનું વર્ણન : 'કિરાતાર્જૂનીય'માં ચોથે સર્ગે શરદ્—વર્ણન : એ પ્રમાણે ઋતુ-ગાથાઓ આવે છે. એટલું જ નહિ પણ મહાકાવ્યમાં તો ઋતુવર્ણન આવવું જ જોઈએ એવું ખાસ લક્ષણ શ્રી દંડીએ 'કાવ્યાદર્શ' નામના એક અલંકારશાસ્ત્રના ગ્રંથમાં (પરિચ્છેદ ૧ : શ્લોક ૫૬) આપેલ છે.

લોકો અને ઋતુરસ

લોકજીવનની અંદર ઋતુ—મહિમા અનેક તહેવારો, ઉત્સવો, વ્રતો અને રીવાજોના રૂપમાં ગૂંથાઈ ગયો હતો. ગ્રામ્ય જનોનાં નાનાં નાનાં બાળકો પણ પોષી પૂનમ, મોળાકત આદિ વ્રતો રહીને ઋતુઓ સાથેનો સમાગમ જોડતાં હતાં. મોટી વયના લોકો પણ હોળીના ઉત્સવ દ્વારા વસંત ઋતુને, જન્માષ્ટમી દ્વારા વર્ષાને, દીવાળી દ્વારા શરદ્‌ને અને ખીસર (મકરસંક્રાંતિ) દ્વારા શિશિરને યાદ કરતા તેમ જ ઊજવતા. શરદ્‌પૂર્ણિમાની રાતને, એટલે કે વર્ષભરની ઉજ્જવળમાં ઉજ્જવળ રાતને તેઓ કૌમુદીમાં બેસી દૂધપૌંઆં જમી ઉજવતાં, નેવાં પર સાકરની થાળી મૂકી રાતભર એમાં ચંદ્રકિરણોનું અમૃત ઝીલતાં. એ રીતે ઘણા ઘણા લોક—તહેવારો

ઋતુના પરિવર્તનને અનુરુપ બનાવી લેવામાં આવતા અને ઋતુ-રસનું પાન આખો લોકસમૂહ પોતાની એવી જાડી રીતિએ કરતો હતો. એનું ખુદ જીવન જ કાં તો ખેડુ-જીવન અથવા તો ગોપ-જીવન હોવાથી ઋતુઓનો દિનપ્રતિદિનનો પરિચય તો એને પોતાનાં ધાન્ય તેમ જ પશુની રક્ષાને કારણે અનિવાર્ય રીતે આવશ્યક હતો. એના લગ્નોત્સવો, ધર્મોત્સવો વગેરે ઘણાંખરાં ઋતુની અનુકૂલતા પર મુકરર થયા હતા.

જીવનમાં ઋતુઓના રંગો ને રસો જ્યાં આટલા ઓતપ્રોત બની વહેતા હોય ત્યાં ઋતુ-કાવ્યના અંકુરો ફુટ્યા વિના રહી જ કેમ શકે? થોડું ધાર્મિક, થોડુંક સામાજિક અને થોડુંક કેવલ રમતભર્યું, એવું પોષી પૂનમનું નાનકડું વ્રત કરતાં કરતાં કોણ જાણે ક્યારથી નાની કન્યા ગૂંજવા લાગી હશે કે—

પોષ મહિનાની પૂનમે રે
અગાસે રાંધ્યાં અન્ન વાલા!
જમશે માની દીકરી રે
પીરસશે બેનીનો વીર વાલા!

[કંકાવટી પા. ૧]

અથવા મે ખેંચાવતો હોય ત્યારે માથા પર માટીના દેડકાકારો મૂકીને સ્ત્રીઓ ઘરઘરને ઊંબરે ભમી આષાઢ-શ્રાવણના મેહુલાને સંબોધી ઠપકો આપવા લાગે છે કે—

આ શી તમારી ટેવ રે હો મેઘરાજા!
પેલી વીજળી રીસાઈ જાય છે
પેલી બાજરી સુકાઈ જાય છે
પેલી જારોનાં મૂલ જાય છે
હો મેઘરાજા!—આ શી૦

[કંકાવટી ભા. ૨]

તે પછી જો આપણે આખું ગ્રામ્ય સાહિત્ય ફેંદ્યાળતા જઈએ તો ઋતુઓના રસપાનનાં આટલા પ્રકારનાં **ઋતુગીતોના પ્રકારો** જૂજવાં કાવ્યો આપણુને જડી આવશે :

૧. ગોપજનોને અથવા ખેતરોમાં કામતાં શ્રમજીવીઓને લલકારવાના ઋતુને લગતા દોહા–સોરઠા : એ દોહા–સોરઠા કાં તો છુટાછવાયા, પ્રાસ્તાવિક જ હોય. જેમ કે—

અષાઢ વરસે એલીએ, ગાજવીજ ધમઘોર,
તેજી બાંધ્યા તરૂવરે, મધરા બોલે મોર.
મધરા બોલે મોર તે મીઠા
ઘણુમૂલાં સાજણુ સપનામાં દીઠાં;
કે' તમાચી સુમરો, રીસાણી ઢેલને મનાવે મોર
આષાઢ વરસે એલીએ ગાજવીજ ધમઘોર.

અથવા કોઈ લોકકથા માંહેલા હોય : જેમકે મેહ–ઊજળીના બારમાસીના દોહા :

ફાગણ મહિને ફૂલ, લાગે અત સોહામણાં,
(એનાં) મોધાં કરવા મૂલ, વળી આવો વેણુધણી !

૨. સ્ત્રીઓને ગાવાનાં ગરબા–ગીતો : એમાં પણુ કોઈ અમુક એકાદ ઋતુની ઊર્મિને પ્રગટ કરતું છૂટક ગીત હોય: જેવું કે—

કાળી કાળી વાદળીમાં વીજળી ઝબૂકે !
મેહુલો કરે ઘનઘોર,
જોને કળાયલ બોલે છે મોર !
જોને નીમાળેલ બોલે છે મોર !

અથવા તો બારે માસની ઊર્મિઓને એક જ દોરે પરોવીને ગવાતા 'મહિના' હોય : સીતાજીના મહિના, રાધાજીના મહિના તેમ જ સર્વસામાન્યને લાગુ પડતા 'મહિના' : જેવાં કે—

વાલા ! માગશરે મથુરા ભાણી રે,
મારે કરમે આ કુબજા ક્યાં મળી રે!
વાલા ! પોષે સુકાણી હું તો શોષમાં રે,
તે દિ'ની ફરું છું ઘણા રોષમાં રે.

[રઢિયાળી રાત ભા. ૩ : ગીત ૬૧]

૩. ચારણી ઋતુગીતો : એટલે કે ચારણ, રાવળ, મોતીસર કે મીર આદિ કોઈ પણ યાચક અને આશ્રિત સમુદાયના માણસે ડીંગળી ભાષામાં રચેલા ઝડઝમકિયાં કાવ્યો. એના પણ જૂજવા પ્રકાર :

(૧) રાધા–કાનના બારમાસા.

(૨) મિત્ર અથવા આશ્રયદાતાના મૃત્યુ–વિયોગના મરશિયા.

(૩) કેવલ સભારંજન માટે સીધાં ઋતુ–વર્ણનો.

એ તમામનાં દૃષ્ટાંતો આગળ આવશે.

વિરહના સૂર

સ્ત્રીઓને ગાવાના 'મહિના' ઈત્યાદિ ઘણાંખરાં ઋતુગીતોમાં વિયોગ જ ગવાયો છે. મિલનના આનંદ ઓછા જ ઊતર્યા છે. પ્રણય–આમોદનું આવું કોઈ રડ્યું ખડ્યું અને સાદું સીધું ગીતઃ

જોડે રે'જો રાજ !
કીયા રે ભાઈની ગોરી રે હો કેવી વહુ !
જોડે રે'જો રાજ !
જોડે નહિ રહું રાજ !
શિયાળાની ટાઢ પડે ને
જોડે નહિ રહું રાજ !
જોડે રે'જો રાજ !
ફૂલની પછેડીઓ સાથે રે હો લાડવે
જોડે રે'જો રાજ !

*   *   *

ઉનાળાના તાપ પડે ને
જોડે નહિ રહું રાજ !
ફૂલના વીંઝણા સાથે રે હો લાડવે
જોડે રે'જો રાજ !

* * *

ચોમાસાની ઝડીઓ પડે ને
જોડે નૈ રહું રાજ !
મોતીના મોડિયા સાથે રે હો લાડવે
જોડે રે'જો રાજ !

[ર. રા. ભા. ૨ : ગીત ૮૬]

આવું એક જ રડ્યું ખડ્યું ગીત ગુજરાતની ચરોતર બાજુએથી શોધી શકાય છે. અથવા તો—

કાળી કાળી વાદળીમાં વીજળી ઝબૂકે
મેહુલો કરે ઘનઘોર !
જોને કળાયલ બોલે છે મોર !
જોને નીમાળેલ બોલે છે મોર !

એવા વિરલાં ગીતો સિવાયનાં સર્વ ગીતો, પછી તે—

ઝીણા ઝરમર વરસે મેઘ, ભીંજે મારી ચૂંદડલી !
એવા નંદકુંવરના નેહ, ભીંજે મારી ચૂંદડલી !

એવાં શૃંગાર-ગીત હો, અથવા—

આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે,
ઝીણા ઝરમર વરસે મેહ
ગુલાબી નહિ જાવા દઉં ચાકરી રે !

[ર. રા. ૩ : ગીત ૬૮]

એવાં કરુણાર્દ્ર આક્રંદો હો; અથવા—

વા વાયા ને વાદળ ઊમટયાં,
મધ દરિયે ડુલેરા વા'ણ, મોરલી વાગે છે.

* * *

છેલ છોગાળો હોય તો મૂલવે,
ડોલરિયો દરિયાપાર, મોરલી વાગે છે.
[૨. રા. ૨ : ગીત ૫૬]

એવા 'ડોલરિયા' સ્વજનની વાટ-પ્રતીક્ષાના સ્વર હો; અથવા—

કુંજડલી રે સંદેશો અમારો
જઈ વાલમને કે'જે રે !
[૨. રા. ૨ : ગીત ૫૩]

એવાં છૂટાંછવાયાં સંદેશ-ગીતો હો; કે પછી લાંબા 'મહિના' હો; તે બધાનો રસ વિયોગની વેદનામાંથી નીપજે છે. એ જ રીતે ચારણી 'બારમાસા' ગીત-છંદો પણ કાં તો 'કાન-રાધા'ના નામના વિયોગ ગવરાવે છે અથવા તો મૂવેલા સ્નેહીના નામ પર મરશિયા હાલવે છે. એથી યે આગળ ચાલીને સાચા લોકરંગે રંગાએલા કોઈ આધુનિકોનાં ઋતુગીતો તપાસીશું તો ત્યાં પણ વિયોગ જ ગવાયો જણાશે. જેમકે કવિ ન્હાનાલાલનો—

આવ્યો આષાઢ ગાઢ આભલાં છવાયાં,
આંસુડે ચીર સૌ ભીંજાયાં સુહાગી દેવ !
એવાં શાં આળ રાજ માયા ઉતારી !
[નાના નાના રાસ : ૧]

એ અષાઢી રાસ: અથવા એમનો—

મોરી મોરી આંબલિયા કેરી ડાળ રે
એ રત આવી ને રાજ ! આવજો !

* * *

ઊભી ઊભી નિરખું છું વાટ અલબેલ રે !
એ રત આવી ને રાજ ! આવજો !
[નાના નાના રાસ : ૧]

એ વસંત–રાસ : આ બન્નેમાં જુદાઈ બોલી રહી છે.

કરુણરસનાં કારણો

આ કરુણ ભાવ તરફ ઢળવાનાં કારણો બે છે : પ્રથમ તો સૌરાષ્ટ્ર દેશની સાડા ત્રણ બાજુએ સાગર વીંટાયો હોવાથી પુષ્કળ વહાણવટાં અને વાણિજ્યનાં સાહસ ખેડવાની પ્રબલ જનપ્રકૃતિ : એ પ્રકૃતિને વશ બની વેપારીઓ અને વહાણવટીઓ હજારોની સંખ્યામાં દરિયાપાર ચાલ્યા જતા અને છેક જંગબાર, જાવા અને ચીન સુધી પહોંચી જઈ કૈક વર્ષે પાછા વળતા. બીજી મુખ્ય વસ્તી આંહી માલધારી ગોપજનોની હતી. તેઓ આ સુકી ભૂમિમાં ચારાપાણીની અછતને કારણે છેક માળવા સુધી વર્ષોવર્ષ વાંઢય લઈ ઊતરી જતા તે મે પડીને ચરણ ઉગ્યાના સંદેશ મળ્યા પછી જ પાછા ઘર તરફ વળતા. ત્રીજી મોટી લોક–સંખ્યા તે તલવારધારી કાઠી, રજપૂતો વગેરે લડાયક વર્ણોની હોઈ તેઓનું પણ લશ્કરી ચાકરીએ ઘણી વાર છેક દિલ્હી સુધી, ઓરેરું અમદાવાદ સુધી અથવા કચ્છ સિંધ તરફ ધાડાં ધીંગાણાંને કારણે ચાલ્યા જવું થતું. એ પુરુષવર્ગના પરદેશાટનના કાળમાં સ્ત્રીઓ ઘેરે એકલ જીવન ગાળતી અને ભરથારોના વિજોગની આપદા અનુભવી અનુભવી પોતાની રાત્રિદિવસની ચિંતાઓને કવિતામાં વહાવતી અથવા કોઇ અન્ય કવિને એ રચનાનો વિષય પૂરો પાડતી. આખું વાતાવરણ આ પતિપત્નીની અચોક્કસ જુદાઈના અનેક અવ્યક્ત ને પ્રબલ ભાવોથી છવાઈ જતું. વણઝારા પોઠો લઈ ને ઉપડતા, સોદાગરો ઘોડાં હાંકી નીકળી પડતા અને નવપરિણિત વધુઓ પણ ગઇ દીવાળીએ આણું વળી પિયર જતી તે છેક સામી દીવાળીએ પતિનો સંયોગ પામી શકતી. દેશાટને, ધીંગાણે અને ચાકરીએ વિચરનારા

પુરુષોના તો જીવતા પાછા વળવાની પણ ખાત્રી નહોતી. એટલે એક બાજુ આ કરુણ મનોદશા તૈયાર હતી, ને બીજી બાજુ ઋતુએ ઋતુની રૂપ રસ ગંધ સ્પર્શ ને શ્રવણવાળી પંચવિધ ખિલાવટ એટલી સબલ, સુંદર, મીઠી અને સુખાવહ થતી હતી કે એ સુખમાં ભાગ ન લઈ શકનાર જીવન–સાથી વધુ તીવ્રપણે સાંભરી આવતો.

આ સ્થાનિક વાતાવરણને અનુકૂલ બની જાય તેવું કાવ્ય–કલેવર પણ તૈયાર હતું–ને તે હતું રાધાકૃષ્ણની વિરહવેદના વહતું 'બારમાસી'નું ગાન. એ ગીતો રચવા ગાવાની તો રૂઢી જ ચાલી આવતી હતી અને 'રાધાજીના મહિના'નો રૂઢીપ્રચાર આખા ભરતખંડમાં થએલો હતો. એ રૂઢીને વશ બની જૈન સાધુકવિઓએ 'નેમી–રાજુલ' નામનાં પોતાનાં પુરાણનાં બે પાત્રોનો વિચ્છેદ પણ "મહિના"ના રૂપમાં રચ્યો, સીતાજીના પણ મહિના રચાયા, અને પછી તો સામાન્ય વર્ગની ઊર્મિઓ વહેવા માટે પણ એ જ ખોળિયું બંધ બેસતું બની ગયું.

વર્ષાઋતુનું પ્રાધાન્ય

છએ ઋતુમાં વધુ તીવ્રતા પ્રગટાવી છે વરસાદની ઋતુએ : શું દોહામાં, શું છુટાછવાયાં ગરબા–ગીતોમાં, શું બાલ–જોડકણાંમાં કે શું ચારણી કાવ્યોમાં, ચોમાસાના સંબોધન–સૂર સવિશેષ વેધક છે. દુહાના ક્ષેત્રમાં જોઈશું તો ઉનાળાશિયાળાનાં ઉલ્લેખ ભાગ્યે જ હાથ આવશે. પરંતુ ચાતુર્માસ તો ઠેકાણે ઠેકાણે ગવાયા છે. અરે ઉપમાઓ પણ એજ ઋતુમાંથી ખેંચાઈ છે–

આભમરે અષાઢ, ખરાડ નો હોય ખીમરા !

[ધૂમલીના રાજાનો આશ્રય યાચતો ચારણ કહે છે, કે હે ખીમાજી ! તારા પહાડ–શિખરે તે કદી ઉદારતાનો આષાઢ અણવરસ્યો રહે ?]

* * *

કાટે મોર કણુકીઆ, વાદળ ચમકી બીજ,
રૂદાને રાણો સંભર્યો, આઇ અષાઢી બીજ.

એમ રાણા–કુંવરની કથામાં [રસધાર : ધારા ૫ : પા. ૧૫૬] જડશે. પછી—?

ઉત્તર શેડ્યુ' કઢિયું, ડુંગર ડમ્મરિયા,
હૈડો તલફે મચ્છ જ્યું, સજણ સંભારિયાં.

એ રીતે હોથલ–ઓઢાની કથામાં [રસધાર : ૪ : પા. ૭૬] સ્વજન–સ્મરણ જગાવે છે : એ જ પ્રમાણે

વરસ વળ્યાં વાદળ વળ્યાં, ધરતી નીલાણી
એક વીજાણંદને કારણે શેણી સુકાણી.

એ શેણી–વીજાણંદની કથામાં પણ [રસધાર : ધારા ૫] ફરી મિલનની વાટ જોવાનો સમય વર્ષારંભે જ પસંદ થયો છે. એવા એવા નિર્મલ અને ઉન્નત પ્રસંગોની સાથે વળી કોઈ કોઈ વાર—

વિજલી તું નિરલજ થઈ, મેવલા તું ય ન લાજ,
મારો ઠાકર ઘર નહિ, મધરો મધરો ગાજ !

આવાં પ્રાસંગિક શૃંગાર–સંબોધનો પણ વર્ષાની જ અસર વ્યક્ત કરે છે. 'મહિના'નાં સ્ત્રીગીતોમાં પણ સહુથી વધુ જોરદાર પંક્તિઓ ચાતુર્માસની જ હોય છે:

અષાઢે અંદ્ર ઘણા વરસે,
નદી નાળાં છલોછલ ઊભરશે.
વા'લો મારો કેમ કરી ઊતરશે !
આવો હરિ રાસ રમો વાલા !
[રઢિયાળી રાત : ૩ : ગીત ૬૪]

અથવા—

ભા'દરવો ભલ ગાજિયો ને ગાજ્યા વરસે મેહ
હું રે ભીંજાઉં ઘર આંગણે ને મારા પિયુ ભીંજાય પરદેશ
કે આણાં મોકલને મોરાર !
[ર. રા. ૩ : ગીત ૬૭]

એવી ટુંકો આપણને બીજી ઋતુઓનાં વર્ણનમાં ભાગ્યે જ સાંપડશે. ચારણી ભાષાના મરશિયા પણ ઘણે ભાગે અષાઢ માસથી જ આરંભાય છે. આમ ઋતુગીતોના લોક-સાહિત્યમાં ચોમાસું અગ્રપદે હોવાનું કારણ શું ?

થોડુંક કારણ સૌરાષ્ટ્રની ભૌગોલિક સ્થિતિમાંથી જડે છે. સૌરાષ્ટ્ર દેશ કાશ્મીર અથવા બંગાળ શો હરિયાળો ને નીરભર્યો નથી. આંહી અખંડ વ્હેનવાળી મોટી નદીઓ નથી, કુંજનિકુંજો નથી, હિલોળા મારતાં સરોવરો નથી. આ તો પાંખાં પાંખાં ઝાડપાંદ અને આછા આછા ઘાસચારાની પહાડી ભોમ છે. આંહી વસંતે કોળનારી ને નવપલ્લવિત બનનારી વનશ્રી નથી. ગ્રીષ્મમાં શીળા મધુરા વાયરા ઢોળનારી લકુંબ ઝકુંબ વનસ્પતિ કોઈ કોઈ સ્થળ સિવાય ક્યાં યે નથી. ઊભા ઊભા નિર્જળા ડુંગરા તપે અને સપાટ મેદાનો ઉપર ઝાંઝવાં સળગે. ભૂમિ વસવા લાયક બને છે કેવળ ચાતુર્માસમાં. ચોમાસું સૌંદર્ય અને સંપત્તિ બન્ને નીપજાવે. ગોવાળીઆનાં ગૌચરણ ને ખેડુતોનાં કણ ચોમાસે જ નીપજે. ખેતરોના ને ડુંગરાના વન-કિલ્લોલ ચોમાસે જ જામે. બપૈયા ને મોરલાની પણ મઝા વર્ષામાં જામી પડે. પ્રવાસીઓ આશાભર્યા પાછા પણ ચોમાસામાં જ વળે. મેળા, તહેવારો, ઉત્સવો વગેરે પણ ત્યારે જ અનુકૂલ બને. ગરીબ શ્રમજીવીઓને તેમજ ખેડૂતોને શાહુકારો અનાજ પણ ચોમાસું જોઈને જ ધીરે. આકાશના રંગો પણ ચોમાસે જ અલૌકિક શોભાના સાથિયા પૂરે. અને પહાડી મુલકના સંગ્રામપ્રેમી નિવાસીઓને તો આ વાદળાંની ઘૂમાઘૂમ, કડાકા, ગર્જના, વીજળીના સબકારા, પાણીના પ્રચંડ પછડાટા ને નદીઓનાં ધસમસતાં પૂર ઈત્યાદિ થકી કોઈ યુદ્ધલીલાની જમાવટ કરતી આ વર્ષા જ વધુ વ્હાલી થઈ પડે એ યથાર્થ છે. માટે જ વર્ષાના સૂર પ્રબલ અને પ્રમત્ત વાણીમાં નીતર્યા છે.

પરંતુ કેવળ સૌરાષ્ટ્રના સાહિત્યમાં અથવા લોકસાહિત્યમાં જ વર્ષાઋતુ અગ્રપદે દીપે છે એમ નથી. આખા યે ભારતવર્ષની એ ખાસીઅત છે. કારણ એ છે કે શરદ્, હેમન્ત, શિશિર અને ગ્રીષ્મ જેવી અન્ય ઋતુઓ તો કશા મહાન પરિવર્તન વિના એકબીજીની અંદર શાંતિથી સરી જાય છે, જ્યારે વર્ષાઋતુ તો પ્રચંડ પરિવર્તનની ઋતુ છે. એનું આગમન કોઈ દિગ્વિજયી રાજેશ્વરીના આગમન સરીખું છે. ઘડીમાં સોનેરી તડકે તપતો તેજોમય ઉઘાડ, તો ઘડીમાં કાળો ઘોર મેઘાડમ્બર : ઘડીમાં સૂકી ધરતી, તો ઘડી પછી ધોધમાર વહેતાં પાણી : નિષ્કલંક નીલ આકાશના અંતઃકરણ પર ઓચીંતી વાદળીઓ અને વીજળીઓનો ઉન્મત્ત ઝાકમઝોળ નાટારંભ : મૃગજળે સળગતાં મેદાનો પર વળતી જ પ્રભાતે રેશમ સમાં તરણાંની લીલી લીલી તૃણ–ચૂંદડીનું આચ્છાદનઃ એ સર્વ દૃશ્યો વર્ષાને મહાન પરિવર્તનની ઋતુ બનાવે છે. અન્ય ઋતુઓને એક જ જાતની સાંગોપાંગ સંપત્તિઃ કાં ટાઢ ને કાં તાપ; પણ વર્ષા તો સૌમ્ય તેમ જ રૌદ્ર બન્ને સ્વરૂપે શોભીતી : ક્યાંઈક મરક મરક મુખ મલકાવતી તો ક્યાંઈક ખડખડ હસતી : ક્યાંઈક જંપીને વિચારમગ્ન બેઠેલી તો ક્યાંઈક ચીસો ને પછાડા મારી વિલાપ કરતી : ક્યાંઈક મેઘધનુષ્યના દુપટ્ટા ઝુલાવતી તો ક્યાંઈક કાળાં ઘન–ઓઢણાંના ચીરેચીરા કરીને પવનમાં ફરકાવતી : આ બધું આપણા દેહપ્રાણને હલમલાવી નાખે ને આપણા ભીતરમાં પોતાની મસ્તીના પડઘા જગાવે. એના આઘાત અગોચર ન રહી શકે. વસંતની રાતી કુંપળો તો કોઈ ઝીણી નજરે જોનારો જ જોઈ શકે; ઉનાળાનો તાપ એક જ સરખો અને નિઃશબ્દે નિરંતર તપ્યા કરે; શિયાળાની શીત પણ મૂંગી ને ઊર્મિ-હીન કો’ સાધ્વી શી સૂસવે; વર્ષાનું સ્વરૂપ એવું નથી. એ તો જોનાર કે ન જોનાર સર્વેને હચમચાવી મૂકે. માટે જ સંસ્કૃત સાહિત્યમાં પણ ‘મેઘદૂત’ જેવું કાવ્ય ‘આષાઢસ્ય પ્રથમ દિવસે’થી મંડાયું છે.

અલકાપુરીનો પ્રિયાવિયોગી યક્ષ અન્ય ઋતુઓ તો ખાસ કશી અસર વિના વટાવી ગયો, પરંતુ આષાઢના પ્રથમ દિવસે પ્રકૃતિનું જે સંક્ષુબ્ધ સ્વરૂપ એણે નિહાળ્યું, તેણે એના અંતરમાં ઘરનાં સ્મરણો જગાવ્યાં, ઊર્મિનું ઉદ્દીપન કર્યું ને કાવ્ય ખળખળાવ્યું. સૌરાષ્ટ્રમાં એ ખળખળાટ વધુ વેગીલો અને વધુ મસ્ત હોય તો તેનું કારણ છે સોરઠી પ્રજાની આવેશભરી, કલ્પનાભરી ને કાવ્યરસભરી પ્રકૃતિ. આંહીં તો કનડાના ડુંગર પર ઓઢાની સંગે હોથલ સમી રસિકા સ્ત્રી હતી ને બે કિશોર બાલકો હતા, છતાં યે ઓઢો 'ઉત્તર શેડયું કઢિયું' નિહાળીને પોતાનું વતન કચ્છ સાંભરતાં રડયો હતો—એટલું બધું રડયો હતો કે

'છીપર ભીંજાણી છક હુવો. ત્રંબક હુઇ ન્યાં નેણ.'

એ જયાં બેઠો હતો તે શિલા આખી આંસુડે ભીંજાઈ ગઈ, ને નયનો ત્રાંબાવરણાં બની ગયાં. વતનમાં ગયા વગર પોતે ન જ રહી શકયો. એટલું આ ભૂમિનાં લોકો પર વર્ષાનું પ્રાબલ્ય હતું.

ચારણી કાવ્યોની સામગ્રી

'ઋતુગીતો' નામના મારા સંપાદિત સંગ્રહમાં સંઘરેલાં આઠ લાંબાં ચારણી ઋતુગીતો અતિ પ્રાચીન નથી, માત્ર છેલ્લાં બસો વર્ષ લગભગમાં નીપજેલી જૂનામાં જૂનીથી માંડી છેક જ આધુનિક ગણાય તેવી વાનગીઓ આ આઠની અંદર સમાઈ જાય છે. એટલે ઉત્પત્તિના સમયની દૃષ્ટિએ અતિ પુરાતન ન હોવા છતાં રચના-શૈલી અથવા ભાષા-બંધારણ ને ભાવ-ગૂંથણીની દૃષ્ટિએ આમાંનાં જૂનાં ગીત નિઃશંક પ્રાચીનતાનું પ્રતિનિધિત્વ કરી શકે તેવાં ગણાય. 'સકજ સાંગણ સંભરે' (ઋતુગીતોઃ પા. ૪૩) એ છંદને આપણે પુરાતન હમછબનો લેખી શકીએ. કવિ શ્રી. પીંગળશીભાઈનો 'ગોકુલ આવો ગિરધારી' છંદ સમયને તેમજ સમયની અસરોને હિસાબે નવીન છે. ગીગા બારોટનું 'ઋતુ-શોભા' (ઋતુગીતોઃ પૃષ્ઠ ૫૪) નામે ત્રણ ખંડવાળું ગીત, સમયની

દૃષ્ટિએ પચાસ વર્ષની અંદરનું હોવા છતાં ભાષાનું શુદ્ધ ડીંગળીપણું જાળવી રાખતું હોઈ તદ્દન આધુનિક નથી. એટલે આ હિસાબે આઠે ગીતોના ઝૂમખાને ચારણી ઋતુવાણીના પ્રતિનિધિ સ્વરૂપે સ્વીકારી લઈ આપણે એમાંથી તરી આવતાં તત્ત્વોને ચારણી કાવ્યનાં સાચાં પ્રતિનિધિ લક્ષણો તરીકે ઓળખાવી શકીએ.

એમાં વિષયો કયા કયા ગુંથાયા છે? એમાં વિરહ–કાવ્યનું તો કેવળ કલેવર જ વપરાયું છે, બાકી એ વિરહના ઉછાળા મારતી આત્મલક્ષી કવિતા છે જ નહિ. એ તો છે વર્ણનાત્મક, અથવા ઋતુ–સુખની ઊર્મિઓ પ્રેરનારી કવિતા. હું તો એને Descriptive poetry (વર્ણનાત્મક કવિતા) જ કહીશ. પ્રધાનભાવે એમાં ઊર્મિનું તત્ત્વ પણ નથી. ચારણો વ્યવહારકુશલ કવિઓ હતા. તેઓ કોઈ એક જ ભાવમાં આત્મનિમજ્જન નહોતા અનુભવતા. તેઓ કલાના સભાન સૃજન તરફ વિશેષ ઢળતા. તેથી કરીને પોતાની ઋતુ–કવિતામાં તેઓએ કેટલી ભાતનો સંભાર ભર્યો?

૧. પ્રકૃતિની શોભા : વાદળ, વનસ્પતિ, પશુપંખી વગેરેની રમતો : રંગ, રસ, ગંધ, શ્રવણ ને સ્પર્શની લીલાઓ.

૨. માનવીનાં સાજશણગારો, વારતહેવારો, વ્રતોત્સવો ને લગ્ન ઈત્યાદિ મંગલ પ્રસંગો દ્વારા પ્રકટ થતાં ઋતુ–પ્રભાવ અને ઋતુના ઉપભોગ.

૩. પશુઓ, મનુષ્યો વગેરેનાં શરીરો પર ઋતુ–પલટા થકી થતી સ્થૂલ અસરો.

૪. ભૌતિક જગતમાં થતા ફેરફારો.

આ ચારે તત્ત્વોને તેઓએ કાંઈ પદ્ધતિસર પકડીને કવિતામાં નિયમ તરીકે ગોઠવ્યાં નથી, પરંતુ જ્યાં જ્યાં જે જે સૂઝયું ત્યાં ત્યાં એ બધાની ગૂંથણી એમણે કરી કાઢી છે. કોઈ મહિનાના વર્ણનમાં એમાંનું

એક જ હશે, કોઈમાં વત્તાં ઓછાં એકથી વધુ હશે, તો કોઈમાં નરી વિરહોર્મિ જ હશે. હવે આપણે દૃષ્ટાંત લઈને દરેકને સમજીએ ;

૧. કોઈ પણ કાવ્યમાંથી શ્રાવણની, વૈશાખની કે ફાગણની કડી ઉઠાવો, એટલે પ્રકૃતિ–શોભાનાં મસ્ત વર્ણનો નીકળી પડશે. જુઓ :

મધુ—કુંજ ફહેરે, અંબ મહેરે, મહક દહેરે મંજરાં,
કોકિલ કહેરે, શબ્દ સહેરે, કુંજ લહેરે મધુકરાં.
સર કુસુમ બહેરે, ઉર ન સહેરે, પ્રીત ઠહેરે પદમણી,
રઢ રાણ હિમ્મત વધ્યે અણુ રત, ધરણ સર માતર–ધાણી !

એ વસંત–ગ્રીષ્મની મહેક મહેક થાતી રસ–સમૃદ્ધિ [ઋતુગીતોઃ પા. ૪૧] અને હવે

આષાઢ ઉચારં, મેઘ મલારં;
બની બહારં જલધારં;
દાદુર ડકારં, મયુર પુકારં
તડિતા તારં વિસ્તારં;
ના લહી સંભારં, પ્યાસ અપારં
નંદકુમારં નીરખ્યારી
કહે રાધે પ્યારી, હું બલિહારી,
ગોકુલ આવો ગિરધારી !

[ઋતુગીતોઃ પા. ૨૩]

એ આષાઢનું આધુનિક પ્રકૃતિ–વર્ણન. એથી વધુ કાવ્યમય, એટલે કે ઉપમા વડે શોભીતું શુદ્ધ ડીંગળી વર્ણન :

[મુક્તધારાને મળતો છંદ]

ઝળકે વીજળી વળી ભળકે ઘટામાં વેગે
ઝળકે પ્રભાકે જાણી હરિવાળા જાગ;
પૂરીયાં ધનુષાં મેઘરાજ વાળાં લીલાં પીળાં
આભરો માંડવો લાગો શોભાવા અથાગ.

એવી જ લાક્ષણિક અને નવયુગી લાગતી ઉપમા આંહીં જોવાય છે :

હદાવાળા ત્રાહે પાળાં સરિતાં જોરમાં હાલે
પાણીવાળા ખળકારા એક ધાર પાઢ;
લોઢરા ધૂઘવા જાણે ગીતરા ઝકોળા વાગા
સાગરા-મંડપે હાલ્યા જાનરા સમાઢ.

[ઋતુગીતો : પા. ૫૫]

અર્થ—ધુધવાટા કરતાં નદીઓનાં પૂરના લોઢ (મોજાં) જાણે ગીત ગાતું સાજન-મંડળ સાગરને મંડપે જતું હોય તેવાં જણાયાં.

૨. હવે આપણે માનવીઓના સાજશણગાર, વ્રતોઉત્સવો, લગ્નાદિ આનંદ મંગલના અવસરોનો ઉલ્લેખ તપાસીએ; આનંદનું સાદામાં સાદું સ્વરૂપ આ રહ્યું:

રીઅણ લીલાણી ભાળી પશુપંખી થીયાં રાજી
નરાં માલધારી મોઢે વધ્યાં ઝાઝાં નૂર.

ચાતુર્માસમાં લીલી પૃથ્વી રીઅણ નિહાળી પશુપાલકોને મુખે નૂર વધ્યાં. પછી બીજા ગીતમાંથી શણગારવર્ણન ઉપાડીએ :

શ્રાવણે સારાં, ઝરે ઝારાં, કે કતારાં કામની
પહેરી પટોળાં, રંગ ચોળાં, ભમે ટોળાં ભામની;
શણગાર સજીએં, રૂપ રજીએં, ભૂલ લજીએં ભાનને;
ભરપૂર જોબનમાંય ભામન કહે રાધા કાનને !

[ઋતુગીતો : પા. ૩]

કામિનીઓની કૈક કતારો રાતાંચોળ રંગનાં પટોળાં પહેરીને શ્રાવણમાં શોભે છે. શણગાર તો ખરા : પણ ઋતુને અનુરૂપ : નીલામ્બરો : એવી પણ કોઈ કોઈ કવિની કલ્પના આલેખાએલી જુઓ :

આષાઢ આયા, મન ભાયા, રંક રાયા રાજીએ
કામની નીલા પેર્યં કચવા, સઘણુરા દિન સાજીએ.
[ઋતુગીતો : પા. ૨૭]

ઉત્સવો જોઈએ. જુદાં જુદાં ગીતોમાં માહ માસે વિવાહનો ઉલ્લેખ :

વીમાહ થે બળરાહવાળા, ગહક સોળા ગાવીએ.

*   *   *

ગઢ ઢોલ ગામોગામ ગહમહ, કોડ જગ વીવા કરે.

*   *   *

માહ મહિના આયે, લગન લખાયે
મંગળ ગાયે, રંગ છાયે.

*   *   *

શિશિર–વસંતે ફાગણમાં શું? હોરી–ખેલ : વસંતોત્સવ વર્ણવાયો :

શરિયર સુહાવે, રંગ છાવે, હુલસ ગાવે હોરિયાં,
ફગવા મગાવે, રમત ફાવે, ગમત ભાવે ગોરિયાં;
બાજે બજાવે, ચરિત ચ્હાવે, બસંત દરસાવે બણી,
રઢરાણ હિમ્મત ! બજયે અણ રત, ધરણ સર માતર–ધણી !
[ઋતુગીતો : પા. ૪૦]

એ પદલાલિત્યનો ઉચ્ચ નમૂનો: એથી ઓછાં ડોલનવાળી અને ઊતરતી કલાવાળી જુનવાણી શૈલી કેવે શબ્દે વર્ણવે ?

ગાઈજે ફાગણ ફાગ ગાણાં, ખરે કેશુય ખખ્ખરં
ગલઆલતેં લેરમેં ગઢપત, સજે હોળીય સખ્ખરં.
[પા. ૪૪]

[ફાગણમાં ફાગ–ગાણાં ગાય છે. ખાખરાનાં કેસુડાં ફૂલ ખરે છે, ગલાલથી ગઢપતિઓ લહેરમાં રમે છે, ને હોળીનો ગંજ ખડકાય છે.

આષાઢ શ્રાવણમાં નહાવાનાં પૂણ્ય: ભાદરવામાં શ્રાદ્ધના દિનોનું, કાગડાને પોષવાનું પૂણ્ય: આસોમાં નવરાત્રિના ગરબા–નૃત્ય અને અમ્બિકાની પૂજા:

નોરતારી રમે નારી ગરબારી મળી નત્યો
વળી પુંજ અંબકારી કરેવા વિશેષ

દિવાળીના દીપધૂપ, કાળી ચતુર્દશીનાં નૈવેદ્ય ને ભૂતપ્રેતાદિનાં મંત્રાહ્વાન: કાર્તિકમાં અન્નકોટ: પોષમાં–

તિલ દાન દેવા લાગા, પોષ માસ આયા ત્રઠે
ખીસરારે દને મચ્ચા ભોજને ખીસાણ.

એવું મકરસંક્રાંતિ (ખીસર)નું તલનું દાન ને ભોજન–દાન નોંધાયું. એવા વ્રતોત્સવો ને તહેવારોનાં છૂટાંછવાયાં ગૂંથણ આ ઋતુકવિતાઓમાં પડેલાં છે. એ લોકજીવનની સામગ્રીઓ હતી તેથી તેની નોંધ રાખવાનું કામ કવિતાનું થઈ પડયું હતું.

૩. માનવી અને પશુજગત પર થતી કઈ કઈ અસરો આ કવિઓએ લક્ષ્યમાં લીધી છે? જેવી કે કાર્તિકમાં ગાયો ભેંસોનાં દૂધ ધાટાં બને, જઠરાગ્નિ પ્રગટે. પોષમાં–

ઊલટે ઓતર પોસ આયા, કામ પ્રગટે કામણી

કામિનીઓને કામ પ્રગટે; અથવા–

મદમસ્ત હસ્તી કલા મેમંત, ત્રિયા મદછક દે ટલા

હાથીઓ, ઊંટો (કલા=કરલિયા) અને સ્ત્રીઓ મદમસ્ત બની ઘૂમે છે, વળી ઠંડી વધુ ઉગ્ર હોય તો અંગ પર કસ્તુરીના લેપ કરે:

કર લેપ ચંગં, મદ કુરંગં, કંત સંગં કામણી.

નિર્ધનોને નિશા વસમી લાગે : ભૂપાળો અંગ પર ઊનનાં વસ્ત્ર પહેરે, સાહેબ લોકો શગડીએ તાપે : વાંદરા ડુંગરાની ગાળીમાં પેસી જાય : વૈશાખમાં તાપ ન સહાયાથી કેસર-ચંદનના લેપ કરે : જેઠ માસમાં ક્ષીણ થઈ ગયેલા ઘોડાને ઘી વેઢવું (પાવું) પડે : અને એ દિવસો તો રાય રંક સર્વને કઠિન થઈ પડે :

જગ જેઠરા દન કઠણ જાણ્યાં, રાવ રાણા રાજીએ.

ઝીણાં પટકૂળો પહેરાય, બાગો બનાવાય, હોજમાં નિર્મળ શીતળ નીર ભરાય : પાણી વિના સર્પોને પવન ભક્ષી જીવવું પડે : એવા એવા ઋતુપ્રભાવ કાવ્યમાં વર્ણવાયા છે.

૪. આસોમાં છીપોની અંદર મોતી બંધાય : શરદ્પૂર્ણિમાનો ચંદ્ર સૌથી વધુ ઊજળો બને : માગશરમાં સૂર્ય દક્ષિણ દિશા ત્યજી ઉત્તર તરફ ઢળે : પોષમાં પવન દિશા પલટે ને પાણી થીજી જાય, ઝાકળનાં ઝરણાં થકી ચણા, તલ અને ઘઉં પાકે, કૂવાનાં પાણી તપી જાય, નવાણોનાં નીર ઉંડાણે ઊતરે : ફાગણમાં પવન ફરકે, આંબા મહુડાં ને ખાખરા મહોરે : ચૈત્ર વૈશાખમાં વન નવેસર કોળે, આકાશમાં રજની ડમરી ચડે, વનફળ પાકે; ભરણી નક્ષત્રમાં 'દનિયાં' (દિવસો) તપે : બીજ અને અખાત્રીજને દિવસે પૃથ્વીનાં પડો નીચે ઉપરની બાફ થકી પાણી ઊભરાતાં વૃક્ષોને નવું પોષણ પહોંચેઃ સૂર્ય પૃથ્વી પર લાંબો સમય ટકે : દિવસ લાંબા ને રાત ટૂંકી થાય : પવન જોરથી ફૂંકે (વાવલાં વાય) : જેઠમાં જળ ગભરાઈ બફાઈ જાય, આદ્રા નક્ષત્રમાં ઘોર ઘનઘટા થાય, ચારથરાં વાદળાં વળે, પૃથ્વી વ્યાકૂળ બને, ભોજન ભાવે નહિ, પાણીના પ્રવાહ ત્રૂટે ! આષાઢમાં અત્યંત બફારો ખમવો પડે.

લગભગ આટલાં ઋતુલક્ષણો અને અસરોથી જ ચારણી કવિઓની નિરીક્ષણ-સીમા બંધાઈ જાય છે. આ ઉપરાંતની વિશિષ્ટતાઓ તેઓની

દૃષ્ટિએ ચડી નથી. તેમ કશી વ્યવસ્થિત ગૂંથણી પણ તેઓએ નથી કરી. ઉત્તરોત્તર એની એ જ સામગ્રીને કવિઓએ ભિન્ન ભિન્ન શબ્દ–રચના કરીને વાપરી છે. એક ને એક જ ચીલે તેઓ ચાલતા આવ્યા છે. ઋતુ-ઓનાં સવિશેષ પરિવર્તનોની નોંધ કરી નથી. કેમકે તેઓનું ધ્યાન વાચાની પટુતા પર વધુ ચોંટયું રહ્યું હતું. એકની એક વસ્તુ એકબીજાથી વધુ લાલિત્ય અને ચમત્કૃતિ સાથે આલેખવાની સરસાઈ ચાલતી હતી. 'નવી કલ્પનાઓ ને નવી વિગતો લાવો!' એમ કહેનાર કોઈ નહોતું. એટલે જ કેટલાંક ગીતોમાં ઘણુંખરું તો ઋતુ–લક્ષણનો સહેજ ઇસારો પતાવીને પછી કેવળ ઊર્મિની જમાવટમાં જ ઊતરી પડાય છેઃ દૃષ્ટાંત તરીકે

પોષે પછતાઈ, શિશિર સુહાઈ
  થંડ લગાઇ સરશાઈ,
મનમથ મુરઝાઈ, રીયો ન જાઈ
  બ્રજ દુઃખદાઈ વરતાઈ;
શું કહું સમજાઈ, વેદ વતાઈ
  નહિ જુદાઈ નરનારી.
કહે રાધે પ્યારી, હું બલિહારી,
  ગોકુલ આવો ગિરધારી!

[ઋતુગીતો : પા. ૨૦]

ચારણી ઋતુકાવ્યનું નિશાન

તમામ કાવ્યોનું હોય તેમ આ કાવ્યનું પણ અંતિમ નિશાન તો શ્રોતાઓને ઋતુઓની જૂજવી રમ્યતાઓમાં રમમાણ કરાવવાનું, માનવીના અંતઃકરણમાં કુદરતનાં સૌંદર્ય–ઝરણાં ઢાલવી એની રસિકતાને એટલે અંશે પાપથી પરાઙ્મુખ અને ઈશ્વરી કૃતિઓની અભિમુખ કરવાનું હતું. પરંતુ એની મુશ્કેલી બે પ્રકારની હતીઃ એને તો શ્રોતામંડળ ઉપર દાયરાની બેઠકમાં જ બેઠે બેઠ, તત્કાળ અને તીવ્રપણે એ પ્રભાવ છાંટવાનો હતો. એ સાહિત્ય લખાઈને અથવા

છપાઈને મનનપૂર્વક વાંચવા વિચારવાની વેળા કે સ્થિતિ જ નહોતી. હવે આ તાત્કાલિક ચોટ લગાવવા માટે ચારણી કવિતાને તો સંગીતની યે સહાય નહોતી. આલાપ, પલટા, રાગ, રાગિણી, વાજિંત્રની મદદ, કશું જ નહોતું. કેવળ પોતાની શબ્દરચના પર જ એને ઝૂઝવું પડતું; નાદવૈભવ નિપજાવવાની જરૂર હતી એટલે એ નાદની ગતિમાં જેટલી બને તેટલી વિવિધતા આણવા માટે આ લોકોને અનુપ્રાસ તથા વર્ણસગાઈ એ બે વાતનાં બળ કેળવવાં પડયાં. એ અનુપ્રાસ તે કેટલી હદ સુધી? સંસ્કૃત ઋતુકાવ્ય કશાં યે નખરાં કર્યા વગર—

प्रचण्डसूर्यः स्पृहणीयचंद्रमा
सदावगाहक्षमवारिसंचयः ।
दिनान्तरम्योऽभ्युपशान्तमन्मथः
निदाघकालोऽयमुपागतः प्रिये ॥
[ऋतुसंहारम्]

આવી રીતે કેવળ 'વંશસ્થ' વૃત્તનો માત્રામેળ જાળવીને પ્રાસાનુપ્રાસની રંચ માત્ર પરવા કર્યા વગર ચાલ્યું જાય. કેમકે એને સૂતેલી મૂઢ મેદની ઉપર રસની તાત્કાલિક અંજલિ છાંટવી નથી. પરંતુ ચારણી કવિને તો એનો એ જ ભાવ—

વૈશાખે વદળ, પવન અપ્રબ્બળ,
અનળ પ્રગટ થળ તપતિ અંત;
સોહત કુસુમાવળ, ચંદન શીતળ,
હુઇ નદિયાં જળ મંદ ગતિ;
કીનો હમસેં છળ, આપ અકળ કળ!
નહિ અબળા બળ બતવારી,
કહે રાધે પ્યારી હું બલિહારી,
ગોકુલ આવો ગિરધારી!

એમ અકેકેક ટુંકમાં નવ અથવા બાર અનુપ્રાસો મેળવી, અકેકેક પંક્તિને ત્રણ ત્રણ અનુપ્રાસની ઘડી પાડી, કોઈ પડઘમ વાજાના ગતિગીતની માફક શ્રોતાજનોના પચીસ પચીસ અણઘડ વા અધઘડયાં હૈયાંને એકસામટા થડકારા લેવરાવવાના હતા. એટલા માટે જ ચારણી કાવ્યના સાદા હરિગીતને પણ અનેક ભિન્ન ભિન્ન અનુપ્રાસોનાં બંધનો આપી નવનવા છંદો રૂપે જન–હૃદયને હરતો બનાવ્યો છે: દાખલા તરીકે સારસી છંદ લઈએ :

શશિયર સુહાવે, રંગ છાવે, હુલસ ગાવે હોરિયાં
ફગવા મગાવે, રમત ફાવે ગમત ભાવે ગોરિયાં;
બાજે બજાવે, ચરિત ચ્હાવે, બસંત દરસાવે બણી
રઢરાણ હિંમત ! વછયે આણ રત, ધરણસર માતરધણી !

અથવા જુદા પ્રાસાનુપ્રાસ વાળો એ છંદનો બીજો નમૂનો જુઓ !

ચૈતરે સ્વામી ! ગરૂડગામી ! અંત્રજામી ! આવીએં,
ધર ગીરધારણ ! કંસમારણ ! ધેનચારણ ! ધાઈએં;
બળભદ્ર બાળા ! છોગલાળા ! વારી કાના ! વાનને,
ભરપૂર જોબનમાંય ભામન કહે રાધા કાનને.

બન્ને છંદોનું માપ જોશું તો હરિગીતનું છે. છતાં અનુપ્રાસને હિસાબે બન્ને જુદા છે. પહેલામાં નવ નવ મોરાં મળે : બીજામાં પ્રત્યેક પંક્તિમાં ભિન્ન ભિન્ન જાતનાં ત્રણ ત્રણ મોરાં મળે : એ અનુપ્રાસને ચારણી ભાષામાં 'મોરાં મળવાં' એ પ્રયોગથી ઓળખવામાં આવે છે. અથવા મોરાં બહુ ન મેળવાયાં હોય એવું એક બીજું દૃષ્ટાંત લઈએ:

અંબા મોરિયા જી ! કે કેસુ કોરિયા
ચિત્ત ચકોરિયા જી ! કે ફાગણ ફોરિયા.

ફોરિયા ફાગણ, પવન ફરહર, મહુ અંબા મોરિયા,
ઘણ રાગ ગાવે ફાગ ઘરઘર, ઝૂટે પલ્લવ જોરિયા;

ગલ્લાલ ઝોળી, રમત હોળી. રંગ ગોપ રમાવણાં
આખંત રાધા, નેહબાધા, વ્રજ્જ માધા આવણાં!
[પા. ૧૫]

આ છંદ પણ હરિગીતમાંથી ઘડયો. બનાવ્યો ગજગતિ છંદ. હાથીની ઝૂલણ-ઝૂલણ ગતિના તાલ આ છંદના ડોલનમાં ઉતારવાનો યત્ન થયો. અને અનુપ્રાસોનો અભાવ સ્વાભાવિક વર્ણસગાઈથી પૂરવામાં આવ્યો. જુઓ દરેક પંક્તિમાં 'ફ', 'ર', 'ગ' વગેરે વર્ણો ભિન્ન ભિન્ન પુષ્પો પર બેસતાં પતંગીઆની માફક સાહજ્યપૂર્વક પોતાનાં સ્થાન બદલતા જાય છે અને આ છંદની ગજરાજ શી વિક્રમશીલ ગતિ ઘડે છે.

આ બધાં બંધનોથી ચારણી કાવ્યવાણીને જોઈતી virility—શૌર્યવંત નાદશક્તિ પ્રાપ્ત થાય છે. એ નાદના સામર્થ્ય વિના ચારણી કાવ્ય ભુજબળ વિનાના યોદ્ધા જેવું નમાલું ને નિરર્થક નીવડે છે. એટલે કંઠસ્થ કવિતાને આટલાં બધાં બંધનોની વચ્ચે રહીને પછી જ કાવ્યનો વિષય જમાવવો રહ્યો. આ કારણે કાવ્યની સામગ્રી કદાચ બહોળી ન વસાવી શકાય, કલ્પનાનાં ઉડ્ડયનો ઘણુંખરું થોડેક ઊંચેથી જ અટકી પડે, પુનરુક્તિ કર્યા વિના ચાલી શકે જ નહિ, શબ્દની ભભક પ્રધાનપદ ભોગવે—એ બધું દેખીતું જ છે. તેમ છતાં પણ આપણે આગળ તપાસી ગયા તે રીતે આ કવિતામાં બની શકે તેટલો ઋતુપરિચયનો સંભાર ભરવાની ખંત રાખવામાં આવી છે.

પરંતુ આ બધી શું નાદપ્રધાન કાવ્યની અસાધ્ય અને અનિવાર્ય ત્રુટીઓ છે ખરી? નાદ અને શબ્દઝમકની સાથે ભારોભાર ભાવસંભાર ભરવો શું દુર્લભ છે? ના, નથી. પુનરુક્તિનો દોષ વહોર્યા વિના, પ્રાસાનુપ્રાસનાં સખત બંધનો પાળતી છતી યે ભાવભરપૂર ઋતુ-કવિતાઓ બંગાળીમાં થોકબંધ તેમ જ આપણા શિષ્ટ ગુર્જર

નિર્દોષ નાદ-વૈભવ

કવિઓની કૃતિઓમાં કયાંઈક કયાંઈક પડી છે. રવીન્દ્રનાથ ઠાકુરે ઋતુગાન રચ્યાં છે તેટલાં ભાગ્યે જ અન્ય કોઈએ રચ્યાં હશે. વળી એનાં ઋતુકાવ્યો મુખ્યત્વે કરીને ગાઈ અથવા બોલી સંભળાવવાને જ સરજાએલાં, એટલે કે શ્રાવ્ય, સભારંજક હોય છે. માત્ર ઉચ્ચ કલાના રસજ્ઞો અથવા વિદ્વાનો જ સાંભળીને સમજી શકે તેવાં નહિ, પણ હજાર માણસોની પચરંગી મેદની જે સાંભળીને ડોલે, એવી સરલ શબ્દગૂંથણીવાળાં ને એવાં સુગમ્ય ઊર્મિભરપૂર એ કાવ્યો હોય છે. એટલે એ ચારણી ઋતુકાવ્યોના દોષોથી મુક્ત છતાં તેના ગુણોએ કરી બેવડાં શોભીતાં હોય છે. એમાં કુદરતનો રૂપઉઠાવ, માનવીનો ઊર્મિસ્પર્શ અને ભાષાનો મસ્ત ખિલાવ ભેળાં મળેલાં હોય છે. ચારણી ગીતની માફક એ મહાકવિએ બોલી સંભળાવવા માટે રચેલાં લોક-ડોલાવણ પદો માંહેલું એક પદ લઈને એની આ કલાની પરાકાષ્ટા તપાસીએ. આ છે વર્ષાગીત : નામ છે **'નવ વર્ષા'** :

*હૃદય અમારા નાચે રે આજિકે
મયૂરેર મત નાચે રે, હૃદય નાચે રે !

શત વરનેર ભાવ-ઉચ્છ્વાસ
કલાપેર મત કરે છે વિકાસ
આકુલ પરાન આકાશે ચાહિયા
ઉલ્લાસે કા'રે જાચે રે !
હૃદય આમાર નાચે રે આજિકે
મયૂરેર મત નાચે રે.

*બંગાળી ભાષામાં 'હૃદય'નો ઉચ્ચાર 'હ્રિદય' : 'વ' નો 'બ' : 'સ' નો 'શ' : એવી રીતે થાય છે. તેમ જ 'અ'કાર નો 'ઓ'કાર ઉચ્ચારાય છે—જેમ કે 'લયેછે' નો 'લોયેછે'. આટલો ખ્યાલ રાખીને આ કાવ્ય વંચાશે તો એનો નાદ-વૈભવ બરાબર સમજાશે. સં.

[મારું હૃદય આજે મોરલાની માફક નાચી રહ્યું છે. શતવરણા ઊર્મિભાવ રૂપી મયૂર-પિચ્છોની જાણે કળા કરીને, આકુલ પ્રાણથી આકાશ સામે નિહાળી મારો હૃદય-મોરલો કોને પુકારી રહ્યો છે!]

આ પ્રથમ કડીનો ભાવ: કવિહૃદયે મોરલાનું રૂપ ધારણ કર્યું. મનોભાવોનો વિકાસ મોરની પિચ્છ-કળાનું રૂપક પામ્યો. ચારણી કાવ્યમાં આ કલ્પના નહિ મળે.

પછી મેઘગર્જનાનો નાદ ઉઠાવતી શબ્દરચના આવી:

ગુરુ ગુરુ મેઘ ગુમરિ ગુમરિ
ગરજે ગગને ગગને, ગરજે ગગન
ધેયે ચલે આસે બાદલેર ધારા,
નવીન ધાન્ય દુલે દુલે સારા,
કુલાયે કાંપિ છે કાતર કપોત
દાદુરિ ડાકિ છે સઘને,
ગુરુ ગુરુ મેઘ ગુમરિ ગુમરિ
ગરજે ગગને ગગને.

બરાબર ચારણી કાવ્યનો ગુણ આવ્યો: સરખાવો [પા. ૨૮]

પેપન્ન ભાદ્રવ માસ પ્રઘળા
વહે પચરંગ વાદળાં,
ગડ હડડ ઘણણ અંબર ગાજત
શિખર અતરંગ શામળાં.

અથવા [પા. ૫૦]

આષાઢ ઘઘુંબીએ લુંબીએ અંબર
વાદળ બેવળ ચોવળીયં;
મહેલાર મહેલીએ, લાડગેહેલીએ
નીર છલે ન ઝલે નળીયં.

પછી રવિબાબુ નવાં ધાન્ય-છોડનાં ડોલન વર્ણવે, દેડકાંની બોલી વર્ણવે. એનો બરાબર ચારણી કાવ્ય સાથે મેળ જામે. પરંતુ તે પછીની કડીમાં-

નયને આમાર સજલ મેઘેર
નીલ અંજન લેગે છે
નયને લેગે છે.
નવ તૃનદલે ઘનવન છાયે
હરષ આમાર દિયેછિ બિછાયે,
પુલકિત નીપ-નિકુંજે આજિ
વિકસિત પ્રાન જેગે છે,
નયને સજલ સ્નિગ્ધ મેઘેર
નીલ અંજન લેગે છે.

[મારાં નયનોમાં સજલ મેઘનું આસમાની અંજન અંજાઈ ગયું છે. નવાં ઘાસ ઉપર ઘાટાં વનની છાંયડીમાં મેં મારો હર્ષ બિછાવી દીધો છે. મારો ખીલેલો પ્રાણ આજે આ પુષ્પભર્યા બાગમાં જાગી ઊઠયો છે.]

એ ચારણોને માટે દુર્લભ: એથી યે વધુ દુર્લભ કલ્પના-

ઉ ગો ! પ્રાસાદેર શિખરે આજિકે
કે દિયે છે કેશ એલાયે
કબરી એલાયે ?
ઉ ગો ! નવઘન-નીલ વાસખાનિ
બુકેર ઉપરે કે લિયે છે ટાનિ
તડિત્-શિખાર ચકિત આલોકે
ઉ ગો ! કે ફિરે છે ખેલાયે ?
ઉ ગો ! પ્રાસાદેર શિખરે આજિકે
કે દિયે છે કેશ એલાયે ?

[ઓહોહો ! આ મહેલના શિખર પર આજે પોતાના અંબોડાના કેશ કોણે વીખરાતા મેલેલા છે? ઓ રે ! આ નવલ વાદળી રૂપી આસમાની ઓઢણીને પોતાના હૈયા ઉપર તાણી લઈને કોણ ઊભું છે? વીજળીના તેજ-ચમકારાની અંદર આ કોણ રમવા નીસર્યું છે?]

ઉ ગો ! નદીકુલે તીર-તૃનદલે
કે બસે અમલ વસને
શ્યામલ વસને ?
સુદૂર ગગને કાહારે સે ચાય ?
ઘાટ છેડે ઘટ કોથા ભેસે જાય ?
નવ માલતીર કચિ દલગુલિ
આનમને કાટે દશને;
ઉ ગો ! નદીકુલે તીર-તૃનદલે
કે બસે શ્યામલ વસને ?

આ છે કોઈ એકાકિની પનિહારીની કલ્પના:

[ઓ રે ! આ નદીને તીરે, કાંઠાના ઘાસ પર આ નિર્મલ અને નીલુડે વસ્ત્રે કોણ બેઠું છે? દૂર ગગનમાં એ કોને નીરખી રહી છે? એનો ઘડો ઘાટ પરથી ક્યાં તણાતો જાય છે? આમ અન્યમનસ્ક બનીને બેઠી બેઠી માલતી પુષ્પની કૂણી પાંખડીઓ દાંત વતી તોડ્યા કરતી એ કોણ હશે?]

હવે આવે છે બીજી કોઈ ગોપ-નારીનું શબ્દચિત્ર:

ઉ ગો ! નિર્જને બકુલશાખાય
દોલાય કે આજિ દુલિ છે
દોદુલ દુલિ છે ?
ઝરકે ઝરકે ઝરિ છે બકુલ
આંચલ આકાશે હતે છે આકુલ

ઉડિયા અલક ઢાકિ છે પલક
કબરી ખસિયા ખુલિ છે,
ઉ ગો ! નિર્જને બકુલ સાખાય
દોલાય કે આજિ દુલિ છે ?

[ઓ રે ! આ નિર્જન પ્રદેશમાં બકુલની ડાળીએ આજ કોણ એ હીંડોળે ઝૂલી રહ્યું છે? હીંચોળે હીંચોળે ઉપરથી બકુલ પુષ્પ ઝરે છે; એનો અંચળો આકાશે ફરફરી રહ્યો છે, એની કેશ-લટો ઊડી ઊડીને મુખ ઢાંકે છે; એનો અંબોડો છૂટી ગયો છે.]

વર્ષા-સુંદરીનાં આ બધાં કવિવરે કલ્પેલાં જૂજવાં સ્વરૂપો છે. અને છેલ્લે એ કલ્પનાની મૂર્તિઓને જતી કરી કવિ તાદૃશતાની ભૂમિકા પર પાછા ફરી સાદું સીધું ઋતુદશ્ય રજૂ કરે છે:

ઝરે ઘનધારા નવપલ્લવે,
કાંપિ છે કાનન ઝિલ્લિર રવે,
તીર છાપિ નદી કલ કલ્લોલે
એલ પલ્લીર કાછે રે !
હૃદય આમાર નાચે રે આજિકે
મયૂરેર મત નાચે રે.

[નવ-પલ્લવ મેઘધારા ઝરે છે; તમરાંના લહેકારથી જંગલ કંપી ઊઠ્યું છે; અને નદી ગાજતે પૂરે કાંઠા પરથી છલકી જઈને ગામની અડોઅડ આવી પહોંચી છે.]

આ અને આવાં અનેક ઋતુકાવ્યો રવીન્દ્રનાથે ઋતુના ખાસ ઉત્સવો ઊજવવા અને અભિનય સાથ બોલી સંભળાવવા માટે યોજ્યાં છે. માટે જ એની જોરદાર શબ્દ-રચના મોટી મેદિનીનાં મનહરણ કરવાની તાકાત ધરાવે છે. આ લેખકે કલકત્તા નગરમાં 'વર્ષા-મંગલ' નામના ઉત્સવમાં કવિવરને આ અને આવી અન્ય કૃતિઓ બોલી

સંભળાવતા નિહાળ્યા ને સાંભળ્યા છે. આ ગીત એમની કૃતિ 'ક્ષનિકા'માં છે.

પરંતુ આવા કલ્પનાવૈભવની આશા આપણે ચારણ કવિ પાસેથી શી રીતે રાખીએ ? ક્યાં શારદાનાં સમૃદ્ધિ-દાન પામનાર રવીન્દ્રનાથ ? ને ક્યાં નિરક્ષર ચારણ ! એ કવિને, અથવા તો

આજ મહારાજ જલ પર ઉદય જોઈને
ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે;
સ્નેહધન કુસુમવન વિમલ પરિમલ ગહન
નિજ ગગન માંહી ઉત્કર્ષ પામે,
પિતા ! કાલના સર્વ સંતાપ શામે !
ધવલ તવ નેત્ર સામે !

એ શરત્પૂર્ણિમાનો સાગર પરનો ચંદ્રોદય નિહાળનાર કવિ કાન્તને, અથવા તો–

ઝીણા ઝરમર વરસે મેઘ
ભીંજે મારી ચૂંદડલી !

એટલી લોકગીતની પંક્તિમાંથી–

આનંદ કંદ ડોલે સુંદરીના વૃંદ ને
મીઠા મૃદંગ પડછંદા રે,
મંદ મંદ હેરે મીટડી મયંકની
હેરે મારા મધુરરસચંદા
હો ભીંજે મારી ચૂંદડલી ! –ઝીણા૦

વો નાદનૃત્યની મસ્તી જગવતો વર્ષા-રાસ રચનાર કવિ ન્હાનાલાલને, એવા અનેક આધુનિકોને તો ઘણી ભાષાના સમાગમ, ઘણાં ઘણાં ર્‍ઊર્મિ-મંથન, આત્મલક્ષી કવિત્વન અનેક પ્રેરણાં-ઝરણ ઈત્યાદિ મૃદ્ધિઓ સાંપડેલ છે. એની જમાવટ પરલક્ષી કવિતાને ચીલે

ચાલનાર અને કેવળ પોતીકી મૌલિક કલ્પનાશક્તિ પર જ જોર કરનાર ચારણોથી ન જ બને. તે છતાં આપણે કેમ વીસરી શકીએ કે—

જેઠે જગજીવન ! સૂકે બન બન
ઘોર ગગન ઘન ચઢત ઘટા,
ભાવત નહિ ભોજન, જાત બરસ દન,
કરત ત્રિયા તન કામ કટા.
[ઋતુગીતો : પા. ૨૨]

અથવા તો—

શ્રાવન જલ બરસે, સુંદર સુરસે
બદ્દલ બરસે અંબરસેં,
તરુવર ગિરિવરસેં, લતા લહરસેં
નદિયાં પરસે સાગરસેં;
દંપતી દુ:ખ દરસે, સેજ સમરસેં
લગત જહરસેં દુ:ખકારી,
કહે રાધે પ્યારી, હું બલિહારી
ગોકુલ આવો ગિરધારી !

એ કલકલનાદિની, પ્રવાહવંતી અને સંગેમરમરની પૂતળી સમી સુડોલ કવિતા ચારણ કવિ શ્રી. પીંગળશીભાઈની છે. કેમ વીસરીએ કે—

રંગ ભાદ્રવ શ્યામ ઘટા, રંગ રાતો ય
રંગ નીલમ્બર શ્વેત રજે;
ફળ ફૂલ અપ્રબ્બળ કમ્મળ ફેલીએ
વેલીએ નેક અનેક વજે;

એ ભાદરવાની અમ્બરઘટાની પાંચ પાંચ રંગે પૂરાયલી છબી આંકનાર કોઈ નિરક્ષર મામૈયો મોતીસર છે ? કેમ વીસરીએ કે—

મૃગનાળા વાળા લોઢ ઊછળ્યા પ્રથમી માથે
નીરઝારા સૂકા, પાન ત્રોવરારા નાશ,

સોવરારા ખાલી આરા દોરા દોરા જેમ સૂકા
નશાં જીવ દાદરારા પામીઆ નિરાશ.

[પા. ૬૦]

[મૃગજળનાં પૂર પૃથ્વી પર ઊછળે છે. જળઝરણાં સુકાયાં છે. સરોવરના આરા દોરા વા દોરા વા પાણી સુકાઈને ખાલી બન્યા છે. ને નિશ્ચયથી કહું છું કે દાદુરો (દેડકાં)ના જીવ નિરાશા પામ્યા.]

એ સળગતા ઉનાળાની સુરેખ છબી આંકનાર કલમ પેલા અભણ ગામડિયા વહીવંચા ગીગા ભગતની છે,

આવું સબલ એ કવિતાનું કલેવર છે; પડસુંદી સમાન મનધાર્યા ઘાટ આપનાર મુલાયમ એનો ભાષાપુંજ છે; આવી ચોટદાર એની ગતિ છે. એ ગુણોવાળી કવિતાને કાળના મોઢામાં ચાલી જવા દેવું આપણને પરવડે જ નહિ. નવા કાવ્યયુગમાં એના કલેવરનો સરસ ઉપયોગી થઈ શકશે.

આ બન્ને જાતનાં ઋતુગીતો વચ્ચેની તુલના જ અસ્થાને છે. બન્નેમાં 'ઋતુ'નો નિર્દેશ બાદ કરતાં બાકીનું લગભગ બધું ભિન્ન છે.

સ્ત્રીગીતો વિ. ચારણી ગીતો

સ્ત્રીગીતો ગરબે રમવાનાં, સહજ સરલ શબ્દરચનાવાળાં, બેહદ કોમલ, અને બીજી અનેક દૃષ્ટિએ સ્ત્રૈણ છે; ચારણી ગીતો રાજદરબારે કે શૂરવીરોને દાયરે ગાવાનાં, બેઠાંબેઠાં એકલા લલકારવાનાં, ઝડઝમકવાળી ને અટપટી શબ્દરચનાવાળાં, વ્યાકરણના નિયમોથી વંચિત, બેહદ જોશીલાં અને બીજી સર્વ દૃષ્ટિએ પૌરુષ પ્રગટ કરનારાં છે. કયાં રહ્યું–

ભાદરવે તો ભરદરિયે હું ડૂબી રે વાલાજી !
આ કંથ વિના કર ઝાલી કોણ ઉગારે મારા વાલાજી !

[ર. રા. ભા. ૩ : પા. ૮૯]

એ વલવલતે વિરહાર્દ્ર સ્વરે ગવાતું દ્રાવક સ્ત્રીગીત ! અને ક્યાં

ભાદ્રવ સર ભરે જી ! કે અતનત ઊભરે,
શ્રીરંગ સંભરે જી ! કે વિરહી વિસ્તરે,
વિસ્તરે ઉર વચ વિરહ વેલી, શોક ગોકુલ વન સહી
ધન્ય ધન્ય તારી પ્રીત ગિરધર ! ગોપ તજી કુબજા ગ્રહી;
પંથ પેખ થાકાં નયન દન દન, શ્યામ તપત શમાવણા !
આખંત રાધા, નેહ બાધા, ભજ્જ માધા આવણાં !

[ઋ. ગી. પા. : ૧૧]

એ મરોડદાર, મલપતી ગજગતિએ ઊપડતું ચારણી વિરહગીત ! સ્ત્રીજનો ગાશે કે—

"આષાઢે ઝીણી ઝબૂકે વીજ
મધુરા બોલે મોરલા રે લોલ

[ર. રા. ભા. ૩ : પા. ૯૧]

અથવા બહુ બહુ તો સુંવાળું પ્રકૃતિ–ચિત્ર આંકે કે—

આષાઢે ધમઘોરિયા ને વાદળ ગાજે ઘોર,
બાપૈયા પિયુ પિયુ કરે ને મધુરા બોલે મોર
કે આણાં મોકલને મોરાર !

[ર. રા. ભા. ૩ : પા. ૮૩]

ત્યારે ચારણ ગળું ફુલાવીને દિગન્તો ગજવતો, થડકાર દેતો, સભામંડપ હલમલાવતો ગાશે કે—

ઘર આષાઢ ધડૂકિયા મોરે કિયા મલાર
રાધા માધા સંભરે જદૂપતિ જગ આધાર !

ખળહળ વાદળિયાં વચે વીજળિયાં ઝળકંત;
રાધા માધા કંથ વિણ ખણ નવ રિયણ ખસંત.

અને પછી પલટો મારીને ગજગતિ–છંદ ઉપાડે :

> વ્રજ વહીં આવણાં જી! કે વંસ બજાવણાં!
> પ્યાસ બુઝાવણાં જી! કે રાસ રમાવણાં!

વળી અવાજ ત્રીજો પલટો ખાય :

> રંગ રાસ રત ખટ માસ રમણાં, પિયા પાસ બુઝાવણાં!
> આષાઢ ઝરણાં ઝરે અંબર, વપે તન તરૂણી તણાં;
> વિરહણી નેણાં, વહે વરણાં, ગિયણ વિરહી ગાવણાં
> આખંત રાધા, નેહ બાધા, વ્રજ્જ માધા આવણાં!
>
> [ઋ. ગી. પા. ૯]

સ્ત્રીગીતોમાં ઋતુસૌંદર્યનું વર્ણન નથી, ઋતુ–દર્દનું વર્ણન છે. સ્ત્રીની કલ્પના બારીક ચિત્રાંકણ નથી કરતી, પણ કોમલ હૈયું નીચોવે છે, કાલાવાલા કરે છે, અસહાયતા પુકારે છે, એકલતાની વેદના દાખવે છે; દૃષ્ટાંત લઈએ :

> શ્રાવણ તો સરવડીએ વરસે,
> ઝીણા ઝીણા મેવલિયા વરસે
> વાલા મારા તોય મરૂં તરસે
> આવો હરિ રાસ રમો વાલા!
>
> [ર. રા. ભા. ૩ ; પા. ૯૦]

અથવા તો—

> શ્રાવણે સોળ સજ્યા શણગાર
> કે આંખડી ન આંજીએ રે લોલ!

એમાં શ્રાવણના સૌંદર્યનું વર્ણન નથી; જ્યારે ચારણની આંખ તો એ શ્રાવણની કુદરતના જૂજવા શણગાર નિહાળે છે. આ રહ્યું–

છલત શ્રાવણ, મલત છાયા, વલત નીલી વેલડી,
બાપિયા પ્રઘળા મોર બોલે, ધ્યાન રાખત ઢેલડી;
પ્રષનાર નાવત, કરત પૂજા, ધ્યાન શંકરસેં ધરે,
જસલિયણ તણ રત માલજામં સતણ–વીસળ સંભરે.

છલકતાં શ્રાવણ–નીર : છવાતી છાંયડી : વળીવળીને ફેલાતી લીલી વેલડીઓ : બપૈયા મોરલાના ટૌકાર અને સમીપે ડોલતી ઢેલડીનું સ્વામી પર ધ્યાન રાખવું : પુરુષો (પ્રષ)ને નારીઓનું નહાવણ પૂજન, શંકરનું ધ્યાનકરણ, એવું બધું નિહાળીને કવિનું દિલ પોતાના મૃત આશ્રયદાતા, વીસળ–સૂત માલા જામને યાદ કરે છે. અથવા તો હરકોઈ બીજું ચારણી ગીત ઉપાડો :

નવ ખંડ નીલાણીએ, પાવન પાણીએ
વાણીએ દાદૂર મોર વળે,
શવદાસ ચડાવણ પુંજય શંકર
શ્રાવણ માસ જળે સલળે.

નવે ખંડ નીલા થયા : પાણીએ પાવન થયા: દેડકાં ને મોરલાની વાણી ફૂટી : શિવની વ્રતપૂજા ચાલી : એવો સજળ શ્રાવણ માસ. આ વર્ણન સ્ત્રીગીતોમાં નથી, આંહીં પ્રાધાન્યપદે પ્રકૃતિ–લીલા છે, ને ત્યાં અગ્રપદે વિરહી દશાની લાચારી છે. ચારણી કાવ્યમાં જુઓ તો—

રંગ ભાદ્રવ શ્યામ ઘટા રંગ રાતો ય
રંગ નીલંબર શ્વેત રજે,
ફળ ફૂલ અપ્રબ્બળ, કમળ ફેલીએ
વેલીએ નેક અનેક વજે.

એવા ગગન–ધરતીના રંગખિલાવ પર દિલ–ડોલન થઈ રહ્યું છે. ઠેર ઠેર

પીલંબરી લાલ ફૂલી લીલંબરી બાગી પૃથી
ઘનશ્યામ માથે ફૂટી મેઘરી ઘેણુંબ;

એ જ દૃષ્ટિયોગ : ઋતુદર્શને ઘેલાતૂર બનેલા યોદ્ધાની આનંદ-લૂંટ : કલ્પનાનાં વ્યોમધરતી ફરતી વિક્રમશીલ ઘૂમાઘૂમ : અને પલે પલે યોદ્ધાની જ ઘેરી ઘેરી આંખડી વતી ચાલતું અવલોકન : એ રસિકતામાંથી પણ વિક્રમ જાગે : પ્રેરણાનાં ચેતનપૂર ઉછાળા મારે : મનઘોડીલા થનગને.

શબ્દાડમ્બર વિ. સ્વાભાવિકતા

ત્યારે એથી ઊલટું સ્ત્રીગીતોમાં હૈયું અંદરખાનેથી રડે, અંતરની કઠોર ધરતી પલળીને પોચી પડે, ઋતુ–સંભારણે ગમગીની વધે, ઊર્મિઓ વિરહ–દુઃખની અતિશયતાને લીધે ઘણુંખરું ક્ષીણ પણ પડી જાય, સ્ત્રીત્વને વિષે અબળાપણાનો ને અસહાયતાનો મોટો ખ્યાલ પણ પોષાય.

પરંતુ બીજી બાજુ ચારણી ગીતોથી કુટુંબ–જીવનના કોમલ ભાવો ક્યાં જરીકે ઝિલાયા છે? મેઘદર્શને ખેતરોમાં કલ્લોલી ઊઠતી મરુભોમની બહેન–

વરસજે વરસજે હો મેહુડા બાવાજીરે દેશ !
જઠે ને માડીરો જાયો હળ ખેડ.

ભીને ભીને હો વીરા મારા ! પાઘડીઆરો પેચ,
ભાભજનો ભીને હો ચૂડો વળી ચૂંદડી.

ભીને ભીને હો ભાભજ મારી ! રેશમીઆરી ડોર,
ગીગો ને ભીને હો થારો પારણે.

[ઋતુગીતો : પાનું ૬૫]

એમ મેહુલાને મહિયર મોકલે, ખેતરમાં ભાઈ હળ ખેડતો હોય ને ભાભી નીંદામણ કરી રહી હોય એનું ચિત્ર આલેખે, વીરાની પેચાળી પાઘડી, ભાભીનો ચૂડો ને ચૂંદડી, તરુવરની ડાળે ઝૂલતા પારણાની દોરી ને એમાં પોઢેલો ભત્રીજો, એ સર્વને વૃષ્ટિમાં ભીંજાતાં કલ્પે. આવું દશ્ય

શોધવા ચારણી કાવ્યમાં ભમવું નિરર્થક છે. અથવા તો સાસરવાસીના પીંજરમાં પુરાએલી માબાપવિહોણી મારવાડી બહેન ઋતુએ ઋતુએ ભાઇને–

વરસાળે આણાં મેલજે રે વીરડા !
વરસાળે ખોદું જૂઠડાં.

*   *   *

શિયાળે આણાં મેલજે રે વીરડા !
શિયાળે સાંધું સાંધણાં.

*   *   *

ઉનાળે આણાં મેલજે રે વીરડા !
ઉનાળે કાંતું કાતણાં.

[પાનું ૬૬]

એવા ઓશિયાળા ભાવોના સંદેશા મોકલે, 'તું તેડાવીશ તો હું તારાં ત્રણે ઋતુમાં કામ કરી આપીશ. મફતના રોટલા નહિ ખાઉં. વર્ષામાં ખેતરનાં ઘાસ નીંદી દઈશ, શિયાળામાં ગોદડાં સાંધી દઈશ, ને ઉનાળામાં સૂતર કાંતી દઈશ.' એવી ખાત્રી આપે, છતાં ભાઈ તો પ્રત્યુત્તરમાં બહેનને–

ખોદશે રે ઘરની નાર મારી બેનડી
તમે તમારે સાસરે.

એવા નકાર જ કહાવે : ફરી પાછી ભોળુડી બહેન તો–

પીઅરનાં ઝાડવાં દેખાડો મારા વીરડા !
એ રે ઝાડખડે હીંચતાં.

જેની ડાળે બેઉ ભાઈબહેન જોડે હીંચકેલા એ પિયરનાં બાળ-સાથી ઝાડવાંને મળવા તલખે, ત્યારે સ્વાર્થી ભાઈ—

ઓતર દખણની વાવળ રે આવી
વાવળે રોળાઈ મ્યાં ઝાડવાં.

એવો જૂઠાણુંવાળો જવાબ વાળે. આખરે પિયર–દર્શનની આશા સંકેલીને બહેન—

જો રે મરીને સરજું ઊડણ ચરકલી
જઈ બેસું વીરાને ટોડલે.
જો રે મરીને સરજું કૂવાનો પથરો
માથે ધોવે રે વીરડો ધોતિયાં.

[ઋતુગીતો : પા. ૬૮]

એવી અંતર ચીરનારી મૃત્યુ–ભાવના ભાવે : આવી હૃદયસ્પર્શી, વેધક, પ્રયત્નહીન ને આડમ્બરહીન ગૃહ–ઊર્મિઓ ચારણી કાવ્યમાં ગોતી જડશે નહિ. શ્રાવણી ત્રીજના વિશિષ્ટ તહેવાર પર બહેનને ઘેરે તેડી લાવવા માટે હેતાળ ભાઈ એને સાસરે જાય : પણ બનેવીની જમીનમાં બારબાર હળનાં વાવણાં જૂત્યાં હોવાથી એ બાર સાથીઓનાં ભડીઆરાં કોણ ટીપી આપે ? એટલે બનેવી બહેનને નથી મોકલતો : હતાશ ભાઈ ઘેરે આવીને બેનની વાટ જોતી માતાને એક જ સંદેશો કહે છે :—

એક મત જણમો માતા બેનડી રે
બેનડી રૂવે પરદેશ !
સાતે ભાયાની બેનડી રે
બેનડી રૂવે પરદેશ !

એવી શ્રમજીવીઓની સંસાર–ઘટનામાં ભરપૂર પડેલી મનોવેદનાને આટલી સરલ, દ્રાવક શૈલીએ વર્ણવવાની આશા અમીરઆશ્રિત અને આડમ્બરપ્રેમી ચારણ–કવિ કનેથી રાખવી વ્યર્થ છે. ને કોઈ પણ ચારણી ઋતુવાણીમાં આપણને નીચેના મારવાડી સ્ત્રીગીતનો સૂક્ષ્મ રસીલો વિનોદ જડશે ખરો ?—

આ તો સરામણ આયો રે મારા સોજતીઆ સરદાર!
ભમરજી! સરામણ આયો રે.
આ તો થેં કે કેમ જાણ્યો રે મારી સદા રે સુવાગણ નાર!
ગોરાંદે! થેં કેમ જાણ્યો રે!
આ તો [1]અંદર ધડૂકે હો મારા સોજતીઆ સરદાર!
ભમરજી! અંદર ધડૂકે હો!
[2]માને પીઅર મેલો રે મારા [3]પાલીરા પરધાન!
ભમરજી પીઅર મેલો રે!
મેં તો સાથે જી હાલાં રે મારી સદા રે સુવાગણ નાર!
ગોરાંદે! સાથે જી આવાં રે.
મેં તો લાજે જી મરાં રે મારા સોજતીઆ સરદાર!
ભમરજી! લાજે જી મરાં રે.
થેં તો ઘૂંઘટો જી કાઢો રે, મારી સદા સુવાગણ નાર!
ગોરાંદે! ઘૂંઘટો જી કાઢો રે.
મેં તો ગરમે જી મરાં રે મારા સોજતીઆ સરદાર!
ભમરજી! ગરમે જી મરાં રે.
થેં તો ઝીણો ઝાલો ઓઢો રે મારી સદા રે સુવાગણ નાર!
ગોરાંદે મોરી! ઝીણો ઝાલો ઓઢો રે.

અર્થ—હે મારા પતિ! આ શ્રાવણ આવ્યો.
હે મારી સુવાગણ સ્ત્રી! તેં શી રીતે જાણ્યું?

હે મારા પતિ! આ ઈંદ્ર ગાજે છે તે પરથી જાણ્યું.

હે પતિ! મને પીઅર મોકલો!

હે મારી ગોરી! હું પણ સાથે આવું.

હે પતિ! તો તો હું લાજી મરૂં.

હે ગોરી! તો તમે ઘૂંઘટ કાઢજો!

હે પતિ! તો મને બફારો થાય.

૧. ઈંદ્ર : વરસાદ ૨. મને ૩. પાલી નામના નગરના પ્રધાન.

હે ગોરી! તો તમે બારીક ઓઢણું ઓઢજો! [મતલબ કે ચાહે તેમ થાઓ, પણ હું તારાથી જુદો નહિ પડું. વિનોદ રૂપે ધણીનો ત્રાસ આલેખાયો છે.]

અથવા કોઈ પણ ચારણી 'બારમાસા'માં આ પંજાબી સ્ત્રીઓની કંઠસ્થ બારમાસીનાં મધપૂડેથી ટપકતાં હોય તેવાં કાવ્યબિન્દુઓ મળશે?

હાડ કાગ ઉડામદી મૈંનૂ
ઊડ કાગા લૈ જા!
જહુ પવે તેરી દોસ્તી મેરા લાલ થિઆના
મૈં નૂઁ તેરે નેણાં દી સોંહ જા

[આષાઢમાં હું કાગડા ઉડાડું છું. હે કાગા! મને તેડી જા, જ્યાં મારો લાલ હોય ત્યાં.]

ચુન ચુન ખામીં હડ્ડિયાં કાગ બચારેઆ,*
મેરા ચુગ ચુગ ખા લમીં માસ
રખ લમીં દો અક્ખિયાં મૈંનૂઁ ફેર મિલનદી
તેરે નૈણાં દી સોંહ, આસ.
[ઋતુગીતો : પા. ૯૦ : પંજાબી બારમાસી]

[હે કાગા! મારાં હાડમાંસ ચૂંટી ચૂંટીને ખાઈ જજે. ફક્ત મારી બે આંખો રહેવા દેજે કેમ કે મારે પતિના ફરી એકવાર મિલનની હજુ આશા છે.]

અથવા પંજાબણ વિરહિનીનો વિનોદ તપાસો. 'બારમાસી' ગાતે ગાતે એ ચાર વર્ષના પતિવિજોગ પૂર્વેનો એક પ્રસંગ સંભારે છે—

થાલી દુદ્દી કંઠેઓં ચારે વાલેઆ,
મેરે માહી નૂ કુટ્ટી મસે

---

* આ ગીતકડીનું કંઠસ્થ મોતી બનીને આપણે દ્વારે આમ ઊતરેલ છે—

કાગા ચુન ચુન ખાઈયો, બડી હડીકા માંસ
એક ન ખાયો મોરી અંખિયાં મેરે પિયા મિલનકી આસ.

અબ તો બૈઠે ઑઆ ઘર ગાલિયાં દિંડદી
તેરે નૈણાં દી સૌંહ સસે

[થાળીનો કાંઠો તૂટયો ઓ વહાલા ! ને તને મૂછો ફુટી છે. તું [મૂછાળો] બેઠો છતાં હજુ ય મને સાસુ ઘરમાં ગાળો દઈ રહી છે.]

આવા ભાવો ચારણી વાણી માટે અસંભવિત છે. ચારણી કાવ્ય એ પૂરેપૂરું લોકકાવ્ય નથી. એ બે વચ્ચેનો ભેદ તો આ રહ્યો :

" It is difference between sophistication and artlessness : Minstrel's song will suit the hall better than the bower, the tavern or the public square better than the cottage, and would not go to the spinning-wheel at all. (Prof-Kitterge).

લોકસાહિત્યનું ઉત્તમોત્તમ ઋતુકાવ્ય તો દોહાઓમાં ઊતર્યું છે :

દોહાનું ઋતુકાવ્ય દોષમુક્ત છે

સ્ત્રીગીતો અને ચારણી ગીતો બન્નેના નબળા સંસ્કારોથી મુક્ત અને છતાં બન્નેનાં જૂજવાં સામર્થ્યને સંઘરતા એ દોહાઓ એટલે ગોપજનોનાં વનવાસી હૈયાંનો મીઠામાં મીઠો નીચોડ : એની સૌંદર્ય પારખુ દૃષ્ટિ એક બાજુથી એકેક પંક્તિના દોહામાં—

વરસ વળ્યાં વાદળ વળ્યાં, ધરતી નીલાણી;

એવું ચિત્રાંકણ કરે છે અને છતાં તેની સાથોસાથ બીજી એક પંક્તિમાં—

(એક) વિજાણંદને કારણે શેણી સુકાણી.

એવું વિજોગી ગોપ-યુવતીનું પ્રેમ-દર્દ સબલ મિતાક્ષરી રીતે

ચાંપી ચાંપી એ બબ્બે પંક્તિઓમાં ભરી આપે છે. ચિત્રાલેખન અને વેદનાલેખન, બન્નેની સમતોલ મેળવણીમાંથી નીપજેલા—

કોટે મોર કણૂકિયા વાદળ ચમકી બીજ,
રુદાને રાણો સાંભર્યો આઇ અષાઢી બીજ.

સાણે વીજું સાટકે, નાંદીવેલે નેસ,
કુંવર બચ્ચું કુંજનું, બેઠી બાળે વેશ.

એવા દોહાસોરઠા દાયરે અને નેસડે, સિતારના તાર પર અને વાંસળી વાટે સભારંજક વાર્તાકારને કંઠે અને ગાયો ચારતા ગોવાળને ગળે, રાજસભામાં અને રેંટિયાના ગૂંજન સાથે, સર્વત્ર રેલી શકે છે. પીનાર પાનાર રંક કે રાય, વિદ્વાન કે નિરક્ષર, સ્ત્રી કે પુરુષ, સર્વેને સચોટ નાદ–થડકાર સમેત દોહો સ્પર્શી શકે છે. એ મેહ–ઊજળીના દુહા જુઓ—

મોટે પણુગે મે આવ્યો ધરતી ધરવતો
અમ પાંતીનો એ ઝાકળ ન વરસ્યો જેઠવા

વણુ સગે, વણુ સાગવે, વણુ નાતરિએ નેહ,
વણુ માવતરે જીવશું, તું વણુ મરશું મેહ !

એમ નાયક મેહજીને આકાશી મેહનું રૂપક આપીને નાયિકા ઊજળી ચારણીએ કરેલા વિલાપોમાં સ્ત્રીત્વ અને પુરુષત્વ ભારોભાર છે. ભાષા–રચનામાં મર્દાનગીભર્યા ચારણી કાવ્યનું સંયમિત કૌવત છે અને તેટલી જ ગરબાગીતની કોમલતા છે. કારણ એ છે કે આ દોહાસોરઠાનું સર્જન સભારંજક અને અલંકાર–શૂરા ચારણ કવિનું નથી. આ તો છે નિસર્ગનાં વીરત્વ અને માર્દવ બન્નેના ગાઢ સંગી, પ્રેમદર્દી, વિરહાનુભવી અને તે છતાં બીજી બાજુ તેટલા જ વિક્રમશીલ સ્વભાવવાળા વનરાજ–સંગાથી ગોપજનોનું ઊર્મિ–ઉચ્ચારણ*

*દુહા સાહિત્ય વિષેનો નિબંધ બીજા ખંડમાં વિસ્તારથી અપાશે. —લેખક

ઋતુગીતોનો એક ઉપયોગી પ્રકાર 'ભડલી-વાક્યો' નામનો ચાલે છે. આ 'ભડલી-વાક્યો' જનસામાન્યને તો કડકડાટ કંઠસ્થ રહેતાં, કેમ કે તેમાં ઋતુઓના વર્તારા છે. કોઈ કહે છે કે ભડલી નામની કણબણ થઈ ગઈ, ને કોઈ કહે છે કે ભડલી તો રુદ્રમાળનું ખાત-મુહૂર્ત કરનાર મારવાડી હુદડ જોષીની પુત્રી હતી તેને સંબોધીને એ ગોપકામ કરતા (બકરાં ચારતા) જ્યોતિષી પિતાએ આવાં વાક્યો કહેલાં. અને પછી તો હરકોઈ લોકકવિએ ઋતુની આવી અનુભવવાણી કાઢી તે ભડલી-વાક્ય તરીકે જ ઓળખાઈ.

ભડલી-વાક્યો

લોકો માને છે કે ભડલી-વાક્ય એ ભવિષ્યવાણી છે. નહિ, એ તો અનુભવના ઉદ્ગારો છે. વર્ષો સુધી ઋતુઓના ફેરફારો અને વ્યાપારોનું સુક્ષ્મ દર્શન કર્યા પછી તેની અંદર જે અચલ નિયમો કામ કરી રહ્યા છે તેને લોકકવિઓએ કાવ્યબદ્ધ કરેલ છે—

વરસે આદરા
તો બારે પાધરા.

[આદરા નક્ષત્ર વરસે તો બારે માસ સીધા પાર ઊતરે]

વરસે ઉત્તર તો
ધાન ન ખાય કૂતર.

[ઉત્તર નક્ષત્ર વરસે તો એટલું બધું ધાન્ય પાકે કે કૂતરાં પણ ન ખાય.]

વરસે મઘા તો
ખડના ઓઘ.

[મઘા નક્ષત્ર વરસે તો ઘાસ પુષ્કળ થાય]

વરસે ભરણી તો
નાર મેલે પરણી.

[ભરણી નક્ષત્ર વરસે તો પરણેલી સ્રીને પણ ત્યજી દેવી પડે એવો કારમો દુષ્કાળ પડે]

વરસે સ્વાંત
તો ન વાગે તાંત.

[સ્વાતિ નક્ષત્ર વરસે તો પીંજારાની તાંત ન વાગે, અર્થાત કપાસનાં ફૂલ ખરી જાય, ને રૂનો પાક ન ઊતરે.]

અસળેખા ચગી તો ચગી
ને ફગી તો ફગી

[અશ્વલેખા નક્ષત્ર જો સારું વરસે તો તો સારું, નહિતર તદ્દન બગાડે.]

રોંણ દાઝી

[રોહિણી નક્ષત્રમાં મે વિનાની એકલી વીજળી થઈ હોય તો ભયંકર દુષ્કાળ પડે : એને 'રો'ણ દાઝી' કહે.]

રોંણ સુવાડી

[કૃતિકા વરસી હોય, અને રોહિણી વરસી તેમ જ ચમકી હોય તો 'રોણ સુવાડી' કહેવાય એટલે કે સમૃદ્ધિ આપે.]

ગાય ભેંસને 'સુવાડી' કહેવાય છે.

રોંણ કુંડાળાં

[કૃતિકા નક્ષત્ર વરસે ને તે પછી રોહિણીમાં છાંટા ને વીજળી થાય તો ' કુંડાળાં ' થાય એટલે પાંચ ગામ સારાં પાકે ને પાંચ ગામ મોળાં પાકે.]

'વાવણી
ને ઘી તાવણી'

[જેમ ચૂલે માખણ તાવવા મૂકયું હોય તેને એક ક્ષણ પણ રેઢું ન મુકાય, એક જ ક્ષણમાં એથી બરબાદી થઈ જાય, તેમ વાવણી પણ વૃષ્ટિ થાય કે તાબડતોબ કરવી પડે. નહિતર ઘણું નુકશાન થાય.]

'ભાઇ, મડાં ઢાંકીને સાંતી જોડયાં છે.'

[રાતમાં કોઈ મરી ગયું હોય ને વાવણીનો વખત હોય તો મુરદું ઢાંકીને ઘરમાં મૂકી રાખી વાવણી કરવાનું કામ પહેલું પતાવવું પડે, એટલી બધી એની મહત્તા છે.]

ગિયું વરસ પુરબા વાળે

છેક પુરબા નક્ષત્ર (શ્રાવણ વદ)માં પણ વરસાદ પડે તો પણ દુકાળનું આખું વર્ષ સુધારી આપે.

વખ પખ બે વાદીલાં
વરસે તો વરસે, ને ઠાલાં તો ઠાલાં.

[વખ (પુનર્વસુ) નક્ષત્ર ને તે પછીનું પક્ષ નક્ષત્ર બરાબર સરખાં જ વરસે અથવા સરખાં જ ન વરસે.]

ઘેલી ચિત્રા માંડે ખેલ
તો કાળે ઉનાળે આણે રેલ

[ચિત્રા નક્ષત્ર જો ખેલ માંડે તો કાળા ઉનાળે પણ રેલમછેલ લાવે]

દિ'એ કાઢે દુવાળાં
ને રાતે કાઢે તારા
આણંદ કે' કરમાણંદા
ઈ છપનિયાના ચાળા

[દિવસે જો આકાશ વાદળાંના ગાભા દેખાડીને રાતે પાછા સ્વચ્છ તારા દેખાડે, તો સમજી લેવું કે દુષ્કાળનાં ચિહ્નો છે.]

કર કૃતિકા કલ્યાણ
વૂઠી ઘર વિદુ તણે
રોયણ દાંતી રાણ
મર દાઝે દેવકરણ તાણી.

[કૃતિકા નક્ષત્ર વરસે, તો પછી રોયણ છો દાઝે. (અર્થાત રોહિણી નક્ષત્રમાં કોરી વીજળી જ થવાનાં ભયંકર કાળચિહ્નો થાય તેનો પણ વાંધો નહિ.)]

મગશર ન વાયા વાવલા,
આદરા ન વૂઠા મેહ
ભર જોબનમાં નાયો બેટડો
ત્રણે હાર્યાં એહ

[મૃગશીર્ષ નક્ષત્રમાં વાયુ વાય નહિ, આર્દ્રા નક્ષત્રમાં મેહ ન પડે, ને માતપિતાનાં ભરયૌવનમાં જો પુત્ર ન અવતરે, તો એ ત્રણે એળે ગયાં.]

આથમણી તાણે કાચબી
જો ઊગમતે સૂર
દાદા કે' વાછરૂ વાળજો,
નકર જાશે પાણીને પૂર.

[દાદા કહે છે કે, જો સૂર્ય ઊગતી વેળાએ પશ્ચિમ દિશામાં મેઘધનુષ્ય ખેંચાય તો ચેતીને જલદી વાછરૂ સીમમાંથી વાળી આવજો, કેમ કે એ તો પ્રચંડ વૃષ્ટિ થવાનું ચિહ્ન છે.]

આસો વદી અમાસડી
જો આવે શનિવાર
ધન કણ રાખી સંગ્રહો
સૌ જગનાં નરનાર

આગળ રવિ પાછળ પદી
મંગળ હાલ્યો જાય
એ વરસે અન્ન મોકળાં
હરખ ઘણેરો થાય.

[જે વર્ષે રવિ ગ્રહની પછવાડે મંગળનો ગ્રહ ચાલતો હોય તે વર્ષે અન્ન બહુ પાકે.]

સ્વાંતિ દીવા જો બળે
વિશાખા ખેલે ગાય
તો રાણીજાયા રણે ચડે
ને પૃથ્વી પરલે થાય

[જો દીવાળી સ્વાંતિ નક્ષત્રમાં આવે ને જો ગોધણ તેરશ વિશાખા નક્ષત્રમાં આવી પડે, તો તે ઉલ્કાપાતનાં ચિહ્ન સમજવાં.]

શનિ રવિ કે મંગળે
જો પોઢે જદુરાય;
તો ચાક ચડાવે મેદની
ને કરકે પાળ બંધાય

[દેવપોઢણી અગિયારશ જો શનિ, રવિ કે મંગળના રોજ આવે તો પૃથ્વી ચક્કર ચડે, અને મુવેલાં ઢોરનાં હાડપીંજરો (કરકાં) એટલાં બધાં વધી પડે કે તેના ગંજ ખડકાય. મતલબ કે ભયંકર દુષ્કાળ પડે.]

ખાયણાં

મીઠામાં મીઠી તો સાકર જ મનાય છે. છતાં ઘણી વાર ગોળની મીઠાશ કાં વધુ ગમે છે? ને તેથી યે ચઢિયાતો સ્વાદ શેરડીનો કાં લાગે? કારણ કે ગળપણનું સ્વાભાવિક ને શુદ્ધ સ્વરૂપ તો એ શેરડીમાં જ રહ્યું છે. એનાં છોતરાં પણ આપણને ચૂસવાં ગમે છે. ચૂસ્યા જ કરીએ છતાં તૃપ્તિ થતી નથી. કંટાળો આવતો નથી. નરી સાકરના ગાંગડા કરતાં કૂચાવાળી શેરડીનો રસ જેમ અધિક પ્રિય લાગે છે, તેમ જ શિષ્ટ સાહિત્ય કરતાં લોકસાહિત્ય ઘણી વાર અધિક મધુર લાગે છે: રસ કરતાં છોતરાંનું પ્રમાણ એમાં વિશેષ હોવા છતાં યે!

એવા જ સ્વાભાવિક વન-માધુર્યનું દર્શન આજે સૂરતી અમદાવાદી લોકસાહિત્યના 'ખાયણાં'ની અંદર લાધ્યું. ઘણા ઘણા કૂચાની સાથે એ મિષ્ટ રસ ઓતપ્રોત બની રહ્યો છે છતાં યે ગમે છે. કૂચો ચાવી ચાવીને ચૂસવો ગમે છે. ધીરી ધીરી એ મીઠાશ અંતઃકરણમાં ટપકતી જાય છે. વધુ ચાવવાથી વધુ પચે છે.

હીંડોળે બેસીને ગાવાનાં

જોયું નથી, સાંભળ્યું છે: સૂરત-અમદાવાદની મુખ્યત્વે કરીને બ્રહ્મક્ષત્રિય કોમની નાની નાની કુમારિકાઓ રોજ સંધ્યાએ હીંડોળે હીંચકતી હીંચકતી સામસામી 'ખાયણાં' ગાય છે. આંબાવનમાં એકબીજી કોયલો સ્પર્ધાનાં તાનમાં આવી સામસામા ટહુકા દેતી હોય એવો એ દેખાવ થતો હશે. જૂનાં 'ખાયણાં'ના પ્રવાહમાં તરબોળ

બન્યા પછી નવાં 'ખાયણાં' સ્વયંભૂ સ્ફુરતાં હશે. સ્વજનસ્નેહ, સંતાપ, કટાક્ષ અને ટીખળની કૈં કૈં લાગણીઓ 'ખાયણાં' વાટે વ્યક્ત થતી હશે. સૌરાષ્ટ્રના મેળાઓમાં ગોવાળીઆ કે અન્ય દુહાગીરો કાનમાં આંગળી નાંખી, હાથમાંની ફુમકીઆળી છડી હલાવી, ડાંગ પર ટેકવેલા મસ્તાન દેહને ઝુલાવતા ઝુલાવતા જેમ શીઘ્ર સુંદર દોહા, સોરઠા રચતા હતા તેમ જ શું ગુજરાતની કિશોર કન્યાઓ આજ પણ હીંડોળે ઝૂલતી, ને દિલ–હીંડોળના ફંગોળા દેતી 'ખાયણાં' જેવાં મૃદુ મંજુલ પદો રચતી હશે! ગુજરાતણો તો રચે જ ને! એમાં વિસ્મય શાનું?

આપણે કાવ્યનાં જૂજવાં જૂજવાં સ્વરૂપો નિશાળો ને વિદ્યાલયોમાં શીખીએ છીએ. મિલ્ટન અને શેક્સપીઅરનાં સોનેટોની રચનાઓ વચ્ચેના સૂક્ષ્મ ભેદો સમજીએ છીએ. સંસ્કૃત વૃત્તો અને ફારસી બેત ગઝલો: ઠાકોરનો પૃથ્વી છંદ ને કાન્તનું અંજનિ–ગીત: ન્હાનાલાલનું અપદ્યાગદ્ય ને ખબરદારનો મુક્તધારા છંદ: કેશવલાલનો 'વનવેલી' અને એવું કૈં કૈં: પરંતુ આપણે 'ખાયણાં'ની વૃત્ત–રચના હજુ તપાસવાનો અવસર નથી લીધો. ગુજરાત–સોરઠના ગ્રામ્ય ગીતોમાં પડેલાં કૈં કૈં વૃત્તોની વહન–શક્તિ આપણે નથી વિચારી. ઘરઆંગણની હીરાખાણો હજુ મોટે ભાગે અણપ્રીછી જ રહી છે.

ખાયણાં એટલે શું? 'ખાયણાં' એટલે ધાન ખાંડતાં ખારણિયા ઉપર બેસીને ગાવાનાં ત્રણ ત્રણ નાજુક પંક્તિઓનાં જોડકણાં; અથવા બબ્બે જ પંક્તિઓનાં કહીએ તો પણ ચાલે. કંકણ વડે રણઝણતા એ સુકોમલ હાથ ખાંડે છે અને ખાંડતાં ખાંડતાં મુખ ગાય છે:

ખાંડણિયાં ખાંડું ને ખખડે હાથનાં કાંકણ
મોટાં ઘરનાં ઢાંકણ
કે ...બહેન સાસરે.

ખાંડણિયાં ખાંડતાં ખખડે હાથની ચૂડી
મહીઅરીએથી મૂડી
વીરાજી મોકલો !

કોઈ મોટા ને કુલિન ઘરના રૂડા કુલ-સંરક્ષક ઢાંકણ સમી કુલવધૂ સાસરે બેઠી બેઠી ખાંડે છે. અથવા તો લખેશરી બાપની કોઈ લાડકવાઈ બેટી પોતાના પિયરનાં ઘર ખાંડણ-ધમકારે ગજાવી રહી છે.

ખાંડું દળું ને ધમોધમ રે વાગે
ભરેલાં ઘર ગાજે
લખેશરી બાપનાં.

સાંબેલાના ધમકારા સંભારો : કોઈ સુરતી બહેનના મંજુ કંઠમાંથી ખાયણાં ગવાતાં સંભારો : ધમકારે ધમકારે ખાયણાંને તાલ મળે છે. તાલે તાલે સાંબેલાને જોર ચડે છે. ખાંડનારી એ તાલબદ્ધ નાનું ગીત ગાતી ગાતી અંતઃકરણનો બોજો ઉતારે છે. હૃદયની વેદનાઓ રડી કાઢે છે. દબાવેલા વિનોદો મોકળા મૂકે છે.

લોકકાવ્યની આવી વિલક્ષણ રચના સૌરાષ્ટ્રમાં નથી. કદાચ ગુજરાતના અન્ય વિભાગોમાં યે નથી. માત્ર સુરત અમદાવાદમાં જ એનું સર્જન થયું દીસે છે. સુરતની વિશિષ્ટતા બરફી ન હોય, ખાયણાં હોય. ખાયણાં જેવી કૃતિ કલ્પવી તેમ જ સર્જવી, એ કદાચ ગુજરાતને જ સૂઝી શક્યું છે. સૌરાષ્ટ્રીય કે સિંધી દોહા સોરઠાની માફક બે અથવા બહુ તો ત્રણ નાની એવી પંક્તિઓને અકેકું સ્વતંત્ર શબ્દ-ચિત્ર અથવા અકેકું ભાવના સમાવી શકે તેવી અર્થવાહક બનાવવામાં સુરતના સ્ત્રીસમાજે નવીન જ કારીગરી દાખવી છે. ભલે એ સ્વરૂપ દ્વારા હજુ વિશાળ સાહિત્ય ખેડાયું ન હોય છતાંયે વૃત્તની શોધ મળવામાં જ મોટી સાર્થકતા છે.

દોહો એટલે જેમ અકકેક ઊર્મિગીત, તેમ જ 'ખાયણાં' પણ પોતાની ત્રણ ત્રણ પંક્તિમાં અકકેક ઊર્મિગીત વસાવવાની સરલતા પૂરી પાડે છે. એમાં સંકલનાની જરૂર નથી

અકકેક ઊર્મિગીત

સંબદ્ધતા ન હોય તો પણ ચાલે. વેગવંત છબીયંત્ર (કેમેરા) જેવું સગવડ પડતું એ કાવ્ય-સાધન છે. જરા ગંભીર વિચાર આવ્યો, કે તરત જ એમાં ઝલાયો:

આ રે જગતમાં એક જ મોટી ખોડ
સરખેસરખી જોડ
કે મળવી દોહ્યલી !

કોઈ મધુર ઉપમા સૂઝી, કે લાગલી જ ખાયણાંના નાનાશા ચિત્રપટ પર ઊતરી :

કાળી તે કોયલ આંબલિયામાં રમતી
બાપાજી ભેગી જમતી
કે બહેની નાનડી

કોઈ માંગલ્ય ફોરતી કલ્પના સ્ફુરી કે તરત ખાયણા–યંત્રની ચાંપ દબાઈ :

સૂરજ ઊગ્યો ગોરી ગાયને ખીલે
ફીચા ભાઈને ટીલે
કે સૂરજ ઝળહળે !

એ કલ્પનાને પુન: યોજવી છે: નવું જ સૌંદર્ય નિપજાવ્યું:

સૂરજ ઊગ્યો આશાપૂરીને ઓટલે,
......બેનને ચોટલે
કે સૂરજ ઝળહળે.

અથવા ફક્ત એક સામાજિક;કટાક્ષ મૂકવો છે. ઝપાટાબેર મુંબઈના કન્યાલોલૂપ ગમાર બુઢ્ઢા ધનિકોનું એક સુરેખ ટોળચિત્ર એ કાવ્યયંત્રની અંદર પડી ગયું :

મુંબાઈના શેઠિયા ખાડી ખઓચીએ રખડે
કન્યા માટે ટવળે—
કાણી બહેન આપીશું !

અને પછી તો સસ્તા મૂલનો કેમેરા જેમ વિવેક વિના દાઝ કાઢીને વપરાય છે, તેમ ખાયણું પણ પોતાનું ગાંભીર્ય, પોતાનો સદુપયોગ, અને પોતાનો હેતુ ગુમાવીને જે કાંઈ તોર આવ્યો તેમાં વપરાતું થઈ જાય છે:

અરદેસરની પેટીમાં સવ્વા બશેરો તોડો
અરદેસરનો ઘોડો
નાખુદા વાપરે.

છેક જ અર્થશૂન્ય ! અથવા—

ગોખી કરીને બોધવચન કર્યું મ્હોડે
બેઠી ચૈયર જોડે
પરીક્ષા આપવા.

એ રીતે ભણતર અને પરીક્ષાનું નવું reporting જ ચાલ્યું:

ખાયણાંના બંધારણની અતિસરલતા એ એક દૂષણ જેવી થઈ પડી: ઈંગ્લાંડમાં પોપ અને ડ્રાઈડનના કાળમાં 'હીરોઈક મીટર'વાળા દોહરા (કપ્લેટ)ની દશા થઈ હતી તે રીતે; ફારસી કવ્વાલીના જે બૂરા હાલ આજે ગુજરાતની શેરીઓમાં બન્યા છે તે રીતે.

આડે દિવસે નહિ, પરંતુ વિવાહ અથવા સીમન્ત સરખા અવસરનું

મંગળ ધાન્ય ખાંડતી વેળાનાં જ સ્ફુરેલાં આ 'ખાયણાં' હોવાં જોઈએ.

લગ્નપ્રસંગના ત્રિલાપસૂર

પૂર્વે ગવાતાં તો હશે ખાંડતાં ખાંડતાં, પણ આજે એ પ્રથામાં પરિવર્તન થયું છે. સાંભળ્યું છે કે લગ્નને સમયે કાયસ્થ મહિલાઓ સામસામી બે પક્ષોમાં વહેંચાઈ જઈ વારાફરતી અકેકેક પદ લલકારતી જાય છે અને એ કાવ્યમયતાનાં આંદોલનો બરાબર જામી ગયા પછી તો એ કાવ્યરસભરી સુંદરીઓને શીઘ્ર નવી રચનાઓ પણ આપોઆપ સ્ફુરે છે.

એ રીતે આ ગીતો સરજાયાં છે લગ્ન–અવસરને આધારે, છતાં લગ્નના ઉલ્લાસ એમાં આછા આછા–નહિ જેવા જ ગવાયા છે. મુખ્યત્વે ગવાયા છે સંતાપના, અંતસ્તાપના સ્વરો. ખાયણાંનો ખુદ ઢાળ જ કરુણતાથી ભરેલો છે. પ્રફુલ્લતાની કે વિનોદની ઊર્મિઓનું વહન કરવા જેવું એનું બંધારણ જ નથી. એના પ્રધાન સૂરો ઊંડા વિલાપના છે. અથવા લગ્નપ્રથાની સારી માઠી બાજુઓ પરની વિવેચના કરવાનો તેમાં હેતુ હશે. અને એ વિલાપ કેટલો મર્મવેધક છે! 'દીકરી પરણાવવા વિષે'નાં પદો તપાસીએઃ

> બાપાજી બાપા, તમે મીઠું મદ્ય પીજો
> દીકરી પરણાવવા જાજો
> કે મોટા શ્હેરમાં.

અથવા તો—

> સૂરજ બાપા, હું તો તમારી બેટી
> કોરાં ઘરેણાંની પેટી
> કે મારે જોઈશે.

એવી શહેરી સાસરિયાંની ને ઘરેણાંની ઉત્સુક પુત્રી પોકાર કરે છે કે—

મારા તે બાપે તાપી કિનારા જોયા
જોયામાં ન જોયાં
જમાઈનાં ઝૂંપડાં!*

પિતાએ નજીકમાં પરણાવીઃ પણ તપાસ્યું નહિ કે જમાઈ તો ઝૂંપડાનો નિવાસી છે. અરે એ તો મૂળાપણી વેચે છેઃ

મારા તે બાપે વહાણે ચડી વર જોયા
મૂરખ વરને મોહ્યા
મૂળાપણી વેચતા.

---

* 'ખાયણાં'ની માફક જ પંજાબી લોકસાહિત્યમાં 'ઝૂલે કે ગીત'–ઝૂલા (હીંડોળા) નાં ગીતોનો વિભાગ છે. ખાસ કરીને વર્ષાઋતુમાં હીંચકે હીંચકતી હીંચકતી પંજાબી લલનાઓ—નાની મોટી સર્વ—આવાં કરુણરસે ભરપૂર ગીતો ગાય છે. એમાં પણ પ્રધાન સૂર સાસરવાસી જીવનના સંતાપના તેમ જ સ્વજન–વિયોગના જ હોય છે. દૃષ્ટાંત તરીકે પોતાને શહેરને બદલે ગામડામાં પરણાવી તેનું કલ્પાંત પણ પંજાબી કન્યાએ 'ઝૂલે કે ગીત'માં હીંચકે હીંચકતાં ગાયું :

હોર ધીઆઁ દિતિયાઁ શહરીં નગરીં
મેં કયૂઁ દિતડી ચન્દરે પહાડ?
હથ મેરે રમ્બડી, મોંઢે તંગડી
ઘા ખુતેન્દડી ટિલ્લે દે હેઠ.
હત્થીં છાલે પૈ ગએ, પૈરીં કંડે ચુભ ગએ
હુન ચેતે આમદા બાબલ તેરા દેશ.
[પંજાબી ગીત : ૧૭૮]

અર્થ:–અન્ય દીકરીઓને દીધી શહેર નગરમાં, અને મને કાં દીધી પહાડી પ્રદેશમાં? મારા હાથમાં દાતરડું અને ખભા પર રાંઢવું છે. હું ઘાસ ખોદી રહી છું. મારા હાથમાં છાલાં પડી ગયાં છે, પગમાં કાંટા વાગ્યા છે. હે બાપુ! હવે મને તમારો દેશ યાદ આવે છે.

મૂળાપણી વેચી લાવ્યો કડબનો ભારો
એ દીકરીનો જન્મારો
કે જાવો દોહલો.

મૂળા વેચતો મૂરખ વર : અને ચોપડા વાંચતો ચતુર વર : વાણિજ્યઘેલડા સુરતનગરની દીકરીને ખેડૂત સ્વામી શે ગમે ? નિખાલસ લાગણી–ચિત્ર; આડીઅવળી કે અટપટી ઊર્મિઓની કશી વાત જ નહિ : એ તત્ત્વ છે લોકસાહિત્યનું. ન ગમ્યો નજીકનો ખેડુપતિ કે ન ગમ્યું દૂર દેશાવરનું સાસરું :

દૂર દેશનો સાસરવાસ

મારા તે બાપે ગામડાં જોયાં સંધાં
દીકરી લાડકી અંધા—
ને મૂક્યાં માળવે.

પરદેશી સાસરવાસને લીધે શી વલે થઈ?

મારા તે બાપે પરદેશ દીકરી દીધી*
ફરી ખબર ન લીધી
મૂઇ કે જીવતી.

બાપાજી દીકરી પરદેશમાં ના દેશો
મૂવા પછી ના રોશો
કે મોભેણુ દીકરી.

---

*માતાને તો પંજાબી દીકરી પણ એવે ભાવે સંભારી રહી છે : પુત્રી સાસરવાસમાં છે; સાસરાનું ગામ ઘણું દૂર–નદીને સામે કિનારે છે : ઘણાં દિવસથી માવતરને મળાયું નથી. પુત્રી પુકારી રહી છે—

મેંહદી નૂં પાદે માઁ સુઆણી,
મેંહદી દા રંગ ની ઉદાસ. સાવન આઈએ,

* * *

ને બાપે કન્યાવિક્રય કર્યો !

મારા તે બાપે ત્રાજૂડીમાં તોળી
ભર્યા કુટુંબમાં બોળી
કે દાદા દીકરી.

અને કેવી વસમી ઋતુમાં સાસરે વળાવી !

બાપાજી બાપા, મેં શું કરિયાં પાપ !
ભર્યે તે ભાદરવે
વળાવી સાસરે.

પિતાને શિખામણ દેતી દેતી પુત્રી પરગૃહે ચાલી જાય છે :

બાપાજી આંબો થડ જોઈને રોપાવજો
ઘર જોઈને પરણાવજો
કે દાદા દીકરી !

ઈશ્વર કને એ માગે છે—

મારા તે બાપને એક જ દીકરી હોજો
સારા વરને જોજો
કે ચિંતા ઊગરે.

સુન બે બાબલ મેરેઆ, દમ્મૌં દેઆ લોભિયા,
ધીઆઁ કયોં દિતિયાઁ નદિયોં પાર, સાવન ગાઈએ,
ઉરલે કૈંઢે મૈં ખડી. પરલે મેરી માઁ,
ડિગ ડિગ પૈંદા અખિયાં દા નીર, સાવન ગાઈએ,
[પંજાબી ગીત : ૧૭૧]

* * *

અર્થ:–હે મા ! મેંદીને સુકાવા માટે નાખી દેજે. એનો રંગ ફીકો પડી ગયો છે. હે મારા ધનના લોભી બાપ ! દીકરીને કાં નદી પાર દીધી ! નદીના આ કાંઠે હું ઊભી છું ને પેલે પાર મારી મા ઊભી છે. નેત્રોમાંથી નીર દડ દડ પડે છે.

વિવાહિત જીવન એટલું બધું તો અળખામણું થઈ પડયું હશે કે આ સંગ્રહને પગલે પગલે લગ્ન સામેનો ભેદક વિરોધ વ્યક્ત થતો આવે છેઃ અને એ વરાળો ઠાલવવા માટે યોજેલી ભાષા આ ખાયણાં-ના સ્વરો સાથે લૂણપાણી સમી એકરસ બની જાય છે :

આકાશે અર્પ્યાં ને ધરતી માયે ઝીલ્યાં
માએ ને બાપે ઊછેર્યાં
કે પરને સોંપવા.

આકાશ પૃથ્વીની વિરાટ—બેલડીએ ઉત્પન્ન કરેલી દીકરી પરને હાથ સોંપવાને માટે જ ઊછેરી !

મારી તે માએ જતન કરીને જાળવી
રતન કરીને રાખી
કે પરને સોંપવા.

દીકરી સાસરે સિધાવે છે, ત્યાં માર્ગે માતાપિતાની પ્રતિકૃતિ જેવાં

સાસરે જાતાં સામે મળ્યાં બે તાડ
માત પિતાનાં લાડ
મને કેમ વીસરે !

એવાં તાડની જોડલી પરથી એને માવતર સાંભર્યાં. પણ એ જેમ સુસંગત થયું, તેમ બીજી બાજુ—

સાસરે જાતાં સામી મળી ખજૂરી
સાસરાની મજૂરી
કે કરવી દોહ્યલી.

એમાં કેવળ 'ખજૂરી'ના અનુપ્રાસ સિવાય કશી સંગતતા નથી. એવું જ બેહૂદાપણું—

સાસરે જાતાં સામી મળી બે બત્તી
સાસરિયાની ઘંટી
તે ખેંચવી દોહ્યલી.

આ પદમાં પ્રત્યક્ષ થાય છે. આવા અર્થહીન અનુપ્રાસવાળાં થોડાંક જોડકણાં વટી જઈએ છે કે તરત જ કોઈ અર્થવાહી કલ્પનાવાળા પદમૌક્તિકનો ચમકારો દેખાય છે :

માતૃસ્નેહ

ઓ પેલી—ઓ પેલી કયા ગામની ટેકરી
પાણી ભરે કૂવે એકલી
કે કઇ બેન સાસરે !

દૂર દૂરના શ્વશુર—ગામની કોઈ ટેકરી પાસે એકલે હાથે પાણી ભરતી દુઃખીઆરી બહેનનું આ ધ્વનિ—ચિત્ર લગારે વધુ રંગપૂરણી નથી માગતું. તુરત જ એ બહેનના ઉર—તરંગો આપણા અંતર સાથે અથડાય છે :

સાંજે પડે ને આથમે રવિનું તેજ
માડી કેરૂં હેત
કે મુજને સાંભરે.

સંધ્યાના અસ્તાયમાન રવિતેજ સાથે માડીના હેતની કેવી સુસંગતિ !

ઘડો ફૂટે ને રઝળે જેવી ઠીકરી
મા વિણ રઝળે દીકરી
કે આ સંસારમાં.

ગોળ વિનાનો મોળો તે કંસાર
મા વિણ સૂનો સંસાર
કે મુજને લાગશે

વિજોગણ દીકરીને માતા શા માટે નથી તેડતી ? દીકરીને સાડી લેવી પડે તે ભયથી—એવી કલ્પના કરીને પુત્રી કહેવરાવે છે કે—

માડી રે માડી ન જોઈએ મને સાડી
જનમની ઓશિયાળી
કે તારા દૂધની.

આ અને અન્ય સંકલિત ખાયણાં જાણે માતૃ-પ્રેમ પરનું એક સળંગ ઊર્મિકાવ્ય તૈયાર કરે છે.

ભાઈબેનની પ્રીતિ એવાં જ નોખનોખાં જે પદો ભાઈને સંબોધીને રચાયલાં છે, તેને પણ સંકલનામાં ગોઠવતાં ભાઈ-બહેનનાં હેતનું સુરેખ શબ્દ-ચિત્ર બની જાય છે : જેવાં કે—

......બહેન પરણે ને મોર ચિત્તરના માંડવા
અખંડ ઉજાગરા
કે એના ભાઈને.

વાડા પછવાડી શિવજીનું દહેરું
પૂજા કરવાને તેડું
કે મારા ભાઈને.

આજ મેં રાંધ્યાં ખીરચૂર રે થોડાં
વીરાજીનાં ઘોડાં
પરસાળે હણહણે.

આઘેથી દેખું દૂર દૂરને ડગલે
પરમેશ્વરને પગલે
કે વીરાને ઓળખ્યા

આવતા દેખું લીલી ને લાકડીએ
કસૂંબી પાઘડીએ
વીરાજીને ઓળખ્યા.

* આવતા દેખું પુરીજનને ડગલે
વીર માડીને પગલે રે
ભાઈને ઓળખ્યા.

× આવતા દેખું દૂર દિલ્લીને છેટે
બહેન કરીને ભેટે
માડીજાયા હોય તે.

આજ સખી મારી આંખડલીનો હીરો
આવે માડીજાયો વીરો
તો માંડું ગોઠડી.

મારા તે ભાઇનો રેવંતો છે ઘોડો
જડિત્ર અંબોડો
કે મારી બહેનનો.

ભાઈની બાલ્યાવસ્થાને બહેન યાદ કરે છે—

દેવને વા'લાં ઘીનાં દીવાનાં કોડિયાં
મુજને વહાલાં ગોડિયાં
કે બચુભાઈના.

---

* સુરતી બહેન ભાઇને મા જેવાં પગલાં માંડતો ઓળખે છે, તો સૌરાષ્ટ્રીય બહેન—

"ઓળખ્યો ઓળખ્યો રે માની આંખ્યુંની અણસાર
"બાપની બોલાશે વીરને ઓળખ્યો."

એમ ઓળખે છે. દીકરાની આંખો માને મળતી ને વાણી બાપને મળતી હોય એ લોકશાસ્ત્ર છે.

× મોટી વયના ગ્રામ્ય ભાઇ–બહેન વચ્ચે શરીરે ભેટીને મળવાનો આ ચાલ હતો. ખાસ કરીને એ ભેટવાના પ્રસંગો કાં વિયોગના ને કાં કોઈ સ્વજન–મૃત્યુના હતા.

લીલુડો પોપટ કચેરીમાં ઊડતો
બાપાજી જોડે જમતો,
બચુભાઈ સાંભરે.

માડીના મેવા ને બાપની મીઠાઈ
વીરાની સગાઈ
તે ટાળી નવ ટળે.

પુત્રવધૂનું ચિત્ર આવાં કોમલ સ્નિગ્ધ પદો આપણને લોક-સાહિત્ય સિવાય બીજે ક્યાં મળશે? એવાં જ પદો ભાભીની મધુર છબી આંકે છે. ગૃહશણગાર કરતી—

કઈ વહુ લીંપે ને કઈ વહુ તે થાપે?
કઈ વહુ તે પાડે
સિંધુરિયા ઓકળી!

એવી પુત્રવધૂનાં મંગલ રેખાંકનો જુઓ—

લીલી વહુરાણી ને હાથમાં ચલાણી,
અંબિકા ભવાની–
ને પૂજવા નીકળ્યાં.

બારીએ બેસી કંકુડા અજવાળું
ઘેણ કરી શણગારું
કે ચંદન વહુને.

આવોની માલણ આપીશ કટકો રોટલો
ફૂલે ભરજે ચોટલો
કે કુંદન વહુનો.

આવાં ચિત્રોમાં લાક્ષણિકતા રહી છે. ઘણા અલ્પ યત્ન થકી એ રેખાઓ દોરાઈ છે. શબ્દની જટિલતા અથવા રેખાઓની બહુલતા

એમાં નથી, કેમ કે એ દોરનારાંઓ શું રેખામાં કે શું કાવ્યમાં, 'ધ્વનિ'ને જ ગનીમત સમજી શબ્દબાહુલ્ય ત્યજતાં.

એ ઉપરાંત ભાભી વિષેનાં પ્રહસનો, શોક્યોનાં ઈર્ષ્યા-ચિત્રો ઇત્યાદિ વિષય પર પણ ખાયણાંમાં કવિઓએ ઠીક ઠીક હાથ અજમાવેલ છે. પરંતુ—

> નાની વહુ ને મોટી વહુ દેરાણી જેઠાણી
> મુંબાઈની શેઠાણી
> કે અદ્ધર ચાલતી.

એવાં, અથવા તો—

> રેંટિયો ભાંગીને ચાલી હું તો મોસાળ
> મામીએ કંતાવ્યાં
> કે મામાનાં ધોતિયાં.

એવા કટાક્ષોના અપવાદ સિવાય રંગપૂરણી અથવા રેખાલેખન બરાબર નથી લાગતાં. બહુધા વેવાઈ વેવાણનાં પદો તો—

> મારે તે બારણે એઠાજૂઠાનું કૂંડું
> ભંગિયા કરતાં ભૂંડું
> નાના ભાઈનું સાસરું.

એ રીતે હીનરુચિ પ્રગટ કરતાં હોય છે. બીજાં કેટલાંક—

> ખાળ કૂંડીમાં કુંદનલાલ અંગોળે
> બાબરિયો ખંગોળે
> કે મણ કીડા ખરે.

એ ઢબે ફટાણાની કોટિમાં ઊતરી પડે છે. કેટલાંક વળી—

> મીઠાવાળા તેં મીઠું મોઘું કીધું
> રૈયતને દુઃખ દીધું
> અંગ્રેજના રાજમાં.

ટોપીવાળા તારી અક્કલની બલિહારી
પહાડમાં કોચી ગાડી
કે તારા રાજ્યમાં.

અથવા તો—

ઓ પેલો—ઓ પેલો દામોદરિયો કૂવો
અરીણ ખાઇ મૂવો
ચકાનો ચૂનિયો.

આવાં પ્રાસંગિક પદો આવે છે. સમકાલિન ઘટનાઓને ટૂંકાં ટૂંકાં પદોમાં સંઘરી લેવા પૂરતી ઉપયોગિતા નિઃશંક એ સિદ્ધ કરે છે. પરંતુ આ ખાયણાં-સંગ્રહનો પ્રધાન સૂર તો વિવાહિત જીવનનાં દુઃખો પ્રત્યે કટાક્ષયુક્ત, વેદનાયુક્ત આક્રંદ ગાવાનો જ છે. એ આક્રંદને ખાયણાં કોઈ વિલક્ષણ રીતે કરુણાર્દ્ર મીઠાશથી વ્યક્ત કરી શકે છે. ઘણાંએક તો સ્ત્રી–હૃદયનાં અકેકેક આંસુ સમાન છે. બંધારણે કરી સરલ સીધાં, ધ્વનિકાવ્યની રચનાને અનુકૂલ, ઢાળ પરત્વે કોમલ, સ્મરણશક્તિને માટે હળવાંફૂલ, એવાં વિશિષ્ટ લક્ષણે કરી વિભૂષિત છે. એને પ્રાચીનતા વા અર્વાચીનતાનાં બંધન નથી. એનો કોઈ પણ સમયે સારો વા નરસો ઉપયોગ સામાન્ય કવિત્વ ધરાવતાં લોકો પણ કરી શકે છે. એટલી એની પ્રવાહિતા જ એનું જોખમ છે. કુસંસ્કારને પણ એ ફોટો યંત્રની માફક ઝડપી, ચિરસ્થાયી ને ચેપી બનાવી શકે તેવાં છે. પરંતુ તેથી તો ઊલટું આવશ્યક બને છે કે અમદાવાદ સુરતની સંસ્કારસુંદર અને ભાવભીની રમણીઓ ખાયણાંની ફુલક્યારીઓમાં નવા યુગના ફુલરોપ વાવી પોતાનાં સંસ્કારનીર સીંચ્યા કરશે. ન ભૂલીએ કે સુરતની વિશિષ્ટતા બરફી નથી; ખાયણાં છે. અમદાવાદ અને સુરત નગરીઓ તો રસે કરી અલબેલી, સંસ્કારે કરી સુવાસિની અને ઇતિહાસની લાડીલી છે. એનાં ખંડિયેરોમાં હજુયે શું શું નહિ પડેલું હોય?

●

પ્રાંતપ્રાંતના લોક-સૂરો

ખાયણાં વિષે લખાયું તે પછી આજ ઘણાં વર્ષે એક નવું થએલ નાનું મરાઠી પુસ્તક હાથમાં આવે છે ને તેમાંથી ભાળ છે કે ખાયણાંને મળતા કલેવરવાળી રચનાઓ મહારાષ્ટ્રના સાહિત્યમાં પણ છે: ખાયણાં જેવી જ મિતાક્ષરી, હળવી, લઘુરૂપિણી રાષ્ટ્રી ખાયણાંની રમ્ય એ રચના છે ભેદ ફક્ત એક જ, કે ખાયણાં ઊર્મિવાહક મૌક્તિકો છે, જ્યારે મરાઠી રચના સળંગ મોટાં ોની એકેક કડી સમાન છે.

'साहित्याचे मुलधन' નામની એ નાની ચોપડીના સહલેખક શ્રી. ન કૃષ્ણ ચોરઘડેએ મહારાષ્ટ્રના લોકસાહિત્યની પોતે એકઠી કરેલી ગ્રીમાંથી થોડી પ્રસાદી આપી છે. સ્ત્રીઓની કંઠસ્થ વાણીમાંથી લાં એ મોતીની સેર્ય પરોવીને સંગ્રાહકે એક એક સંસાર-ચિત્ર કર્યું છે. એમાંના એક ચિત્રનો નમૂનો આ છે—

ગામડાના જીવન પર પડતું પ્રભાત: પ્રભાતના પહોરમાં ગૃહવધૂ ા ઊઠીને સંજવારી વાસીદું કરે છે, ને તે સાથે ગીત ગાતી જાય છે.

पहांटेच्या प्रहरी, संसाराचा धंदा
नांव तुझं रे गोविंदा, विसरली

[પ્રભાતના પહોરમાં મારાં સંસારકામો આડે હે પ્રભુ, હું તારું નામ વીસરી ગઈ.]

બરાબર ખાપણુાંને મળતી જ એ ચાર ચાર પંક્તિની રચનાઃ વચલાં બે પાંખિયાંના પ્રાસ મળેઃ ને બરોબર એ જ વિચાર–સરણી, એ જ શૈલી.

ગુજરાત અને મહારાષ્ટ્ર જે કાળે રાજકીય સંપર્કમાં આવ્યાં હતાં, તે કાળે શું આ અંતરતમ સાંસ્કારિક સંપર્ક દાખવતી રચના એકે બીજા પાસેથી મેળવી હશે?

યમુનાબાઈ તુલસીને સંબોધે છેઃ હું એનો મોકળો અનુવાદ જ આપું છું:

"તુલસી માત મારી, વસ્યાં કાં વેગળાં વને,
"દઉં હું જગ્યા આંગણે,
વૃંદાવને મારા."

શા માટે?

"ઈશ્વર પૂજવાની, ત્રેવડ નવ મારી,
"એથી જ હે મુરારી!
ધરાવું તુલસી–દળ."

એવા જીવનક્રમનો પ્રત્યેક દિવસ વીતાવતી યમુનાને સંસારમાં કોઈ જાતની ઊણપ નહોતી, કોઈ એને કડવું વેણ કહેનાર નહોતું, છતાં એક વખત વૃદ્ધ સાસુને કૌતુક થયું કે આ વહુને શું કાંઈ થયું છે! એ બાબતનું રહસ્ય સમજી લેવા યમુનાનો પતિ તૈયાર જ હતો.

"પરણ્યોજી જઈ પૂછે, મુખ મીઠડું કાં કરમાયું,
"કોણે કડુ વેણ કહ્યું
પ્રાણસખી મારી!"

આવો ભલો સંસાર-સાથી દીધા બદલ યમુના વારંવાર પ્રભુને યાદ કરે છે—

"ઈશ્વર બાપજી રૂડા, કેટલા પાય હું લાગું !
"આપ્યું છે તેં મનમાન્યું
કંકુડું કપાળનું"

પછી થોડા દિવસ જતાં યમુનાને કામ કરવું જરા કપરું લાગવા મંડયું. કરનારી પોતે એકલી. કર્યા વગર છૂટકો નહિ. પછી તો અન્ન દીઠું પણ ગમે નહિ. સાસુ તો સમજી ગયાં, અને નદીકાંઠે અન્ય બાઈઓએ યમુનાની આ રીતે હાંસી આદરી—

"પે'લડે પે'લડે માસે, અન્ન કેરી હેળ,
ખાધું પીધું થાય ઝેર,
યમુનાબાઈ."

'હેળ' ગુજરાતી શબ્દ : એનો મરાઠી સમશબ્દ 'હુળુક.'
ત્યાં તો બીજી સ્ત્રી ઠઠ્ઠા કરે છે:

બીજલે બીજલે માસે, અન્નડિયાં ન ભાવે
દૂધપેંડા કંથ લાવે
યમુનાબાઇને.

કંથ દૂધપેંડા લાવ્યો કે નહિ તે તો ખબર નથી, પણ આ હાંસીથી યમુનાના મોંમાં પાણી છૂટયું હશે એમ લાગે છે: ત્યાં ત્રીજી ગાવા લાગી—

ત્રીજલે ત્રીજલે માસે, ઓદર ઊંચું દીસે,
એકાંતે લે કંથ પૂછે
યમુનાબાઇને.

હવે આંહીં ઊભા રહેવામાં શોભા નથી એમ સમજી યમુના શ્વાસ-ભરી ઘેરે ચાલી આવે છે

પછી પ્રસૂતિની વેદનાને વખતે—

ગર્ભિણી નારી કેટલી, કરે છે કાકલૂદી,
પ્રભુ હાથે તાળાંકૂંચી
યમુનાબાઇની.

ગુજરાતી 'કાકલૂદી' અને મરાઠી 'કાકૂળતી,' તદ્દન મળતા શબ્દો.

ગર્ભિણી નારી કેટલી, તું બીસીશ જીવને!
ચિંતા તારી બધી દેવને,
યમુનાબાઇ.

પરમેશ્વરે દયા કરી, યમુનાને છૂટકો થયો (મરાઠી શબ્દ 'સુટકા' જ વપરાયો છે. લોકવાણીનું આંતરપ્રાંતીય સગપણ કેટલું ગાઢું હતું !) સુયાણી બહાર નીકળી. સૌએ પૂછી જોયું, શું આવ્યું?

પે'લો જ બેટડો આવ્યો, ધરતી પામી ઉલ્લાસ,
માવડી પામ્યાં સંતોષ,
યમુનાબાઇનાં.

સાકર વેંચી છે સૌને, લ્યો લ્યો રે બાઇ વધારે,
હીરા માણેક પધારે
યમુનાબાઈને.

બાળક મોટો થાય છે. પાડોશીઓને ઘેર રંજાડ કરે છે. માતા પાડોશણને ચેતાવે છે—

પાડોશણ બેની જોજે, મોગરાની તારી વેલ;
મારો હીરો છે ફાટેલ,
તોફાની સખારામ.

પાડોશણ બેની રાખ્યે, આંગણિયાં તારા રૂડાં,
ખેલશે બેઉ બાળુડાં
મારો સૂડો તારી મેના.

આપણા લોકસાહિત્યમાં પણ 'સૂડો અને મેના'નું જ જોડું છે.

પાડોશણ આવી રાવેઃ પકડી તેના પાય
પૂછે છે, એની રે બાઈ !
શું કર્યું બાળારાજાએ !

પાડોશણ આવી રાવેઃ ઉછેડી મારલી કેળ,
એને છે દાદાનું બળ
ફાટ્યા તારા બાળને !

પાડોશણ આવી રાવેઃ કેળ કાઢી નાખી મારી !
એને આપી એક સાઠી,
મનાવી લીધી માતાએ.

કિશોર બનેલા સખારામે દાદાનો ઘોડો પલાંગીને કેવાં પરાક્રમ
—

પાણીશેરાનો આ ઝરો, કોણે આવી ખૂંદી નાખ્યો !
તેજી નચાવવા આવ્યો
બાઇ તારો બેટડો

આ 'તેજી' શબ્દ જ મરાઠી લોકવાણીમાં છે. સખારામ મોટો
. પછી એને તો નાની બહેન પણ આવી છે. બાજુના નાગપુર
રમાં સખારામને નિશાળે બેસારવા લઇ જાય છે ત્યાર વેળાનાં
ાનાં કલ્પાંતમાંથી—

आपुया आयुष्याची, करीन पलगडी
सख्या बैसे पळघडी,
राजसबाळा माझ्या.

[મારા આયખાની હું ઢોળણી કરું : હે મારા રાજબાળ, તેના
થોડી ઘડી તું બેસતો જા !]

તે પછી વચ્ચે વચ્ચે પુત્ર યાદ આવે છે ત્યારે માતાએ એક જ શબ્દમાં 'નિશાળ'નો ત્રાસ વર્ણવ્યો છે—કેળવણી પરનો આ પ્રહાર કાતિલ છે :—

नागपुर गांवची शाळा, दिसेते बहु खोल
गजघाटीं तुम्हा बोल

सखाराम

[નાગપુર ગામની નિશાળ તો કોતર જેવી, ગુફા જેવી લાગે છે. એની અંદર તારા ગજ સરીખા બોલ હું જાણે સાંભળી રહી છું.]

કાનડી લોકગીતો

'ગરતિયા હાડુ' નામનો એક કાનડી લોકગીતોનો સંગ્રહ મારી સામે પડયો છે. એનો ભાંગ્યો તૂટયો ગુજરાતી ભાવાનુવાદ એક વેપારી જીવનમાં પડેલા મેંગલોરી બંધુએ કરી આપ્યો છે. અનુવાદનું વાચન ફરી એક વાર પ્રતીતિ કરાવે છે કે લોકગીતોમાં વહેલી સરવાણીઓ એક અને ઓતપ્રોત એવા પ્રજાપ્રાણમાંથી નીકળી છે, ને લોકપ્રાણના જ મહાસિંધુ ભણી વહી રહેલ છે.

'ગરતિયા હાડુ' એટલે સ્ત્રીઓનાં ગીતો. અને સ્ત્રીહૃદયમાંથી વહેતી લાગણીઓ પણ એની એ જ: માને માટે, ભાઈને માટે, બાપને માટે, બાલકને માટે, સ્વજનો માટે એક જ સરખું ઝૂરતું હૃદય. ઝૂરે છે ખરું, પણ કવિતાના સૌંદર્યમય ઉદ્દગારો દ્વારા. જુઓને એનાં નાનાં ઊર્મિગીતો:

: ગીત :

"માતા વિનાનું પીઅર શૂન્ય છે: જેમ મુખશુદ્ધિ માટે દાતણ વિના ન ચાલે, માથાને માટે મોગરો જોઇએ, તેમ પિયરમાં માવિહોણી શી મીઠાશ છે ?"

લોકકવિતા ઉપમાઓ શોધવા માટે પોતાના જીવનપ્રદેશની બહાર
ી નથી, એટલે વલ્કલધારિણી તાપસ-કન્યા સમી એ વાણી અધિક
મે છે: આ રહી એની ઉપમા—

: ગીત :

"બાપને યાદ કરવાથી વાસી ભાત પણ તાજો બની જાય છે. ગંગા સમી
ા યાદ કરતાં મારૂં મેલું થએલું માથું પણ સ્વચ્છ બની જાય છે."

"માતાનું મુખ જોઉં છું ત્યારે દૂધ પીધા બરોબર લાગે છે."

"મારૂં પીઅર જો મારી ગરીબીમાં પણ અભિમાન રાખે, તો હું પતિને
રાબ પીને જીવવાનું પણ શ્રેષ્ઠ માનીશ."

પરંતુ હું તમને સાહિત્યમાં બીજે ક્યાંયે ન બતાવી શકું એવી
ૃસ્નેહની કલ્પના તો આ રહી એ કાનડી લોકવાણીમાં—

: ગીત :

"અમે બત્રી બહેનપણીઓ પાણી ભરવા કૂવે જઈએ છીએ; માતાની વાતો
ા છે: અને કૂવાનું જળ ઊંચે ચડતું હોય તેવો ભાસ થાય છે."

જીવનના કોઈ પ્રદેશને લોકકવિતા ગંદી નજરે નિહાળીને સુગાતી
ાતી. કાનડી કન્યા સાસરવાસે બેઠી ગાય છે કે—

: ગીત :

"હું જ્યારે ગર્ભવતી થઈશ ત્યારે લીલા રંગની સાડી પહેરીશ. તેવા જ
ની ચોળી પહેરીશ. લીલા પાંદડા પર જમીશ. ત્યારે પછી મારા ભાઈ
માન બનીને આવશે."

આપણા વ્રત-સાહિત્યમાં 'વીર-પહલી'ની લોકવાર્તા છે ભાઈનું દીર્ઘાયુ
છતી બહેન એ પવિત્ર દિવસે પોતાના હૃદયની પ્રાર્થનાને ક્રિયામાં ઉતારે
: એટલે કે રેંટીઓ કાંતતી કાંતતી એ કંતાતા સળંગ તાર દ્વારા
ઇની લાંબી આવરદા વાંચ્છે છે. એને પણ ભાઈના આવવાની

સાથે જ ત્રાગ તૂટયો જોઈ ભાઈની આયુષ્યદોરી તૂટવાનું અપશુકન લાગે છે. અને કાનડી ભાઈની બહેન! તારેય શું સોરઠી ભાઈની બહેન જોડે આટલું બધું ગાઢ કાવ્યસગપણ! તું ગાય છે કે—

"સો એક કાંતનારીઓ કાંતવા બેસે છે. મને થાય છે કે મારા ભાઈનો ધાગો કેમ અટકે છે?"

ને આ વળી બીજી નવીન જ કલ્પના—

"મને મારા પતિ ગાળ દેતા તેથી તો આંસુ ન આવતાં. પણ દેર ગાળો દે ત્યારે તો છાપરા વગરના મકાનમાં જેમ વરસાદનું પાણી આવે તેમ આંસુ પડે છે."

એક જ વધુ ગીત આપીને કાનડી લોકકવિતાને મીઠા જુહાર કરીએ:

"પતિ-પત્નીના ઝઘડા તો પથ્થર પર સુખડ ઘસીએ તેના જેવા છે: શિવલીંગ પર પાણી રેડીએ તેના જેવા છે: ગંગામાં પૂર આવ્યાં હોય તેના જેવા છે."

વાચક! તારી પત્નીને એ ના વંચાવતો, નહિ તો રોજે રોજ પથ્થર પર સુખડ ઘસાશે!

*બિહારી આહીર-ગીત

"આ આપણું બિરહ-ગીત, ઓ ભૈયા, ખેતરોમાં નથી ઊગતું, ઝાડવે નથી પાકતું; એના વાસ તો હર કલેજામાં છે. કલેજાં કામ કરે છે ત્યારે જ આપણે આપણાં આ બિરહ-ગીત ગાઇએ છીએ."

નેપાલી ખેડૂત-ગીત

"ધરતી જ મારી મા ને ધરતી જ મારો બાપ છે. એ ધરતી જ મને ધાવણ પિવાડે છે, ધાન ખવાડે છે. એવી પ્યારી ધરતી માતને જ હું લળું છું, ચાહું છું."

*નીચેના થોડા નમૂના શ્રી. દેવેન્દ્ર સત્યાર્થી નામના જાણીતા લોકગીતસંપાદકના એક વ્યાખ્યાનમાંથી વીણેલ છે.

કાશ્મીરી લોકગીત

"પ્યારા ગોવાળિયા, તું મારી જેલમને કાંઠે આવજે ને આંહીં તારાં તરસ્યાં ધણને પાવા લાવજે.

"તારાં વધામણાંને કાજે હું નાવડીએ નાવડીએ દીવા મેલીશ, ઓ પ્યારા! જેલમને કાંઠડે તારી ધેનુઓનાં ધણ પાવા આવજે.

"તારે માટે તો મેં આલાં લીલાં ઘાસ રાખ્યાં છે. તારાં ગાડર ને છાળાંને ચારવા તું જેલમની દરયે આવજે ઓ ગોવાળિયા!"

આસામના ખાસી-ડુંગરાનું લોકગીત

"ખાસી ડુંગરડાના દેશ! ઓ રે રૂડા ખાસી ડુંગરડાના દેશ! તારા માથે ઘોળ્યાં જવાનું મન થાય છે.

"તેં અમારા વડવાને પારણે હીંચોળ્યા. એ તો ચાલ્યા ગયા, પણ એની સાંભરણો સદા તાજી જ હોય છે અમારા હૈયે.

"મોતનાં તાતાં તીર પણ ન વીંધી શકે એવી એ યાદ! ઓ ખાસી ડુંગરડાના દેશ!"

બરમી નાવિક-ગીત

"હીરે મઢેલી મારી હોડલી! ઈરાવદીનાં નીરમાં તું તો કોઈ નાચવાલી જેવી સરતી જાય છે. ઈરાવદીનાં મોજાં તારી પાછળ પાછળ ભમે છે."

પઠાણ માતાનું હાલરડું

"બચ્ચો મારો અલ્લાહની બાગમાંથી મને બક્ષીસ મળેલી અંગુર છે જાણે. મારે ખોળે અલ્લાએ આસમાનથી નાખેલ તારો છે જાણે."

બિહારી લગ્ન-ગીત

"બાપુ ઓ બાપુ," હું દમદમ પુકારું છું, પણ બાપુ સાંભળતા નથી. "ઓ વહાલા બાપુ, આ તમારો જમાઇ તો જુઓ: બળજબરીથી એ મારા સેંથામાં સિંદૂર પૂરી રહેલ છે. મોંઘામૂલો એ સિંદૂરઃ ને એથીયે મોંઘેરી મારી

ઘૂંઘટ—ચૂંદડી છે. પણ ઓ બાપુ, એ સેંથે ભરાતો સિંદૂર આપણા બેઉ વચ્ચેની જુદાઈના બોલ બોલે છે. તમારી ડેલીની, ઓ પ્યારા દાદા, હું રજા લઉં છું."

બંગાળી પ્રેમગીત

"તારાં પાનબીડાં નઇ લઉં નઈ લઉં. તારી સોપારી નઈ લઉં, નઇ લઉં! તારા, વાટમાર્ગુના શા વિશ્વાસ? તું તો સદાનો વાટમાર્ગુ ઓ વહાલા! જેવો કાચો ઘડો, તેવો વાટમાર્ગુનો પ્રેમ. એક વાર ભાંગ્યો ફેર સંધાય નહિ. તારાં પાનનાં બીડાં નઈ લઉં, નઈ લઉં, નઈ લઉં!"

રજપૂતાનાનું યુદ્ધગીત

"તલવારોને ઝાટકે વેતરાએલો પિયુ પડયો છે. એના જખ્મોને પારંપાર ટાંકા લીધેલ છે.

"થંભી જા, થંભી જા, ઓ ભાઇ ચારણ! મને ફાળ પડે છે તું વધુ બિરદાવીશ તો એ પાછો ઊઠીને દોટ દેશે."

વિશ્વ-સૂરો

રશિયન તવારીખનાં છેલ્લાં એક હજાર વર્ષોના એક કાળને ત્યાંના નિરક્ષર ગામડિયા લોકસમૂહે કેવો પેખ્યો, નોંધ્યો અને આલેખ્યો, તે જોવું હોય તો આજે સામગ્રી જડી ગઈ છે.

રશિયાની કંઠસ્થ કવિતા

એ છે 'Byling' શબ્દથી ઓળખાતાં રશિયન કથાગીતો: એટલે કે યુરોપમાં 'બૅલડ' નામે સંગ્રહાયેલાં લોકગીતોનાં સહોદર: કોઈ અનામી લોકકવિએ રચેલાં, કંઠસ્થ પરંપરાએ પ્રવાહબદ્ધ રાખીને પેઢાનપેઢી સાચવેલાં, દેશવીરોની શૌર્યઘટનાઓ વર્ણવતાં વીરકાવ્યો.

આવા કંઠસ્થ કાવ્યસાહિત્યનો ખજાનો રશિયાઈ ખેડૂતો પાસે પડ્યો હોવાની પહેલી પ્રથમ શોધ હજુ ગયા સૈકાની સાઠી–સીત્તેરીમાં જ થઈ. સામાન્ય રીતે બને છે તેમ એ દેશના કવિઓએ તેમ જ વિદ્વાનોએ પોતાના આ સાહિત્યધનમાં ત્યારે જ રસ લીધો, કે જ્યારે મેકફર્સન નામના એક અંગ્રેજ તરફથી 'ઓસ્સીઅન' નામનો રશિયાઈ લોકગીતસંગ્રહ પ્રગટ થયો! અને આ ગીતોના ત્રણ જબ્બર સંગ્રહો રશિયાઈ સંગ્રાહકો તરફથી બહાર પડ્યા તેની અગાઉ છેક ૧૬૧૯ના વર્ષમાં પોતાની મોસ્કો શહેરની મુલાકાત દરમિયાન આવાં છ bylingને લોકકંઠમાંથી પકડી લઈ પ્રગટ કરનાર પણ અંગ્રેજ રીચર્ડ જેમ્સ.

આજે એ સાહિત્યનું મૂલ મૂલવવામાં મોટો ફાળો આપનાર કુમારી ચેડ્વીસ નામની એક સ્ત્રી છે. એનું Russian Heroic Poetry

કેમ્બ્રીજ યુની.નું પ્રકાશન

નામનું પુસ્તક કેમ્બ્રીજ યુનિવર્સિટી પ્રેસ તરફથી બહાર પડયું છે. એ પુસ્તકમાં એક હજાર વર્ષોના રશિયાઈ ઇતિહાસયુગ માંહેલા એકેએક ગાળાનું પ્રતિનિધિત્વ કરનારાં, કોઈ એક સો પંક્તિઓનાં, તો કોઈ એક હજાર પંક્તિઓનાં એવાં ભિન્નભિન્ન કથાગીતો રજૂ થયાં છે. પ્રત્યેક ગીતનો પંક્તિવાર ગદ્યાનુવાદ એણે આપ્યો છે. પરંતુ અનુવાદમાં છંદોબદ્ધતા કે તાલ (rythm) ન હોવા છતાં, પંક્તિઓની પુનરુક્તિઓ, મુકરર વાકય-પ્રયોગો વગેરે કંઠસ્થ કવિતાનાં જે રસમ જેવાં બની ગયેલાં અંગો છે તે અસલનાં જેવાં જ રહેવા દીધાં છે, તેથી કરીને મૂળ કવિતાનો સમાગમ મેળવવાનું સહેલ થઈ પડે છે. દૃષ્ટાંત તરીકે-'The absence of Dobrynya' નામની એક અતિ રોમાંચક વીરકથાનો નાયક પોતાની સાહસયાત્રાએ નીકળતી વેળાએ પત્નીને કહી ગયો છે કે છઠ્ઠે વર્ષે મારા પાછા આવવાની વાટ જોજે. એ વાટ જોઈ રહેલી વિરહિણીનું આ શબ્દચિત્ર છે :

"She waited for three years.
"Day after day, as the rain falls,
"Week after week, as the grass grows,
"Year after year, as the river flows,
"And the end of the three years came;
"But Dobrynya did not return from the open plain."

અસલ રશિઆઈ bylingનું ગાન જ્યારે કોઈ કથાકાર લોકવાદ્યના તાર-ઝંકારની સાથે ગામડાના ચોરા પર માંડતો હશે ત્યાર વેળાની

શ્રોતાઓ પરની રોમાંચભરી ચોટ તો આના અનુવાદ પરથી સમજી જ શાની શકાય? પરંતુ એથી બીજે દરજ્જે જો લોકકાવ્યના વાતાવરણને પકડવું હોય તો તે માટે આવો મૂળના લોકપ્રયોગોને સાચવનારો અનુવાદ જ મદદ કરી શકે છે. બાકી તો આ સંપાદિકાનો મુખ્ય આશય છે બે પ્રકારનો:–રશીઆઈ કંઠસ્થ કવિતાની અંદર એ દેશના ઇતિહાસની જે છાયાછબી ઝિલાયેલી છે તે બતાવવાનો તેમ જ એ કંઠસ્થ કવિતાનું સાહિત્યતત્ત્વ જે વિકાસ અને પતન પામતું ગયું તે દેખાડવાનો.

સંપાદિકાએ લખેલો પ્રવેશક આ રશિયાઈ લોકકવિતા સંબંધે અનેક મુદ્દાનું સમતોલ અને સચોટ નિરાકરણ કરે છે. bylingના અસલ રચનાર કોણ હતા? તો કહે છે કે નિરક્ષર

રચનારા રાજકવિઓ ગામડિયો સમુદાય નહિ, પણ રાજદરબારી સંસ્કારમંડલોમાં ભળાતા સુશિક્ષિત ચારણ કવિઓ. તેઓની આ અસલ કૃતિઓ કેવળ ગામડિયા લોકકંઠમાં તો પડી ગઈ છેક ઓગણીસમી સદીમાં લોક-પ્રાણમાં એને સીંચનારો કથાકાર 'Skazitel' નામે ઓળખાતો. અસલ કાળમાં પેલા શિક્ષિત રાજકવિઓ ગાતા ને વ્યાપારીઓ તથા ઉમરાવો અફસરોની મિજલસો જ એ ગીતોનું શ્રવણ કરતી. તેનું સ્થાન ઓગણીસમી સદીમાં ખેડૂતોની બેઠકોએ અને નિરક્ષર ગ્રામ્ય કથાકારે (Skazitel) લીધું: બરાબર આપણે ત્યાં બન્યું તે જ પ્રમાણે. આંહીંની મેહ-ઊજળી, ઓઢા-હોથલ, શેણી-વિજાણંદ વગેરે લાંબી ગીતકથાઓની રચના જો તપાસીએ તો જરૂર લાગે કે એના રચનાર કોઈ શિક્ષિત, કાવ્યગામી રાજશાયરો હશે; પણ એ કથાઓની છેલ્લી ભાળ લાગી આપણને પેલા તુરીઓ, રાવળો, મીરો, ને ભાંડ ભવાયાઓ જેવા અણઘડ અભણ લોકકથાકારોના કંઠમાંથી. રાજકવિઓએ તેમજ રાજસભાઓએ અશિષ્ટ કહી ફેંકી દીધેલી એ રચનાઓને ત્યાં પણ ગામડિયાઓની કંઠપરંપરાએ જ ઉગારી.

કંઠપરંપરાનું સામર્થ્ય કેટલું જબ્બર? ટાંચી આછી વસ્તીવાળા વિરાટ દેશની અંદર, છેક સૈબીરિયા લગીના છૂટાછવાયા પ્રદેશોમાં, સેંકડો ગાઉઓનાં નિર્જન અંતરો ઓળંગીને પણ આ ગીતો પહોંચ્યાં છે, એવું તે તે સ્થલોમાં ગવાતા પાઠો પરથી માલુમ પડે છે. મૂળ કથા એની એ જ, માત્ર એનાં Local variants (સ્થાનિક પાઠાન્તરો) થયાં હોય છે, પણ તેમાં શૈલી તેમ જ વસ્તુના તફાવતો નજીવા જ.

ઈતિહાસનાં અસ્થિમાં પ્રાણ પૂરનાર

સાચું છે કે આ ગીતો તલેતલ સાચો ઇતિહાસ નથી નોંધતાં. પણ પ્રજાજીવનની અનેક માર્મિક ઘટનાઓ તેમ જ કાળસ્થિતિઓ ઉપર લોકહૃદયની સમાલોચના આપે છે, ભૂતકાળને સજીવન કરે છે, ને એ રીતે— "they often clothe the dry or doubtful bones of history with living flesh of popular sentiment: ઇતિહાસના સૂકા અસ્થિપિંજરમાં એ લોકોર્મિઓનાં સજીવ રુધિરમાંસ પૂરે છે." એનું એક ઉદાહરણ ટાંકીએ: એ છે Volga નામના દસમી કે અગિયારમી શતાબ્દીના દેશવીરનું ગીત. દેશનાયકો વિચારે છે કે દુશ્મનોના રાજ્ય તુર્કીમાં ગોઠવાઈ રહેલા દાવપેચની બાતમી લાવવા કોને મોકલીશું?

"If we send an old man, we shall have long to wait
"And if we send a middle-aged man
"they will make him drunk with wine;
"And if we send a youth,
"He will play too long with maidens
"And make merry with the married women
"And chatter with the old crones,
"And in that case also we shall have long to wait"
"Manifestly it is Volga himself who must go."

ને પછી વોલ્ગા તુર્કોને હાર દઈ, એની લૂંટ કરી પાછો આવે છે, તે વેળા લૂટેલી સંપત્તિ કેવા સસ્તા ભાવે વેચાય છેઃ

Good steeds went for seven roubles,
And a steel weaber for six roubles,
But the cheap bargain was the women folk.
Old women were priced at a quarter of a kopeck
And married women at half a kopeck
And fair maidens at a half-penny.

આ રીતે જેમ જેમ જમાનો પલટા લેતો જાય છે તેમ તેમ આ ગીતોમાં યુગરેખાઓ પણ નવી નવી દોરાતી જાય છે દેશમાનસ અને લોકોર્મિઓનાં બલવાન પરિવર્તનો ખરેખરાં ક્યાંઈ નોંધાયાં હોય તો તે આ કથાગીતોમાં છે. 'They represent the highest form of Russian popular poetry and oral literary tradition over a period of a thousand years.'

જુગોસ્લાવ લોકગીતો

'તુર્ક સત્તાની તાબેદારી સામે સર્બ પ્રજાને પાંચપાંચ સૈકાઓ સુધી ઝઝૂમી રહેવાનું ખમીર પૂરવામાં અને આખરે ૧૯૧૨–૧૩ ના બાલ્કન વિગ્રહ દરમ્યાન પરદેશી દાસત્વની ધૂંસરી ફગાવી દેવરાવવામાં આ ગીતોએ પણ કંઈ જેવો તેવો ફાળો નથી આપ્યો.'

આવા શબ્દો વડે સન્માનિત બનનારાં ગીતો તે બીજાં કોઈ નહિ પણ જુગોસ્લાવ પ્રજાનાં જૂનાં ઐતિહાસિક કથાગીતો છે, એ જાણીને આપણામાંના ઘણાને વિસ્મય થશે. વસ્તુતઃ એ તારીફ 'ટાઈમ્સ લીટરરી સપ્લીમેન્ટ' જેવા ઠરેલા અવલોકનપત્રની કટારોમાં પૂર્ણ ગંભીરતા સાથે થઈ છે, અને એ પુસ્તક પણ કેમ્બ્રીજ વિદ્યાપીઠનું પ્રકાશન છે. એનું નામ Yugoslav Poqular Ballads : by

Drangtin Sudotic. એ સંગ્રહમાં જુગોસ્લાવ પ્રજાનાં વીરરસભર્યાં ઐતિહાસિક લોકગીતોનો સવિસ્તર ઇતિહાસ અને મીમાંસા છે. ઈ. સ. ૧૩૮૯ના દારુણ યુદ્ધે સર્બ જાતિને તુર્કોની દાસી બનાવી, ત્યારથી ૧૯૧૩માં સર્બ પ્રજાએ મુક્તિ પ્રાપ્ત કરી, ત્યાં સુધીની તવારીખ આ લોકગીતોએ સાચવી છે, ને એ ગીતો પણ કંઠોપકંઠ લોકસમૂહે જ સંરક્ષેલાં છે.

જુગોસ્લાવ લોકકવિતાને narodne pesme કહે છે. એના બે વિભાગ : એક Zenske સ્ત્રીગીતો, બીજાં muske મરદનાં, અથવા 'Junacke (heroic). 'pesme' અર્થાત્ વીરકવિતા. Zenske અર્થાત સ્ત્રીગીતોમાં સમાવેશ પામે છે પ્યારનાં, પ્રસંગોનાં કે ધંધાને લગતાં ગીતોનો ગંજાવર સમુચ્ચય, જે બધાં જ કંઈ સ્ત્રીઓનાં ગીતો ન કહી શકાય; બીજા વિભાગનાં junacke pesme વીરગીતોમાં આવે છેઃ મહાકાવ્યોને મળતાં વર્ણનાત્મક કથાગીતોઃ જે રાષ્ટ્રના બિરદાઈઓ gusla અથવા tambura નામે તંતુવાદ્યના ઝંકાર સાથે સૂર મિલાવીને રાજસભાના રંજનાર્થે કે શૌર્યપ્રેરણાર્થે ગાતા. પાંચસો સદીઓના તુર્કશાસન સામેના યુદ્ધ પછી યુદ્ધની રાષ્ટ્રઆહુતિઓને એ ગીતોએ અમર કરી, તેમ જ નવા જુસ્સા વડે નવપલ્લવિત રાખી. એના રચનાર પણ રાજકવિઓ (bards) જ.

ઐતિહાસિક દસ્તાવેજોની મોટી ખોટ જુગોસ્લાવ પ્રજામાં આ ગીતોએ પૂરી છે. છતાં ગમે તેમ તો પણ એ તો ચારણી રચના, એનો પ્રધાન સૂર વીર નરને રંગ દઈ નવાં પરાક્રમોની તમન્ના પૂરવાનો હોય, એટલે એમાં ઐતિહાસિક સત્ય શિથિલ બને, anachronism (કાલવ્યુત્ક્રમ) ઘણાં આવે, (દા. ત. દારૂગોળો, કૉફી, તમાકુ વગેરે ચીજો યુરોપમાં દાખલ થઈ તે પૂર્વેની ઘટનાઓમાં પણ એ ઉલ્લેખ પામે) અને આખા એક સૈકાને અંતરે થઈ ગયેલા વીર પુરુષો પણ

સમકાલીનો તરીકે વર્ણવાય. એટલે એને ઇતિહાસના આધારસ્થંભો લેખવામાં જોખમ ગણાય.

યુરોપના Romantic (રંગભાવી કે કૌતુકપ્રિય) યુગમાં સ્વાભાવિકપણે જ આ મસ્ત લોકગીતોએ મોટી અસર ઉપજાવી. ગેટે, ગ્રીમ, પુશ્કીન, મીરીમી અને મીકીવીઝ સરખા સાહિત્યકારો એ ગીતોના રંગે રોમરોમ રંગાયા, પરંતુ વર્તમાન યુગનું યુરોપી સાહિત્ય એની અસરથી વંચિત રહી ગયું કારણ કે એને અનુવાદકો અચ્છા ન જડયા. આ છેક તાજા અનુવાદમાં પણ કચાશ એ છે કે સંપાદકે એની સંગીતબાજુને સ્પર્શેલી જ નથી. તે છતાં વર્તમાન સાહિત્યજગતમાં લોકકાવ્ય ચોગમથી જે નવતર રંગો રેલાવી રહેલ છે, તેની અંદર આ બહાદુર સર્બ પ્રજાનું લોકગાન ઘણું મોટું બલ ઉમેરશે.

ગુલામોનાં લોકગીતો

છેલ્લાં દસેક વર્ષોથી અમેરિકા અને યુરોપનાં સંસ્કારી શહેરોની રંગભૂમિ ઉપર અમેરિકન હબસીઓની સંગીતમંડળીઓ એક નવીન ભાતનું વશીકરણ પાથરી રહેલ છે. એ નવા વશીકરણની ચોટમાં તેઓએ દેશદેશના તમામ નામાંકિત સંગીતકારોને તેમ જ કાવ્યસાહિત્યના પ્રેમીઓને બાંધેલ છે. આ હબસી ગાયકો અમેરિકન વિદ્યાપીઠોની ઊંચી કેળવણી પામેલ સંસ્કારમૂર્તિઓ છે. તેઓ પૈકી રોલેન્ડ હેઈઝ, પોલ રોબ્સન, કુમારી મેરીઅન એન્ડર્સન અને જુલીઅસ બ્લેડસો એ ચાર અગ્રણીઓ છે. તેઓ જે ગીતો ગાય છે તે 'રિપરિચ્યુલ્સ' (Negro spirituals) નામથી ઓળખાતા અમેરિકન હબસી પ્રજાનાં જૂનાં, ધર્મભાવથી ભરેલાં લોકગીતો છે. પોલ રોબ્સન નામનો, નાદની સાક્ષાત જીવતી પ્રતિમા મનાતો વિખ્યાત હબસી જુવાન એ ગીતોને જૂની, સાદી સરળ લોક–ઢબથી ગાઈ સંભળાવે છે, જ્યારે એથી ઊલટું રોલેન્ડ હેઈઝ એ ગીતોમાં પોતાની વ્યક્તિગત પ્રતિભા અને કલા ઢાલવીને

એક નવું જ સ્વરૂપ આપે છે. ગીતોને એ ધરણીના પટથી ઊંચે ભાવના–પ્રદેશમાં લઈ જઈ, જાણે કે ચંદ્રની રૂપાવરણી જ્યોત્સ્નાનો તેમ જ સૂર્યના કનકમય ઝળહળાટનો છંટકાવ કરે છે. એ ગાય છે ત્યારે શ્રોતાઓ જાણે કે મર્ત્ય લોકમાંથી કોઈક બીજી દુનિયામાં જઈ પડે છે. અને રોલેન્ડના ગાલો ઉપરથી પણ એ ગાતી વેળા દડદડ આંસુ વહે જાય છે. આમ છતાં રોલેન્ડની કલા અને પોલ રોબ્સનનું સ્વાસ્થ્ય : એ બંનેની અસર શ્રોતાઓની ઉપર તો એક જ ઊઠે છે—હૈયાંના મર્મતારો ખેંચીને આંખોમાં ભીનાશ મૂકવાની એ અસર છે; કેમ કે—'They both feel the Spirituals deeply.' તેઓ બંને આ ગીતોના ઊંડા પ્રાણ સાથે એકરસ થઈ જાય છે. ગીતોની વેદનાને હૃદયના મર્મભાગમાં અનુભવે છે. *

કેવી રીતે ઉદ્‌ભવ્યાં

આ 'નીગ્રો સ્પિરિચ્યુલ્સ' શું છે? ક્યાંથી અને કેવી રીતે ઉદ્‌ભવ્યાં છે? વાત એમ છે કે અમેરિકામાં વસાહતો નાખવા માટે યુરોપના દેશદેશમાંથી ઊતરી આવેલા ગોરા લોકોએ ગુલામીના કસદાર વ્યાપારને સારુ આફ્રિકા ખંડમાંથી જહાજો ભરી ભરીને હબસી સ્ત્રી-પુરુષોને તેમ જ બાળકોને ઉઠાવી આણી નોખનોખે બંદરે ઉતાર્યાં અને વેચ્યાં. તેઓની દશા શિકારીનો ભોગ બનતાં પ્રાણીઓ કરતાં બદતર હતી. કોઈ માતાથી વિખૂટું બાળ તો કોઈ બચ્ચાંથી વિછોડાયલ માબાપ, એ રીતે પકડી આણેલાં આ નરમ હૈયાંવાળાં મનુષ્યોમાંથી

* શ્રી ચૈતન્યપ્રસાદ દીવાનજીએ લંડનમાં પૉલ રોબ્સનના કંઠેથી આ ગીતો સાંભળેલાં છે અને તેમણે આ વાતની સાક્ષી પૂરી છે. અને પાંચેક વર્ષ પૂર્વે 'Emperor Jones' નામે નાટકના ચિત્રપટમાં પોલ રોબ્સનનાં કરુણાર્દ્ર હબસીગાન મેં પોતે પણ સાંભળ્યાં હતાં.

અનેકના તો જળમાર્ગે જ જીવ ગયા. ને એ બધા સંહારમાંથી બચીને જેઓ અમેરિકાની ભોમ ઉપર જીવતાં પહોંચી શક્યાં, તેઓને પોતાના હાલ કેવા દેખાયા ?

વતનથી દૂરદૂર : ભિન્ન રીતરિવાજવાળો પરમુલક : ચોપાસ તિરસ્કારનું જ નિષ્ઠુર વાતાવરણ : વેચાઈ વેચાઈને પણ મા ક્યાંઈક જાય છે, સંતાનો બીજે ક્યાંઈક દોરાય છે : એ વિચ્છેદની વેદના : માલિકોના કોરડા : કહ્યું ન જાય–અને કહેવાય પણ કોને ?–એવું દુઃખમય જીવન. ન એની ભાષા બીજા સમજે. ગુલામોથી અંદરોઅંદર પણ ભાષાનો વ્યવહાર થઈ શકે નહિ, કેમ કે કિસ્મતે તેઓને ભિન્ન ભિન્ન ભાષા બોલતા આફ્રિકન પ્રદેશોમાંથી એકઠાં કર્યાં હતાં.

હવે આ હબસીઓ કંઈ Savages—એટલે જંગલી હિંસક માનવપશુઓ નહોતાં. મોડીમોડી પણ આજે જગતને જાણ થઈ ગઈ છે કે આફ્રિકાવાસી નગ્ન વનવાસીઓને પણ એક સંસ્કૃતિ હતી. અત્યારે યુરોપ અમેરિકામાં દીપી ઊઠેલી ચિત્રકલા અને શિલ્પકલાનું બારીક નિરીક્ષણ એવો નિર્ણય કરાવી શક્યું છે કે એ કલા આફ્રિકાનાં ઝૂંપડાંમાં રમતી કલાનાં જ બીજમાંથી ફાલેલું વૃક્ષ છે. આવી સંગીત અને તરલ કલાની સાથોસાથ એ પ્રજાની પાસે ભાતીગળ અને સમૃદ્ધ લોકસાહિત્ય હતું—અથવા હજુ ય છે. ("They possess a folk -literature that is varied and rich.) એટલે કે પોતાની સુખદુઃખની કે સ્નેહધિઃકારની ઊર્મિઓ ઠાલવવા સારુ સમજદાર લોકોની પાસે જે વાણી અને કંઠસ્વર હોય છે તે બંને પણ આ દેશવટે ગયેલા ગુલામોની સાથે સંગી બનીને ગયાં હતાં. અંતરની ઊંડી આરજૂ રડી કાઢવા એ આખો સમુદાય તલખી ઊઠયો.

એક નવું જ સ્વરૂપ આપે છે. ગીતોને એ ધરણીના પટથી ઊંચે ભાવના–પ્રદેશમાં લઈ જઈ, જાણે કે ચંદ્રની રૂપાવરણી જ્યોત્સ્નાનો તેમ જ સૂર્યના કનકમય ઝળહળાટનો છંટકાવ કરે છે. એ ગાય છે ત્યારે શ્રોતાઓ જાણે કે મર્ત્ય લોકમાંથી કોઈક બીજી દુનિયામાં જઈ પડે છે. અને રોલેન્ડના ગાલો ઉપરથી પણ એ ગાતી વેળા દડદડ આંસુ વહ્યે જાય છે. આમ છતાં રોલેન્ડની કલા અને પોલ રોબ્સનનું સ્વાસ્થ્ય : એ બંનેની અસર શ્રોતાઓની ઉપર તો એક જ ઊઠે છે—હૈયાંના મર્મતારો ખેંચીને આંખોમાં ભીનાશ મૂકવાની એ અસર છે; કેમ કે—'They both feel the Spirituals deeply.' તેઓ બંને આ ગીતોના ઊંડા પ્રાણ સાથે એકરસ થઈ જાય છે. ગીતોની વેદનાને હૃદયના મર્મભાગમાં અનુભવે છે. *

કેવી રીતે ઉદ્‌ભવ્યાં

આ 'નીગ્રો સ્પિરિચ્યુલ્સ' શું છે? ક્યાંથી અને કેવી રીતે ઉદ્‌ભવ્યાં છે? વાત એમ છે કે અમેરિકામાં વસાહતો નાખવા માટે યુરોપના દેશદેશમાંથી ઊતરી આવેલા ગોરા લોકોએ ગુલામીના કસદાર વ્યાપારને સારુ આફ્રિકા ખંડમાંથી જહાજો ભરી ભરીને હબસી સ્ત્રી-પુરુષોને તેમ જ બાળકોને ઉઠાવી આણી નોખનોખે બંદરે ઉતાર્યાં અને વેચ્યાં. તેઓની દશા શિકારીનો ભોગ બનતાં પ્રાણીઓ કરતાં બદતર હતી. કોઈ માતાથી વિખૂટું બાળ તો કોઈ બચ્ચાંથી વિછોડાયલ માબાપ, એ રીતે પકડી આણેલાં આ નરમ હૈયાંવાળાં મનુષ્યોમાંથી

---

* શ્રી ચૈતન્યપ્રસાદ દીવાનજીએ લંડનમાં પૉલ રોબ્સનના કંઠેથી આ ગીતો સાંભળેલાં છે અને તેમણે આ વાતની સાક્ષી પૂરી છે. અને પાંચેક વર્ષ પૂર્વે 'Emperor Jones' નામે નાટકના ચિત્રપટમાં પોલ રોબ્સનનાં કરુણાર્દ્ર હબસીગાન મેં પોતે પણ સાંભળ્યાં હતાં.

અનેકના તો જળમાર્ગે જ જીવ ગયા. ને એ બધા સંહારમાંથી બચીને જેઓ અમેરિકાની ભોમ ઉપર જીવતાં પહોંચી શક્યાં, તેઓને પોતાના હાલ કેવા દેખાયા ?

વતનથી દૂરદૂર : ભિન્ન રીતરિવાજવાળો પરમુલક : ચોપાસ તિરસ્કારનું જ નિષ્ઠુર વાતાવરણ : વેચાઈ વેચાઈને પણ મા ક્યાંઈક જાય છે, સંતાનો બીજે ક્યાંઈક દોરાય છે : એ વિચ્છેદની વેદના : માલિકોના કોરડા : કહ્યું ન જાય–અને કહેવાય પણ કોને ?–એવું દુ:ખમય જીવન. ન એની ભાષા બીજા સમજે. ગુલામોથી અંદરોઅંદર પણ ભાષાનો વ્યવહાર થઈ શકે નહિ, કેમ કે કિસ્મતે તેઓને ભિન્ન ભિન્ન ભાષા બોલતા આફ્રિકન પ્રદેશોમાંથી એકઠાં કર્યાં હતાં.

હવે આ હબસીઓ કંઈ Savages—એટલે જંગલી હિંસક માનવપશુઓ નહોતાં. મોડીમોડી પણ આજે જગતને જાણ થઈ ગઈ છે કે આફ્રિકાવાસી નગ્ન વનવાસીઓને પણ એક સંસ્કૃતિ હતી. અત્યારે યુરોપ અમેરિકામાં દીપી ઊઠેલી ચિત્રકલા અને શિલ્પકલાનું બારીક નિરીક્ષણ એવો નિર્ણય કરાવી શક્યું છે કે એ કલા આફ્રિકાનાં ઝૂંપડાંમાં રમતી કલાનાં જ બીજમાંથી ફાલેલું વૃક્ષ છે. આવી સંગીત અને તરલ કલાની સાથોસાથ એ પ્રજાની પાસે ભાતીગળ અને સમૃદ્ધ લોકસાહિત્ય હતું—અથવા હજુ ય છે. ("They possess a folk -literature that is varied and rich.) એટલે કે પોતાની સુખદુ:ખની કે સ્નેહધિ:કારની ઊર્મિઓ ઠાલવવા સારુ સમજદાર લોકોની પાસે જે વાણી અને કંઠસ્વર હોય છે તે બંને પણ આ દેશવટે ગયેલા ગુલામોની સાથે સંગી બનીને ગયાં હતાં. અંતરની ઊંડી આરજૂ રડી કાઢવા એ આખો સમુદાય તલખી ઊઠ્યો.

આ એક કટોકટીની ઘડી હતી. એ વ્યથાને કેવલ વ્યથા રૂપે, હતાશારૂપે કે નિર્વીર્ય રોષ ધિઃકાર અને વૈરના ધ્વનિ વાટે વ્યક્ત થવાને વાર નહોતી. પરંતુ તે અણીને અવસરે આ ગુલામોના ખદખદતા વેદના—ચરૂમાં કોઈ અણધારી સાંત્વનાનાં એવાં એવાં ટીપાં ટપકી પડયાં કે જેણે એ ઉકળાટને નવું જ સ્વરૂપ આપ્યું.

બાઈબલની આખ્યાયિકાઓ

બન્યું એવું કે પોતાના ખ્રિસ્તીધર્મી માલિકોની સાથે આ લોકો પણ ખ્રિસ્તી દેવાલયોમાં જતાં થયાં. પોતાની દેશી ભાષાઓ છોડી છોડીને માલિકોનાં ઘરોમાં બોલાતી ભાષા તેઓએ ભાંગ્યાતૂટયા સ્વરૂપમાં પકડેલી હોઈને દેવાલયોમાં તેઓએ બંદગીઓ સાંભળી, અને બાઈબલની આખ્યાયિકાઓ તેઓને કાને પડી. પરિણામે એવું બન્યું કે પોતાના ઘાતકી માનવદ્રોહી માલિકોના જીવનમાં જે ધર્મને કે પ્રાર્થનાઓને શોભા અને રૂઢિ સિવાય બીજું કશુ જ સ્થાન નહોતું, તે જ ધર્મે, એની બંદગીઓ અને કથાઓમાં રહેલી સરલતાને કારણે આ સરલ દિલનાં દુઃખી લોકોને અધીન કરી લીધાં. ખ્રિસ્તીધર્મ એટલે દુઃખની કરુણતા થકી રંગાયેલો ધર્મ, એ આપણે જાણીએ છીએ. પ્રભુની કરુણામાં અનંત શ્રદ્ધા, અને આ લોકમાં પડતાં દુઃખોનો સુખરૂપ બદલો પરભવમાં મળશે એવું પરમ સાંત્વન : બધા સંતાપને અંતે ઈશ્વરના ખોળામાં વિસામો મળવાનો છે એવી મહાન આશા : એવી એવી ભાવનાઓમાં હબસીઓનાં ઊકળતાં દિલો ઝબકોળાઈ ગયાં. પરિણામ એ આવ્યું કે વાચા શોધવા મથી રહેલ અંતઃતાપ છેક જુદા જ સ્વરોમાં ઠલવાવા લાગ્યો : એ સ્વરો હતા સબૂરીના, ક્ષમાના, પ્રેમના, શ્રદ્ધાના અને અમર આશાના સ્વરો : એટલે કે ખ્રિસ્તીધર્મના પ્રાણરૂપ સિદ્ધાંતોના એ સ્વરો હતા.

ઈસુના ક્રોસારોહણની આખ્યાયિકાએ આ હબસી લોકકવિના

આર્ત હૈયામાંથી જે સ્વરો જગાડયા તે આપણને એના 'ક્રૂસીફિકેશન' નામના લોકગીતમાંથી જડે છે:

They crusified my Lord
And he nevea said a mumbling word,
Not a word, not a word, not a word,

They nailed him to the tree
And he nevea said a mumbling word
Not a word, not a word, not a word.

They pierced him in the side
And he nevea said a mumbling word
Not a word, not a word, not a word

The blood came twinkling down
And he nevea said a mumbling word
Not a word, not a word, not a word.

He bowed his head and died
And he nevea said a mumbling word
Not a word, not a word, not a word.

[તેઓએ મારા પ્રભુનો વધ કર્યો, તો યે એણે કશો ઓહકાર કર્યો નહિ—એક શબ્દ પણ નહિ.

એને ખીલા ઠોકીને ઝાડ સાથે જડયા. તો યે એણે કશો બડબડાટ કર્યો નહિ-એક શબ્દ પણ નહિ.

એને બેઉ પડખે પરોવી લીધા, તો યે૦
એના દેહમાંથી રૂધિરની ધારા ચાલી. તો યે૦
મસ્તક નમાવીને એણે પ્રાણ છોડયા તો યે૦]

હવે આ એક નમૂના પરથી જોઈ શકાશે કે ગુલામોની હૃદય-

વીણાના તાર પર કઈ આંગળીઓનો સ્પર્શ થયો અને કેવા કરુણમધુર ઝંકાર નીકળ્યા. દર્દની ભાષા મિતાક્ષરી હોય છે એ અહીં દેખાઈ આવે છે. તેઓએ બાઈબલની આખ્યાયિકાને જેવી મૂળમાં છે તેવી ને તેવી પોતાના રાગ–તાલમાં ઠોકી બેસાડી, પણ એમાં પોતાનાં દિલનું દર્દ મૂકી દીધું છે.

પોતાનું ધૈર્ય ટકાવી રાખવા

પારકું લીધેલું કશું જ નહિ; પંક્તિ યે પંક્તિ અને સ્વરેસ્વર હબસીના પોતાના જ પ્રાણમાંથી ઊઠેલાં. પોતાના અનુભવ અને પોતાની ઊર્મિનાં મંથનમાંથી જ ઊઠતી ચીસ :

Sometimes I feel like a motherless child,
Sometimes I feel like a motherless child,
Sometimes I feel like a motherless child,
A long way from home.

[ઘણી વાર મને એવું લાગે છે કે ઘરથી દૂર દૂર ભૂલા પડેલા માવિહોણા બાલક જેવો હું દુઃખી છું.]

અને પછી ?—એથી ઊલટી જ મનોદશામાં :

Sometimes I feel like an eagle in de air,
Some - a dese mornin's bright an ' fair
I'm goin to lay down my heavy load;
Goin' to spread my wings an' cleave de air.

[કોઈ વાર વળી મને મારો પ્રાણ હવામાં ઊડતા ગરૂડ સરખો લાગે છે. જાણે કે આવા કોઈ સ્વચ્છ ચકચકિત પ્રભાતને પહોર મારા માથા પરનો બોજો ઉતારી નાખીને હું મારી પાંખો પસારતો, વાયુમંડલને ભેદતો ગગનમાં ઊડી જઈશ.]

હતાશાની ગાંસડીના ભાર તળે નમી જતું હબસી હૃદય જીવન-યાત્રામાં ક્યાંયે કોઈ વિસામાનું સ્થાન નહિ જોઈ શક્યું હોય, આત્મ-બળ તૂટુંતૂટું થતું હશે, ત્યારે એણે પોતાના ધૈર્યને ટકાવી રાખવા ખાતર ગાયું હશે કે—

"Oh Lord, Oh my Lord! Oh my good Lord!
"Keep me from sinking down.
"I tell you what I mean to do
"Keep me from sinking down.
" I look up yonder and what do I see
"Keep me from sinking down
"I mean to go to heaven too
"Keep me from sinking down
"I see the angels beckoning me
"Keep me from sinking down

[ઓ મારા પ્રભુ! મને લથડી પડતો બચાવજે. હું દૂર દૂર દૃષ્ટિ કરું છું ને શું જોઉં છું! મારે પણ મુક્તિધામમાં જવું છે. દેવદૂતો મને બોલાવી રહ્યા છે. મને તૂટી પડતો બચાવજે!]

આ બંધુહીન દશામાં હબસી, પોતાનાં સ્વજનોને, જગતનાં મનુષ્યોને વિનવે છે કે ઓ ભાઈઓ બહેનો! મને આ વિરોધી જગતમાં, ટકી રહેવા માટે પ્રાર્થનામાં સહાય દેજો!

"I am a-rolling
"through an unfriendly world.
"Oh brothers won't you help me
"Oh sisters help me to pray.

કોઈ વાર વળી શ્રદ્ધા અને નિશ્ચયની મનોદશા:

"Until I reach a ma home

"I nevah inten' to give de jurrney ovah
"Until I reach ma home.
"Some say gim me silvah
"And some say gim me gol'
"But I say gim me Jesus
"Most precious to ma soul."

[મારે ઘેર હું નહિ પહોંચું ત્યાં સુધી હું કદાપિ મારી મજલ છોડી દેવાનો નથી.

કોઈ કહે છે 'મને રૂપું આપો' ને કોઈ કહેશે 'મને સોનું આપો' હું તો કહું છું કે મને મારા પ્રાણનો અમુલખ ખજાનો પ્રભુ જીસસ આપો.]

વેદના અને આશાહીનતાનું રુદન-ગાન: લથડતા આત્માના ઉગાર માટે ઈશ્વર તેમ જ માનવીઓ પ્રત્યેનું કાકલૂદી-
રુદન, આનંદ, ગૌરવ : ગાન; શહીદ થએલા જીસસનું સ્તુતિગાન; અને પોતાના નિશ્ચયનું, સાચી દોલતની પ્રાપ્તિનું આનંદ-ગાન : એમાં ઉમેરાય છે, મનુષ્ય તરીકેના પોતાના અધિકારનું ગૌરવ-ગાન :

"You got a right
"I got a right
"All got a right
"Lo the tree of life
"Yes, tree ef life.

"De very time I thought I was lost
"De dungeon shook and the chain fell off
"You may hinder me here
"But you cannot there
"'Cause God in heaven goin' to answer prayer.

"You may bury me in de East
"You may bury me in de West
"But I'll hear the trumpet sounding dat morning
"My Lord ! how I long to go."

[તમને ય હક્ક છે, મને યે હક્ક છે. જીવનના વૃક્ષ પર સહુ કોઈને હક્ક છે.

જે ક્ષણે મને લાગેલું કે મારું સત્યાનાશ વળી ચૂક્યું છે, તે જ ઘડીએ કારાગૃહ કમ્પી ઊઠયું ને જંજીર તૂટી પડી.

તમે આંહીં મારી આડા ફરશો, પણ ત્યાં તમારી મગદૂર નથી. કેમ કે ત્યાં-પરમધામમાં તો પ્રભુ મારી ધા સાંભળવાનો જ છે.

મને પૂર્વમાં દાટો, કે પશ્ચિમમાં દાટો, ચાહે ત્યાં દાટો, પણ એ ઈન્સાફના દિનની સવારે તો ઈશ્વરી-ભેરી હું યે સાંભળવાનો છું. ઓ માલિક! ત્યાં જવા હું કેટલો તલખી રહ્યો છું !]

આપણે જોઈ શકીએ છીએ કે આ પીડિતોની લાગણીઓ પોતાના પીડકો પ્રત્યેના ધિઃક્કાર અને કડવાશની છેક **ઈનસાફની આશામાં** નજીક પહોંચીને પાછી વળે છે-ઈશ્વરી ઈન્સાફની આશા તરફ ઊતરી જાય છે. એમાં વિલસતી શ્રદ્ધાએ અઢીસો વર્ષની કારમી ગુલામદશા દરમ્યાન હબસી જાતિના શરીરને તેમજ આત્માને ટકાવી રાખવામાં કેટલો ફાળો આપ્યો છે તે માપવું મુશ્કેલ છે.

આવી ભાવનાઓ પ્રગટ કરતાં અનેક ગીતો છે. એની પહેલી પહેલી પંક્તિઓ જોતાં જ એમાં રહેલા કાવ્યનો ધ્વનિ આપણને મળી રહે છે. દાખલા તરીકે—

" All Good's chillun (children) get wings "

[પ્રભુનાં બધાં જ બાળકોને પાંખો મળે છે.]

" Some body's knocking at yo' do' "
[કોઈક તારાં દ્વારા ખખડાવી રહ્યું છે.]

"De blin' man stood on de road an' cried."
[એ સુરદાસ રસ્તા પર ઊભો ઊભો હાક મારવા લાગ્યો.]

* * *

"Gwiner sing all along de way."
[આખે રસ્તે હું ગાતો જ જવાનો.]

"Whar yo' gwine to do when yo' amp burn down."
[જ્યારે તારા દીવામાંથી દીવેલ ખૂટી જશે ત્યારે તું શું કરશે ?]

* * *

"Let us cheer the weary traveller
"along the heavenly way."
[પ્રભુધામને પંથે જતા એ થાકેલા મુસાફરને (મૃત માનવીને) ચાલો આપણે ધીરજ આપીએ.]

ભાષાની કર્કશતા કાઢી નાખવાને સારુ હબ્સીઓની જીભોએ અંગ્રેજી ઉચ્ચારો ફેરવી નાખી લીસા સુંવાળા કરી નાખ્યા છે. એટલે આપણને ભાષા ગ્રામ્ય લાગે છે. પણ ગુલામોનાં સરલ નિર્વ્યાજ ગીતોમાં એ બાલવાણી શોભી ઊઠે છે.

અસલ ઢાળ આફ્રિકાના

અસલ ઢાળ આફ્રિકાના દેશી લોકગીતોના. તે ઢાળોમાં આ અંગ્રેજી ગીતો ઉતાર્યાં. પણ ઢાળોએ અને ભાષાએ પરસ્પરમાં કેવી મેળવણી, કેવી એકરસતા ને તદ્રુપતા સાધી છે, તે તો શ્રોતા બન્યા વિના ખરેખરું ન સમજી શકાય. લોકગીતો–આપણાં કે હરકોઈ દેશનાં–સાચેસાચાં ભોગ્ય નથી બની શકતાં

તેનું કારણ એ જ છે. તે ગાવાની ચીજો છે, તાલબદ્ધ નૃત્યની રચનાઓ છે, તેનો ભાવ તાલસંગીતથી વિખૂટો થતાં 'જલ બિન મીન'ની ગતિને પામે છે. પણ આ હબસી લોકગીતોનું ઘડતર તાલસ્વરોને હિસાબે કેટલું પરિપક્વ બનેલું છે, તે કહેવાની જરૂર નથી. એવાં ૬૧ ઉત્તમ ગીતોની સ્વરલિપિ ('નોટેશન') બાંધીને એક સંગ્રહ પ્રગટ કરવામાં આવ્યો છે. તેને પરિણામે એ ગીતો અનેક ઘરોની અંદર પેસી જઈને પીઆનોના પાસા ઉપર કે ઈસરાજની કામઠી ઉપર વિરાજ્યાં છે. પરંતુ એક વાત તો નક્કી જ છે, કે પૉલ રોબ્સન અથવા રોલેન્ડ હેઈઝ જેવા એકલ ગાયકોની ચાહે તેટલી નિપુણતા પણ એ ગીતોની અસલ ખૂબીનો ખ્યાલ નહિ આપી શકે, કેમકે એની મૂળ ઉત્પત્તિ જ વૃંદગાન (group-singing) ને સારૂ થઈ છે. "One has never experienced the full effect of these songs until he has heard their harmonies in the part singing of a large number of Negro voices."

રચનાર કોણ? બે મતો:

હબસી લોકગીતોના રચનાર કોણ હશે તે બાબતમાં અન્ય લોકગીતોના સંબંધમાં થાય છે તેવાં જ વિધવિધ અનુમાનો કરવામાં આવ્યાં છે. એક પક્ષ કહે છે કે સમાન ઊર્મિએ વલોવાઈ રહેલ સમગ્ર વૃંદ એને સરજી ગયેલાં છે, અર્થાત્ આખા લોકવૃંદના આત્મસંવેદનમાંથી ફૂટી ઊઠેલી એ સંઘ-રચનાઓ છે. જ્યારે બીજો પક્ષ કહે છે કે મોટે ભાગે તો સમગ્ર લોકસમુદાયના અમુક ભાવોદ્રેકની અસર તળે આવેલા ને સંઘોર્મિએ રંગાએલા લોકકવિઓની જ એ પ્રાસાદિક કૃતિઓ છે. એ કવિઓ —the bards—આ લોકવૃંદોના સંગીતનાયકો હતા. તેઓની

પાસે અમુક વિભૂતિઓ હતી: રાગરાગિણીની બક્ષીસ હતી, કાવ્ય-રચનાની પ્રતિભા હતી. જોરાવર કંઠ હતો, અને તેજસ્વી સ્મરણશક્તિ હતી. એટલે કે આ લોકગીતો વ્યક્તિગત સિદ્ધિઓમાંથી નીપજેલી કૃતિઓ છે.

પણ જે રચનારા હતા, તેઓ નિરક્ષર હોવાથી આ ગીતોને લિપિબદ્ધ નહોતા કરી શકયા. માત્ર કંઠોપકંઠ એક પછી એક ઓલાદ એને જીવતાં રાખતી આવી. દેવલયોમાં બંદગી સારુ મળેલી મેદનીઓમાં કે એવાં અન્ય ધર્મસંમેલનોમાં, ઉપદેશકોનાં ટાયલાં કંટાળો આપવા લાગતાં ત્યારે એકાદ ખૂણામાંથી એકાદ કોઈ 'મા વ્હાઈટ ' નામની ધોબણ અથવા તો 'સિંગીંગ જ્હોનસન' નામનો કાણીઓ ગાયક આ ગીતો લલકારી ઊઠતો, ને તુરત આખો સમુદાય એની પંક્તિઓ ઝીલવા લાગતો. ધોબણ અને કાણીઓ નવાં ગીતોની પણ શીઘ્ર રચનાઓ કર્યે જતાં ને જેવો કથાપ્રસંગ હોય તેને અનુરૂપ જ શબ્દોમાં ઊર્મિને બાંધતા. પણ પછી તો જે પરિસ્થિતિએ આ ગીતોને જન્મ આપ્યો ને પોષણ દીધું તે પરિસ્થિતિ જ પલટી ગઈ. ઉપરાંત ગુલામોની મુક્તિ (Emancipation) નો જે નવયુગ બેઠો, તેના અગ્રેસર હબસીઓએ પોતાની જાતિના ગુલામી–કાળ સાથે સંકળાએલ સારી માઠી તમામ વસ્તુઓને દફનાવી જ દેવાનો આગ્રહ રાખ્યો હતો, ને એ દૃષ્ટિએ આ લોકગીતોનું પણ તેઓ અવસાન માગતા હતા. તેઓએ આ ગીતોનો ધ્વંસ શરૂ પણ કરી દીધો. આ ધ્વંસમાંથી કેટલાંક ગીતોને, એની સંશોધન તરીકેની કિંમત વિચારી તેમ જ એના સૌંદર્ય પર મુગ્ધ બની કેટલાક સંગ્રાહકોએ પકડી કાગળ પર ઉતાર્યાં તેમ જ એના ઢાળતાલ પણ પકડી લીધા.

તે પછી અમેરિકાની પ્રજા સન્મુખ આ પુરાતન છતાં સનાતન ઊર્મિઓના પડઘા પાડતાં લોકગીતોને રજૂ કરવાનો સૌ પહેલો

યશ ફિસ્ક યુનિવર્સિટીને નામે ચડે છે. જગવિખ્યાત 'ફિસ્ક જ્યુબીલી સિંગર્સ' નામની એ વિદ્યાપીઠ-મંડળીએ આખા યુરોપમાં ઘૂમીઘૂમી આ સાહિત્યસંગીતના પ્રચારની જહેમત ઉઠાવી છે, જેનો સફળતા નિષ્ફળતાઓથી રંગાયેલો ઇતિહાસ એક અદ્‌ભૂત નવલકથા સમો લાગે છે. પછી તો એ વિદ્યાપીઠે નવેસર સંશોધનો કરાવ્યાં અને એ રીતે આગળ થઇ ગયેલા સંશોધકોનું કામ વિસ્તાર્યું તેમ જ સંસ્કાર્યું. ફિસ્ક યુનિવર્સિટીને પગલે તો પછી તુરત જ હેમ્પટન, એટલાન્ટા વગેરે વિદ્યાપીઠો તેમજ અનેક બીજી સંસ્થાઓએ ડગલાં માંડયાં, પરિણામે છેલ્લી બે પેઢીઓથી એ બધાં વિદ્યાલયો આ ગીતોનાં ઉદ્યાનો બની રહેલ છે.

પહેલો જશ યુનિવર્સીટીને

ગુલામોની મુક્તિ થયા બાદ તુરતમાં તો આ ગીતો સામે એવો બળવો જાગેલો કે એ ગાવાં તે ગુલામીની કાળી ટીલી કપાળે ચોડવા જેવું ગણાતું. તે પછી જ્યારે લોકોએ પ્રથમ એના પ્રત્યે કાન માંડવાની શરૂઆત કરી ત્યારે શ્રોતાઓને એની વિચિત્ર કાલી ભાષા તેમ જ ભાવોની સાદાઇ પ્રત્યે નરી રમૂજ જ ઊપજી. એ બધાં ગીતોને એક ટીખળ સમજીને સહુ દાંત કાઢતા. પણ પછી જે વેળા એના કરુણ ભાવોમાં પ્રાણ પરોવીને ગાનાર, શ્રોતાઓની લાગણીઓને એ ગીતોના ઊંડાણમાં રહેલા દર્દ સાથે સાંકળનાર ગંભીર ગાયકો ઊભા થયા, ત્યારે શ્રોતાઓનાં દિલો દ્રવી પડયાં, સાચું દર્શન થયું; અને પોતાનાં ભજનોની ખૂબીઓ અને સમૃદ્ધિ પ્રત્યે હબસીની જે ક્ષણે ફરી આંખ ઊઘડી તે જ ક્ષણથી એ જાતિમાં અસ્મિતાનો યુગ શરૂ થયો. "This reawakening of the Negro to the value and beauty of the Spirituals was

અસ્મિતાનો યુગ મંડાયો :

the beginning of an entirely new phase of race-consciousness."*

આટલાં જુજ અવતરણોથી જ પતાવીને આપણે એક બીજો અવાજ સાંભળીએ. દીનબંધુ એન્ડ્રુઝ અમેરિકા ગયા હતા. ત્યાં એણે આજથી અર્ધ સદી ઉપર સ્થપાયેલું બુકર વોશીંગ્ટનનું 'ટસ્કેજી ઈન્સ્ટીટયુટ' નામનું બુલંદ હબસી વિદ્યાલય જોયું. એ સંસ્થાની રચનામાં, વ્યવસ્થામાં, સંચાલનમાં તમામ બાહ્ય સ્વરૂપોમાં દીનબંધુએ અમેરિકાની હબસી જાતિની વંદનયોગ્ય સિદ્ધિનાં દર્શન કર્યાં. પણ-એ લખે છે—"આ વસ્તુઓએ મારા હૃદયને નહોતું સ્પર્શ્યું. માનવ પ્રકૃતિમાં રમી રહેલ એ 'महतो महियान' તત્ત્વમાં આ હબસીઓની બાહ્ય કુશલતા કશો પડછંદો ન જગાવી શકી

શ્રી. એન્ડ્રુઝ પર પ્રભાવ

'પરંતુ જે ઘડીએ મેં આ સ્વાધીન સીદી બાલકોનાં મોંમાંથી તેમના પૂર્વજોનાં રચેલાં ગુલામીનાં ઊંડાં પાતાળોમાંથી ઊઠેલાં ગીતોનું ગાન સાંભળ્યું, તે જ ઘડીએ મારું હૃદય તત્કાળ હલમલી ગયું. માનવ-હૃદયની બીજી સર્જનાત્મક ઊર્મિઓની અંદર મેં જે આર્ષદર્શન કર્યું હતું, તે જ આર્ષદર્શન હું આ ગાનોમાં પામ્યો. હબસી જાતિનો પ્રાણ એમાં પ્રગટ થયો.

"ન માની શકાય તેટલા સાદા સરલ એ ગીતોના શબ્દોમાં ગંભીરતા જરીકે કમ નહોતી. એના વારંવાર ગવાતા આંતરાઓમાં એવી એક કરુણતા છે, કે જે આંસુ પડાવવાના કરતાં ય વધુ ઊંડા મર્મોને

*'The Book of American Negro Spirituals' નામના પુસ્તકને આધારે.

ભેદ છે. હૃદયને તળિયેથી ચાલ્યા આવતા અદ્‌ભુત હલકવાળા આ હબસી કંઠસ્વરો જ્યારે પોતાનાં ભજનો ગાય છે, ત્યારે એનાથી થતી અસર વર્ણવી જાય તેવું નથી. એ પદોમાં બાઈબલની કથાનું રહસ્ય ઝિલાયું છે, બાઈબલની કથાનો સંદેશ એ ગીતો કોઈ અલૌકિક ભેદકતા વડે આપણને સંભળાવે છે: પરંતુ એ ગીતોનું માર્મિક તત્ત્વ તો જુદું જ છે. એક સૈકા પર આ કાળાં પીડિતોનાં દિલોમાંથી વેદનાની જે આહ નીકળતી હતી તેને વ્યક્ત કરનારાં આ ગીતો છે. માત્ર વેદના વ્યક્ત કરનારાં જ નહિ; પણ એ વેદનાઓની અને બંદીવાન દશાની વચ્ચે આખી જાતિના આતમ–દીવડાનું, કટુતા, ધિક્કાર તેમ જ વૈરનાં વાવાઝોડાં વચ્ચેથી જતન કરી રાખનારાં એ ગીતો હતાં.

આત્મજ્યોતને જાળવનારાં

"પ્રશ્ન તો એ થાય છે કે આ હબસી લોકભજનો ન હોત, તો હબસી જાતિ શું ગુલામીને પાર કરી જીવતી રહી શકી હોત? ગુલામ હબસી ખ્રિસ્તી ધર્મના સંપર્કમાં મુકાયો. બાઈબલના આદિ ગ્રંથમાંથી એણે યહુદીઓના સંતાપોની ને તેમની સંકટ–બરદાસ્તોની વાતો જાણી. એ વાતોએ હબસી લોકકવિઓની કલ્પનાને ચેતાવી નાખી. ને એણે પોતાના શ્યામ શ્રોતાઓની સામે ગીતો ગાયાં:—અડગ શ્રદ્ધાનાં ગીતો ગાયાં: કે, સાવઝની ગુફામાં દાનીઆલને બચાવનારો જે પ્રભુ, તે જ પ્રભુ આપણને પણ બચાવવાનો: મિસરનાં શાસન–બંધોમાંથી ઈઝરાયલની જાતિને મુક્ત કરાવનારો જે પ્રભુ, તે જ પ્રભુ આપણને પણ મુક્ત કરાવશે વગેરે વગેરે.

"પૂરાં અઢીસો વર્ષની ભયાનક ગુલામી દરમિયાન હબસીના દેહપ્રાણને ટકાવી રાખવામાં આ ગીતોએ જન્માવેલી શ્રદ્ધાનો કેટલોક હિસ્સો છે તે તો નહિ જાણી શકાય પણ મર્મની વાત તો આ છે: મૂળ આફ્રિકાના

સાદા ગીત–ઢાળોને સુંદર લોકભજનોમાં ફેરવી નાખનાર તો કેવળ ધાર્મિક શ્રદ્ધાબળ જ હતું; ને પૃથ્વીની માટીમાંથી ઊડીને શુભ્ર નીલ આકાશની દિવ્યતામાં તરી રહેલાં આ ગીત–પંખીડાં અમેરિકન તાલ છંદોનાં સ્પન્દનો ઉપર જ પોષાયાં હતાં: હબસી લોકભજનોના સર્જનની આ એક ચમત્કારકથા છે.

“અહીં આ ‘ટસ્કેજી’ના અંદર, આ ગીતો ને આ રાગિણીઓ જાણે કે એક વિરાટ માનવ–મંદિરના પ્રાણધબકારા ભાસે છે. એકલા ભટકતા એકાદ કોઈ બાલકના હોઠ ઉપર ગૂંજી ઊઠતી એ ગીતની ટેક-પંક્તિને જોતજોતામાં તો પાઠ પૂરા કરીને છૂટતું છોકરા–છોકરીઓનું ટોળું જોશભેર ઉપાડી લ્યે છે, રાત્રિયે એ હજારથી ય વધુ કંઠોમાંથી ગરજી ઊઠતા એ સાયં–પ્રાર્થનાના સ્વરો રાત્રિના વાતાવરણમાં હિલ્લોલ જગાવે છે, ને આંહીં આવનારા તમામની હૃદયગુહાઓમાં છૂપા ભણકાર બોલાવતા, સ્વપ્નોમાં ગુંથાઈ જતા આ સૂરો વળતા દિવસની વહેલી પરોડે જાગ્રત થતા આત્માને જાણે કે કમ્પાયમાન કરી રહે છે.”

• • •

લોકગીતસંગ્રહની શતાબ્દી

ઇ. સ. ૧૯૩૫ ના વર્ષમાં દુનિયાના એક દેશે પ્રજાવ્યાપી શતાબ્દી ઊજવી હતી. એ શતાબ્દી કોઈ વિજેતાની નથી, સંતની નથી, મનુષ્યની જ નથી; નથી કોઈ એવા બનાવની કે જેને જગતના ચાલુ વ્યવહારમાં મહત્ત્વનો બનાવ લેખાવી શકાય. એ તો છે તે પ્રજાના એક કાવ્યસંગ્રહની શતવર્ષી. વધુ રસભરી વાત તો હવે આવે છે. એ કાવ્યગ્રંથ તો તે પ્રજાનાં લોકકાવ્યોનો સંગ્રહ છે!

જર્મની અને રશિયાના સીમાડાઓ વચ્ચે અથવા કહો કે રશિયાની–અને બાકીના સારાંયે યુરોપની વચ્ચે નાનાં નાનાં સ્વાધીન રાજ્યોની જે એક સાંકળી ગૂંથવામાં આવેલી છે તે રાજ્યો પૈકીના, છેક ટોચે

આવેલા ઉત્તર ધ્રુવના બચળા સમા એ ફીનલેન્ડ નામના રાષ્ટ્રનો લોકકાવ્યસંગ્રહ છે. એ સંગ્રહનું નામ "કાલેવાલ–Kalevala."

'કાલેવાલ'ની પ્રથમ પ્રતની પ્રસ્તાવના ઉપર એના સંપાદકની સહી બરાબર સન ૧૮૩૫ ના ફેબ્રુઆરીની ૨૮ મી તારીખે પડી હતી એ પરથી પ્રજા માને છે કે આખા સંગ્રહની પહેલી હાથપ્રત તે દિવસે જ તૈયાર થઈ હશે.

ફીનલેન્ડનો સંજીવની ગ્રંથ

પણ એક ગ્રંથની, એક કવિતાના ગ્રંથની, ને તે પણ લોકકવિતાના સંગ્રહની આ રાષ્ટ્રપર્વણી ઊજવાય છે શા માટે? એનો જવાબ ૧૯૩૫ ના મે માસના વિખ્યાત માસિક 'રિવ્યુ ઓફ રિવ્યુઝ'માં ફીનલેન્ડના એક પ્રજાજને જ આપ્યો છે. એ જવાબ આ છે:

"ફીનલેન્ડની તાજેતરની તવારીખ ઉપર એ ગીતો સમી અસર પાડનાર બીજી કોઈ પણ રચના અમારા સાહિત્યમાં નથી.

"અમારી લોકકવિતા અમારી રાષ્ટ્રભાવનાને જોશ આપે છે. સાહિત્યક્ષેત્રે એ અમારું એવું માનવ–ધન છે, કે જેનો કોઈ જોટો નથી.

"માનવીના રોજિંદા જીવનની નાની નાની ઘટનાઓ ઉપર પણ અજવાળાં પાથરતી સાચી કવિતા અમારાં એ જુનવાણી ગીતોમાં ને કથાગીતો (ballads)માં પડી છે. જેના સ્પર્શમાત્રથી હરકોઈ વસ્તુ સોનાની બની જતી એવા પેલા પૌરાણિક નૃપાલ મીડાઝની દિવ્ય શક્તિની ઉપમા ફીનલેન્ડી પ્રજાની કાવ્યપ્રતિભાને આપવામાં આવે છે.

"ઉત્તર ધ્રુવના એ ત્રાસ ભરપૂર હીમપ્રદેશની અંદર ફીનીશ લોકોએ પોતાનાં આ અમર ગીતોની જ બક્ષીસમાંથી હૂંફ મેળવી છે. દુષ્કાળો,

પરપીડનો અને લડાઈઓના હાહાકાર વચ્ચે જ્યારે અમે સંદતર ખતમ થઈ જવાની અણી પર હતા, તે વેળાએ અમારી પ્રજાનાં હૃદયોમાં શ્રદ્ધા અને શૌર્યના સૂરો ફૂંકનાર ખુદ આ જ ગીતો હતાં. એક સો વર્ષો પૂર્વે અમારા પ્રાચીન શાયરોની આ સુરાવલી, આ રાગિણી, 'કાલેવાલ'માં સંઘરાએલાં ગીતો રૂપે અમારે કાને ગૂંજી ઊઠી, ને એના ધ્વનિઓએ અમારાં પ્રજાજનોને પ્રકાશ અને મુક્તિના પંથ પર ધસવાની પ્રેરણા પિવાડી. એ એક એવો દિવસ આવ્યો હતો જ્યારે અમે સ્વાનુભવ કર્યો, કે રોજની વાસ્તવભરી જિંદગી કરતાં સ્વપ્નની અંદર વધુ ઊંડું સત્ય રહેલું છે."

ઉપરનાં અવતરણોમાં લેખક જે વિપદ્‌ના દિવસોનું સૂચન કરે છે, તે દિવસો રશિયાની ઝારશાહીના હતા, ફીનલેન્ડને દળનાર એ પરદેશી શાસનના દિવસો હતા. આજે ફીનલેન્ડ સ્વાધીન બન્યો છે. એને ઘેર પ્રજાસત્તાક શાસન ચાલે છે. લોકકવિતાની આ ઉજવણી એ સ્વાધીન અને પ્રજાસત્તાક પ્રજા કરી રહેલ છે. કારણ કે આજની મુક્તિ હાંસલ કરાવવામાં એ લોકગીતોનો મોટો હાથ છે.

• • •

સ્પેનની સંઘકવિતા

"સત્ય અને સૌંદર્યને શોધવા માટે, સ્પેન દેશનાં લોકો પોતાને છાપાં વાંચનારા પંડિતો બનાવવા આવનારા પેલા સુધારકોની રાહ જોતા બેસી નહોતા રહ્યા. સ્પેનની પ્રજા પાસે તો જોઈ શકે તેવી મર્મગામી આંખો હતી અને ગાઈ શકે તેવું હૃદય હતું. એ આંખોએ જગતને નીરખી લીધું, અને પછી એ હૃદયોએ નીરખેલું ગાવા માંડયું. પરિણામે તેઓએ એક એવી કવિતા સરજી કે જેનાથી વધુ સારી કવિતા જડવી મુશ્કેલ છે. એક સંઘકવિ તરીકે જોતાં સ્પેનીશ પ્રજા યુરોપના ઉત્તમોત્તમ સર્જક કવિઓમાં ગણના પામે તેવી છે.

"સ્પેનીશ લોકકવિતા કોઇ પણ લોકોત્તર સાહિત્યનું ડાહ્યુંડમરૂં બચ્ચું નથી, પણ સ્વતંત્ર અને મૌલિક સર્જન છે. એ કવિતાના ઘડતરમાં, કલેવરમાં ભાનપૂર્વક રચાતી કવિતાના સરખા ઘાટઘુટ અને લંબાઈ ચોડાઈના નિયમો નથી. એના ભાવોચ્ચારણમાં પ્રભાતના જેવી તાઝગી છે. કલાના કાયદાઓ પ્રત્યે બેતમન્ના છે. લાગણીને બહાર કાઢવાની સચ્ચાઈભરી આતુરતા છે; અને બુદ્ધિપ્રધાન કવિથી તો આ બધાં તત્વોની માત્ર નકલ જ થઈ શકે તેમ છે, એનો ઊર્મિભર્યો આવિર્ભાવ અશક્ય છે.

સ્વતંત્ર : મૌલિક

"બુદ્ધિગત કવિતાનો હેતુ—જાણ્યે કે અજાણ્યે-ઘડીક અમુક પ્રતિષ્ઠાવંત કાવ્યના ઘાટ ઉતારવાનો, ઘડીક નવાં જ સ્વરૂપો સર્જવાનો, ઘડીક પ્રતિભા બતાવવાનો, ઘડીક કોઈ બોધપ્રદ વસ્તુ માટે ખપ આવવાનો તો વળી ઘડીક કોઈ ચોક્કસ પક્ષ કે વિચારનો બચાવ કરવાનો હોય છે. સ્પેનના કવિ લોકો પણ આમાં અપવાદ રૂપ નથી. અપવાદ રૂપ હોય તો તે સ્પેનીશ લોકકવિતા છે. કેમ કે એને કશો મુકરર આશય નથી હોતો. એ તો અનુભવની વૃક્ષ–ડાળેથી ટપકી પડતાં કોઈ પાકાં ટબ્બા ફળો જેવી છે.

"સ્વચ્છ સુઘડ શબ્દરચનામાં ઝિલાતી સ્વચ્છ જીવનદૃષ્ટિ આ ગીતોને સુંદરતા અર્પનાર છે. ઘણાંખરાં પ્રેમનાં ગીતો છે–અનુભવોથી નિર્મળ બનતો જતો જે પ્રેમ ગમગીની દ્વારા ધીરે ધીરે શાણપ તરફ દોરી જાય છે. ઓછામાં ઓછે શબ્દે, અને તેમની સદાની સંયમિત શૈલીએ આ ગીતોમાં સ્પેનીશ પ્રજાએ પોતાની શાંત ઉમદા ફિલસૂફીને સાકાર કરી છે. એના નમુનાઃ—

* * *

"મારાં ગીતો તો ધરતીની ધૂળમાંથી નીપજતું છું : એક પૂરું ન થાય ત્યાં તો બીજું નવું પ્રગટ થાય છે."

* * *

"ચાંદનીઝરતી રાત જલસાનાં ગાનતાનને માટે સુંદર છે : પણ પ્રેમીઓને સારૂ તો વધુ સુંદર અંધકારવીંટી રાત જ છે."

* * *

"તારૂં મોં તું શા વડે લૂછે છે ? નિત્ય નવું જ લાગે છે.
હું તો ધોઉં છું ચોખ્ખા જલથી જ–બાકીનું કામ તો પ્રભુ જ સંભાળે છે."

* * *

"મેં તને ફૂલ જોડે સરખાવી હતી, ખરૂં ? સરખામણી સરસ હતી: કારણ, તારા પ્રેમમાં સહુ કોઇ પડે છે, ને તું કોઈના પ્રેમમાં નથી પડતી."

* * *

"ચાલી જા, દૂર થા, ઓ દીવાની સ્ત્રી ! તું તો મંદિરના ટોકરા જેવી છે : જે આવે તે વગાડે !"

* * *

"ગુરુ મહારાજશ્રીએ ગીતોનો અંત ફરમાવ્યો છે: ઠીકર નહિ. એથી વહેલેરો અંત તો ગુરુ મહારાજનો જ સમજી લેજો."

* * *

"કેવી અજબ વાત ! હજુ તો હમણાં જ મને એની પિછાન થઈ; ને આજે તો એ મારી માના કરતાંય વધુ વહાલી છે."

* * *

"તું કહે છે કે તું એને ચાહતો નથી, એને મળવા કદી જતો નથી, પણ ત્યારે એના ઘરની કેડી પર ઘાસ જ કાં નથી ઊગતું ?"

* * *

"કિસ્મતે જુદાં પાડેલાં બે ઝાડ જેવાં આપણે : વચ્ચે પડેલો છે રસ્તો, પણ આપણી ડાળો એક બીજીને વીંટળાઈ ગઈ છે."

* * *

"મારી રાણીની ફુલવાડીએ હું માળી હતો, ફૂલો વેડવાની મોસમ બેઠી કે તુરત તેમણે બીજો માળી રાખી લીધો."

* * *

"મને ઈર્ષા આવે છે પેલા પંખીની. તેઓ તારી બારીના સળિયા પાસે આવીને ગાય છે. હું ગાઉં છું એકલવાયો. ને મારાં ગીતો પવનમાં વેરું છું."

*　*　*

"સમુદ્રને તળિયે બેઠેલું મોતી ય સલામત નથી તો પછી કિનારે ઊભેલો તું શી રીતે સલામતીની આશા કરી શકે!"

*　*　*

"દિલના દર્દીને ગાવાનું મન થાય છે ને? ગાવા દો, છો એ સંગીતને ન જાણતો. વેદના પોતે જ એની વીણા બની જશે."

*　*　*

"એની બારીએથી એક કુમારીએ ડોકું કાઢ્યું. એણે મારો આત્મા માગ્યો. મેં એને મારૂં હૃદય દીધું. એ કહે કે આત્મા આપ! મેં કહ્યું કે સલામ!"

*　*　*

"આ જાય આ હવામાં તરતા–મારા પ્રિયતમના નિઃશ્વાસો."

[Spanish folksongs by S. De Madariagh એ પુસ્તકમાંથી]

● ● ●

ટેમ્સ નદીને તીરે તીરે

*"મારે એ પ્રદેશની કુદરત જોવી હતી. જીવન જોવું હતું. મારે બતાવવું હતું કે એ લોકો કેવી રીતે જીવે છે. આનું બતાવવાનું, લોકગીતોના અવલોકન વગર અશક્ય જ કહેવાય." આવું કહીને એ ટેમ્સ નદીના તીરપ્રદેશો ખૂંદનારો સંગ્રાહક લખે છે કે—

"એ લોકગીતો એકદમ નહિ જડે. ઉઘાડી આંખે ને સચેત મન રાખી તમે સેંકડો ગામડાં વીંધો ભલે, પણ ગીતોનો પત્તો નહિ લાગે.

*Folksongs of the Upper Thames : Collected by Alfred Williems : Duckworth & Co. London : 1923

જાહેર રાહદારી રસ્તાઓ પર એ ગીતો નથી પડયાં. એ તો સંઘરાયાં છૂપા અંધારા ખૂણાઓમાં. આથી કરીને જ સામાન્ય મુસાફરોની નજર એ ગીતોએ ચુકાવી છે.

"સાદી વાતો તે જ મહાન વાતો છે, અને પ્રાથમિક વસ્તુઓ પણ પાયાની વસ્તુઓ હોય છે.

"ઇમારતના બીજા બધા ભાગોનો જ્યારે ધ્વંસ થઇ જશે ત્યારે રહેશે આ પાયાની જ સાદી વસ્તુઓ.

"હમેશાં એમ જ બનતું આવ્યું છે કે જ્યારે કલા, સાહિત્યની, કવિતાની, શિલ્પની કે ચિત્રની–હરકોઇ કલા પોતાનો ચીલો મૂકીને ભ્રષ્ટ બની છે કે લુપ્ત થઇ છે, તે તે વખતે એના પુનરૂદ્ધારના પ્રયત્ન તરીકે બીજી બધી સામગ્રીઓને તિલાંજલિ આપી, એનાં પ્રાથમિક અને મૌલિક સ્વરૂપોને જ ફરીથી ખપમાં લેવાં પડેલ છે.

"આપણા ઘણાખરા સાહિત્યની, ખાસ કરીને આપણી કવિતાની બાબતમાં, ઊર્મિકાવ્યો તેમ જ મહાકાવ્યો બન્નેની બાબતમાં આજે કામ જ કરવા જરૂર છે. કવિતાના નવા, કૃત્રિમ પ્રાણને મારવાની અથવા તો દબાવી દેવાની નહિ પણ વિશુદ્ધ કરવાની જરૂર છે. મુરદાં સારી વસ્તુનાં કે ખરાબનાં–મુરદાં બેશક આપણને નથી ખપતાં. જે મર્યું છે તેને મરવા જ દો. પણ વિસ્મરણની કબરમાં દફનાવતાં પહેલાં ચોક્કસ તો કરજો, કે એ વસ્તુ ખરેખર મરી ગઇ છે!

"હું તો દાવો કરું છું કે આપણાં લોકગીતોને જન્માવનાર કાવ્યપ્રાણ નથી મર્યો, નહિ મરી શકે, ને અમુક અંશે તો એનું પુનર્જીવન આપણને લાભ કરશે."